# તોહફાએ નિકાહ

લેખક


અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ, હઝરત મૌલાના

**મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)


---


**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

---

**કિંમત**
**રૂા. ૫૦/–**

---

નૂરાની આર્ટ–દયાદરા,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

**કિતાબનું નામ** : **તોહફાએ નિકાહ**

**લેખક** : હાફિઝો કારી હઝરત મૌલાના **મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદ** : મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી (પીપળીયા)
મૌલાના સૈયદ જમાલુદ્દીન આંતીવાળા
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પેજીસ** : ૧૫૦ **કિંમત** : રૂા. ૫૦/–

**કંપોઝિંગ** : હાફિઝ વહીદ ઈકબાલ જમાદાર દયાદરવી
સાદિક યાકૂબ પટેલ દયાદરવી

**પ્રુફ રીડિંગ** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**આવૃત્તિ** : પ્રથમ ★ **નકલ** : ૫૦૦૦

**પ્રકાશન વર્ષ** : ૧ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૩
અંગ્રેજી તા. ૨૨ જુલાઈ ૨૦૧૨, રવિવાર

**પ્રાપ્તિસ્થાન** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**,
મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ
પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોડોં દુરૂદ

# તોહફાએ નિકાહ

## નિકાહ ઈસ્લામી દષ્ટિએ

## દહેજની હકીકત

## પતિ પત્નીના હક્કો

## તલાક તથા ઈદ્દતના હુકમો





2

સલાતો સુન્નત કી તરવીજો ઈશાઅત કે લિએ આલમગીર તહરીક

## સુન્ની દઅ્વતે ઈસ્લામી

સે આપ ભી વાબસ્તા હોં, જિસ કે લિએ આપ

★ હર હફ્તે બાદ નમાઝે ઈશા મરકઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ કે હફ્તાવારી ઈજતેમા મેં તશરીફ લાકર ઈલ્મો અમલ ઔર ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلم કા જઝબા પૈદા કરેં.

★ તહરીક કી દર્સી કિતાબ બરકાતે શરીઅત કા દર્સ અપને ઘરોં, મોહલ્લોં, મસાજિદ વગૈરહ મેં પાંચ તા સાત મિનટ ઝરૂર દેં.

★ મરકઝ સે વક્તન્ ફવક્તન્ તરબિયતી કાફલે મુખ્તલિફ ઈલાકોં મેં રવાના હોતે હૈં. મસાઈલે શરીઅહ્ મેં આગાહી ઔર પ્યારે આકા صلی اللہ علیہ وسلم કી સુન્નતેં સીખને કે લિએ કાફલા મેં રવાના હોં.

★ ઉલ્માએ અહલે સુન્નત કી તરફ સે મુઅક્કદહ ઈલ્મી મુઝાકરહ કી મહફિલોં મેં શિરકત કરેં.

★ મુખ્તલિફ ઈલાકોં મેં તઅલીમે બાલેગાં કે લિએ રાત મેં ચલને વાલે મદરસોં મેં હુસૂલે ઈલ્મ કે લિએ શિરકત કરેં.

★ તઝકીયએ કુલૂબ કે લિએ મુજાહિદા કી મજલિસ મેં શિરકત કરેં.

★ નઅ્તિયા મહાફિલ મેં શિરકત કરેં ઔર હમ્દે ઈલાહી, નઅ્તે રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ વ મનાકિબે ઔલિયા–એ–કિરામ સે અપને કુલૂબ વ અઝહાન કો મુનવ્વર કરેં.

★ બયાનાત, નઅ્ત, તિલાવત કી કૈસિટોં કી સમાઅત ઔર દીની કિતાબોં કા મુતાલિઆ નીઝ તિલાવતે કુર્આને મુકદસ મઅ્ તર્જુમા કંઝુલ ઈમાન ઔર કુતુબે તફાસીરે અહલે સુન્નત અપને લિએ લાઝિમ કર લેં.

★ મુંબઈ વ મુઝાફાતે મુંબઈ મેં હોને વાલે ઈજ્તિમઆત મેં ભી શિરકત કરેં.

### રાબ્તે કા પતા

**Office : Sunni Dawat e Islami**

**Sayed Ashique Shah Bukhari Masjid, 128, Shaida Marg, Char Null, Dongri, Mumbai 9 Ph : 022-23434366**

**E-Mail : sdiquarterly@rediffmail.com**

**E-mail : sdiworld@usnl.com**

**Website : www. sunnidawateislami**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ

# નિકાહ
# ઈસ્લામી દષ્ટિએ


લેખક....

અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ, હઝરત મૌલાના

**મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

:: અનુવાદક ::

**મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી (પીપળીયા)**

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ, તા. વાગરા, જિ. ભરૂચ)

| | |
|---|---|
| *પ્રાસ્તાવિક વાત......* | 009 |
| અહવાલે વાકૂઈ (વાસ્તવિક સ્થિતિ) | 013 |
| નિકાહ વિશે વિવિધ હુકમો | 018 |
| નિકાહ કેટલી ઉમરમાં હોવા જોઈએ ? | 019 |
| નિકાહના હેતુઓ કુર્આનની દષ્ટિમાં | 020 |
| નિકાહના હેતુઓ હદીષોની દષ્ટ્રિમાં | 024 |
| સુન્નત અદા કરવાની નિય્યતથી નિકાહ કરવો | 024 |
| માનવ વંશની વૃધ્ધિની નિય્યતથી નિકાહ કરવો | 024 |
| ગુનાહોથી બચવાની નિય્યત હોય | 025 |
| મહોબ્બત માટે નિકાહ સર્વથી ઉત્તમ તરીકો | 025 |
| નિકાહના અધિક ફાયદાઓ એક દષ્ટિમાં | 026 |
| નિકાહ કઈ સ્ત્રીઓથી જાઈઝ નથી | 027 |
| નિકાહ કઈ સ્ત્રીઓથી જાઈઝ છે ? | 034 |
| નિકાહ એક હેતુમય સંબંધ (દામ્પત્ય જીવનની ફિલોસોફી) | 036 |
| નિકાહમાં ઈસ્લામ તથા ઈમાનનું મહત્વ | 038 |
| વ્યભિચારી સ્ત્રીઓ સાથે નિકાહ કરવાથી બચવું જોઈએ | 039 |
| પત્નીઓની સંખ્યાનો હુકમ | 040 |
| વલીમા તથા મહેમાનીનું બયાન | 042 |
| ફિક્હી મસ્અલા | 043 |







| | |
|---|---|
| મઝહબી પેશવા તો ન જ જાય ! | 044 |
| શાદીની અમુક રસ્મો | 045 |
| શાદીમાં ટાળમટોળ | 045 |
| કરજની બલા | 046 |
| ઢોલ તમાશા, ગીત ગાવું | 047 |
| ડાન્સ તથા વાજિંત્રો | 048 |
| ફિલ્મી રેકોર્ડિંગ | 051 |
| આતશબાઝી (ફટાકડા, હવાઈઓ વગેરે ફોડવું) | 052 |
| મહેર અને તેના હુકમો તથા મસ્અલાઓ | 054 |
| મહેર અદા કરવામાં ખુશદિલીનો દેખાવ કરવો જોઈએ | 055 |
| મહેર અદા કરવામાં મોટુ દિલ હોવુ જોઈએ | 056 |
| મહેર પાછુ ન ફેરવો | 056 |
| મહેર માફ કરવાનો અધિકાર ઔરતને છે | 057 |
| મહેર માફ કરવા પર માલ પતિનો થશે | 057 |
| ગૈર મદખૂલા (જેનાથી સંભોગ ન થયો હોય તે)ની મહેર | 058 |
| મહેર નિશ્ચિત ન હોવા પર કાંઈક આપીને રુખસદ કરવું | 058 |
| મહેરના પુરાવામાં અહાદીષે કરીમા | 059 |
| અઝવાજે મુતહ્હરાતની મહેર | 061 |
| હુઝૂર ﷺની સહાબઝાદીઓની મહેર | 062 |

# પ્રાસ્તાવિક વાત......

અઝ : ફાઝિલે જલીલ હઝરત અલ્લામા મુહમ્મદ તૌફીક઼ અહસન બરકાતી મિસ્બાહી

*(ઉસ્તાઝ : જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમ–મુંબઈ)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

ખાલિકે કાયનાત અલ્લાહ ﷻએ ઈન્સાનની જિંદગીના વિભાગોમાં કામયાબી તથા કામરાની માટે સ્પષ્ટ ક઼ાનૂન તથા સ્પષ્ટ ક઼ાયદાઓ અર્પણ કર્યા. ઈન્સાનની જિંદગીની સર્વ સમસ્યાઓ દૂર કરવા માટે તેમને કોઈ પણ રીતે યાર તથા મદદગાર વિનાના અને નિર્માલ્ય તથા લાચાર નથી છોડયા. ચાહે તેનો સંબંધ વ્યક્તિગત જિંદગીથી હોય કે કૌટુંબિક અને કાનૂની વિભાગથી, સામાજિક દષ્ટ્રિ સાથે તેનો સંબંધ હોય કે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય શાંતિ તથા એક્તા તેમજ ભાઈચારાથી સંબંધિત હોય. જિંદગીના દરેક પાસાને ક઼ાનૂન અપર્ણ કર્યો, દરેક ક્ષેત્રે બંધારણ અર્પણ કર્યું, નહીં તો ઈન્સાન પરેશાનીઓનો શિકાર થઈ જાત, ગૈર ક઼ાયદેસરતા, અંધાંધુધી તથા અધર્મતાનું ભૂત ઈન્સાનની જિંદગીને ઉધઈની જેમ ખોતરી જાત, તે આવારાપણા અને નાકામીઓ તથા ઉદાસીનતાઓના કીચડમાં ધસતો ચાલ્યો જાત. ખુદાઈ કાનૂન જે પણ ઉતર્યો એમાં સર્વ ઈન્સાનોની ભલાઈ તથા કામયાબી અને હમેશાંની સલામતી જોવા મળે છે. કુર્આને સ્પષ્ટ એલાન ફર્માવી આપ્યું કે, ''અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર રજમાત્ર પણ જુલ્મ નથી કરતો.'' તે તો રહમો કરમની વર્ષા વરસાવે છે. બંદાઓને પોતાની રહમત તથા ઈનાયતથી માલામાલ કરી આપવું એ તેની સિફતે રહમાન તથા રહીમની ખૂબી છે.

ઈન્સાનને જિંદગીના દરેક ક્ષેત્રે ખુદાઈ ક઼ાનૂનની જરૂરત છે.





ઈન્સાનોને નફસની ગુલામીથી આઝાદી અપાવવા માટે ઈસ્લામી શરીઅતે પોતાનો ક઼ાનૂન ''કુર્આન અઝીમ તથા અહાદીષે કરીમા''ના રૂપમાં રજૂ કર્યો જેમાં એક અતિ મહત્વપૂર્ણ અને ખાનદાની તથા સામાજિક જિંદગીનું તે બંધારણ જે કદી જુદા ન થઈ કે તે ''નિકાહ તથા તલાક઼'' છે. નિકાહ રસૂલે કરીમ ﷺની મુબારક તથા ઉમદા સુન્નત છે. નિકાહ ઈન્સાનને ઈજ્જતવાન બનાવે છે. નિકાહ દિલોને શર્મનું નૂર અર્પણ કરે છે. નિકાહ પાકદામની અને પવિત્રતાની ડિગ્રી આપે છે. નિગાહ ઈન્સાનને બુરી નિગાહથી બચાવે છે. એટલા માટે સખત જરૂરત છે કે આ ક઼ાનૂનનો અભ્યાસ કરવામાં આવે. તેનાં વિવિધ પાસાંઓને દિમાગમાં બેસાડવામાં આવે અને શાદી તથા નિકાહની બદનામીનો ઝરીયો બનનારાં કારણો તથા સબબોને માલૂમ કરીને તેને રોકવાની કામયાબ કોશિશ કરવામાં આવે એ મુસ્લિમ ઉમ્મતની દરેક વ્યક્તિની સંયુક્ત જિમ્મેદારી છે. શાદી વિવાહના નામે જીવલેણ બીમારીઓના જેમ સમાજને રંજાડતા શરીઅત વિરૂધ્ધના રસ્મો રિવાજે એક અજંપો ખડો કરી આપ્યો છે. દહેજની અયોગ્ય માંગણીઓ તલાક઼નો વધારો, ફુઝૂલ ખર્ચીના ભારણે મુસ્લિમ ક઼ૌમની નિયમિત તથા ખાનદાની જિંદગીને જહન્નમ બનાવી આપી છે. એટલા માટે ઉમ્મતની દરેક વ્યક્તિએ જાગૃત થઈને ઈસ્લામી મજબૂત બંધારણ પર અમલ કરવાની જરૂરત છે, નહીં તો તે દિવસ દૂર નથી જ્યારે આપણે પોતાની ઓળખ ગુમાવી બેસવાનો મોટો ગુનોહ કરી બેસીશું અને દુનિયા હંસી મજાક સાથે આપણી સભ્યતા તથા સંસ્કૃતિ અને સામાજિક પધ્ધતિની હંસી ઉડાવશે અને આપણે તેના ભોગ બનતા રહીશું

આ બાબતો ધ્યાનમાં રાખીને તહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી**ના રૂહેરવાં હઝરત મૌલાના હાફિઝો ક઼ારી **મુહમ્મદ શાકિર નૂરી રઝવી** دام ظلہ العالیએ નિકાહ તથા તલાક઼ના બારામાં આ ચાર કિતાબો સંપાદિત કરી છે અને વિશ્વનીય હવાલાઓથી તેના સંબંધી મસાઈલે શરઈય્યહ્ પર વિશાળ ચર્ચા કરી છેઃ (૧) નિકાહકા ઈસ્લામી તસવ્વુર (૨) હુકૂકે ઝવજૈન (૩) જહેઝકી હક઼ીક઼ત (૪) તલાક઼ વ ઈદ્દતકે અહકામ (નિકાહ ઈસ્લામી દષ્ટિએ, પતિ પત્નીના હક્કો, દહેજની હકીકત અને તલાક઼

તથા ઈદ્દતના હુકમો) આ કિતાબોની વિગતે ચર્ચામાં ન જતાં મારી અહલે સુન્નતના વાંચકોથી જરૂરી અપીલ છે કે આ મસાઈલ આપણી જિંદગીના માટે ખૂબ મહત્વના તથા ગંભીર છે તો શું તમારા દિલમાં તેનું વાંચન અને પોતાની અમલી જિંદગીમાં તેને લાગુ કરવાની તડપ હવે પણ પૈદા ન થશે ?! ખુદારા ! પોતાની દુનિયવી જિંદગીને એકદમ ઈસ્લામી બનાવો અને બંનેવ જહાનની નેક બખ્તીઓથી માલામાલ થાવ.

**''સુન્ની દા'વતે ઈસ્લામી''**ના બાની તથા સરબરાહ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી دام ظلہ العالیની આનાથી પેહલાં એક ડઝન જેટલી કિતાબો પ્રકાશિત થઈને કબૂલિયતની મંઝિલો પાર કરી ચૂકી છે. કિતાબોના પ્રકાશન માટે તેમનું આગવુ એક મક્તબ ''મકતબએ તયબાહ''ના નામથી સક્રિય છે, રઝવિય્યાતના પ્રકરણમાં એણે કેટલીય કિતાબો પ્રકાશિત કરી છે જેમાં ''ઈમામ અહમદ રઝા ઔર એહતેમામે નમાઝ, ઈમામ અહમદ રઝા ઔર મદીના મુનવ્વરા અને મિસ્રી સહાફતમેં ઈમામ અહમદ રઝાકે જલ્વે'' નોંધપાત્ર છે. તદ્ઉપરાંત બરકાતે શરીઅત, ગુલદસ્તએ સીરતુન્નબી ﷺ, માહે રમઝાન કૈસે ગુઝારેં (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી), મુબારક રાતેં, ૭૩ મેં એક કૌન ? (અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા), જશ્ને બહારાં (અઝઃ પ્રોફેસર મસ્ઊદ અહમદ), ઈસ્લામ કે ઉસૂલ (અઝ : અલ્લામા અબ્દુલ અલીમ મેરઠી)નાં નામો ગણત્રીમાં આવી શકે છે. અમીરે સુન્નતે દા'વતે ઈસ્લામી ડો. ઈકબાલના આ શેઅર :–

**યકીં મોહકમ, અમલ પયહમ, મહબ્બત ફાતેહે આલમ**
**જેહાદે ઝિંદગાનીમેં હૈં યહ મર્દોંકી શમશીરેં**

ની અમલી તસ્વીર છે. સતત નવા નવા મન્સૂબા ઘડવા, ઓલમા વ મોહક્કિકીનથી મશ્વેરા લેવા, અને ઈલ્મી મદદ પછી પૂરા મન્સૂબાને જમીન પર ઉતારીને આસ્માન પર પહોંચાડવાની કલા આપ જાણે છે. અને ખુદાની રહમત તેમની ભરપૂર મદદ કરે છે. આપ એક ઉમદા મુસ્લેહે કૌમ, ઈસ્લામના મુબલ્લિગ અને જાનદાર ખતીબ, નઅ્ત લખવાના શોખવાળા, ખુશગવાર તથા સાફ લહેજાના માલિક, લેખક





તથા સંપાદક છે. શોઅબુલ અવલિયાના શાહઝાદા અબ્દુલ કાદિર અલ્વી مدظلہ العالیના કથનાનુસાર કે : ''મૌસૂફ પોતાની ભરચક ખૂબીઓના કારણે ખાસ ઓલમા તથા મશાઈખની નજરમાં અતિશય કદર તથા ઈજ્જતની નજરથી જોવામાં આવે છે.'' અકાઈદની તથા અમલોની ઈસ્લાહની આલમી તહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી**ના બાની તથા અમીર તથા સંચાલકની હેસિયતથી અને હઝરત અલ્લમા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબના કથન મુજબ તેમની મઝહબી ખિદમતોનો વિસ્તાર કેટલાય મહાન ખંડો સુધી ફેલાયેલો છે.

''મૌલાના શાકિર અલી નૂરી دام ظلہ العالی ઉમદા સ્વભાવની દ્રષ્ટિએ એક સારા મુબલ્લિગ અને ખતીબ છે.''

કિતાબ લેખકની દરેક ક્ષેત્રે કામયાબીનો ભેદ ખોલતાં લખે છે :

''મૌલાના નૂરીએ પીર (હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ)થી જે નૂર મેળવ્યું તે રશ્કના લાયક છે. કેમ કે મુર્શિદે બરહક્કના ફૈઝાને એમને સુન્નત પર અમલ કરવાવાળા પણ બનાવ્યા અને શરીઅતનાં મુબલ્લિગ પણ !!''

વાહ ! શું કહેવું ! સુબ્હાનલ્લાહ ! આ બુઝુર્ગોની ઝબાન તથા કલમથી નીકળેલ પ્યારી વાતો છે, અમારા જેવા નાનાઓનો પ્રદર્શિત થયેલ ખયાલ નથી. મોટાઓની વાતો સનદ હોય છે અને નાનાઓની વાતો અતિશ્યોક્તિના ખાનામાં ધકેલી દેવામાં આવે છે. સારાંશ આ કિતાબો તે લાયક છે કે એનું પૂરા ઉત્સાહ તથા શોખપૂર્વક વાંચન કરવામાં આવે અને એના રજૂ કરેલ મુદ્દાઓ તથા શરઈ મસાઈલ પર અમલ કરવાનો દીની ઉત્સાહ પોતાના દિલોમાં દઢ કરી લેવામાં આવે.

અલ્લાહ તઆલા આ ચારેવ કિતાબોને મકબૂલે આમ કરે અને કિતાબ લેખકની સર્વ ખિદમતને શરફે કબૂલ અતા કરે અને તેમાં વધારેથી વધારે સુન્નિયત અને મસ્લકે ઈમામ અહમદ રઝાના ફરોગની તૌફીક બખ્શે. આમીન. તાલિબે દુઆ–

**મુહમ્મદ તૌફીક અહસન બરકાતી મિસ્બાહી**

*(૧૯ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૩૧, જુમેરાતની રાત)*

# અહવાલે વાક઼ઈ
## (વાસ્તવિક સ્થિતિ)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

**પ્યારા વાંચકો !........**

તમે સારી રીતે જાણો છો કે અલ્લાહ તઆલાની બે મહાન નેઅમતો આપણને એવી નસીબ થઈ છે કે તેનાથી વધીને કોઈ મોટી નેઅમત નથી, તે છે ઈસ્લામ અને પૈગંબરે ઈસ્લામની જાત. જો પૈગંબરે આ'ઝમ عليه الصلوٰة والسلام નું આગમન ન થયું હોત તો ન આપણને ઈસ્લામ મળતો ન કુર્આન ન રહમાન.

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**لَقَدۡ مَنَّ اللّٰهُ عَلَی الۡمُؤۡمِنِيۡنَ اِذۡ بَعَثَ فِيۡهِمۡ رَسُوۡلًا** "બેશક ! અલ્લાહનું મહાન એહસાન થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી એક રસૂલ મોકલ્યા." *(સૂરએ આલિ ઈમરાન, આયત : ૧૬૪)*

અને એ પણ ફર્માવ્યું : **لَقَدۡ کَانَ لَکُمۡ فِیۡ رَسُوۡلِ اللّٰهِ اُسۡوَةٌ حَسَنَةٌ** "બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે." *(સૂરએ અહઝાબ, આયત : ૨૧)*

આ જ કારણે આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા





رحمۃ اللہ علیہ જયારે અલ્લાહ તઆલાની હમ્દ બજાવી લાવે છે તો આ પ્રમાણે અર્ઝ કરે છે :–

**વહી રબ હૈ જિસને તુઝકો હમા તન કરમ બનાયા**
**હમેં ભીક માંગને કો તેરા આસતાં બતાયા**

પણ કમનસીબી એ છે કે આજે ઉમ્મતે મુસ્લિમા પયગંબરે આઝમ صلی اللہ علیہ وسلم અને ઈસ્લામથી પોતાનો સંબંધ કમજોર કરી ચૂકેલ છે. જેના કારણે ભૌતિકતાનો પ્રભાવ અને પશ્ચિમી સંસ્કૃતિનો ઈશ્ક઼ પાગલપનની હદ સુધી વધી ગયો છે જેના કારણે દુનિયા તથા આખેરતના નુકસાનથી મુસલમાન ભેટી રહ્યો છે. કાશ ! મુસલમાનને એની જાણ હોત કે ઈસ્લામ કેટલી મહાન નેઅમત છે કે દરેક નબીએ પોતાની અવલાદને તેના પર જ ક઼ાયમ રહેવાનો આદેશ આપ્યો, તે પછી હઝરત ઈબ્રાહીમ علیہ السلام હોય કે હઝરત યાકૂબ علیہ السلام હોય અને રબ તઆલાએ પયગંબરે આ'ઝમ علیہ الصلوٰۃ والسلام પર આ આયતે કરીમા નાઝિલ કરીને આપણને ઈસ્લામ આપીને રઝામંદીનો ઈઝહાર કર્યો :–

**اَلۡيَوۡمَ اَکۡمَلۡتُ لَکُمۡ دِيۡنَکُمۡ وَاَتۡمَمۡتُ عَلَيۡکُمۡ نِعۡمَتِیۡ**
**وَ رَضِيۡتُ لَکُمُ الۡاِسۡلَامَ دِيۡنًا**

"આજે મેં તમારા માટે તમારો દીન મુકમ્મલ કરી આપ્યો અને તમારા પર પોતાની નેઅમત પૂરી કરી આપી, અને તમારા માટે ઈસ્લામને દીન પસંદ કર્યો." *(સૂ. માઈદા, આ. ૩)*

આપણે એ યાદ રાખવું જોઈએ કે મુસલમાનની હેસિયતથી આપણા માટે ઈસ્લામના ક઼ાનૂનની પાંબદી બેહદ જરૂરી છે. અને આ પાંબદી થોડીક રસ્મો અદા કરવા પૂરતી નથી બલ્કે પૈદાઈશથી લઈને મોત સુધી આવતી સમસ્યાઓમાં ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામની પેરવી (અનુસરણ) જરૂરી છે. જેમ કે અલ્લાહ તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે : **يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا ادۡخُلُوۡا فِی السِّلۡمِ کَآفَّةً** "અય ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ !" *(સૂ. બક઼રહ, આ. ૨૦૮)*

આ આયતનો શાને નુઝૂલ એ છે કે એહલે કિતાબમાંથી અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીઓ હુઝૂર صلی اللہ علیہ وسلم પર ઈમાન લાવ્યા

પછી મૂસા عليه السلامની શરીઅતના કેટલાક આદેશો પર ક઼ાયમ હતા. શનીવારની તાઝીમ કરતા, એ દિવસે શિકાર કરવાથી બચતા અને ઊંટોના દૂધ અને ગોશ્તથી બચતા, અને એમ વિચારતા કે ઈસ્લામમાં આ વસ્તુ મુબાહ છે, તેમને કરવું જરૂરી નથી અને તૌરાતમાં તેનાથી બચવું અનિવાર્ય કરવામાં આવ્યું છે જેથી તેને છોડવામાં ઈસ્લામનો વિરોધ નથી અને મૂસા عليه السلامની શરીઅત પર અમલ પણ થાય છે. તેના પર આ આયતે કરીમા નાઝિલ થઈ અને કહ્યું કે ઈસ્લામના આદેશોનું સંપૂર્ણપણે પાલન કરો એટલે તૌરાતના આદેશો મન્સૂખ થઈ ગયા અને હવે તેની પાબંદી ન કરો.'' *(ખઝાઈનુલ ઈર્ફાન)*

આજે આપણે એમ સમજી લીધું છે કે નમાઝ, રોઝા, હજ, ઝકાતના માટે જ ઈસ્લામી આદેશો જરૂરી છે, બાકી પૂરી જિંદગી મનમાની અને તબીયતની ગુલામીમાં પસાર કરવી જોઈએ, અને આ કેવળ વિચાર નથી બલ્કે અમલી તૌર પર આજે ઉમ્મતે મુસ્લિમા એના પર ચાલી રહી છે. પછી તે બાળ જન્મ થયા પછીની વિધિ હોય, શાદી વિવાહનો પ્રસંગ હોય. યાદ રાખો ! જ્યાં સુધી આપણે ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺના આદેશના પાબંદ થઈશું નહીં ત્યાં સુધી કામયાબી નથી મળી શકતી.

એક મુદ્દતથી ખયાલ હતો કે ઉમ્મતે મુસ્લિમાને ઈસ્લામી જિંદગીના ક઼ાયદાઓથી વાકેફ઼ કરવામાં આવે અને જિંદગીને પૂરી રીતે ઈસ્લામી માળખામાં ઢાળવાની કોશિશ કરવામાં આવે અલ્હમ્દુલિલ્લાહ ! રહમતે આલમ ﷺના સદક઼ા વ તુફ઼ૈલ સમાજની સુધારણાથી સંબંધિત **ઈદારા મઆરિફ઼ે ઈસ્લામી**ના તરફ઼થી ચાર કિતાબોનો આ સેટ તમારા હાથમાં છે જે ખાસ કરીને નિકાહના હેતુઓ, નિકાહમાં ખોટી રસ્મો, પતિ–પત્નીના એક બીજાના હક્ક઼ો ઉપરાંત કેટલાક એવા શબ્દો જે વિવાહિત જિંદગીમાં પતિ પત્ની એકબીજાને બોલે છે જેના કારણે નિકાહ પર અસર પડે છે તેની થોડીક જાણ આપી છે. જાહેર વાત છે કે દા'વતી દૌરાની ભરચક વ્યસ્તતા તેમજ કમસે કમ ઈદારાઓની જિમ્મેદારીઓમાંથી સમય કાઢીને કિતાબનું સંપાદન કરવું એ અતિશય





કઠિન કાર્ય છે પણ અલ્લાહ તઆલા જઝાએ ખૈર આપે મોહતરમ મૌલાના મઝહર હુસૈન અલીમીને જેમણે આ કિતાબના સંપાદન તથા સંકલનમાં પલ પલ મારી મદદ કરી અને આ કિતાબ આપ સુધી પહોંચાડવામાં અમે કાયમાબ થયા.

**અપીલ** : તહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી**ના લેખન તથા સંપાદન સંશોધન વિભાગના સંબંધિત ક઼ાયમ કરેલ **''ઈદારા મઆરિફ઼ે ઈસ્લામી''**થી પ્રસિદ્ધ થતાં પુસ્તકોને આપ ક઼બૂલ પણ કરો અને તેની પ્રગતિના બારામાં અધિકથી અધિક હિસ્સો લો, અને એને અવામ સુધી પહોંચાડીને દીનને ફ઼ેલાવો. ઉમ્મીદ છે કે આ કિતાબો તમારી માલૂમાતના સાથો સાથ તમારી ઘરેલુ જિંદગીને પુરસુકૂન બનાવશે. પોતાની નેક દુઆઓમાં જરૂર યાદ રાખશો અને તહરીકે **''સુન્ની દા'વતે ઈસ્લામી''**ના અઠવાડિક ઈજતેમા ઉપરાંત કાફ઼લાઓમાં સામેલ થઈને દીનના ખાદિમ બનો.

**અર્ઝ** : મને પોતાના અલ્પ ઈલ્મનો ભરપુર એહસાસ છે એટલા માટે જો કોઈ કમી કિતાબમાં જોવા મળે તો અવશ્ય ખબર કરશો જેથી બીજી આવૃત્તિમાં તેની ઈસ્લાહ કરી શકીએ.

*તાલિબે દુઆએ મગ઼ફ઼િરત*

**ફ઼ક઼ીર મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

*બરોઝ બુધ, ૨૬ શવ્વાલ હિ.સ. ૧૪૩૧*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَانكِحُوۡا مَا طَابَ لَكُمۡ مِّنَ النِّسَآءِ مَثۡنٰی وَثُلَاثَ وَرُبٰعَ ۚ فَإِنۡ خِفۡتُمۡ اَلَّا تَعۡدِلُوۡا فَوَاحِدَةً اَوۡ مَا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ ؕ ذٰلِكَ اَدۡنٰٓی اَلَّا تَعُوۡلُوۡا ۝

"તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે, ત્રણ ત્રણ, ચાર ચાર, પછી જો ડરો કે બે પત્નીઓને બરાબર રાખી શકશો નહીં તો એક જ કરો." *(સૂરએ નિસાઅ, આયત–૩)*

**નિકાહનો શાબ્દિક અર્થ** : આકર્ષણ થવું, એક વસ્તુનું બીજી વસ્તુમાં મિશ્રણ થવું.

**નિકાહનો શરઈ અર્થ** : નિકાહ તે કરારને કહે છે જે એટલા માટે રાખેલ હોય કે પુરૂષનું સ્ત્રી સાથે સંભોગ વગેરે હલાલ થઈ જાય. *(બહારે શરીઅત)*

નિકાહ શરીઅતના હુકમ અનુસાર હોવું કિતાબ તથા સુન્નત અને ઈજમાઅથી સાબિત છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

فَانكِحُوۡا مَا طَابَ لَكُمۡ مِّنَ النِّسَآءِ مَثۡنٰی وَثُلَاثَ وَرُبٰعَ ۚ فَإِنۡ خِفۡتُمۡ اَلَّا تَعۡدِلُوۡا فَوَاحِدَةً اَوۡ مَا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ ؕ ذٰلِكَ اَدۡنٰٓی اَلَّا تَعُوۡلُوۡا ۝

"તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે , ત્રણ ત્રણ, ચાર





ચાર, પછી જો ડરો કે બે પત્નીઓને સમાનપણે રાખી શકશો નહીં તો એક જ કરો અથવા બાંદીઓ જેમના તમે (શરીઅતની રૂએ) માલિક હોઉ (તેમના પર સંતોષ માનો, એ એનાથી વધુ નજીક છે કે તમારાથી જુલ્મ ન થાય." –*(સૂ. નિસાઅ–૩)*

બીજી જગ્યાએ અલ્લાહનું ફર્માન છે :–

وَاَنۡكِحُوا الۡاَيَامٰی مِنۡكُمۡ وَالصّٰلِحِيۡنَ مِنۡ عِبَادِكُمۡ وَإِمَآئِكُمۡ

"અને નિકાહ કરી આપો પોતાનાઓમાં તેમનો જે નિકાહ વગરના હોય અને પોતાના લાયકાતવાળા ગુલામો અને ગુલામ સ્ત્રીઓનો." *(સૂ. નૂર–૩૨)*

હદીષે પાકમાં ઈર્શાદ છે :–

يَا مَعۡشَرَ الشَّبَابِ مَنِ اسۡتَطَاعَ مِنۡكُمُ الۡبَآءَةَ فَلۡيَتَزَوَّجۡ "હે જવાનો ! તમારાથી જે નિકાહની શક્તિ ધરાવતો હોય તે નિકાહ કરે."

## ★ નિકાહ વિશે વિવિધ હુકમો ★

નિકાહની મશરૂઈયત (શરીઅત મુજબ હોવા) પર અહલે ઈસ્લામનો ઈજમાઅ (એકમતિ) છે. સામાન્ય હાલતમાં એટલે ન શહેવત (વાસના)નો ખૂબ અધિક પ્રભાવ હોય ન નામર્દ હોય અને મહેર તથા ભરણ પોષણ, રોટી, કપડાં, જરૂરિયાતે જિંદગી પૂર્ણ પાડવાની શક્તિ ધરાવતો પણ હોય તો નિકાહ **'સુન્નતે મોઅક્કદા'** છે, કે **નિકાહ ન કરવા પર અડી રહેવું ગુનોહ** છે. અને જો હરામથી બચવું અથવા સુન્નતની પૈરવી તથા હુકમ પર અમલ અથવા અવલાદ હાંસલ કરવાનો ધ્યેય છે **તો સવાબ પણ પામશે** અને કેવળ આનંદ અથવા વાસના સંતોષવાનો હેતુ હોય **તો સવાબ નથી.** *(બહારે શરીઅત, હવાલો દુર્રે મુખ્તાર વ શામી)*

વાસનાનો પ્રભાવ એવો છે કે નિકાહ નહીં કરે તો મઆઝલ્લાહ ! ઝિનાનો અંદેશો છે, અને મહર તથા ભરણ પોષણ પર કુદરત ધરાવતો હોય, તો નિકાહ **વાજિબ** છે. તેમજ જ્યારે કે અજનબી ઔરતના તરફ નજર ઉઠવાથી રોકી નથી શકતો, અથવા હાથથી કામ લેવું પડશે, તો

નિકાહ **વાજિબ** છે. *(દુર્રે મુખ્તાર તથા શામી)*

યક઼ીન છે કે નિકાહ ન કરવામાં ઝિના થઈ જશે તો **"ફર્ઝ"** છે કે નિકાહ કરે. *(દુર્રે મુખ્તાર)*

જો એવો અંદેશો છે કે નિકાહ કરશે તો ભરણ પોષણ આપી શકશે નહીં અથવા જરૂરિયાતોને પૂરી કરી શકશે નહીં તો **"મકરૂહ"** છે અને એ વાતનું યક઼ીન છે તો નિકાહ કરવું **હરામ** છે, પણ નિકાહ થઈ જશે. *(બહારે શરીઅત)*

## ★ નિકાહ કેટલી ઉમરમાં હોવા જોઈએ ? ★

હઝરત અબૂ સઈદ તથા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, જેને કોઈ ઔલાદ હોય તો તેનું સારું નામ રાખે અને તેને અદબ શીખવાડે. પછી જ્યારે બાલિગ થઈ જાય તો તેનો નિકાહ કરી આપે. અને જો ઔલાદ બાલિગ થઈ અને એનો નિકાહ ન કર્યો જેના કારણે તેણે કોઈ ગુનોહ કરી લીધો તો પિતા પર તેનો ગુનોહ થશે. *(મિશ્કાતુલ મસાબીહ–૩૧૩૮)*

હઝરત ઉમર અને હઝરત અનસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે તૌરાત શરીફમાં આ લેખ લખેલ હતો કે જે વ્યકિતની પુત્રી બાર વર્ષની થઈ ગઈ અને તેણે મોક઼ો યોગ્ય હોવા છતાં તેનો નિકાહ ન કર્યો, પછી તેણીએ કોઈ ગુનોહ કરી લીધો તો તેનો ગુનાહ તે જ વ્યક્તિ પર થશે, એટલે પિતા પર. *(રવાહુલ બયહકી ફી શુઅબુલ ઈમાન–૩૧૩૯)*

ઉપરોક્ત બંનેવ હદીષોમાં ઘણી જ કિંમતી નસીહતો મૌજૂદ છે. પ્રથમ નસીહત એ કરવામાં આવી છે કે તમારામાં કોઈના ત્યાં ઔલાદ થાય તો તેનું સારું નામ રાખે, બાળકનું સારું નામ રાખવું માબાપની એક મહત્વપૂર્ણ જિમ્મેદારી છે.

હદીષે પાકમાં છે કે ક઼યામતના દિવસે તમને પોતાના નામ અને બાપોના નામોથી પુકારવામાં આવશે, એટલા માટે પોતાનાં નામ સારાં રાખો. *(અબૂ દાઊદ–૪૯૫૦)*





બુરુ નામ હુઝૂર ﷺ ને સખ્ત નાપસંદ હતું. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે :–

નબીએ اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کَانَ یُغَیِّرُ الْاِسْمَ الْقَبِیْحَ કરીમ ﷺ બુરા નામને બદલી નાખતા હતા. *(તિર્મિઝી–૩૦૭૩)*

બીજી નસીહત અવલાદને અદબ શીખવાડવાના બારામાં છે. અદબ ઈન્સાન માટે ઝીનત (શણગાર) છે. પસંદીદા અમલો અને બુલંદ (ઉચ્ચ) અખ્લાક઼ આ સર્વ અદબના હેઠળ આવે છે. ફર્ઝોની કાળજી રાખવી અને શરીઅત વિરૂધ્ધ વાતોથી બચવું બંદાપણાના આદાબમાંથી છે. એ જ પ્રમાણે ઈન્સાનોની સાથે એવી રીતે વર્તાવ કરવો કે તેમને દુ:ખ ન થાય, એ સામાજિક આદાબમાંથી છે. અફસોસ ! આજના મા બાપ પર કે પોતે પણ અને પોતાનાં બાળકોને પણ યૂરોપ તથા અમેરિકા જેવી બેહયા ક઼ૌમોની જિંદગીના તરીક઼ાને અપનાવે તથા શીખવાડે છે અને તેના પર ઘમંડ કરતાં થાકતા નથી ! અલ્લાહ عزوجل આવા લોકોને સારી સમજ આપે.

ત્રીજી નસીહત કરવામાં આવી કે જ્યારે અવલાદ બાલિગ થઈ જાય તો તેનો નિકાહ કરી આપવામાં આવે. આજકાલ આ નસીહતથી ખૂબ ગફલત કરવામાં આવે છે. અંગ્રેજી શીખવાડવા અને મોટી મોટી ડિગ્રીઓ હાંસલ કરવાના શોખમાં લોકોએ આ નસીહતને પીઠ પાછળ રાખી દીધી છે, પણ નિકાહમાં ઢીલ કરવા પર જે બુરાઈઓ જન્મ લઈ રહી છે તેનાથી સારી સમજ રાખવાવાળો વ્યક્તિ ઈન્કાર નથી કરી શકતો.

હઝરત ઉમર અને હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરેલ હદીષમાં એ નસીહત કરવામાં આવી છે કે, જેની પુત્રી બાર વર્ષની થઈ ગઈ અને એનો નિકાહ ન કરવામાં આવ્યો અને તેનાથી કોઈ ગુનોહ થઈ ગયો તો તેનો ગુનોહ બાપ પર થશે. બાર વર્ષની ઉમરમાં છોકરીઓ સામાન્યત: બાલિગ થઈ જાય છે એટલા માટે આ ઉમરનો ઉલ્લેખ કર્યો.

## ★ નિકાહના હેતુઓ ક઼ુર્આનની દષ્ટિમાં ★

નિકાહ કરવું ઈબાદત છે, શર્ત એ છે કે નિય્યત સારી હોય. રસૂલે રહમત, ફખ્રે ઈન્સાનિયત હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ની પ્યારી

સુન્નત પર અમલ કરવાનો મક઼સદ હોય. કુર્આને પાકની આયતે મુક઼દસામાં નિકાહના હેતુઓ ખૂબ જ સ્પષ્ટ અંદાજમાં બયાન કરી આપ્યા છે. આ સંબંધિત થોડીક આયતો જુઓ !

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَمِنۡ اٰیٰتِہٖۤ اَنۡ خَلَقَ لَکُمۡ مِّنۡ اَنۡفُسِکُمۡ اَزۡوَاجًا لِّتَسۡکُنُوۡۤا اِلَیۡہَا وَ جَعَلَ
بَیۡنَکُمۡ مَّوَدَّۃً وَّ رَحۡمَۃً ؕ اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیٰتٍ لِّقَوۡمٍ یَّتَفَکَّرُوۡنَ

''અને એ તેની નિશાનીઓમાંથી છે કે તમારા માટે તમારી જાતિમાંથી જોડાંઓ બનાવ્યાં કે તેમના વડે આરામ (રાહત, સુકૂન) મેળવો અને તમારામાં પરસ્પર પ્રેમ અને રહમત મૂક્યાં, બેશક ! આમાં નિશાનીઓ છે વિચારનારાઓ માટે.'' *(સૂરએ રૂમ, આ. ૨૧)*

ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી આ આયત હેઠળ લખે છે :–

''જિંદગીનો ધોરીમાર્ગ ખૂબ જ કઠણ છે, ડગલે ને પગલે રુકાવટો છે, તકલીફોની ભીડ છે, ગમોનો અંધકાર છે, નાકામીઓનાં ચક્કરો અને ઉદાસીઓનો ગભરાટ છે. તેમ છતાં હુકમ એ છે કે પોતાના ખાલિક઼ને ઓળખો અને તેની મખ્લૂક પર રહમતનું વાદળ બનીને વરસો. દરિયાના ઊંડાણમાં રહીને પણ દામન ભીનો ન થવાનું વાજિબ કરી દેવામાં આવ્યું છે.

**યહ તૂલે સફર યહ નશેબો ફરાઝ**
**મુસાફિર કહાં તક સંભલતા રહેગા**

પણ તે કરીમે ઈન્સાનના તૂટેલા હોસલાને બુલંદ રાખવા માટે, તેના ડગમગતા ક઼દમોને મજબૂતી બખ્શવા માટે, તકલીફો તથા મુસીબતોનો બોજ હલકો કરવા માટે તેની જ જાતિમાંથી પત્નીના સ્વરૂપમાં તેને એક સફરનો સાથી પણ અર્પણ કરી આપ્યો. જાતિ સમાનતા ઉપરાંત બંનેવનાં દિલોને મહોબ્બત તથા રહમતના પવિત્ર તથા મજબૂત સબંધોથી જોડી આપ્યાં. આ સંગત કેવળ એટલા પૂરતી સીમિત નથી કે જ્યારે તંદુરસ્તી તથા યુવાનીનો સૂર્ય ચમકી રહ્યો હોય, જ્યારે સંજોગો અનુકૂળ હોય અને નસીબ જાગૃત હોય, બલ્કે મહોબ્બત તથા પ્યાર અને લાગણી તથા





હમદર્દીનો આ સંબંધ કોઈ પણ સંજોગોમાં નથી તૂટતો, બલ્કે ગમોનો અંધકાર જેમ જેમ ગાઢ થતો જાય છે તેમ મહોબ્બતનો આ દીપક વધારે નૂર પ્રકાશિત કરવા લાગે છે, જ્યારે સંજોગો પ્રતિકૂળ હોય ત્યારે તેની નિકટતામાં અધિક મજબૂતી આવી જાય છે. ઉપરાંત તેની બનાવટ એ રીતે કરવામાં આવી છે કે બંનેવ એક બીજા વિના અધૂરાં છે. બંનેવની આકાંક્ષાઓ, ઈચ્છાઓ, ઉમંગો અને ખુશીઓની પૂર્ણતાનું રહસ્ય એકબીજાથી જોડાયેલાં રહેવામાં છે.

જાતે જ વિચારો ! જો મહોબ્બતનો દીપ જિંદગીની આ કઠિન રાહને પ્રકાશિત ન કરતો અને રહમતનો જઝબો એક બીજાની મદદ ન કરતો તો જીવન સફરનો અંજામ કેટલો નિરાશાજનક હોત ? તો હજાર જાનો કુર્બાન થાય તે ખાલિક઼ પર જેણે પુરુષની જાતિથી ઓરતને પૈદા કરી અને પછી તેમને મહોબ્બત અને રહમતના રિશ્તામાં એ પ્રમાણે જોડી આપ્યાં કે જુદાઈની કલ્પના પરેશાન કરી નાખે છે. *(ઝિયાઉલકુર્આન ૩/૫૬૮)*

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

ہُوَ الَّذِیۡ خَلَقَکُمۡ مِّنۡ نَّفۡسٍ وَّاحِدَۃٍ وَّ جَعَلَ مِنۡہَا زَوۡجَہَا لِیَسۡکُنَ اِلَیۡہَا

''તે જ છે જેણે તમને એક જીવમાંથી જન્માવ્યાં અને તેમાંથી જ જોડુ બનાવ્યું કે તેનાથી રાહત પામો.'' *(સૂરએ અઅરાફ – ૧૮૯)*

કુર્આન પાકમાં છે :–

وَاللّٰہُ خَلَقَکُمۡ مِّنۡ تُرَابٍ ثُمَّ مِنۡ نُّطۡفَۃٍ ثُمَّ جَعَلَکُمۡ اَزۡوَاجًا ''અને અલ્લાહ તઆલાએ તમને બનાવ્યા માટીથી, પછી પાણીના ટીપાથી, પછી તમને જોડા બનાવ્યાં.'' *(સૂરએ ફાતિર, આયત–૧૧)*

فَاطِرُ السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ ؕ جَعَلَ لَکُمۡ مِّنۡ اَنۡفُسِکُمۡ اَزۡوَاجًا وَّ مِنَ
الۡاَنۡعَامِ اَزۡوَاجًا

''આકાશો અને પૃથ્વીના સર્જકે તમારા માટે તમારામાંથી જોડાં બનાવ્યાં, અને નર, માદા, ચોપગાં. *(સૂરએ શૂરા, આયત–૧૧)*

અને અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَخَلَقۡنٰکُمۡ اَزۡوَاجًا

"અને તમને જોડાં બનાવ્યાં." *(પારા : ૩૦, સૂરએ નબા, આયત–૮)*

ઉપરોક્ત દર્શાવેલ આયતોથી સ્પષ્ટ થાય છે કે નિકાહ કુદરતે ઈલાહિયાનું ઉચ્ચ કારનામુ છે. ઈન્સાનને પૈદા કરવાવાળો રબ એ પસંદ નથી કરતો કે કોઈ જોડ વિનાનો રહે, એકલો રહે. એટલા માટે અલ્લાહ તઆલાએ અબુલ બશર સય્યદના હઝરત આદમ અલા નબિય્યિના علیہ الصلوٰۃ والسلام ને એકલા રહેવા ન દીધા, બલ્કે તેમના પછી સૌથી પ્રથમ હઝરત હવ્વા رضی اللہ عنہا ને પૈદા કર્યા, અને જ્યારે ઈન્સાને આ જમીન પર કદમ રાખ્યો તો બે કદમ નહીં ચાર કદમ હતા, એકલો નહીં જોડ હતાં, અને જન્નતથી આવવાવાળો ઈન્સાન જ્યારે જન્નતમાં જશે તો ત્યાં પણ જોડ જ હશે.

જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اِنَّ اَصۡحٰبَ الۡجَنَّةِ الۡيَوۡمَ فِىۡ شُغُلٍ فٰكِهُوۡنَ ۚ هُمۡ وَ اَزۡوَاجُهُمۡ فِىۡ ظِلٰلٍ عَلَى الۡاَرَآئِكِ مُتَّكِـُٔوۡنَ

"બસ ! જન્નતવાળાઓ આજે દિલના આનંદમાં ચૈન કરે છે, તેઓ અને તેમની પત્નીઓ છાંયડાઓમાં છે, તખ્તાઓ પર તકીયા લગાડીને." *(સૂરએ યાસીન, ૫૫–૫૬)*

ઈન્સાન તો ઈન્સાન છે, અલ્લાહ તઆલાએ સર્વ વસ્તુઓનું જોડુ બનાવ્યું છે, જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَمِنۡ كُلِّ شَىۡءٍ خَلَقۡنَا زَوۡجَيۡنِ لَعَلَّكُمۡ تَذَكَّرُوۡنَ "અને અમે દરેક વસ્તુઓનાં બે જોડાં બનાવ્યાં કે તમે વિચારણા કરો." *(સૂરએ ઝારિયાત, આયત : ૪૯)*

આ આયતની સ્પષ્ટતામાં સદરુલ, અફાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જેમ કે આસ્માન તથા જમીન અને સૂરજ તથા ચાંદ, રાત તથા દિવસ, સૂકાપણુ તથા ભીનાશ, ગર્મી તથા ઠંડી અને જિન્નાત તથા ઈન્સાન અને પ્રકાશ તથા અંધકાર, અને કુફ્ર તથા ઈમાન, અને નેક બખ્તી તથા





બદબખ્તી અને હક્ક઼ તથા બાતિલ અને નર તથા નારી, દરેક વસ્તુઓનું જોડુ એટલા માટે બનાવવામાં આવ્યું જેથી ઈન્સાન વિચારણા કરે અને ધ્યાન કરે કે આ સર્વ વસ્તુઓના જોડાને પૈદા કરવાવાળો એક છે. ન તેનું દ્રષ્ટાંત છે, ન તેનો શરીક છે ન હરીફ, તે જ ઈબાદતનો હક઼દાર છે." *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ નિકાહના હેતુઓ હદીષોની દષ્ટ્રિમાં ★

પહેલાં બયાન કરી આપ્યું કે નિકાહ એટલા માટે કરે કે રસૂલે કરીમ ﷺ ની સુન્નત પર અમલ થઈ જાય તો એ ઈબાદત છે. પણ જો નફસની ઈચ્છા પૂરી કરવા માટે નિકાહ કરે તો નિકાહ તો જો કે થઈ જશે પણ સવાબથી વંચિત રહેશે. હવે તે હદીષોને જોતા ચાલો જેમાં અલ્લાહના પ્યારા રસૂલ મદની તાજદાર, કૌનેનના આક઼ા علیہ الصلوٰۃ والسلام એ નિકાહના હેતુઓ સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કર્યા છે.

### (૧) સુન્નત અદા કરવાની નિય્યતથી નિકાહ કરવો :–

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે :–

مَنۡ رَغِبَ عَنۡ سُنَّتِىۡ فَلَيۡسَ مِنِّىۡ "જે મારી સુન્નતથી વિમુખતા કરે તે મારા તરીક઼ા પર નથી" *(બુખારી–૫૦૬૩, મુસ્લિમ ૩૪૬૯)*

અને બીજી હદીષમાં છે :–

مَنۡ اَحَبَّ فِطرتِىۡ فَلۡيَسۡتَنَّ بِسُنَّتِى وَاِنَّ مِنۡ سَنَّتِىۡ اَلنِّكَاحُ

"જે મારાથી મહોબ્બત કરે છે તેણે મારી સુન્નત પર અમલ કરવો જોઈએ. નિઃશંક ! નિકાહ કરવું મારી સુન્નત છે." *(કન્ઝુલ ઉમ્માલ : ૪૪૧૩)*

આ હદીષે પાકમાં રહમતે આલમ ﷺ એ નિકાહને પોતાની સુન્નત ઠરાવી આપી અને નિકાહ કરવા પ્રોત્સાહન આપ્યું અને ન કરવા પર ચેતવણી પણ સંભળાવી છે.

### (૨) માનવ વંશની વૃધ્ધિની નિય્યતથી નિકાહ કરવો :–

હઝરત અબૂ દાઊદ હઝરત મોઅક઼િલ બિન યસાહ رضی اللہ عنہ થી રિવાયત

કરતાં બયાન કરે છે કે હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : **تَزَوَّجُوا الْوَدُوْدَ الْوَلُوْدَ فَاِنِّىْ مُكَاثِرٌ بِكُمُ الْاُمَمَ** "મહોબ્બત કરવાવાળી, બાળકો પૈદા કરવાવાળી સ્ત્રીથી નિકાહ કરો કેમ કે હું તમારી વધારે સંખ્યાના કારણે (ક઼યામતના દિવસે) બીજી ઉમ્મતો પર ફખ્ર કરીશ." *(અબૂ દાઊદ–૨૦૫૨)*

### (3) ગુનાહોથી બચવાની નિય્યત હોય :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ઼ઊદ رضی اللہ عنہ બયાન કરે છે કે, રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

**يَا مَعْشَرَ الشَّبَابِ مَنِ اسْتَطَاعَ مِنْكُمُ الْبَآءَةَ فَلْيَتَزَوَّجْ فَاِنَّهٗ اَغَضُّ لِلْبَصَرِ**

**وَاَحْصَنُ لِلْفَرْجِ وَمَنْ لَّمْ يَسْتَطِعْ فَعَلَيْهِ بِالصَّوْمِ فَاِنَّهٗ لَهٗ وِجَآءٌ۔**

"હે યુવાનો ! તમારામાંથી જે ઘર વસાવવાની તાકાત ધરાવતો હોય તે નિકાહ કરે કારણ કે તે નજરને ઝુકાવે છે અને શર્મગાહને સલામત રાખે છે. અને તેની શક્તિ ન ધરાવતા હોય તે રોઝા રાખે, કેમ કે તેનાથી નફસની ઈચ્છા નષ્ટ થાય છે." *(મુસ્લિમ શરીફ–૩૪૬૪)*

દરેક વ્યક્તિના અંદર નફસની ખ્વાહિશ દાખલ કરી આપી છે. હવે ઈન્સાન પાસે ખ્વાહિશ પૂરી કરવા માટે નિકાહવાળી બીવીનું હોવું જરૂરી છે. નહીં તો તે ગુનાહ કરવાવાળો થશે, ખુદાએ કહ્હાર વ જબ્બારના ગઝબનો હક઼દાર થશે. એટલા માટે શક્તિ હોવાની સ્થિતિમાં નિકાહ કરી લેવો જોઈએ જેથી દુનિયા તથા આખેરતની રૂસ્વાઈથી (બેઈજ્જતી)થી બચી શકે.

### ★ મહોબ્બત માટે નિકાહ સર્વથી ઉત્તમ તરીક઼ો ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : **لَمْ تَرَ لِلْمُتَحَابَّيْنِ مِثْلَ النِّكَاحِ** "મહોબ્બત કરવાવાળા માટે નિકાહથી વધીને કોઈ વસ્તુ આપે નથી જોઈ." *(ઈબ્ને માજહ શરીફ–૧૯૨૦)*

વિચાર કરો ! નિકાહથી પહેલાં બે એવા લોકો જે એકબીજાને જાણતા





ન હતા, કયા ખાનદાનનો મર્દ અને કયા ખાનદાનની ઔરત, એક અરબી બીજો અજમી, એક એશિયાઈ બીજો આફ્રીકી, પણ જ્યારે શરઈ નિકાહ થઈ જાય છે તો એક બીજા પર કુર્બાન થાય છે, અને ઉલ્ફત તથા મહોબ્બત તે રંગ લાવે છે કે જિંદગીભર સાથ નથી છૂટતો, નિકાહ દ્વારા જે સંબંધ પૈદા થાય છે તે ક્ષણિક અને ટેમ્પરરી નથી હોતો બલ્કે હમેશાં હોય છે.

### ★ નિકાહના અધિક ફાયદાઓ એક દષ્ટિમાં ★

નિકાહના ઘણા ફાયદાઓ છે, અહિયા અમુકનો ટૂંકમાં ઉલ્લેખ કરવામાં આવે છે :–

**૦૧.** નિકાહથી નજરોની હિફાઝત, પાકદામની અને ગુનાહોથી ઘણી હદ સુધી માણસ બચી જાય છે.

**૦૨.** નિકાહ કરવાથી રસૂલે ગિરામી વક઼ાર علیہ الصلوٰۃ والسلامની એક મહાન સુન્નત અદા થઈ જાય છે.

**૦૩.** નેક ઔલાદ દુનિયા તથા આખેરત બંનેવમાં કામ આવશે.

**૦૪.** નિકાહ દ્વારા જે ઔલાદ થાય તેની સારી કેળવણી કરીને દીનો મિલ્લતની મજબૂતી માટે તેમનો ઉપયોગ કરી શકાય છે.

**૦૫.** ઔલાદના કારણે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની સીરતે તય્યેબહ્ના તે ભાગ પર અમલ કરવાનો મોક઼ો મળે છે જેનો સંબંધ ઔલાદથી છે.

**૦૬.** અલ્લાહ તઆલા અને તેના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمના તે આદેશો તથા ફર્માનો જેનો સંબંધ ઔલાદથી છે, ઔલાદના કારણે તે આદેશો તથા ફર્માનો પર અમલ કરવાનો સોનેરી મોકો મળે છે.

**૦૭.** માણસ જ્યારે વૃદ્ધ, લાચાર તથા કમજોર થઈ જાય છે તેવા મોક઼ા પર ઔલાદ સહારો બને છે.

**૦૮.** ઔલાદની કેળવણીની જિમ્મેદારીના કારણે ઈન્સાનના દિલમાં વધુથી વધુ કમાઈ અને મહેનત કરવાનો જઝબો પૈદા થાય છે.

**૦૯.** ઔલાદના કારણે ઈન્સાન સમાજથી વિખૂટો નથી રહેતો બલ્કે

તેને ઈજ્જતની નજરે જોવામાં આવે છે.

૧૦. જો ઔલાદ બચપનમાં મૃત્યુ પામી જાય તો માંબાપની શફાઅત કરશે.

૧૧. નેક બીવી ઈન્સાનની જિંદગીમાં સર્વ મામલાઓમાં સાથી હોય છે, રાઝદાર હોય છે, દોસ્ત તથા ગમ દૂર કરનાર હોય છે.

૧૨. માનસિક તથા શારીરિક નિકટતા જેટલી પોતાની પત્નીથી હોય છે તે બીજા કોઈથી નથી હોતી. *(શરહે સહીહ મુસ્લિમમાંથી ટૂંકાવીને અલ્લામા ગુલામ રસૂલ સઈદી)*

## ★ નિકાહ કઈ સ્ત્રીઓથી જાઈઝ નથી ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَلَا تَنْكِحُوْا مَا نَكَحَ اٰبَآؤُكُمْ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّهٗ كَانَ فَاحِشَةً وَّمَقْتًا ؕ وَسَآءَ سَبِيْلًا

"અને બાપ દાદાની પત્ની સાથે નિકાહ ન કરો પરંતુ જે થઈ ચૂક્યું, બેશક ! તે નિર્લજ્જતા અને ગઝબનું કાર્ય છે, અને ઘણો જ ખરાબ માર્ગ." *(સૂરએ નિસાઅ–૨૨)*

એક બીજી જગ્યાએ ફર્માવે છે :–

حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ وَاَخَوٰتُكُمْ وَعَمّٰتُكُمْ وَخٰلٰتُكُمْ وَبَنٰتُ الْاَخِ وَبَنٰتُ الْاُخْتِ وَاُمَّهٰتُكُمُ الّٰتِيْٓ اَرْضَعْنَكُمْ وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ وَاُمَّهٰتُ نِسَآئِكُمْ وَرَبَآئِبُكُمُ الّٰتِيْ فِيْ حُجُوْرِكُمْ مِّنْ نِّسَآئِكُمُ الّٰتِيْ دَخَلْتُمْ بِهِنَّ ز فَاِنْ لَّمْ تَكُوْنُوْا دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ ز وَحَلَآئِلُ اَبْنَآئِكُمُ الَّذِيْنَ مِنْ اَصْلَابِكُمْ لا وَاَنْ تَجْمَعُوْا بَيْنَ الْاُخْتَيْنِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ۝

"હરામ થઈ તમારા પર તમારી માઓ અને દીકરીઓ અને બહેનો અને ફોઈઓ અને માસીઓ અને ભત્રીજીઓ અને ભાણકીઓ અને





તમારી માઓ જેમણે (તમને) દૂધ ધવડાવ્યું અને દૂધ બહેનો અને સાસુઓ, અને તમે સંભોગ કરી ચૂકયા હોય એવી સ્ત્રીઓની દીકરીઓ જે તમારા ખોળામાં છે. પછી જો તમે તેમનાથી સંભોગ ન કર્યો હોય તો એમની દીકરીઓમાં વાંધો નથી અને તમારા વંશના દીકરાઓની પત્નીઓ અને બે બહેનો એકઠી કરવી, પણ જે થઈ ચૂક્યું બેશક ! અલ્લાહ તઆલા માફ કરનાર મહેરબાન છે. *(સૂરએ નિસાઅ–૨૩)*

وَّالْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ج كِتٰبَ اللّٰهِ عَلَيْكُمْ ج وَ اُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ مُّحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ ؕ

"અને હરામ છે પતિવાળી સ્ત્રીઓ, પણ કાફિરોની જે સ્ત્રીઓ તમારા માલિકપણામાં આવી જાય. (તે હરામ નથી). આ અલ્લાહનું લખી દીધેલું છે. તમારા માટે અને તેમના સિવાય જે રહી તે તમને હલાલ છે કે પોતાના માલના બદલે (તેણીઓની) તલબ કરો સ્થાયી રાખીને ન (માત્ર) પાણી કાઢવા. *(સૂરએ નિસાઅ–૨૪)*

બીજી જગ્યાએ અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે :–

وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ؕ وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّ لَوْ اَعْجَبَتْكُمْ ؕ وَلَا تُنْكِحُوا الْمُشْرِكِيْنَ حَتّٰى يُؤْمِنُوْا وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ مُّشْرِكٍ وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَى النَّارِ ج وَاللّٰهُ يَدْعُوْٓا اِلَى الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِاِذْنِهٖ ج وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ۝

"અને શિર્કવાળી સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો જ્યાં સુધી મુસલમાન ન બની જાય, અને બેશક ! મુસલમાન લોંડી મુશ્રિક સ્ત્રીથી સારી છે ભલે પછી તેણી (મુશ્રિકા) તમને પસંદ હોય, અને મુશ્રિકોના નિકાહમાં ન આપો જ્યાં સુધી તે ઈમાન ન લાવે, અને બેશક ! મુસલમાન ગુલામ મુશ્રિકથી સારો છે ભલે પછી તે મુશ્રિક તમને ગમતો હોય. તેઓ દોઝખ તરફ બોલાવે છે અને અલ્લાહ જન્નત અને બખ્શિશ તરફ બોલાવે છે પોતાના હુકમથી, અને પોતાની આયતો લોકો માટે બયાન કરે છે કે

ક્યાંક તેઓ નસીહત માને. *(સૂરએ બકરહ–૨૨૧)*

મહરમ તે સ્ત્રીઓ છે જેનાથી નિકાહ (હમેશાં માટે) હરામ છે, અને હરામ હોવાના કેટલાક કારણો છે, તે જ કારણોના લીધે. હરામ થવાવાળી સ્ત્રીઓના નવ પ્રકાર છે.

પ્રથમ પ્રકારમાં તે સ્ત્રીઓ છે જે નસબ (વંશ)ના કારણે હરામ છે અને તે પ્રકારમાં સાત સ્ત્રીઓ છે : મા, પુત્રી, બહેન, ફોઈ, માસી, ભત્રીજી, ભાણકી. માથી મુરાદ તે સ્ત્રી છે જેની અવલાદમાં પોતે છે વાસ્તાથી અથવા વગર વાસ્તાથી, દાદી, નાની, પરનાની, ચાહે કેટલીય ઉપર હોય સર્વ હરામ છે, અને આ સર્વ મા માં દાખલ છે, એટલા માટે કે એ બાપ અથવા માં અથવા દાદા, દાદી, નાના, નાનીની માઓ છે. પુત્રીથી મુરાદ તે ઔરતો છે જે તેની ઔલાદ છે. એટલા માટે પૌત્રી, પરપૌત્રી, નવાસી, નતની, પરનવાસી, ચાહે વચ્ચે કેટલીય પેઢીઓનો ફાસલો હોય. સર્વ હરામ છે.

**મસ્અલો** : બહેન ચાહે સગી હોય એટલે એક મા બાપથી હોય અથવા મત્રાઈ કે બાપ બંનેવનો એક હોય અને માઓ બે, અથવા માં એક અને બાપ બે હોય સર્વ હરામ છે.

**મસ્અલો** : બાપ, મા, દાદા, દાદી, નાના, નાની વગેરે અસ્લની ફોઈઓ અથવા માસીઓ, પોતાની ફોઈ અને માસીના હુકમમાં છે. ચાહે આ સગી હોય અથવા મત્રાઈ તેમજ ફોઈની ફોઈ અને માસીની માસી, એટલે આ સર્વ હરામ છે.

**મસ્અલો** : ભત્રીજી, ભાણકીથી ભાઈ બહેનની ઔલાદ મુરાદ છે. તેમની પૌત્રીઓ, નવાસીઓ પણ તે જ ગણતરીમાં છે, એટલે આ સર્વ હરામ છે.

**મસ્અલો** : ઝિનાથી થયેલ પુત્રી, પૌત્રી, બહેન, ભત્રીજી, ભાણકી પણ મેહરમોમાં છે.

**મસ્અલો** : જે સ્ત્રીથી તેના પતિએ લુઆન (ફિક઼હની ભાષામાં પતિનું પોતાની બીવી પર ઝિનાની તોહમત લગાડવી અને પછી કાઝીના સમક્ષ





પોતાના સાચા હોવાની ચાર વખતે ક઼સમ ખાવી અને પાંચમી વખતે કહેવું કે જો હું જૂઠ બોલુ તો મારા પર ખુદાની લાનત થાય ! આ રીતે ઔરતનુ ક઼સમ ખાવુ) કર્યો, જો કે તેની પુત્રી માની તરફ સંબંધિત થશે, તો પણ તે વ્યક્તિ પર તે પુત્રી હરામ છે. *(રદ્દુલ મુહતાર–બહારે શરીઅત)*

**બીજા પ્રકારમાં** : તે સ્ત્રીઓ છે જે રિશ્તએ મુસાહરત (સસરા બનાવવા)ના કારણે હરામ છે, અને તે આ છે : તલાક આપેલ પત્નીઓની છોકરીઓ, પત્નીની મા, દાદીઓ, નાનીઓ, બાપ, દાદા વગેરે અસ્લની પત્નીઓ, પુત્રો, પૌત્રો વગેરે ફુરૂઅ (શાખો)ની પત્નીઓ.

**મસ્અલો** : ખલ્વતે સહીહા પણ વતીના હુકમમાં છે. એટલે જો ખલ્વતે સહીહા સ્ત્રીની સાથે થઈ ગઈ તો તેની પુત્રી હરામ થઈ ગઈ, ચાહે વતી ન કરી હોય. *(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : વતી ચાહે હલાલ તરીક઼ા પર હોય અથવા હરામ તરીક઼ાથી પણ દરેક સ્થિતિમાં હુરમતે મુસાહરત સાબિત થઈ જશે. *(હિંદિયા, રદ્દુલમુહતાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : હુર્મતે મુસાહરત જેવી રીતે વતીથી થાય છે તેવી જ રીતે શહવત (વાસના)ની સાથે સ્પર્શ કરવાથી અને બોસો લેવાથી અને અંદરની શર્મગાહ તરફ નજર કરવાથી પણ થાય છે, ચાહે જાણીબુજીને હોય અથવા ભૂલથી અથવા ગલતીથી અથવા મજબૂરન્, પણ દરેક સ્થિતિમાં હુર્મતે મુસાહરત સાબિત થઈ જશે. *(હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : હુર્મતે મુસાહરત માટે શર્ત એ છે કે સ્ત્રી મુશ્તહાત હોય એટલે કે નવ વર્ષથી નાની ઉમર ન હોય અને એ કે જીવંત હોય. જેથી જો નવ વર્ષથી નાની ઉમરની છોકરી અથવા મુર્દા ઔરતને શહવતથી સ્પર્શ કર્યો તો હુર્મત સાબિત ન થશે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : કોઈ વ્યક્તિએ એક સ્ત્રીથી નિકાહ કર્યો અને તે જ વ્યક્તિના પુત્ર એ તે સ્ત્રીની પુત્રીથી નિકાહ કર્યો જે પુત્રી બીજા પતિથી છે, તો વાંધો નથી. *(દુર મુખ્તાર, બહારે)*

**ત્રીજો પ્રકાર** : એમાં તે સ્ત્રીઓ છે કે જેમનામાંથી એક તો પુરૂષના નિકાહમાં રહી શકે છે. પણ તેમનામાંથી બે એક સાથે એક પુરૂષના નિકાહમાં નથી રહી શકતી અને આ તે સ્ત્રીઓ છે જે સ્ત્રીઓ વચ્ચે એક બીજા સાથે એવી સગાઈ હોય કે જો એકને પુરૂષ ફર્ઝ કરે તો બીજીની સાથે તેનો નિકાહ હરામ થાય, જેમ કે બે બહેનો કે જો એકને પુરૂષ ફર્ઝ કરે તો બીજી સાથે તેનો ભાઈ બહેનનો રિશ્તો થાય, અથવા જેમ કે ફોઈ ભત્રીજી કે ફોઈને મર્દ ફર્ઝ કરે તો કાકા ભત્રીજીનો રિશ્તો થાય અને ભત્રીજીને મર્દ ફર્ઝ કરે તો ફોઈ ભત્રીજાનો રિશ્તો થાય. અથવા માસી ભાણકી કે જો માસીને મર્દ ફર્ઝ કરે તો માસા ભાણકીનો રિશ્તો થાય અને ભાણકીને પુરૂષ ફર્ઝ કરે તો ભાણીયા માસીનો રિશ્તો થાય, આવી બે સ્ત્રીઓ નિકાહમાં જમા ન થશે બલ્કે જો તલાક઼ આપેલ હોય તો જ્યાં સુધી ઈદ્દત ન ગુજરે બીજીથી નિકાહ નથી કરી શકતો. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : એવી બે સ્ત્રીઓ જેમના દરમિયાન આ પ્રકારનો રિશ્તો હોય (જે ઉપરોક્ત બયાન કર્યો) તે વંશના સાથે ખાસ નથી બલ્કે જો દૂધનો પણ આ રીતનો સંબંધ હોય તો પણ બંનેવને ભેગી કરવું હરામ છે. જેમ કે સ્ત્રી અને તેની દૂધ બહેન અથવા દૂધ માસી અથવા દૂધ ફોઈ. *(હિંદિયા, બહાર)*

**મસ્અલો** : બે સ્ત્રીઓમાં જો એવો રિશ્તો હોય કે એકને પુરૂષ ફર્ઝ કરે તો બીજી તેના માટે હરામ થાય અને બીજીને મર્દ ફર્ઝ કરે તો પ્રથમ હરામ ન થાય, તો આવી બે સ્ત્રીઓને જમા કરવામાં વાંધો નથી. જેમ કે પત્ની અને તેના (આગલા) પતિની પુત્રી (જે બીજી માથી હતી) તેને કે તે પુત્રીને પુરૂષ ફર્ઝ કરે તો તે સ્ત્રી તેના પર હરામ થશે, કેમ કે તેની સોતેલી મા થઈ અને જો સ્ત્રીને મર્દ ફર્ઝ કરે તો પુત્રીથી કોઈ રિશ્તો પૈદા ન થશે, એ જ પ્રમાણે સ્ત્રી અને તેની વહુ. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**ચોથો પ્રકાર** : તે સ્ત્રીઓ છે જે પોતાના માલિકીપણામાં હોવાના કારણે હરામ છે. જેમ કે પોતાની બાંદી ચાહે ઉમ્મે વલદ (તે બાંદી જેનાથી તેના આક઼ાની અવલાદ થઈ હોય) અથવા મુકાતબા અથવા મુદબ્બિરા જ હોય, ચાહે ભાગીદારીવાળી હોય, પણ મુતાખ્ખેરીનની નજીક





સાવચેતી ખાતર નિકાહ કરી લેવું સારૂ છે. પણ તેના પર નિકાહના પરિણામો જેમ કે મહેર તથા તલાક઼ વગેરે લાગુ થશે નહીં. *(હિંદિય્યા, બહારે શરીઅત)*

**મસ્અલો** : ઔરત પોતાના ગુલામથી નિકાહ નથી કરી શકતી ચાહે એકલી તેની માલિક હોય અથવા બીજો કોઈ તેમાં ભાગીદાર હોય. *(હિંદિય્યા, દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**પાંચમો પ્રકાર** : એમાં તે સ્ત્રીઓ જેમની સાથે નિકાહ કરવા શિર્કના કારણે હરામ છે.

**મસ્અલા** : મુસલમાનના નિકાહ મજૂસી સ્ત્રી (અગ્નિપૂજક, મૂર્તિપૂજક), સૂરજને પૂજવાવાળી, તારાને પૂજવાવાળી સ્ત્રીથી નથી થઈ શકતો, બલ્કે કિતાબિયાના સિવાય કોઈ કાફિરા ઓરતથી મુસલમાનનો નિકાહ નથી થઈ શકતો. *(ફતહુલ ક઼દીર, બહારે શરીઅત)*

**મસ્અલો** : યહૂદી અને નસરાની સ્ત્રીથી મુસલમાનનો નિકાહ થઈ શકે છે, પણ ન કરવો જોઈએ કે તેમાં કેટલીક ખરાબીઓનો દરવાજો ખુલે છે. *(હિદાયહ્, આલમગીરી)*

જો કે આ જાઈઝ થવુ તે જ સમય સુધી છે જ્યારે કે તે પોતાના તે જ મઝહબ યહૂદિયત અથવા નસરાનિયત પર હોય, પણ જો નામ માત્રના જ યહૂદી, નસરાની હોય અને વાસ્તવિકતામાં નેચરી અને નાસ્તિક હોય જેમ કે આજકાલ સામાન્યતઃ નસારાનો કોઈ મઝહબ નથી, જેથી તેનાથી નિકાહ નથી થઈ શકતો ન તેમનુ ઝબીહા જાઈઝ થશે. હવે તો તેમના ત્યાં ઝબહ થતું જ નથી. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : મુસલમાન સ્ત્રીનો નિકાહ મુસલમાન મર્દના સિવાય કોઈ મઝહબવાળાથી નથી થઈ શકતો. *(હિંદિયહ્, બહારે શરીઅત)*

**મસ્અલો** : મુર્તદ તથા મુર્તદ્દાનો નિકાહ કોઈની સાથે નથી થઈ શકતો. *(ખઝાનિયા, બહારે શરીઅત)*

**મસ્અલો** : પતિ પત્ની બંનેવ કાફિર હતાં, બંનેવ મુસલમાન થયાં તો તેનો તે જ પ્રથમ નિકાહ (એટલે કુફ્રની હાલતનો નિકાહ) બાકી છે,

નવા નિકાહની જરૂરત નથી. અને જો કેવળ પતિ મુસલમાન થાય તો પત્નીને ઈસ્લામ લાવવાનું કહેવામાં આવશે, જો મુસલમાન થઈ ગઈ તો તેની પત્ની છે, અને ઈસ્લામ ન લાવી તો હવે તેમનામાં જુદાઈ કરી આપવામાં આવશે. તેવી જ રીતે જો પત્ની પ્રથમ મુસલમાન થઈ તો પતિને ઈસ્લામ લાવવાનું કહેવામાં આવશે, જો ત્રણ માસિક આવતા પહેલાં પતિ મુસલમાન થઈ ગયો તો પ્રથમ નિકાહ બાકી છે, અને ઈસ્લામ ક઼બૂલ ન કર્યો તો ત્યારબાદ પત્ની જેનાથી ઈચ્છે નિકાહ કરી લે, કોઈ તેનાથી રોકટોક નથી. *(હિંદિય્યા, બહારે શરીઅત)*

**છટ્ટા પ્રકાર** : માં તે બાંદી છે જેની સાથે નિકાહ હુર્રા પર કરવામાં આવે.

**મસ્અલો** : હુર્રા (આઝાદ) નિકાહમાં છે અને બાંદીથી નિકાહ કર્યો તો આ નિકાહ દુરુસ્ત નથી. *(હિદાયા–બહારે શરીઅત)*

**મસ્અલો** : પ્રથમ બાંદીથી નિકાહ કર્યો પછી આઝાદથી તો બંનેવ નિકાહ દુરુસ્ત થઈ ગયા. *(હિંદિયહ્, દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**સાતમા પ્રકાર** : માં તે ઓરતો છે જે એ કારણે હરામ છે કે તેમનાથી બીજાનો હક્ક઼ સંબંધિત છે.

**મસ્અલો** : બીજાના નિકાહમાં હોય તેવી સ્ત્રી સાથે નિકાહ નથી થઈ શકતો બલ્કે જો બીજાની ઈદ્દતમાં હોય તો પણ નથી થઈ શકતો ચાહે ઈદ્દત તલાક઼ની હોય કે મૌતની હોય, અથવા નિકાહની શંકા અથવા ફાસિદ નિકાહમાં દાખલ થવાના કારણે. *(ફતહુલ ક઼દીર, હિદાયા, વગેર)*

**મસ્અલો** : જે ઔરતને ઝિનાનો હમલ છે તેનાથી નિકાહ થઈ શકે છે, વળી જો તેનો જ તે હમલ છે તો વતી પણ કરી શકે છે અને જો બીજાનો છે તો જ્યાં સુધી બાળક જન્મ ન થાય ત્યાં સુધી વતી જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : જે ઔરતનો હમલ (ગર્ભ) પુરવાર (તેના પતિનો) થાત તો તેનાથી નિકાહ નથી થઈ શકતો. *(હિંદિયા, બહારે શરીઅત)*

**આઠમા પ્રકાર** : માં તે ઓરતો છે જે ગણત્રીથી વધારે હોવાના કારણે હરામ છે.





**મસ્અલો** : આઝાદ પુરૂષ એક સમયમાં ચાર પત્નીઓ, અને ગુલામને બેથી વધારે નિકાહ કરવાની ઈજાઝત નથી, અને આઝાદ મર્દને કનીઝ, બાંદીનો ઈખ્તેયાર છે, તેના માટે કોઈ હદ નથી. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : મોતાઅ (ટેમ્પરરી નિકાહ કરવો) હરામ છે. જો કોઈ ખાસ સમય સુધી નિકાહ કર્યો તો આ નિકાહ પણ ન થયો, ભલે બસો વર્ષ માટે *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**નવમા પ્રકાર** : માં તે સ્ત્રીઓ છે જે દૂધના રિશ્તાના કારણે હરામ છે. *(ક઼ાનૂને શરીઅત)*

## ★ નિકાહ કઈ સ્ત્રી સાથે જાઈઝ છે ? ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે : **وَاُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ**

''અને એમના સિવાય જે રહી તે તમને હલાલ છે.''*(સૂરએ નિસાઅ/૨૪)*

આયતે કરીમાનો મતલબ એ છે કે :–

**حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ ـ الىٰ آخرالآية** માં જે ઔરતોથી નિકાહ હરામ કરવામાં આવ્યો તેના સિવાયની ઔરતોથી નિકાહ જાઈઝ છે.

બીજી જગ્યાએ અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**وَمَنْ لَّمْ يَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ يَّنْكِحَ الْمُحْصَنٰتِ الْمُؤْمِنٰتِ فَمِنْ مَّا**

**مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ الْمُؤْمِنٰتِ**

''અને તમારામાં જેના નિકાહમાં બિનશક્તિના કારણે ઈમાનવાળી આઝાદ સ્ત્રીઓ ન હોય તો એવી સ્ત્રીઓ સાથે નિકાહ કરે જે તમારા હાથોની મિલ્કત છે, ઈમાનવાળી કનીઝો.'' *(સૂ. નિસાઅ–૨૫)*

આ આયતનો મતલબ એ છે જે વ્યક્તિ હુર્રા મોમિના (આઝાદ ઈમાનવાળી ઔરત)થી નિકાહની તાકાત ન ધરાવતો હોય તે ઈમાનદાર કનીઝના સાથે નિકાહ કરે, આ વાત નાનમની નથી.

**મસ્અલો** : જે વ્યક્તિ હુર્રાથી નિકાહની તાકાત ધરાવતો હોય તેને મુસલમાન બાંદીથી નિકાહ કરવો જાઈઝ છે. આ મસ્અલો આ આયતમાં તો નથી પણ ઉપરની આયત **وَاُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ**થી સાબિત છે.

**મસ્અલો** : એવી જ રીતે કિતાબિયા બાંદીથી નિકાહ જાઈઝ છે અને મોમિન સાથે અફઝલ તથા મુસ્તહબ છે. જેમ કે આ આયતથી સાબિત છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

કુર્આન પાકમાં છે :–

**وَالْمُحْصَنٰتُ مِنَ الْمُؤْمِنٰتِ وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ مُحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ وَلَا مُتَّخِذِيْٓ اَخْدَانٍ ؕ وَمَنْ يَّكْفُرْ بِالْاِيْمَانِ فَقَدْ حَبِطَ عَمَلُهٗ ؗ وَهُوَ فِى الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ۠**

"અને મુસલમાન ચારિત્રશીલ સ્ત્રીઓ તેમનામાંથી જેમને તમારાથી પહેલાં કિતાબ મળી, જ્યારે તમે તેણીઓની મહેર આપો બંધનમાં લાવીને, મસ્તી કાઢવા નહીં, અને ન પરિચિત બનાવવા અને જે મુસલમાનમાંથી કાફિર થયો, તેનું કર્યું કરાવ્યું બધું નિરર્થક ગયું અને તે આખેરતમાં ખોટવાળો છે. *(સૂરએ માએદહ–૫)*

ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી આ આયતના બારામાં લખે છે :–

"અમુક ઓલમાના નિકટ તે કિતાબી ઔરતોથી શાદીની ઈજાઝત છે જે ઈસ્લામી સલ્તનતની પ્રજામાં હોય, દારુલ હર્બમાં રહેવાવાળી કિતાબી ઔરતોથી ઈજાઝત નથી. હનફીઓની નજીક હરામ તો નથી પણ મકરૂહ જરૂર છે. પણ અમુક ઓલમાએ દરેક કિતાબી ઔરતથી નિકાહની ઈજાઝત આપી, ચાહે તે ઈસ્લામી સલ્તનતની અવામ હોય અથવા દારુલ હર્બની રહેવાવાળી હોય. અહિંયા એ વાત યાદ રહે કે કુર્આને જે હલાલ કર્યું છે તેનો મતલબ એ છે કે કોઈ ઔરતનું કેવળ યહૂદી અથવા નસરાની હોવું તેની હુર્મત (હરામ હોવા)નું કારણ નથી, પરંતું જો તેના કારણે બીજી ખરાબીઓ ઉપસ્થિત થતી હોય તો પછી (હુર્મત લિગૈરિહી) બીજા





માટે હરામ હોવું સાબિત થઈ જશે. *(તફસીરે ઝિયાઉલ કુર્આન, ૧/૪૪૩)*

હુઝૂર સદરુશ્શરીઅહ અલ્લામા મુફતી અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**મસ્અલો** : યહૂદિય્યા અને નસરાનિયાથી નિકાહ થઈ શકે છે, પણ કરવો ન જોઈએ, કે તેમાં કેટલીક બુરાઈઓનો દરવાજો ખુલે છે. (આલમગીરી વગેરે) પણ આ જવાઝ (જાઈઝ હોવું) ત્યાં સુધી જ છે જ્યારે કે તે પોતાના તે જ મઝહબ યહૂદિયત અથવા નસરાનિયત પર હોય. અને જો કેવળ નામના યહૂદી, નસરાની હોય અને વાસ્તવિકતામાં નેચરી મઝહબ ધરાવતી હોય, જેમ કે આજ કાલ સામાન્યતઃ નસારાનો કોઈ મઝહબ જ નથી, તો તેમનાથી નિકાહ નથી થઈ શકતો, ન તેમનું ઝબીહા જાઈઝ છે બલ્કે તેમને ત્યાં તો ઝબીહા હોતો જ નથી. *(બહારે શરીઅત : ૭/૧૭)*

## ★ નિકાહ એક હેતુમય સંબંધ (દામ્પત્ય જીવનની ફિલોસોફી) ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**نِسَآؤُكُمْ حَرْثٌ لَّكُمْ ۪ فَاْتُوْا حَرْثَكُمْ اَنّٰى شِئْتُمْ ۫ وَقَدِّمُوْا لِاَنْفُسِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ مُّلٰقُوْهُ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ۔**

"તમારી સ્ત્રીઓ તમારા માટે ખેતી છે, તો પોતાની ખેતીમાં જેવી રીતે ઈચ્છો આવો અને પોતાના ભલાનું કામ પ્રથમ કરો અને અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે તમારે તેને મળવાનું છે. અને હે મહબૂબ ! ઈમાનવાળાઓને ખુશખબર આપો." *(સૂરએ બકરહ–૨૨૩)*

આ આયતમાં ઈસ્લામી નિકાહની સર્વ ફિલોસોફી સમેટીને બે શબ્દોમાં રાખી આપેલ છે. શાદીનો હેતુ કેવળ મજા હાંસલ કરવાનો નથી બલ્કે અવલાદ હાંસલ કરવાનો છે એટલા માટે પોતાના માટે એવી સ્ત્રી પસંદ કરો કે જે નેક અને પાકબાઝ હોય, કેમ કે ખરાબ જમીનમાં બીજ વાવશો તો સારી ખેતીની ઉમ્મીદ બેકાર છે. ઉપરાંત જેવી રીતે ખેડૂતની જાહેરી ખુશહાલી બલ્કે બાકી રહેવાનો આધાર તેના ખેતરની

હિફાઝત તથા નિગરાની અને ખિદમત પર છે અને તેના માટે દિલી લગાવ જરૂરી છે, એવી જ રીતે તમારો સંબંધ પોતાના જીવનસાથીથી દિલી લગાવવાળો હોવો જોઈએ.

(આયતે કરીમામાં) اَنّٰی એ کَیۡفَ ના અર્થમાં છે, એટલે મુકારબત (સંભોગ)ની કોઈ એક હાલત નિશ્ચિત નથી, બલ્કે જેવી રીતે તમને પસંદ હોય પણ કેવળ એક શર્તનો લેહાઝ રહે કે બીજ ત્યાં વાવવામાં આવે જે જગા તેના માટે ખાસ કરવામાં આવી છે. આયતના આ શબ્દોથી બે ગલત કામોનો રદ કરી આપેલ છે. યહૂદીઓએ હમબિસ્તરી માટે કેવળ એક શકલ મુખ્ય કરી લીધી હતી. ફર્માવ્યું, કોઈ ખાસ હાલતની પાંબદી જરૂરી નથી, બલ્કે જેમ તમને પસંદ હોય અને અમુક ગંદા લોકો પત્નીઓની સાથે લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) કરતા રહેતા હતા, તેનાથી રોકયા કે તે બીજ વાવવાની જગ્યા નથી અને તેનાથી શાદીનો મક઼સદ પણ નષ્ટ થાય છે અને સ્ત્રીના સ્વભાવિક હક્કો બર્બાદ થાય છે.

وَقَدِّمُوۡا لِاَنۡفُسِکُمۡ وَ اتَّقُوا اللّٰہ ના હેઠળ લખે છે :–

ખૂબ જ સમૃધ્ધ વાક્ય છે, અને ઘણા વિશાળ ભાવાર્થ પર દલીલપૂર્ણ પાડે છે. એટલે આ લિજ્જતોમાં જ ન ખોવાઈ જાવ, બલ્કે પોતાની ભાવિ જિંદગી માટે નેક અમલનું ભાથુ જમા કરી લો. ઉપરાંત શાદીથી અવલાદ તલબ કરો જેથી તેના કારણે તમારુ નામ બાકી રહે અને તેમના નેક અમલોથી તમારા મૃત્યુ પછી પણ તમારા આમાલનામામાં નેકીઓનો વધારો થતો રહે. જો તમે મજા માણવામાં રહીને ઉમર બર્બાદ કરી દુનિયાથી ચાલી ગયા તો તમારું નામ પણ નષ્ટ થઈ જશે, અને જો અવલાદ થઈ અને તેની સારી કેળવણી ન કરી, તેમના અખ્લાક઼ અને સીરતને ઈસ્લામી માહોલમાં ન ઢાળ્યાં, તે જાહિલ, બદઅમલ, બદકાર બની ગઈ તો તમને યાદ કરવામાં આવશે, પણ એવી બુરાઈની સાથે કે તેના કરતાં તો યાદ કરવામાં ન આવતા તો હજારગણુ ઉત્તમ હતું. ઉપરાંત નેક અવલાદની ઈચ્છા છે તો પ્રથમ એવી સ્ત્રી તલાશ કરો જે નેક અને નેક બખ્ત બાળકોની મા બની શકે. આ સર્વ હેતુઓ ( قدموا لانفسكم ) માં બયાન કરી આપ્યા છે. *(ઝિયાઉલ કુર્આન, ૧૫૩/૧૫૪)*





## ★ નિકાહમાં ઈસ્લામ તથા ઈમાનનું મહત્વ ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ لَا تَنۡكِحُوا الۡمُشۡرِكٰتِ حَتّٰى يُؤۡمِنَّ ؕ وَلَاَمَةٌ مُّؤۡمِنَةٌ خَيۡرٌ مِّنۡ مُّشۡرِكَةٍ وَّ
لَوۡ اَعۡجَبَتۡكُمۡ ۚ وَ لَا تُنۡكِحُوا الۡمُشۡرِكِيۡنَ حَتّٰى يُؤۡمِنُوۡا ؕ وَلَعَبۡدٌ مُّؤۡمِنٌ خَيۡرٌ
مِّنۡ مُّشۡرِكٍ وَّلَوۡ اَعۡجَبَكُمۡ ؕ اُولٰٓئِكَ يَدۡعُوۡنَ اِلَى النَّارِ ۚ وَاللّٰهُ يَدۡعُوۡٓا
اِلَى الۡجَنَّةِ وَالۡمَغۡفِرَةِ بِاِذۡنِهٖ ۚ وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمۡ يَتَذَكَّرُوۡنَ ۝

"અને શિર્કવાળી સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો જ્યાં સુધી મુસલમાન ન બની જાય, અને બેશક ! મુસલમાન લોંડી મુશ્રિક સ્ત્રીથી સારી છે ભલે પછી તેણી (મુશ્રિકા) તમને પસંદ હોય. અને મુશ્રિકોના નિકાહમાં ન આપો જ્યાં સુધી તે ઈમાન ન લાવે, અને બેશક ! મુસલમાન ગુલામ મુશ્રિકથી સારો છે, ભલે પછી તે (મુશ્રિક) તમને ગમતો હોય. તેઓ દોઝખ તરફ બોલાવે છે અને અલ્લાહ જન્નત અને બખ્શિશ તરફ બોલાવે છે. પોતાના હુકમથી અને પોતાની આયતો લોકો માટે બયાન કરે છે કે ક્યાંક તેઓ નસીહત માને. *(સૂરએ બકરહ –૨૨૧)*

આ આયતના દ્વારા ઈસ્લામના ફરઝંદોને આદેશ આપવામાં આવ્યો કે **તે કાફિરા તથા મુશ્રિકા સ્ત્રીથી શાદી ન કરે ભલે તેણી હુસ્નો જમાલની પરી હોય.** એટલા માટે કે તેમના અંદર કુફ્રો શિર્કની જે ઐબો મૌજૂદ છે તે અતિ ખતરનાક ઐબો છે અને અનુભવો બતાવે છે કે સોહબતનો અસર પડે છે.

**સોહબતે સાલેહ તુરા સાલેહ કુનદ**
**સોહબતે તાલેઅ તુરા તાલેઅ કુનદ**

જાહેર છે કે પુરૂષ ખુદાએ વહદહુ લાશરીકને માનવાવાળો છે અને સ્ત્રી હજારો દેવતાઓ સમક્ષ સર ઝુકાવવાવાળી હોય તો અક઼ીદા તથા માન્યતામાં આ મતભેદના કારણે બંનેવના દરમ્યાન અસહમતિ અને મતભેદ થવુ સ્વાભાવિક વાત છે. આ જ મતભેદના કારણે તેમના રિશ્તામાં મજબૂતી થશે નહીં, બલ્કે આ રિશ્તો જલ્દી તૂટી જશે.

**★ વ્યભિચારી સ્ત્રીઓ સાથે નિકાહ કરવાથી બચવું જોઈએ ★**

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**اَلزَّانِىُ لَا يَنْكِحُ اِلَّا زَانِيَةً اَوْ مُشْرِكَةً ز وَّ الزَّانِيَةُ لَا يَنْكِحُهَآ اِلَّا زَانٍ اَوْ مُشْرِكٌ ج وَحُرِّمَ ذٰلِكَ عَلَى الْمُؤْمِنِيْنَ٥**

''વ્યભિચારી પુરુષ નિકાહ ન કરે પણ વ્યભિચારી સ્ત્રી અથવા શિર્કવાળી સાથે. અને વ્યભિચારી સ્ત્રી સાથે નિકાહ ન કરે પણ વ્યભિચારી પુરુષ અથવા મુશ્રિક, અને આ કામ ઈમાનવાળાઓ માટે હરામ છે.'' *(સૂરએ નૂર–૩)*

હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા નઈમુદ્દીન મુરાદબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ઈસ્લામના પ્રારંભમાં વ્યભિચારી સ્ત્રીથી નિકાહ હરામ હતો, પછી આયત **وانكحوا الايامىٰ منكم**થી મન્સૂખ (રદ) થઈ ગયો. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

ઝિયાઉલ ઉમ્મત અલ્લામા પીર કરમશાહ અઝહરી ઉપરોક્ત આયતે કરીમાનું શાને નુઝૂલ વર્ણન કર્યા બાદ લખે છે :

''આ શાને નુઝૂલથી જાણવા મળ્યું કે વ્યભિચાર કરનારીઓથી મુરાદ ધંધાદારી ઔરત છે. કોઈ ગૈરતમંદ ઈન્સાન આવી ઔરતને પોતાના નિકાહમાં લેવા તૈયાર નથી થતો. અને વ્યભિચારી પુરૂષથી મુરાદ તે પુરૂષ છે જે આ કાર્ય કરવા માટે પ્રખ્યાત હોય અને જેણે શર્મો હયાની ચાદર ઉતારીને ફેંકી દીધી હોય. આવી વ્યક્તિને કોઈ પણ ઔરત પોતાનો પતિ બનાવવા માટે તૈયાર નથી થતી.

થોડીક લીટીઓ પછી અલ્લામા પાનીપતીના હવાલાથી લખે છે :

આયતનો અર્થ એ છે કે વ્યભિચારી પોતાની બદકારીના કારણે નેક ઔરતથી નિકાહ કરવા તરફ માઈલ નથી થતો. એવી જ રીતે નેક મર્દ પણ વ્યભિચારી સ્ત્રીથી નિકાહ કરવું પસંદ નથી કરતો. કેમ કે સ્વભાવોની એકરૂપતા આપસમાં મહોબ્બત તથા પ્રેમનો સબબ છે,





સ્વભાવોનો મતભેદ આવ્યો કે એક બીજાની સાથે પ્રેમનો સવાલ જ પૈદા નથી થતો. આ સંજોગોમાં નફી (નકારાત્મકતા) પોતાના વાસ્તવિક અર્થ પર મહમૂલ (આધારિત) થશે. *(ઝિયાઉલ કુર્આન–૩/૨૯૧,૨૯૨)*

બદકાર ધંધાદારી ઔરતથી નિકાહ તેણીના તૌબા કરતા પહેલાં જાઈઝ નથી. એવી જ રીતે જે મર્દ આ પ્રકારનો હોય તેના સુધરતા પહેલાં કોઈ પાકબાઝ ઔરતને તેના નિકાહમાં બાંધવુ સરાસર જુલ્મ તથા અન્યાય છે.

**★ પત્નીઓની સંખ્યાનો હુકમ ★**

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِى الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ ج فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً اَوْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ط ذٰلِكَ اَدْنٰٓى اَلَّا تَعُوْلُوْا٥**

''અને જો તમને સંદેહ હોય કે યતીમ છોકરીઓમાં ન્યાય નહીં કરી શકો તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે ત્રણ ત્રણ ચાર ચાર, પછી જો ડરો કે બે પત્નીઓ સરખી રાખી શકશો નહીં તો એક જ કરો અથવા બાંદીઓ જેમના તમે (શરીઅતની રૂએ) માલિક હોઉ, આ એનાથી વધુ નજીક છે કે તેમના સાથે જુલ્મ ન થાય. *(સૂરએ નિસાઅ, આયત–૩)*

ઈસ્લામના આલોચકોએ ખાસ કરીને પશ્ચિમીઓએ સ્ત્રીઓની સંખ્યાના મસ્અલા પર ખૂબ ટીકા ટીપ્પણ કરી છે અને મુસલમાન પણ તેના બારામાં ઘણા પરેશાન રહે છે. જેમના નિકટ ભલાઈ તથા બુરાઈનો તે જ આધાર સ્વીકાર્ય છે જે તેમના દિમાગોએ નિયુક્ત કરી રાખેલ છે. એટલા માટે તેના બારામાં ટૂંકસારનો લેહાઝ રાખી થોડીક વાસ્તવિક્તાઓ રજૂ કરવી ફાયદાથી ખાલી ન રહેશે.

૧. આ આદેશ નથી જેની પાંબદી ઈસ્લામના પેરવી કરવાવાળાઓ પર જરૂરી છે, બલ્કે આ ઈજાઝત છે. (કે એક અધિક ચાર સુધી પત્નીઓ કરી શકે)

૨. ઈજાઝત પણ પાબંદી તથા શર્ત વિનાની નથી, બલ્કે સખ્ત પાબંદીઓના સાથે અને સખત શરતોની સાથે છે.

૩. પ્રાચીન તથા અર્વાચીન મહિલા સાયન્સ પણ તેના પર સહમત છે કે પુરૂષની તબીયત સ્ત્રીની તબીયતથી અલગ છે.

૪. મર્દમાં શારીરિક આકર્ષણ ઔરતથી અધિક છે.જેનું જાહેરી કારણ એ છે કે સંભોગ બાદ ઔરતને લાંબા સમય સુધી અલગ અલગ નાઝુકથી નાઝુક સંજોગોથી પસાર થવુ પડે છે. હમલ (ગર્ભ)નું જામી જવું, હમલનું બહાર પડવું અને નાના બાળકની કેળવણી, આ પ્રસંગો તેને એ રીતે મશગૂલ રાખે છે કે તેમાં કોઈ તલબ ઘણી ઓછી ઉદ્‌ભવ પામે છે. પરંતુ પુરૂષ આ સર્વ જિમ્મેદારીઓથી આઝાદ હોય છે.

૫. વધારે પડતા દેશોમાં ઔરતોની સરેરાશ પેદાઈશ મર્દોથી અધિક છે તે ઉપરાંત જંગ કરેલ કૌમોના મર્દ હજારો લાખોની સંખ્યામાં જંગના શોલાની ભેટ ચઢી જાય છે, એટલા માટે ઔરતોની સંખ્યામાં અધિક વધારો થઈ જાય છે.

૬. ઈન્સાનનો ઈતિહાસ જ્યારથી સંપાદિત કરવામાં આવ્યો છે તેના દરેક તે કાનૂની બંધારણમાં જેમાં પત્નીઓની સંખ્યામાં કાયદાની રૂએ મના છે ત્યાં ઝિનાની ખુલ્લેઆમ ઈજાઝત છે ! અને આ બુરુ કાર્ય અગણિત ખરાબીઓ હોવા છતાં જુલ્મ ખયાલ કરવામાં નથી આવતુ.

૭. શું પત્ની તથા તેનાં બાળકો માટે તેના પતિની બીજી પત્ની સ્વીકારમય છે કે પછી તેની રખાત કે રખેલ ?! માનસિક, આધ્યાત્મિક, ભૌતિક અને શારીરિકતાનાં સર્વ પાસાંઓ પર વિચારણા કરો.

૮. શું કોઈ ગૈરતમંદ સ્ત્રી માટે એ યોગ્ય છે કે તે ઘરની માલિકા બનીને રહે, તેનો પતિ તેના આરામનો જિમ્મેદાર, તેની ઈજ્જતની હિફાઝત કરવાવાળો હોય, તેની અવલાદને જાઈઝ અવલાદ સમજવામાં





આવે, અને સોસાયટીમાં તેને માનભર્યું મકામ હાંસલ થાય. કે પછી એવી ઔરત બનીને રહે જેની ખૂબસૂરતી તથા જવાની વાસનામય આંખોનું રમકડું બનીને રહે, પણ ન કોઈ તેની અવલાદનો બાપ બનવું માન્ય કરે, અને ન કોઈ બીજી જિમ્મેદારીઓ લેવા માટે તૈયાર થાય ?!

૯. શું યૂરોપ અને અમેરિકા પોતાની સર્વ સાઈન્સી પ્રગતિ હોવા છતાં હરામી બાળકો અને કુંવારી માઓની સંખ્યામાં વધારાના કારણે પરેશાન નથી ?! યુ.એન.ઓ.ની રિપોર્ટના આધારે કેટલાક યૂરોપી દેશોમાં નાજાઈઝ ઔલાદોનો આંકડો સાઠ ટકા સુધી પહોંચી ગયો છે અને કહેવા લાગ્યા કે કુર્આનના કાનૂન પર અમલ કર્યા વિના કોઈ રસ્તો નથી. *(ઝિયાઉલ કુર્આન, ૧/૩૧૭, ૩૧૮)*

## ★ વલીમા તથા મહેમાનીનું બયાન ★

સહીહ બુખારી તથા મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ પર પીળાશની અસર જોઈને કહ્યું, આ શું છે ? (એટલે પુરૂષના શરીર પર આ રંગ ન હોવો જોઈએ તો આ કેમ કરીને લાગ્યો ?) અર્ઝ કરી કે એક સ્ત્રીથી નિકાહ કર્યા છે. ફર્માવ્યું, અલ્લાહ તમારા માટે મુબારક કરે ! તમે વલીમો કરો, ભલે એક બકરીથી અથવા એક જ બકરીથી. *(બુખારી–૬૩૮૬, મુસ્લિમ–૩૫૫૬)*

બુખારી વ મુસ્લિમ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલે કરીમ ﷺ એ જેટલો હઝરત ઝૈનબ رضی اللہ عنہا ના નિકાહ પર વલીમો કર્યો એવો વલીમો અઝવાજે મુતહ્હરાતમાંથી કોઈનો પણ નથી કર્યો. એક બકરીથી વલીમો કર્યો. *(બુખારી–૫૧૬૮)*

એટલે સર્વ વલીમાઓમાં આ અધિક મોટો વલીમો હતો, એક આખી બકરીનો ગોશ્ત પકાવેલ હતો.

સહીહ બુખારીની બીજી રિવાયતમાં છે કે હઝરત ઝૈનબ બિન્તે જહશ رضی اللہ عنہا થી સુહાગરાત (ઝુફાફ) પછી જે વલીમો કર્યો હતો તેમાં લોકોને

પેટ ભરીને ગોશ્ત રોટી ખવડાવી હતી. *(બુખારી શરીફ–૪૭૯૪)*

સહીહ બુખારીમાં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. કહે છે કે ખૈબરથી વાપસીમાં ખૈબર તથા મદીનાના દરમ્યાન હઝરત સફિય્યા رضی اللہ عنہાના ઝુફાફના કારણે ત્રણ રાતો સુધી હુઝૂર ﷺ રોકાયા. હું મુસલમાનોને વલીમાની દાવતમાં બોલાવી લાવ્યો. વલીમામાં ન ગોશ્ત હતો ન રોટી હતી. હુઝૂર ﷺએ આદેશ આપ્યો, દસ્તરખ્વાન પાથરી આપો, તેના પર ખજૂર અને પનીર અને ઘી નાખવામાં આવ્યું. *(બુખારી શરીફ–૪૨૧૩)*

ઈમામ તિર્મિઝી (૧૧૧૮), અબૂદાઊદ (૩૭૪૬) તેમજ ઈબ્ને માજહ (૧૯૮૪)ની રિવાયતમાં છે કે હઝરત સફિય્યા رضی اللہ عنہاના વલીમામાં સત્તુ અને ખજૂર હતાં.

સહીહ બુખારી વ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ માણસને વલીમાની દાવત આપવામાં આવે તો તેણે આવવું જોઈએ. *(બુખારી–૫૧૭૩)*

## ★ ફિક્હી મસ્અલા ★

હઝરત સદરુશ્શરીઅહ્ બદરુત્તરીક઼હ્ હઝરત અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

વલીમાની દાવત સુન્નત છે. વલીમો એ છે કે શબે ઝુફાફ (સુહાગ રાત)ની સવારે પોતાના દોસ્તો, રિશ્તેદારો અને મોહલ્લાના લોકોની શક્તિ અનુસાર મહેમાની કરો અને તેમના માટે જાનવર ઝબહ કરવું અને ખાવા તૈયાર કરવું જાઈઝ છે અને જે લોકોને બોલાવવામાં આવે તેમણે જવું જોઈએ કે એમનું જવું તેમના માટે ખુશીમાં વધારો છે. વલીમામાં જે માણસને બોલાવવામાં આવે તેનું જવું સુન્નત છે કે વાજિબ ? ઓલામાનાં બંનેવ કથન છે. જાહેરી રીતે જાણવા મળે છે કે દાવતમાં જવુ સુન્નતે મોઅક્કદા છે, વલીમા સિવાયની બીજી દાવતમાં જવુ અફઝલ છે અને જો એ માણસ રોઝાદાર ન હોય તો ખાવુ અફઝલ છે કે પોતાના મુસલમાન ભાઈની ખુશીમાં સામેલ થવું અને તેનું દિલ





ખુશ કરવાનું છે, અને રોઝાદાર હોય તો પણ જાવ અને ઘરવાળાઓ માટે દુઆ કરો. અને વલીમા સિવાય બીજી દાવતોનો પણ એ હુકમ છે કે રોઝાદાર ન હોય તો ખાય, નહીં તો તેના માટે દુઆ કરે. *(આલમગીરી)*

**મસ્અલો** : દાવતે વલીમાનો આ હુકમ જે બયાન કરવામાં આવ્યો, એ તે વખતે છે કે દાવત કરવાવાળાઓનો હેતુ સુન્નત અદા કરવાનો હોય, અને જો હેતુ ફખ્ર (મોટાઈ દેખાડવા)નો હોય અથવા એ કે મારી વાહ વાહ થશે ! જેમ કે આ જમાનામાં ઘણેખરે અંશે એવું જોવા મળે છે, તો આવી દાવતોમાં સામેલ ન થવું બેહતર છે. ખાસ કરીને ઈલ્મવાળાઓએ આવી જગ્યાએ ન જવું જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

## ★ મઝહબી પેશવા તો ન જ જાય ! ★

**મસ્અલો : દાવતમાં જવું તે વખતે સુન્નત છે જ્યારે જાણ હોય કે ત્યાં નાચ ગાન, ખેલકૂદ ન હોય, અને જાણ છે કે ત્યાં આ ખરાબીઓ છે તો ન જાય.** ગયા બાદ જાણવા મળ્યું કે અહિયા બેકાર કામો છે, જો ત્યાં એ વસ્તુઓ હોય તો પાછો આવે, અને ઘરના બીજા ભાગમાં છે અને જે જગ્યાએ ખાવા ખવડાવવામાં આવે છે ત્યાં નથી, તો ત્યાં બેસી શકે છે અને ખાય શકે છે. જો એ માણસ તે લોકોને રોકી શકતો હોય તો રોકી આપે, અને જો તેની તાકાત ન હોય તો સબર કરે. **આ તે સંજોગોમાં છે કે તે માણસ મઝહબી પેશવા ન હોય, અને જો પેશવા હોય, દા.ત. ઓલમા તથા (પીરો) બુઝુર્ગો, એઓ જો રોકી શકતા ન હોય તો ત્યાંથી ચાલ્યા આવે, ન ત્યાં બેસે ન ખાવા ખાય. અને જો પહેલાંથી જ જાણતા હોય કે ત્યાં આ વસ્તુઓ છે તો જો પેશવા હોય કે ન હોય કોઈએ પણ જવું જાઈઝ નથી, ભલે મકાનના મુખ્ય ભાગમાં આ વસ્તુઓ ન હોય બલ્કે બીજા ભાગમાં હોય.** *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જો ત્યાં ખેલકૂદ (મનોરંજન) હોય અને આ માણસ જાણતો હોય કે મારા જવાથી આ વસ્તુઓ બંધ થઈ જશે, તો તેણે એવી નિય્યતથી જવું જોઈએ કે તેના જવાથી મુન્કિરાતે શરઈય્યા (હરામ કામો) રોકી દેવામાં આવશે, અને જો જાણતો હોય કે ત્યાં ન જવાથી તે લોકોને

નસીહત થશે અને આ મોક઼ા પર આ હરકતો ન કરશે, કેમ કે તે લોકો તેની હાજરીને અનિવાર્ય જાણે છે. અને જ્યારે એ જાણતો હોય કે જો શાદીઓ અને મજલિસોમાં આ વસ્તુઓ હશે તો તે માણસ સામેલ ન થશે, તો તેના પર જરૂરી છે કે ત્યાં ન જાય જેથી લોકોને નસીહત થાય અને આવી હરકતો ન કરે. *(આલમગીરી)*

**મસ્અલો** : વલીમાની દાવત કેવળ પહેલા દિવસે છે, અથવા તેના પછી છે, બીજા દિવસ સુધી આ દાવત થઈ શકે છે. તેના પછી વલીમા અને શાદી સમાપ્ત છે. *(બહારે શરીઅત)*

## ★ શાદીની અમુક રસ્મો ★

ઈસ્લામમાં નિકાહમાં ઘણી સરળતા છે, પણ ખોટા રસ્મો રિવાજની પાંબદીઓ અને તેની ગોઠવણના કારણે તે સુન્નતને ઘણી મુશ્કેલ બનાવી આપી છે જેના કારણે નવી નવી બુરાઈઓ જન્મ લઈ રહી છે અને લોકો ગુનાહોમાં સંડોવાઈ રહ્યા છે. અહિયાં અમુક રસ્મોનું વર્ણન "સુન્ની બહિશ્તી ઝેવર" લેખક : અલ્લામા મુફ્તી ખલીલ અહમદ ક઼ાદરી બરકાતીના હવાલાથી કરવામાં આવેલ છે.

## ★ શાદીમાં ટાળમટોળ ★

દીકરી જવાન છે અને મુનાસિબ રિશ્તો પણ મળી રહ્યો છે પરંતુ રસ્મો અદા કરવાના રૂપિયા નથી તો એવું નહીં કરે કે તે રસ્મોને છોડી આપે, અને દીકરીની શાદી કરીને તેના હાથ પીળા કરીને તે બોજથી આઝાદ થઈ જાય જેથી ફ઼િતનાઓનો દરવાજો બંધ થઈ જાય, બલ્કે ખાનદાની રસ્મો અદા કરવામાં ભીખ માંગવાની અલગ અલગ ફ઼િકર કરે છે અને તે ખયાલમાં કે ક્યાંકથી કાંઈક મળી આવે તો દીકરીના લગ્ન થઈ જાય અને શાદીઓની ખુશીઓ મનાવીએ તો ખાનદાનમાં નામ થઈ જાય ! તેના ખાતર વર્ષો વિતાવી આપે છે. પરિણામ એ નીકળે છે કે દીકરીની તંદુરસ્તી બગડે છે, તેની જવાની જાય છે, તેનુ દિલ બેસી જાય છે અને ઉપરથી એ કે તરહ તરહની વાતો ઉડાડવામાં આવે છે અને અફવાઓ ફેલાવવામાં આવે છે.





રસૂલે કરીમ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَએ ફર્માવ્યું, જ્યારે એવો માણસ સંદેશો મોકલે જેના અખ્લાક઼ અને દીનને તમે પસંદ કરો છો તો નિકાહ કરી આપો, જો નહીં કરો તો જમીનમાં ફ઼િતના અને મોટો ફસાદ ખડો થશે. *(તિર્મિઝી શરીફ઼–૧૧૦૭)*

એક બીજી હદીષમાં ફર્માવ્યું કે ત્રણ વસ્તુઓમાં લેટ ન કરો : નમાઝનો જ્યારે ટાઈમ આવી જાય, જનાઝો જ્યારે મૌજૂદ હોય, વિના પતિવાળીનો જ્યારે કફ઼ુ (યોગ્ય રિશ્તો) મળે. *(તિર્મિઝી–૧૭૧)*

## ★ કરજની બલા ★

જો ખરેખર જરૂરત હોય તો કરજ કોઈ ગુનોહ પણ નથી, શર્ત એ છે કે તે આસાનીથી અદા કરી શકે. પણ કેટલાક કરજ લે છે તો કેવળ એટલા માટે કે આ રસ્મોને અંજામ આપવી છે, જો કરજ ન લઈશું અને આ રસ્મોને અદા ન કરીશું તો ખાનદાનની ઈજ્જત અને આપણા નામને બટ્ટો લાગી જશે ! સારાંશ કે આ પ્રકારનાં બહાનાંને કરજનો ઝરીઓ બનાવે છે.

જાહેર છે કે મુફલિસને કરજ કોણ આપે ? જ્યારે સીધી રીતે નથી મળતુ તો વ્યાજે કરજ લે છે કે જે સરળતાથી મળી આવે છે, પણ જેવી રીતે વ્યાજ લેવુ હરામ છે તેવી જ રીતે આપવુ પણ હરામ છે. હદીષ શરીફમાં બંનેવ પર લા'નત ફર્માવી છે. આ વ્યાજમય કરજથી રસ્મો તો પૂરી થશે પણ ન વિર્ચાયુ કે શરીઅતના ખિલાફ઼ કરવાના સાથો સાથ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની લા'નત પણ ખરીદી લીધી ! અને તેના પરિણામે દુનિયામાં પણ બરબાદી અને આખેરતમાં પણ બેઈજ્જતી છે. જો બાપ દાદાની કમાયેલ થોડીક જાયદાદ છે તો તેને વ્યાજમય કરજમાં વહાવી આપી, નહીં તો પછી રહેવાનું ઝુપડુ જ ગીરો મૂકી દીધું ! થોડાક દિવસોમાં વ્યાજનુ પુર સર્વને વહાવી લઈ ગયું ! જાયદાદ લિલામ થઈ ગઈ, મકાન વ્યાજ ખાવાવાળાના ક઼બજામાં ગયું, હવે આમ તેમ માર્યા માર્યા ફરે છે, ન ખાવાનું ઠેકાણુ ન રહેવાની જગ્યા !

એનાં દષ્ટ્રાંતો દરેક જગ્યાએ મળશે, કે આવા વગર જરૂરતના ખર્ચના

કારણે મુસલમાનોની વધારે પડતી જાયદાદ વ્યાજની ભેટ ચઢી ગઈ. પછી લેણદારનો તકાદો અને તેના ઉદ્ધતાઈભર્યા શબ્દોના કારણે બાકી રહેલ ઈજ્જત પર પાણી ફરી જાય છે. આ સર્વ તબાહી આંખો જોઈ રહી છે પણ નસીહત નથી થતી ! આંખો નથી ખુલતી અને મુસલમાન પોતાની ફુઝૂલ ખર્ચીથી નથી બચતો. વળી આ ફુઝૂલ ખર્ચીનો વબાલ એ જ નથી કે આ જ દુનિયાની જિંદગી સુધી છે, બલ્કે આખેરતનો વબાલ અલગ છે. અલ્લાહ આપણા સર્વને પોતાની પનાહ તથા આફિયતમાં રાખે.

## ★ ઢોલ તમાશા, ગીત ગાવું ★

સામાન્યત : જાહિલદારોમાં રિવાજ છે કે મહોલ્લા અથવા રિશ્તેદારોની ઔરતો જમા થઈને ગીતો ગાય છે એ હરામ છે, કેમ કે પ્રથમ તો ઢોલ વગાડવું હરામ, પછી ઔરતોનું ગાવું, તેના પર ઔરતનો અવાજ નામહરમને પહોંચાડવો અને તે પણ ગીત ગાવાની અને તે પણ ઈશ્ક઼ તથા જુદાઈ તથા મિલનની કાવ્ય પંક્તિ અથવા ગીત, જે ઔરતો પોતાના ઘરમાં ઊંચા અવાજથી વાત કરવાનું પસંદ નથી કરતી તે ઘરથી બહાર આવવા જવાને બુરુ અને મોટુ ઐબ જાણે છે પણ આ મોક઼ા પર તે પણ આ મેહફિલમાં સામેલ થઈ જાય છે. જાણે કે તેમના નિકટ ગાવુ કોઈ ઐબ નથી, ગાવા બજાવવાનો અવાજ કેટલીય દૂર સુધી જાય તેમાં કોઈ વાંધો નથી !

ઉપરાંત આવાં ગીતોમાં જુવાન કુંવારી છોકરીઓ પણ હોય છે, તેમનું આવી કાવ્યપંક્તિઓ (ગીતો) ગાવું અને સાંભળવું કેટલે અંશે તેમના દબાયેલ જોશને ઉભારશે અને કેવા કેવા વલવલા તેણીઓમાં પૈદા કરશે અને તેમના અખ્લાક઼ અને આદતો પર કેટલે સુધી અસર પડશે ! આ વાતો એવી નથી જેને સમજવાની જરૂરત હોય અથવા પુરાવો રજૂ કરવાની જરૂરત હોય. ગીતો તથા વાજાં આ સર્વ નાજાઈઝ તથા હરામ રસ્મોમાંની એક અધિક નાપાક તથા મલઊન રસ્મ છે જેને બેતમીઝ, મૂર્ખ, જાહિલ ઘરવાળાંઓએ હિંદુઓથી શીખી, તે એ કે નગ્ન ગાળોનાં ગીત ગવડાવવાં અને મેહફિલમાં હાજર મર્દો તથા ઔરતોને લચ્છેદાર સંભળાવવું.





વેવાઈના ગૃપની પવિત્ર ઔરતોનું ઝિનાના શબ્દોથી વિવરણ કરવું કરાવવું, ખાસ કરીને આ મલઊન બેહયા રસ્મનું ઔરતોના મજમામાં હોવું, તેમનું આ નાપાક બદકાર હરકત પર હસવું, અટ્ટહાસ્યો ઉડાડવાં, પોતાની કુંવારી છોકરીઓને આ સર્વ સંભળાવીને બદતમીઝી શીખવાડવી, બેહયા, બેગૈરત, બેશરમ મર્દોનું આ મીઠાશપણાને જાઈઝ રાખવું, કોઈ વખતે નામ માત્રનું લોકોને દેખાડવા જૂઠુ સાચુ એકાદ વખતે ધમકાવી દેવું પણ તેને રોકવાનો બંદોબસ્ત પાકો ન કરવો, આ તે ખરાબ મરદૂદ રસમ છે જેના પર હજારો લા'નત ઉતરે છે, તેના કરવાવાળા, તેના પર ખુશ રહેવાવાળા, પોતાના ત્યાં તેની રોક થામની પૂરતી વ્યવસ્થા ન કરવાવાળા, સર્વ ગુનેહગાર, સખત ગુનાહે કબીરામાં સંડોવાયેલ અને ખુદા તઆલાના અઝાબના લાયક છે. અલ્લાહ તઆલાની પનાહ ! અલ્લાહ તઆલા મુસલમાનોને હિદાયત આપે. (આમીન)

## ★ ડાન્સ તથા વાજિંત્રો ★

શાદીના પ્રસંગે સામાન્યતઃ નાચનો પણ બંદોબસ્ત કરવામાં આવે છે. ઘરોમાં ડોમીનીઓ અને મીરાષનીઓ (એક ક઼ૌમ જેમનો ધંધો નાચવુ ગાવું છે) નો અને ઘર બહાર મર્દોની મેહફિલમાં ફાજિરા ફાહિશા ઔરતો રંડીઓનો અથવા પછી બંનેવ જગાએ હિજડાઓનું નાચ થાય છે. (હવે દરેક ક઼ૌમની સ્ત્રીઓ રંડીઓ જેમ પુરૂષો પણ હિજડાઓ જેમ નાચતા થઈ ગયા છે ! *–પ્રકાશક*)

આવી મેહફિલમાં શરીફઝાદીઓનું ચાહે તે કુંવારી હોય કે પરણિત પતિવાળી હોય, વિધવા હોય તેમનું સામેલ થવું તો દૂરની વાત આ આવારા બદમાશોની સમક્ષ આવવું જ સખત બેહૂદા તથા બેકાર છે. બુરી સોહબત કાતિલ ઝહેર છે અને ઔરતો નાઝુક શીશીઓ જેમ છે જેમના તૂટવા માટે થોડીક ઠેસ ઘણી થઈ પડે છે. જેથી આવી બેહયા નાચનારીઓને તો કદી ઘરમાં ક઼દમ ન રાખવા દે ! કેમ કે તે બેહયાઈઓની આદી હોય છે અને રોકતા રોકતામાં તેણીઓ પોતાનું કામ કરી જશે.

નાચરંગની આ મેહફિલો જેવી રીતે શરીફ ખાનદાન અને શરીફ

ઔરતોના હક્કમાં ઝહરે કાતિલ છે, તેવી જ રીતે મર્દો અને શરીફ ઔરતો માટે તબાહી અને બર્બાદીનો સબબ છે. બજારૂ ઔરતો અને રંડીઓમાં જે બેહયાઈ, બેશર્મી અને બદ લેહાઝી જોવા મળે છે તેનાથી કોણ અજાણ છે ? પછી જ્યારે આ બેહયા બેશર્મ ઔરતો જ્યારે મર્દોની મેહફિલમાં આવીને સીટ કમર મટકાવીને, આંખો ચમકાવીને, અર્ધનગ્ન લિબાસ પહેરીને પોતાની એ કલાઓ દેખાડતી અને પોતાના રસીલા આવાજનો રસ રેલાવે છે તો ત્યાં કયો મર્દ એવો હોય છે જે ટાકી ટાકીને તેણીની અદાઓને જોતો નથી ! અને તેનાં ગીતો મજા લઈ લઈને સાંભળતો નથી! નામહરમ ઔરતને મર્દ જુએ છે અને ટાકી ટાકીને જુએ છે, એ આંખોનો ઝિના છે. નામહરમ ઔરતોનો અવાજ સાંભળે છે અને અતિ ધ્યાનથી સાંભળે છે, આ કાનોનો ઝિના છે. અને જ્યારે તે પોતાની બેહયાઈનું પ્રદર્શન કરતી તેમનામાંથી કોઈની પાસેથી પસાર થાય છે, તો તેનાથી વાતો કરતાં અથવા બેશર્મીના શબ્દો ઉચ્ચારતાં અને બિભત્સ ડાયલોગ બોલવાથી નથી શરમાતા, આ ઝબાનનો ઝિના છે. વળી અર્ધનગ્ન શરીર સાથે ગલત હરકતોના કારણે આ મર્દોના દિલોમાં બુરા ખયાલ આવે છે, આ દિલનો ગુનાહ થયો. ક્યારેક જોશમાં આવીને તેમના શરીરને હાથ પણ લગાડે છે, અથવા પોતાની કોશિશના આધારે તેનો સ્પર્શ કરે છે, અને ક્યારેક અતિ ઉત્સાહના સાથે તેની તરફ જાય છે, આ હાથ પગોનો ઝિના છે.

સારાંશ કે નાચ રંગની આ મેહફિલોમાં જે બુરી હરકતો બદકારીઓ અને દીન તથા અખ્લાકને તબાહ કરવાવાળી વાતોનો સમૂહ થાય છે, આ એવી વાતો નથી જેની બતાવીને ગણત્રી કરવામાં આવે, આવી મજલિસોમાં ઉપસ્થિતિના કારણે કેટલાક નવજવાન ખાસ કરીને તે જેમનામાં હઠધર્મીનો માદો હોય છે, જેમને કોઈની પૂછતાછનો ખતરો નથી હોતો તેઓ જઝબાતના પ્રવાહમાં બેકાબૂ થઈ જાય છે, રંડીઓના ધોકાના શિકાર થઈ જાય છે, બદમાશીને પોતાનો ધંધો બનાવી લે છે અને દૌલત બર્બાદ કરી બેસે છે, કમાઈ લૂટાવે છે, બજારૂ સ્ત્રીઓના સંબંધમાં જ જિંદગીની સર્વ લિજ્જતો અને ખુશીઓ શોધે છે. પરિણામે ઘરવાળાઓ અને પાકદામન પત્નીઓથી દૂર દૂર રહે છે અને આ રીતે





પોતાની બર્બાદી તથા તબાહી પોતાના હાથોથી ખરીદી લે છે. અને જો આ બેહૂદગીઓ અને આવારગીઓથી કોઈ ખુદાનો બંદો બચી પણ ગયો તો એટલું જરૂરી થાય છે કે હયા તથા ગૈરતની ચાદર ઉતારીને માથાથી પગ સુધી બેહયાઈ અને બેગૈરતીનો નમૂનો બની જાય છે.

કેટલાક લોકોના સંબંધે ત્યાં સુધી સાંભળવા અને જોવામાં આવ્યું છે કે પોતે પણ આ મેહફિલોમાં સામેલ થાય છે અને પોતાના સાથે સાથે જુવાન દીકરીઓ તથા દીકરાઓ સુદ્ધાંને લઈ જાય છે. આવી બિભત્સતાના મજમામાં બાપ દીકરા અને માં દીકરીનું સાથે સાથે રહેવું જે બેશર્મી અને બેહયાઈની ખબર આપે છે તે બયાનની મોહતાજ નથી !

એનાથી વધીને રડવુ એ વાતનું છે કે પોતાની જૂઠી ખોટી નામના તથા ખ્યાતિને આડ બનાવીને છોકરીવાળાઓ, છોકરાવાળાઓ પર દબાવ નાખે છે બલ્કે મંગની વખતે નક્કી કરી લે છે કે નાચ બાજા લાવવા પડશે, નહીં તો અમે શાદી કરીશું નહીં ! છોકરીવાળા એ ખયાલ નથી કરતા કે બેકાર ખર્ચ ન થાય તો તેની છોકરીને કામ લાગશે. એક ક્ષણિક ખુશી માટે આ સર્વ કરી લીધું પણ એ ન સમજ્યા કે છોકરીએ જ્યાં વિવાહ કરી લીધો ત્યાં તો હવે તેના બેસવાનું ઠેકાણુ ન રહ્યું, એક મકાન હતું તેને પણ કરજનો બોજો વહાવીને લઈ ગયો, હવે તકલીફ થઈ તો મિયાં બીવીમાં ઝગડો થયો, અને તે ક્રમ આગળ વધ્યો તો સારી એવી જંગ થઈ ગઈ અને પરિણામે બંનેવના વચ્ચે તલાક તથા જુદાઈ ! આ શાદી થઈ કે ઘરની બર્બાદી ?! માન્યું કે આ ખુશીનો મોકો છે અને મુદ્દતની આરઝૂ પછી આ દિવસ જોવાનો નસીબ થયો તો નિઃશંક ખુશી કરો, પણ હદથી વધવું અને શરીઅતની હદોથી બહાર થઈ જવું એ કોઈ બુદ્ધિશાળીનું કામ નથી. કામ તે કરો જેનાથી દુનિયામાં બોલબાલા અને આખેરતમાં ચહેરો પ્રકાશિત થાય, અને તે એ છે કે દરેક કામ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمની રઝા માટે કરો અને અને શરીઅતનો દામન મજબૂતીથી પકડીને પોતાની નાજાઈઝ ખ્વાહિશોથી હમેશાં હમેશ માટે દૂર થઈ જાય.

અને અફસોસ ! સદ્ અફસોસ ! કે કેટલા તો એટલા બેબાક હોય છે

કે જો શાદીમાં આ ખરાબીઓ ન હોય તો તેને ગમ અને જનાઝાથી સરખામણી કરે છે અને એવો ખયાલ નથી કરતા કે આ ગુનોહ અને શરીઅતના વિરૂધ્ધ છે. બીજુ કે સર્વ સામેલ થવાવાળા અને તમાશો જોનારાઓના ગુનોહનો એ સબબ છે, અને **સર્વના ગુનાહોના બરાબર એના એકલા પર ગુનાહોનો બોજ પડશે,** કે જો એ પોતે આ ખરાબીઓની સખ્તીથી રોક થામ કરતો અને ગુનાહોનો આ સામાન પોતાના ત્યાં ન ફેલાવતો તો આવવાવાળા અને તમાશો જોનારા આ ગુનાહોમાં કઈ રીતે પડતા ? અને બેહયાઈ અને બેશર્મીનું આ બજાર કઈ રીતે ગરમ કરતા કે જેમાં અલ્લાહ તઆલાની હજારો લા'નત ઉતરે છે. અલ્લાહ તઆલા આપણા સર્વ મુસલમાનોને હિદાયત બખ્શે અને પોતાની પનાહ અને હિફાઝતમાં રાખે. (આમીન)

જે શાદીમાં આવી નાપાક હરકતો હોય તો મુસલમાન પર જરૂરી છે કે તેમાં કદાપિ સામેલ ન થાય, જો અજાણતામાં સામેલ થઈ ગયો તો જે વખતે એ વાતો શરૂ થાય અથવા તે લોકોના ખયાલની જાણ થાય તો સર્વ મુસલમાન મર્દ ઔરત પર જરૂરી છે કે તે જ વખતે ઉઠી જાય, અને પોતાની બીવીઓ, દીકરીઓ, માઓ, બહેનોને ગાળો ન અપાવે, બિભત્સ શબ્દો ન સંભળાવે, નહીં તો એ પણ આ નાપાકીઓમાં સામેલ થશે અને અલ્લાહના અઝાબનો હિસ્સો પામશે. (અલ્લાહની પનાહ !)

## ★ ફિલ્મી રેકોર્ડિંગ ★

હવે આપણા ઘરોમાં એક નવી બલાએ ઘર ઘર જન્મ લીધો છે અને તે છે ફિલ્મી ગીતો અને બેકાર અવાજોની રેકોર્ડિંગ ગીત સંગીતનો અવાજ અને ઢોલ સારંગીની ધબ ધબનો અવાજ તો તે જ ઘરે અથવા વધારેથી વધારે બે ચાર પાસ પડોસનાં ઘરો સુધી જતો હતો,પણ આ રેકોર્ડિંગ તો ખુદાની પનાહ ! ખૂદ પોતાની જગ્યાએ એકાંતમાં જવાન છોકરાઓ અને જવાન છોકરીઓ માટે કાતિલ ઝહેર અને વૃધ્ધોનાં જીવને તકલીફ દેવાવાળો હોય છે, ન એ ખ્યાલ કે નવજુવાન શરીફ છોકરીઓ અને શરીફ છોકરાઓમાં તેનાથી કેવી ઉત્તેજનાઓ પૈદા થશે, ન તેનો લિહાઝ કે વૃધ્ધોનાં દિલો પર આ ગીતોની શું અસર પડશે, ન તેનો લિહાઝ કે





બીમારો, ગમના માર્યાઓને તેનાથી કેવી તકલીફ થશે, ન ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો ખૌફ ન કયામતમાં પકડની પરવા, અને લાનત પૂરી લાનત એ છે કે આ શોખિન દિમાગોને ન અઝાનની પરવા ન નમાઝો અને જમાઅતોનો એહસાસ થાય છે, પોતાની મસ્તીમાં મસ્ત આ લોકો પોતાના નાજાઈઝ શોખને પૂરો કરવામાં વ્યસ્ત પોતાના પૈસા અને સમય બર્બાદ કરવામાં મશગૂલ, દુનિયા અને તેમાં જે કાંઈ છે તેનાથી બેખબર, ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના એહકામના વિરુધ્ધ વર્તવાના કારણે ખુદાના અઝાબમાં સંડોવાયેલા છે, પણ આંખ નથી ખોલતા, ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَથી નથી શરમાતા ! અને કોઈ રોકે તો તેને બેઈજ્જત કરે છે, તેની ઠેકડી ઉડાડે છે અને તેમનો મઝાક ઉડાવે છે ! સાચું કહ્યું છે : કોઈકે કે બે હયા થઈ જા, અને જે ઈચ્છે તે કર !

## ★ આતશબાઝી (ફટાકડા, હવાઈઓ વગેરે ફોડવું) ★

સામાન્યતઃ શાદી વિવાહના પ્રસંગોમાં અને શબે બરાત (અન્ય મુકદ્દસ રાતો)ના મોકા પર ખાસ કરીને ફટાકડાબાઝી બુરી રસમનું સ્વરૂપ અપનાવતી જાય છે. કપડાં સળગે, શરીર દાઝે, કાચા પાકા મકાનોમાં આગ લાગે, બાળકો વૃદ્ધાઓ જવાન અચાનક ઝખ્મી થઈ જાય, શરીરો પર ચામઠાં પડી જાય, આ સર્વ સ્વીકાર્ય છે, અને સ્વીકાર્ય નથી તો આ બેહૂદા રસમને છોડવી ! જ્યારે આ **હરામ** છે અને **સખ્ત હરામ,** કે તેમાં માલ બર્બાદ થાય છે અને જાનને પણ નુકસાન ઉઠાવવું પડે છે.

કુર્આનનું સ્પષ્ટ રીતે ફર્માન છે કે પોતાનો માલ બર્બાદ કરનારા શૈતાનના ભાઈ છે. જેમ કે ફર્માવ્યું :–

**"નિઃશંક ! બેકાર ખર્ચ કરવાવાળા શૈતાનના ભાઈ છે અને શૈતાન પોતાના રબનો મોટો દુશ્મન છે."** *(સૂ. અસ્રાઅ્–૨૭)*

કોઈ ઈન્સાનની બુરાઈ તેનાથી વધીને શું હોય શકે છે કે તેની શૈતાનથી સરખામણી કરવામાં આવે અને તેને **શૈતાનનો ભાઈ** કહેવામાં આવે ?! "ઘર ફૂંક તમાશા" તેનુ જ નામ છે.

પ્યારા વાંચકો ! અલ્લાહ તઆલાએ તમને ઈસ્લામ આપ્યો, બુધ્ધિ આપી, દૌલત આપી, એટલા માટે કે દોલત ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ઈબાદતમાં ખર્ચ કરો, પોતાની જરૂરિયાત અને ફાયદામંદ કામોમાં ખર્ચ કરો અને પરવરદિગારનો શુક્ર બજાવી લાવો. હવે તમે આ દૌલત બેકાર કામોમાં ઉડાવીને અને ખુદાની નાફર્માનીઓના કામમાં લાવો છો તો તમે પોતે વિચારો કે દૌલતને ખોટા રસ્તાઓ પર વહાવવાવાળા મહા નાશુક્રા તથા શૈતાનના ભાઈબંધ ન થયા ? ! કહો ! થયા અને જરૂર થયા ! તો પછી ઘમંડ, દેખાવ અને એક થોડીક વાહ વાહ માટે આ બેકાર ખર્ચાઓ અને માલી અય્યાશીઓ છેવટે કેમ નથી છોડતા ? જ્યારે કે તેનો વબાલ તમે પોતાની આંખોથી જોઈ રહ્યા છો. ખુદાના બંદાઓ ! પોતાની આંખો ખોલો અને ખુદા વ રસૂલનો ખૌફ કરો. માઓ અને ઘરના વડીલ વૃધ્ધો જો ખુદા વ રસૂલના હુકમ પર અમલ કરવા અડી જાય અને પોતાના હેઠળનાઓને આ નિરર્થક ફુઝૂલ ખર્ચીઓથી સખ્તીથી રોકી દે તો દીન દુનિયામાં તેમનું પણ ભલુ થાય અને એમનું પણ ભલુ થાય.

વળી શબેબરાત (અને બીજી મુક્દસ રાતો ક્યાંક ઉર્સ, મીલાદ વગેરે જુલૂસો)ના મોકા પર આવી બિદઅતો અને ખરાબીઓમાં વ્યસ્ત રહેવું, પોતાના પૈસા  ઉડાવવા બાળકોને દારૂગોળામાં પૈસા આપવા, જેમ કે આમ રિવાજ થતો જાય છે **એ અતિશય બુરુ અને ગુનોહ પણ અને મહાન બદનસીબીની વાત છે.** અલ્લાહ તઆલા પોતાની પનાહમાં રાખે. (આમીન)

**મસ્અલો** : મસ્જિદમાં ચિરાગ સળગાવવો અથવા તાખલો ભરવો અથવા કોઈ બુર્ઝુગના મઝાર પર ચાદર ચઢાવવી અથવા ગ્યારવીની ન્યાઝ કરવી ગૌષે આઝમ رحمۃ اللہ علیہનો તોશો અથવા શાહ અબ્દુલ હક્ક્ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો તોશો અથવા હઝરત જલાલ બુખારી رحمۃ اللہ علیہનાં કુડાં ભરવાં અથવા મોહર્રમની ન્યાઝ અથવા શરબત અથવા સબીલ લગાડવી અથવા મીલાદ શરીફ કરવાની મન્નત રાખી, તો આ શરઈ નઝર (મન્નત) નથી જેથી સર્વ (માલદાર, ગરીબ વગેરે) તેમાંથી ખાય પી શકે છે. *(બહારે શરીઅત)*





**મસ્અલો** : આ અને આ જ પ્રકારના બીજા ખૈર ખેરાત, દુરૂદ, ફાતેહા અથવા નઝરો ન્યાઝના તરીક઼ાની મનાઈ નથી, કરે તો સારું છે પરંતુ **હમેશાં તેનો ખ્યાલ રાખવો જોઈએ કે કોઈ વાત શરીઅતના ખિલાફ તેની સાથે ન મિલાવે.** તાક ભરવામાં રાતે ઉજાગરો થાય છે જેમાં ખાનદાન અને રિશ્તા અને પાસ પડોસની ઔરતો ભેગી થઈને ગાતી, નાચતી, કૂદતી અને શોર મચાવે છે, બીજાની ઊંઘ ખરાબ કરે છે અને પોતાનો ટાઈમ બેકાર કામોમાં બર્બાદ કરે છે, તો **આ હરામ અને ગુનોહ** છે. અલ્લાહ તઆલા શૈતાની કામોથી આપણા સર્વને દૂર રાખે. (આમીન)

તેમજ ચાદર ચઢાવવા માટે કેટલાક લોકો તાશાં, વાજાની સાથે જાય છે, આ નાજાઈઝ છે, અને મસ્જિદમાં સળગાવવામાં સામાન્યતઃ ઔરતો આટાનો ચિરાગ સળગાવે છે અને તેલની જગ્યાએ તેમાં ઘીનો ઉપયોગ કરે છે. આ ફોગટ માલને બેકાર કરવું છે અને **નાજાઈઝ** છે. માટીનો ચિરાગ પૂરતો છે, અને ઘીની પણ જરૂરત નથી. મક્સદ રોશની છે તે તેલથી હાંસલ થાય છે. પછી ઔરતોનું ગીત ગાતાં ગાતાં મસ્જિદ સુધી જવું અધિક બુરુ અને **સખત ગુનોહ** છે. *(બહવાલા : સુન્ની બહિશ્તી ઝેવર)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને સર્વ મુસલમાનોને પોતાના પ્યારા બંદાઓના નકશે ક઼દમ પર ચાલવા અને તેના પર અડગ રહેવાની તૌફીક઼ અતા ફર્માવે અને નિકાહ જેવી અઝીમ સુન્નતને સાદગીની સાથે અદા કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

## ★ મહેર અને તેના હુકમો તથા મસ્અલાઓ ★

ઈસ્લામ સિવાય દુનિયાના કોઈપણ મઝહબમાં નિકાહના સાથે મહરને નિયુક્ત નથી કરવામાં આવી. મહેરનો ફાયદો એ છે કે જો પોતાની પત્નીને તલાક઼ આપે તો બીજા નિકાહ થતા સુધી તેના પાસે થોડીક રકમ હોય જેનાથી તે પોતાની જરૂરત પૂરી કરી શકે અથવા ભરણ પોષણનો કોઈ બીજો રોજીનો ઝરીઓ નક્કી થતા સુધી તેની પાસે એટલી રકમ હોય જેનાથી તેણી પોતાનું પાલન પોષણ કરી શકે.

મઝહબે ઈસ્લામે પોતાના માનવાવાળાઓને સખ્ત તાકીદ કરી છે કે

તેઓ ઔરતોની મહેર અદા કરે. જેમ કે કુર્આને પાકમાં ઈર્શાદે બારી છે :–

وَاُحِلَّ لَكُمۡ مَّا وَرَآءَ ذٰلِكُمۡ اَنۡ تَبۡتَغُوۡا بِاَمۡوَالِكُمۡ مُّحۡصِنِيۡنَ غَيۡرَ مُسٰفِحِيۡنَ فَمَا اسۡتَمۡتَعۡتُمۡ بِهٖ مِنۡهُنَّ فَاٰتُوۡهُنَّ اُجُوۡرَهُنَّ فَرِيۡضَةً وَلَا جُنَاحَ عَلَيۡكُمۡ فِيۡمَا تَرٰضَيۡتُمۡ بِهٖ مِنۡ بَعۡدِ الۡفَرِيۡضَةِ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا حَكِيۡمًا

"અને એમના સિવાય જે રહી તે તમને હલાલ છે કે પોતાના માલના બદલે (તેણીઓની) તલબ કરો. સ્થાયી રાખીને ન (માત્ર) પાણી કાઢવા તો જે સ્ત્રીઓને નિકાહમાં લાવવા ઈચ્છો તેમની બાંધેલી મહેર તેમને આપો, અને નક્કી થઈ ગયા પછી તમારી અંદર અંદર કંઈક સમજૂતી થઈ જાય તો તેમાં ગુનોહ નથી. બેશક ! અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે. *(સૂરએ નિસાઅ : ૨૩–૨૪)*

આ આયતે કરીમાથી નીચે દર્શાવેલ મસ્અલાઓ જાણવા મળ્યા :–

**મસ્અલો** : નિકાહમાં મહેર જરૂરી છે.

**મસ્અલો** : જો મહેર નક્કી ન કર્યું હોય તો પણ વાજિબ થાય છે.

**મસ્અલો** : મહેર માલ જ હોય છે ન કે ખિદમત તથા તાલીમ વગેરે કે જે વસ્તુઓ માલ નથી.

**મસ્અલો** : થોડીક માત્રા જેને માલ કહેવામાં ન આવે તે મહેર હોવાની પાત્રતા નથી રાખતો. હઝરત જાબિર અને હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી મરવી છે કે **મહેરની ઓછામાં ઓછી માત્રા દસ દિરહમ** છે. તેનાથી ઓછુ નથી થઈ શકતુ. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

### ★ મહેર અદા કરવામાં ખુશદિલીનો દેખાવ કરવો જોઈએ ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحۡلَةً

"અને સ્ત્રીઓનું મહેર ખુશીથી આપો." *(સૂ. નિસાઅ : ૪)*

આ આયતથી જેવી રીતે એ પુરવાર થાય છે કે મહેરની અદાઈગીમાં ખુશીનો દેખાવ કરવો જોઈએ, તેવી જ રીતે એ વાસ્તવિક્તા પણ જાહેર





થાય છે કે મહેરની હક્દાર ઔરતો છે ન કે તેમના વાલીઓ. જો વલીઓએ મહેર વસૂલ કરી લીધી તો તેમના માટે જરૂરી છે કે તે મહેર તેની હક્દાર ઔરતને પહોંચાડે.

### ★ મહેર અદા કરવામાં મોટુ દિલ હોવુ જોઈએ ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اَوۡ يَعۡفُوَا الَّذِىۡ بِيَدِهٖ عُقۡدَةُ النِّكَاحِ وَاَنۡ تَعۡفُوۡۤا اَقۡرَبُ لِلتَّقۡوٰى وَلَا تَنۡسَوُا الۡفَضۡلَ بَيۡنَكُمۡ اِنَّ اللّٰهَ بِمَا تَعۡمَلُوۡنَ بَصِيۡرٌ

"પણ એ કે સ્ત્રીઓ કંઈક ઓછું કરે અથવા તે વધારે આપે જેના હાથમાં નિકાહની ગાંઠ છે. અને હે પુરુષો ! તમારું વધારે આપવું વધારે નજીક છે પરહેઝગારીથી, અને અંદરો અંદર એક બીજા પર એહસાન ભૂલાવી ન દો, બેશક ! અલ્લાહ તમારાં કામો જોઈ રહ્યો છે. *(સૂરએ બક્રહ–૨૩૭)*

### ★ મહેર પાછુ ન ફેરવો ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَاِنۡ اَرَدۡتُّمُ اسۡتِبۡدَالَ زَوۡجٍ مَّكَانَ زَوۡجٍ وَّاٰتَيۡتُمۡ اِحۡدٰهُنَّ قِنۡطَارًا فَلَا تَاۡخُذُوۡا مِنۡهُ شَيۡـًٔا اَتَاۡخُذُوۡنَهٗ بُهۡتَانًا وَّاِثۡمًا مُّبِيۡنًا ـ وَكَيۡفَ تَاۡخُذُوۡنَهٗ وَقَدۡ اَفۡضٰى بَعۡضُكُمۡ اِلٰى بَعۡضٍ وَّاَخَذۡنَ مِنۡكُمۡ مِّيۡثَاقًا غَلِيۡظًا

"અને જો તમે એક પત્નીની જગ્યાએ બીજી પત્ની બદલવા ઈચ્છો અને તેણીને ઢગલેબંધ માલ આપી ચૂક્યા હોવ તો તેમાંથી કશુંય પરત ન લો. શું તેને પરત લેશો જૂઠ બાંધીને અને ખુલ્લા ગુનાહથી ? અને કેમ કરીને તેને પાછુ લેશો જયારે કે તમો એકબીજા સામે બેપર્દા થઈ ચૂક્યાં અને તેણી તમારા પાસેથી પાકુ વચન મેળવી ચૂકી. *(સૂ. નિસાઅ, આયત : ૨૦, ૨૧)*

આ આયતોથી કેટલીક વાતો જાણવા મળે છે : **પ્રથમ** એ કે જો કોઈ માણસ એક પત્નીને તલાક આપીને બીજીથી નિકાહ કરવા ઈચ્છે એ હાલતમાં કે પ્રથમ પત્નીને ઘણો માલ સામાન આપી ચૂક્યો હોય તો

આપેલ માલમાંથી કાંઈ પાછુ ન લે કેમ કે જુદાઈ પતિ તરફથી છે.

**બીજી** : આ આયતથી મોટી મહેર નક્કી કરવુ જાઈઝ હોવાની દલીલ લાવવામાં આવી છે. હઝરત ઉમર رضی اللہ عنہએ મિમ્બર પર જાહેરમાં કહ્યું, ઔરતોનું મહેર ભારે ન કરો. એક ઔરતે આ આયત પઢીને કહ્યું કે, ''ઈબ્ને ખત્તાબ ! અલ્લાહ તઆલા અમને આપે છે અને તમે રોકો છો !'' તેના પર અમીરુલ મોમિન હઝરત ઉમર رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યું, હે ઉમર ! તારાથી દરેક માણસ વધારે સમજદાર છે ! જે ઈચ્છો તે નક્કી કરો. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

**ત્રીજો** : આ આયતમાં જાહિલિયતના એ કાર્યને નકાર્યું છે કે જ્યારે કોઈ તમને બીજી ઔરત પસંદ હોય તો તે પોતાની ઔરતો પર તોહમત લગાડતા જેથી તેનાથી પરેશાન થઈને જે કાંઈ લઈ ચૂકી છે પાછુ આપી દે. આ તરીક઼ાને આ આયતમાં મના કર્યો અને જૂઠ તથા ગુનોહ બતાવ્યો.

## ★ મહેર માફ કરવાનો અધિકાર ઔરતને છે ★

જો ઔરતના વલીઓમાંથી કોઈ મહેર માફ કરવા ઈચ્છે તો નથી કરી શકતો કે મહેર માફ કરવાનો અધિકાર અને પાવર ઔરતના હાથમાં છે. જેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન **الا ان يعفون**થી જાણવા મળે છે.

**મસ્અલો** : ઔરતને અધિકાર છે કે તે પોતાના પતિને કોઈ મહેરનો ભાગ દાન કરે અથવા સર્વ મહેર, પણ મહેર બખ્શવા માટે તેણીઓને મજબૂર કરવું કે તેણીઓ સાથે દુર્વ્યવહાર ન કરવો જોઈએ કેમ કે અલ્લાહ તઆલાએ **فان طبن لكم** ફર્માવ્યું જેનો અર્થ છે દિલની ખુશીથી માફ કરવું.

## ★ મહેર માફ કરવા પર માલ પતિનો થશે ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**فَاِنۡ طِبۡنَ لَكُمۡ عَنۡ شَىۡءٍ مِّنۡهُ نَفۡسًا فَكُلُوۡهُ هَنِيۡٓــًٔا مَّرِيۡٓــًٔا** ''પછી તેણીઓ પોતાના દિલની ખુશીથી પોતાની મહેરમાંથી કાંઈ તમને (પાછુ) આપે, તો તે (તમને) ખપતુ (છે માટે) ખાઓ.'' *(સૂરએ નિસાઅ, આયત–૪)*





## ★ ગૈર મદખૂલા (જેનાથી સંભોગ ન થયો હોય તે)ની મહેર ★

અલ્લાહ તઆલા جل جلالہનુ ફર્માન છે :–

**وَاِنۡ طَلَّقۡتُمُوۡهُنَّ مِنۡ قَبۡلِ اَنۡ تَمَسُّوۡهُنَّ وَقَدۡ فَرَضۡتُمۡ لَهُنَّ فَرِيۡضَةً فَنِصۡفُ مَا فَرَضۡتُمۡ**

''અને જો તમે સ્ત્રીઓને અડકયા વગર તલાક આપી દીધી અને તેણીઓ માટે કાંઈક મહેર નક્કી કરી ચૂક્યા હતા તો જેટલુ નક્કી થયું હતુ તેનું અડધુ વાજિબ છે.'' *(સૂરએ બક઼રહ : આયત–૨૩૭)*

## ★ મહેર નિશ્ચિત ન હોવા પર કાંઈક આપીને રુખસદ કરવું ★

અલ્લાહ તઆલા عزوجلનું ફર્માન છે :–

**لَا جُنَاحَ عَلَيۡكُمۡ اِنۡ طَلَّقۡتُمُ النِّسَآءَ مَا لَمۡ تَمَسُّوۡهُنَّ اَوۡ تَفۡرِضُوۡا لَهُنَّ فَرِيۡضَةً ۖۚ وَّمَتِّعُوۡهُنَّ عَلَى الۡمُوۡسِعِ قَدَرُهٗ وَعَلَى الۡمُقۡتِرِ قَدَرُهٗ مَتَاعًا بِالۡمَعۡرُوۡفِ حَقًّا عَلَى الۡمُحۡسِنِيۡنَ۔**

''અને તમારા પર કાંઈક માગણી નથી જો તમે સ્ત્રીઓને તલાક઼ આપો જ્યાં સુધી તમે તેણીઓને હાથ ન લગાડયો હોય અથવા કોઈ મહેર નક્કી કરી લીધી હોય અને તેણીઓને કાંઈક વાપરવા આપો શકિતવાળાઓને એના મુજબ અને તંગદસ્તીવાળીઓને એના મુજબ, નિયમ મુજબ કાંઈક વાપરવાની વસ્તુ. આ વાજિબ છે ભલાઈવાળાઓ પર.'' *(સૂરએ બક઼રહ–૨૩૬)*

હઝરત સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ લખે છે :–

''આ આયત એક અન્સારીના બારામાં ઉતરી જેણે બની હનીફા ક઼બીલાની એક ઔરતથી નિકાહ કર્યો અને કોઈ મહેર નક્કી ન કર્યુ. પછી હાથ લગાડતા પહેલાં તલાક઼ આપી દીધી.'' *(ખઝાઈનુલ ઈર્ફાન)*

**મસ્અલો** : એનાથી જાણવા મળ્યું કે જે ઔરતનું મહેર નક્કી ન કર્યું હોય, જો તેને હાથ લગાડતા પહેલાં તલાક઼ આપી તો મહેર જરૂરી નથી. હાથ લગાડવાનો અર્થ સંભોગ છે, અને ખલ્વતે સહીહા તેના જ હુકમમાં છે. એ પણ જાણવા મળ્યું કે (મહેરના ઉલ્લેખ) વિના નિકાહ દુરુસ્ત છે પણ એ સંજોગોમાં નિકાહ પછી મહેર નક્કી કરવું પડશે. જો ન કર્યું તો સંભોગ પછી મહેર મિષ્લ (ખાનદાની રિવાજ પ્રમાણેની મહેર) લાઝિમ થઈ જશે.

**ومتعوهن**ના હેઠળ ફર્માવે છે :–

"જે ઔરતનું મહેર નક્કી ન કર્યું હોય અને તેને સંભોગ કરતા પહેલાં તલાક઼ આપી દીધી હોય તેને (ત્રણ કપડાંની એક) જોડી આપવી વાજિબ છે અને તેના સિવાય દરેક તલાક઼વાળી માટે મુસ્તહબ છે. *(મદારિક, ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ મહેરના પુરાવામાં અહાદીષે કરીમા ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ બયાન કરે છે કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ અન્સારની એક ઔરતથી નિકાહ કરી લીધો. નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ તેમનાથી પૂછયું, તેમનું કેટલું મહેર નક્કી કર્યું ? તેમણે કહ્યું, એક ઠળિયાના બરાબર સોનુ. ફર્માવ્યું, વલીમો કરો, ભલે એક બકરીથી. *(સહીહ બુખારી, સહીહ મુસ્લિમ)*

હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલે કરીમ ﷺની પાસે એક ઔરત આવી અને તેણીએ કહ્યું, યા રસૂલલ્લાહ ! હું તમારી પાસે આવી છું અને મેં પોતાનો નફસ તમને દાન કરી દીધો. રસૂલે કરીમ ﷺએ તેણી તરફ જોયુ, નજર ઉપર ઉઠાવી પછી નજર નીચે કરી લીધી. ત્યારબાદ રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાનું માથુ ઝુકાવી લીધું. જ્યારે તે ઔરતે આ જોયું કે આપે તેના સંબંધે કોઈ ફૈસલો નથી કર્યો, તો તેણી બેસી ગઈ. આપના સહાબામાંથી એક માણસ ઉઠયા અને કહેવા લાગ્યા, જો તમને તેની જરૂરત નથી તો





પછી તેનાથી મારો નિકાહ કરી આપો. આપે તેનાથી કહ્યું, પોતાના ઘરે જાવ કદાચ તમને કોઈ વસ્તુ મળી આવે. તે ગયા પછી પાછા આવ્યા અને કહ્યું, ખુદાની ક઼સમ ! મને કોઈ વસ્તુ ન મળી. આપે કહ્યું, ભલે લોખંડની એક અંગૂઠી હોય. તે ગયા અને પાછા આવ્યા અને કહ્યું, ખુદાની ક઼સમ ! લોખંડની એક અંગૂઠી પણ ન મળી, પણ મારી પાસે આ એક લુંગી છે. રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, તેણી તમારી લુંગીનું શું કરશે ? ! જો તમે તેને પહેરશો તો તેની પાસે કાંઈ ન હશે. જો તેણી તેને પહેરશે તો તમારી પાસે કાંઈ ન હશે ! તે બેસી ગયા, જ્યારે ઘણીવાર લાગી અને રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ તેમને પાછા જતા જોયા તો આપે તેમને પાછા બોલાવવાનો આદેશ આપ્યો. જ્યારે તે આવ્યા તો આપે ફર્માવ્યું, તમને કાંઈક કુર્આન યાદ છે ? તેમણે ગણત્રી કરીને બતાવ્યું કે તેમને ફલાણી ફલાણી સૂરત યાદ છે. આપે કહ્યું, તમે આ સૂરતોને ઝબાની પઢો છો. કહ્યું, હા ! આપે ફર્માવ્યું, તમને જે કુર્આન યાદ છે તેના કારણે મેં આ ઔરત તમારી માલિકીમાં આપી દીધી. *(સહીહ બુખારી, સહીહ મુસ્લિમ)*

શારેહે સહીહ મુસ્લિમ અલ્લામા ગુલામ રસૂલ સઈદી આ હદીષની સ્પષ્ટતામાં ઈમામ નવવી رحمۃ اللہ علیہના હવાલાથી લખે છે :–

"આ હદીષમાં તેનો પુરાવો છે કે કુર્આનની તાલીમને મહેર બનાવવું દુરુસ્ત છે, અને કુર્આન મજીદની તાલીમથી મજદૂરી લેવી દુરૂસ્ત છે. આ બંનેવ કામો ઈમામ શાફઈ અને ઈમામ માલિકના નિકટ જાઈઝ છે. ક઼ાઝી અયાઝ લખે છે કે કુર્આનની તાલીમ પર મજદૂરી લેવી ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہના સિવાય સર્વ ફક઼ીહોની નિકટ સહીહ છે.

ઈમામ તહાવીએ ફર્માવ્યું કે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ કુર્આનની તાલીમને મહેર બતાવ્યું બલ્કે તે કારણથી તેમનો નિકાહ તે ઔરતથી કર્યો કે તેમને કુર્આન મજીદ યાદ હતું અને આ ઈસ્લામની નિશાની છે....... અને અલ્લામા અયનીએ ફર્માવ્યું કે **કુર્આનની તાલીમને મહેર કરી દેવું રસૂલે કરીમ** علیہ الصلوٰۃ والسلام**ની**

**વિશિષ્ટતામાંથી છે.** *(શરહે સહીહ મુસ્લિમ, અલ્લામા ગુલામ રસૂલ સઈદી)*

હઝરત સોહેબ બિન સિનાન رحمۃ اللہ علیہ બયાન કરે છે કે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જે માણસે કોઈ ઔરતની મહેર નક્કી કરી અને અલ્લાહને ઈલ્મ છે કે તેનો ઈરાદો મહેર અદા કરવાનો ન હતો તો તે માણસે તે ઔરતને ધોકો આપીને તેની શર્મગાહને હલાલ કરી લીધી ! ક઼યામતના દિવસે તે અલ્લાહ તઆલાથી ઝાની હોવાની હાલતમાં મુલાકાત કરશે. અને જે માણસે કોઈનાથી કરજ લીધું અને અલ્લાહ તઆલાને ઈલ્મ છે કે તેનો ઈરાદો તે કરજને પરત કરવાનો ન હતો, તો ખુદાની ક઼સમ ! તેણે તે માણસને ધોકો આપ્યો અને બાતિલ (જૂઠ)ના બદલે તેના માલને હલાલ કરી લીધો, તો તે ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાથી ચોર હોવાની હાલતમાં મુલાક઼ાત કરશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૩૩૨)*

## ★ અઝવાજે મુતહ્હરાતની મહેર ★

હઝરત અબૂ સલમા બિન અબ્દુર્રહમાન رحمۃ اللہ علیہ બયાન કરે છે કે મેં હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاથી પૂછયું કે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم કેટલી મહેર નક્કી કરતા હતા ? હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاએ ફર્માવ્યું, આપની બીવીઓનું મહેર બાર અવક઼િયા અને નશ રહેતુ હતું. તમે જાણો છો નશ શું છે ? મેં કહ્યું, ના ! ફર્માવ્યુ, અડધી ઔક઼િયા (એક અવક઼િયા ચાલીસ દિરહમનો હોય છે) તો પાંચસો દિરહમ થયા, અને આ રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની બીવીઓની મહેર હતી. *(મુસ્લિમ, ઈબ્ને માજહ)*

હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا બયાન કરે છે કે તે પહેલાં ઉબૈદુલ્લાહ બિન જહશના નિકાહમાં હતાં તે હબશાની જમીન પર મૃત્યુ પામ્યા પછી નજાશીએ તેમનો નિકાહ નબીએ કરીમ صلی اللہ علیہ وسلمથી કરી આપ્યો અને તેમની મહેર ચાર હજાર દિરહમ નક્કી કરી અને તેમને શરજીલ બિન હસનાની સાથે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં મોકલી આપ્યાં. *(સુનને અબૂ દાઊદ)*

હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا બયાન કરે છે, રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ મારાથી ઘરના સામાનના બદલામાં નિકાહ કર્યો જેની કિંમત ચાલીસ





દિરહમ હતી. *(અલ મુઅજમુલ અવસત)*

હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ હઝરત ઉમ્મે સલ્મા صلی اللہ علیہ وسلم સાથે ઘરના સામાન પર નિકાહ કર્યો જેની માત્રા દસ દિરહમ હતી. *(અલમુઅજમુલ કબીર)*

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلمની સાહબઝાદીઓની મહેર ★

ઈમામ અબૂ ઈસા મુહમ્મદ બિન ઈસા તિર્મિઝી رضی اللہ عنہથી રિવાયત કરે છે :–

હઝરત અબુલ અજફ઼ા બયાન કરે છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, **સાંભળો ! ઔરતોનું મહેર નક્કી કરવામાં અતિશયોક્તિ ન કરો કેમ કે જો આ દુનિયામાં (એમાં) કોઈ ઈજ્જત હોત અથવા અલ્લાહના નિકટ તેમાં કોઈ તક઼્વો હોત તો રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم વધારે લાયક હતા કે આપ મહેરમાં વધારો કરતા.** અને મારા ઈલ્મના આધારે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ પોતાની બીવી અથવા કોઈ દીકરીનું બાર અવક઼િયાથી વધારે મહેર ન કર્યું.

ઈમામ અબૂ ઈસા તિર્મિઝીએ કહ્યું, આ હદીષ સહીહ છે અને બાર અવક઼િયા ૪૮૦ દિરહમના બરાબર છે.

**સ્પષ્ટતા** : હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاએ ૫૦૦ દિરહમનો ઉલ્લેખ કર્યો. એટલા માટે હઝરત ઉમર رضی اللہ عنہનું કથન જાણે લગભગ મળતુ છે. ઉપરાંત હઝરત ઉમ્મે હબીબાની મહેર જે ચાર હજાર દિરહમ હતી તે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامની નક્ક઼ી કરેલ ન હતી, બલ્કે નજાશીની નક્ક઼ી કરેલી હતી, એટલા માટે ઉપરોક્ત હદીષોમાં કોઈ મતભેદ નથી.

હઝરત મુજાહિદ رضی اللہ عنہ બયાન કરે છે કે હઝરત અલી બિન અબૂ તાલિબ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ મને લોખંડની એક બખ્તર અર્પણ કરી. આપે તે બખ્તરના બદલામાં હઝરત ફ઼ાતેમા رضی اللہ عنہاથી મારો નિકાહ કરી આપ્યો અને કહ્યું, આ બખ્તર ફ઼ાતેમા પાસે મોકલી આપો. તો મેં મોકલી આપી. ખુદાની ક઼સમ ! તેની કિંમત ચારસો અને અમુક દિરહમ હતી.

## હુઝૂર ﷺની પાકબીવીઓ તથા પુત્રીઓની મહેરનો વિગતવાર નક્શો

| | | |
|---|---|---|
| **હુઝૂર ﷺની અન્ય પાકબીવીઓની મહેર** | | |
| ૧૩૧.૫ તોલા | ૧૫૦૯ ગ્રામ ચાંદી | ૫૦૦ દિરહમ |
| **હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاની મહેર** | | |
| ૧૦૫૨ તોલા | ૧૪૪૭૨ ગ્રામ ચાંદી | ૪૦૦૦ દિરહમ |
| **સૈયદા ફાતેમા ઝહરા رضی اللہ عنہاની મહેર** | | |
| ૧૦૫ તોલા | ૧૨૨૪.૭૨ ગ્રામ ચાંદી | ૪૦૦ દિરહમ |
| **હઝરત આઈશા رضی اللہ عنہاની મહેર** | | |
| ૧૦.૫ તોલા | ૧૨૨.૪૭૨ ગ્રામ ચાંદી | ૪૦ દિરહમ |
| **અન્ય સાહબઝાદીઓની મહેર** | | |
| ૧૨૬ તોલા | ૧૭૩૬.૬૪ ગ્રામ ચાંદી | ૪૮૦ દિરહમ |
| **હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની મહેર** | | |
| ૨.૬૨૫ તોલા | ૩૦.૬૧૮ ગ્રામ ચાંદી | ૧૦ દિરહમ |

મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી સદર શો'બએ ઈફતા, જામિઆ અશરફિય્યહ–મુબારકપુર એક સવાલના જવાબમાં ફર્માવે છે : દસ દિરહમ બરાબર ૩૨ ગ્રામ, ૬૫૯ મિલિ ગ્રામ થાય છે. મહેર અદા કરતી વખતે બજારના ભાવથી આટલી ચાંદીની કિંમત અદા કરવી.



# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! વર્તમાન સમયમાં દીને ઈસ્લામની વિરૂધ્ધ તથા સુન્નિયતની વિરૂધ્ધ દિન પ્રતિ દિન અવનવા ફિત્ના, નીત નવા સ્વરૂપે માથુ ઊંચકી રહ્યા છે. ગુમરાહીનું પુર આંધીની જેમ ઉમટીને આપણા ઉંબરાઓમાં અથડાઈ રહ્યું છે, ગુનાહોના પ્રદૂષણે સમગ્ર વાતાવરણને ભરી દીધું છે, એવા નાઝુક સમયે “બરકાતે ખ્વાજા” (માસિક) એ આંધીઓ સામે દીન ઈમાનને ટકાવી રાખવા એક મજબૂત કિલ્લા સમાન છે તથા ગુનાહોના પ્રદૂષણને ફેંદીને નેક અમલોની સુવાસ ફેલાવવા તનતોડ કોશિશમાં લાગેલ છે.

## ★ સુન્ની મુજાહિદોને વિનંતિ ! ★

દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે નવા ગ્રાહકો બનાવીને તેમનાં લવાજમો અમને રવાના કરતા રહો. આ રીતે દીને હક્કની કલમી જંગને મજબૂત કરવામાં સહભાગી બની દીનના સિપાહીની હરોળમાં નામ નોંધાવી દો ! જેનો મહાન બદલો અલ્લાહ તઆલા તરફથી તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મળશે.

## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૫/– |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/– |
| ★ વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/– |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/– |
| ★ આજીવન | રૂા. | ૪,૦૦૦/– |
| ★ વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| ★ વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |

–લિ. પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા)*
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧, ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ

# દહેજની હકીકત


લેખક.....

અતાએ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ, હઝરત મૌલાના

**મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

:: અનુવાદક ::

**મૌલાના સૈયદ જમાલુદ્દીન આંતીવાળા**


-::: અનુક્રમણિકા :::-


- દહેજની ઈસ્લામી હેસિયત 069
- વર્તમાન દહેજ સૌથી બુરો રિવાજ 071
- દહેજની ખરાબીઓ 074
- દહેજ ઓછુ લાવવા પર..... 074
- દહેજની તલાશ 074
- દહેજની માલિક પત્ની છે 075
- તિલક લાંચ તથા હરામ છે 076
- લાંચની વ્યાખ્યા અને તેનો હુકમ 078
- છોકરી અથવા તેણીના વાલીઓથી દહેજની માગણી નાજાઈઝ છે 078
- હરામ માલ બંને જહાન માટે નુકસાન કર્તા 080
- ચિંતનની પળ ! 081
- દહેજની વિરૂધ્ધ વચન તથા વાયદો 081


اَللّٰھُمَّ
صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰی
اٰلِ مُحَمَّدٍ وَّبَارِکْ وَسَلِّمْ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :–

وَلَا تُبَذِّرۡ تَبۡذِيۡرًا اِنَّ الۡمُبَذِّرِيۡنَ كَانُوۡۤا اِخۡوَانَ الشَّيٰطِيۡنِ وَكَانَ الشَّيۡطٰنُ لِرَبِّهٖ كَفُوۡرًا۔

''અને ફુઝૂલ ન ઉડાવ, બેશક ! ઉડાવનારા શૈતાનના ભાઈ છે અને શૈતાન પોતાના રબનો ઘણો જ નાશુકરો છે.'' *(બની ઈસ્રાઈલ, ૨૬–૨૭)*

બીજે ઠેકાણે ઈર્શાદ ફર્માવે છે :–

وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَرَسُوۡلَهٗ يُدۡخِلۡهُ جَنّٰتٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا وَذٰلِكَ الۡفَوۡزُ الۡعَظِيۡمُ وَمَنۡ يَّعۡصِ اللّٰهَ وَرَسُوۡلَهٗ وَيَتَعَدَّ حُدُوۡدَهٗ يُدۡخِلۡهُ نَارًا خَالِدًا فِيۡهَا۔

''અને જે હુકમ માને અલ્લાહ અને અલ્લાહના રસૂલનો, અલ્લાહ તેને બાગોમાં લઈ જશે જેની નીચે નહેરો વહે છે, હમેશાં એનામાં રહેશે અને આ જ છે મહાન કામયાબી. અને જે અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરે અને તેની કુલ હદોથી વધી જાય અલ્લાહ તેને આગમાં દાખલ કરશે જેમાં હમેશાં રહેશે.'' *(સૂ. નિસાઅ, ૧૩–૧૪)*

એક ઠેકાણે ફર્માવે છે :–

كُنۡتُمۡ خَيۡرَ اُمَّةٍ اُخۡرِجَتۡ لِلنَّاسِ تَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ وَتَنۡهَوۡنَ عَنِ الۡمُنۡكَرِ وَتُؤۡمِنُوۡنَ بِاللّٰهِ





''તમે બેહતરીન (શ્રેષ્ઠ) છો તે સૌ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન રાખો છો. *(આલિ ઈમ્રાન–૧૧૦)*

હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ''જેણે મધ્યમ માર્ગીપણુ અપનાવ્યું અલ્લાહે તેને બેનિયાઝ કરી આપ્યો, અને જેણે ફુઝૂલ ખર્ચી કરી અલ્લાહે તેને મોહતાજ બનાવી દીધો, અને જેણે અલ્લાહના ખાતર આજીજી અપનાવી અલ્લાહે તેને સરબુલંદી (ઉચ્ચતા) અતા કરી. *(કન્ઝુલ ઉમ્માલ)*

તે નિકાહ અધિક બરકતવંત છે જેમાં કમસે કમ ખર્ચ થાય. *(મુસ્નદે અહમદ બિન હંબલ)*

અને જે શખ્સ તમારામાંથી કોઈ બુરાઈ જુએ તો તેણે જોઈએ કે તેને પોતાના હાથ વડે રોકી આપે, અને એની શક્તિ ન હોય તો જીભ વડે રોકે, અને જો એની પણ શક્તિ ન હોય તો દિલમાં એ કામથી નફરત કરે અને એ ઈમાનનો સૌથી કમજોર હિસ્સો છે. *(સહીહ મુસ્લિમ, ૧/૬૯, દારે અહયાઉત્તરાસિલ અરબી–બૈરૂત)*

''એ જાતની ક઼સમ ! જેના કબ્જામાં મારી જાન છે તમે લોકો જરૂર જરૂર લોકોને ભલાઈનો હુકમ આપતા રહો અને બુરાઈને રોકતા રહો. જો એવું નહીં કરો તો નજીક છે અલ્લાહ તમારા પર પોતાનો અઝાબ લાગુ કરી આપે, પછી તમો એ અઝાબથી નજાતની દુઆ માગશો અને દુઆ ક઼બૂલ ન થશે. *(તિર્મિઝી, હદીષ ૨/૬૯)*

ઉપરોક્ત મુબારક હદીષોમાં મુસ્લિમ ઉમ્મતને સર્વ કામોમાં મધ્યમ માર્ગ અપનાવવા, ફુઝૂલ ખર્ચીથી બચવાની નસીહત અને એના ફાયદા ઈર્શાદ ફર્માવવામાં આવ્યા છે, અને એ નિકાહ સૌથી સારો તથા બરકતવંત દર્શાવવામાં આવ્યો છે જેમાં ખર્ચાઓ કમથી કમ હોય.

આજે જ્યારે આપણે આપણા સમાજનું નિરીક્ષણ કરીએ છીએ તો એ વાત તદ્દન સ્પષ્ટપણે જોવા મળે છે કે આપણે મોટાભાગનાં કામોમાં મધ્યમમાર્ગી પણાથી વિરૂધ્ધ વર્તનનો શિકાર થઈ ચૂક્યા છીએ, ખાસ કરીને નિકાહ જેવી સુન્નતની અદાયગીમાં જે અતિશયતાઓનો આપણે શિકાર થઈ ચૂક્યા છીએ અને થઈ રહ્યા છીએ, અને એનાં જે નુકસાનો થઈ રહ્યાં છે તે કોઈ સમજદારથી છુપાં નથી. વર્તમાન દહેજ પણ મુસ્લિમ ઉમ્મત

માટે એક નાસૂર બની ચૂકેલ છે જેના હેઠળ અત્યાર સુધીમાં લાખો લોકો તથા ખાનદાન બર્બાદ થઈ ચૂક્યાં છે. આગામી પુષ્ઠોમાં અમે એનાં નુકસાનો વર્ણન કરીશું. રબ તબારક વ તઆલા આપણને સૌને આપણા પ્યારા રસૂલ ﷺની સુન્નતો પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન

## ★ દહેજની ઈસ્લામી હૈસિયત ★

દહેજ (જહેઝ) અરબી ભાષાના શબ્દ "જહાઝ" થી નીકળેલ છે જેનો અર્થ એ સાઝો સામાન છે જેની કોઈપણ મુસાફિરને સફર દરમ્યાન જરૂરત પડે છે, અથવા દુલ્હનને ઘર વસાવવા માટે જરૂરત હોય છે અથવા એનાથી મુરાદ એવો સામાન છે જે મૈયતને ક઼બ્ર સુધી પહોંચાડવા માટે વપરાય છે.

દહેજની રસમ હિંદુમય છે. ઈસ્લામમાં નિકાહના સમયે ખજૂર કે સીરીની વહેંચવી અને નિકાહ પછી શક્તિ અનુસાર વલીમાની દાવત કરવી એ ઈસ્લામી રસમો છે. જ્યાં સુધી દહેજને સંબંધ છે ઈસ્લામમાં એનો કોઈ ખયાલ નથી જોવા મળતો. જેથી શાદીના સમયે પુત્રીને જે દહેજ આપવામાં આવે છે એ મુસલમાનોએ હિંદુઓની એ બુરી રસમને અપનાવી લીધી છે, અને હવે આપણે પણ એ બુરી રસમની સજા ભોગવી રહ્યા છીએ. જો તમે કુર્આને પાકનો અભ્યાસ કરશો તો જાણવા મળશે કે કુર્આનમાં દહેજનો કોઈ ખયાલ જોવામાં નથી આવતો. એ જ પ્રમાણે હદીષ શરીફમાં પણ દહેજનો કોઈ ખયાલ નથી. સિહાહ સિત્તહ અને હદીષની અન્ય કિતાબોમાં પણ આપણને વર્તમાન દહેજનો કોઈ ખયાલ જોવા નથી મળતો.

ઈસ્લામના બંધારણીય ક઼ાનૂનોમાં વિગતે નીચે મુજબના વિષયો પર ચર્ચા કરવામાં આવી છે :–

૧. નિકાહ

૨. તલાક઼

૩. ભરણપોષણ

૪. માલ મિલ્કતમાં હિસ્સો

૫. મહેરનો હક્ક઼ અને સ્ત્રીના અન્ય હક્કો

પણ ઈસ્લામના બંધારણીય ક઼ાનૂનોમાં દહેજનું કોઈ વર્ણન નથી જોવા મળતું. પત્ની મુસલમાન હોય કે અહલે કિતાબ, તેનો દરેક પ્રકારનો ખર્ચો





પતિ પર વાજિબ છે, જ્યારે કે તેણી (પત્ની) પોતાની જાતને પતિને સુપ્રત કરી આપે અને એના ઘરે આવી જાય. એ ખર્ચામાં એ સ્ત્રીને ખોરાક, લિબાસ તથા રહેઠાણના માટે મકાન સામેલ છે. આ હુકમનો પાયો અલ્લાહ તઆલાનો એ ઈર્શાદ છે :–

اَسْكِنُوْهُنَّ مِنْ حَيْثُ سَكَنْتُمْ مِّنْ وُّجْدِكُمْ وَلَا تُضَآرُّوْهُنَّ لِتُضَيِّقُوْا عَلَيْهِنَّ وَاِنْ كُنَّ اُولَاتِ حَمْلٍ فَاَنْفِقُوْا عَلَيْهِنَّ حَتّٰى يَضَعْنَ حَمْلَهُنَّ فَاِنْ اَرْضَعْنَ لَكُمْ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ وَاْتَمِرُوْا بَيْنَكُمْ بِمَعْرُوْفٍ وَاِنْ تَعَاسَرْتُمْ فَسَتُرْضِعُ لَهٗۤ اُخْرٰى

"સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં પોતે રહો છો પોતાની શક્તિ અનુસાર અને તેણીઓને તકલીફ ન પહોંચાડો કે એમના પર તંગી કરો, અને જો સર્ગભા હોય તો તેમને ભરણ પોષણ આપો ત્યાં સુધી કે તેમને બાળક પેદા થાય પછી તેણી જો તમારા માટે બાળકને દૂધ પીવડાવે તો તેણીને તેની ઉઝરત આપો, અને આપસમાં યોગ્ય રીતે મશ્વરો કરો પછી આપસમાં વાંધો કરો તો નજીક છે કે એને અન્ય દૂધ પીવડાવનારી મળી જાય." *(સૂરએ તલાક઼, આ. ૬)*

પત્નીની પાયાની જરૂરતોને પૂર્ણ કરવી પતિ પર ફર્ઝ છે અને એ જ પાયાની જરૂરતો દહેજના રૂપમાં પતિ પૂર્ણ કરે છે.

શાદી નબીપાક ﷺની સુન્નત છે. આ એક પવિત્ર તથા પાકીઝા બંધન છે, એ ન કેવળ છોકરા તથા છોકરીને પતિ પત્નીના સંબંધથી જોડે છે બલ્કે બે ખાનદાનના મિલાપનો પણ ઝરીયો છે. ઈસ્લામે પતિ પત્નીના સંબંધને પણ એક આસાન અમલ બનાવ્યો છે. ફુઝુલખર્ચી અને દહેજનું ઈસ્લામમાં તદ્દન સ્થાન નથી. આપણા પ્યારા નબી ﷺની પૂરી જિંદગી ઈસ્લામનો અમલી નમૂનો હતી. આપે આપના અમલ વડે દહેજ જેવી રસમને ગલત ઠરાવી.

તો સવાલ એ પેદા થાય છે કે શું હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ હઝરત ફાતિમા رضی اللہ عنہاને દહેજ આપ્યું ? શું આપે આપની અન્ય પુત્રીઓ હઝરત ઝયનબ, હઝરત રુકૈયા અને હઝરત ઉમ્મે કુલ્ષૂમને પણ દહેજ આપ્યું ? આ ત્રણેવ પુત્રીઓનો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની હયાતમાં ઈન્તેકાલ થઈ ગયો હતો. હઝરત ઝયનબ رضی اللہ عنہاની શાદી તેમના માસીના પુત્ર અબુલ આસ ઈબ્ને રબીઅ

ઈબ્ને લકીતથી થઈ. હઝરત રુકૈયાની શાદી હઝરત ઉષ્માન સાથે થઈ હઝરત રુકૈયાનો ઈન્તેકાલ થયો તો રબીઉલ અવ્વલમાં હઝરત ઉષ્માને હઝરત ઉમ્મે કુલ્સૂમની સાથે નિકાહ કરી લીધા.

દૌરે નબવી ﷺમાં હઝરત ફાતિમા رضی اللہ عنہاની શાદીના મોકા સિવાય કોઈ એવી શાદી જોવા નથી મળતી કે ઠીક શાદીના પ્રસંગે પત્નીનાં ઘરવાળાઓ તરફથી દહેજનો સામાન આપવામાં આવ્યો હોય. હઝરત ફાતિમા رضی اللہ عنہاના દહેજના સામાનની અગાઉથી જરૂરત પણ કેવળ એટલા માટે ઉપસ્થિત થઈ કે હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم હુઝૂર ﷺની કફાલત હેઠળ હતા અને તેમનું અલગ મકાન કે ઘરેલૂ સરસામાન ન હતો. નહીં તો હુઝૂર ﷺની બાકીની ત્રણેવ પવિત્ર પુત્રીઓની શાદીઓના મોકા પર એવું નથી થયું અને ન તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પવિત્ર પોતાની પત્નીઓના નિકાહના મોકા પર કોઈ પ્રકારનું દહેજ આપવામાં આવ્યું.

આપે પોતાની પુત્રી હઝરત ફાતિમા رضی اللہ عنہا જેને અલ્લાહે જન્નતની સ્ત્રીઓની સરદાર હોવાની ખુશખબરી સંભળાવી હતી તેમને શાદીના મોકા પર એક જાનમાઝ, એક તકીયો અને માટીનાં અમુક વાસણો આપ્યાં હતાં. જયારે કે હઝરત અલી رضی اللہ عنہએ પોતાનું બખ્તર વેચીને મહેરના હક્કની રકમ અદા કરી હતી. ઈસ્લામે શાદીને એક આસાન અમલ બનાવ્યો છે જેમાં ફુઝૂલખર્ચીનો કોઈ અવકાશ જ નથી. આજે શાદી એક સમસ્યા અને એક કારોબારનું સ્વરૂપ ધારણ કરી ચૂકેલ છે. મા બાપ પુત્રના ભરણપોષણ અને તેના શિક્ષણ તથા એજ્યુકેશન પાછળ ખર્ચ કરવામાં આવેલ રકમને દહેજના રૂપમાં કેશ કરાવે છે ! તેમની દષ્ટિએ આ તેમનો હક્ક છે કે તેમને તેમની ખિદમતનુ વળતર મળે. તે મા બાપો જ ઘણી મુશ્કેલી તથા મહેનત વડે પોતાની પુત્રીઓને ભણાવે પઢાવે છે, તેની બેહતરીન કેળવણી કરે છે અને જરૂરતોને પૂર્ણ કરે છે, શાદીના વખતે પોતાની જાનથી પ્યારી પુત્રીને ન કેવળ પોતાનાથી જીવનભર માટે અલગ કરે છે બલ્કે તેમણે તે જુદાઈની કિંમત પણ અદા કરવાની હોય છે ! બલ્કે અમુક બદકિસ્મત મા બાપ શાદી પછી પણ છોકરાવાળાઓની માગણીઓ પૂર્ણ કરે છે.

## ★ વર્તમાન દહેજ સૌથી બુરો રિવાજ ★

જમાનો પ્રગતિશીલ છે અને ઝડપી ગતિએ જિંદગી દોડતી જઈ રહી છે





અને એટલી જ ઝડપે આપણે વિવિધ સમસ્યાઓના શિકાર થતા જઈ રહ્યા છીએ. સામૂહિક્તાને બદલે વ્યક્તિગતપણુ અને તે પણ કેવળ પોતાનું એ આપણા સૌની દિલચસ્પીઓનું કેન્દ્ર બની ચૂકેલ છે. આપણે આપણી પરેશાનીઓ અથવા એવું કહો કે આપણી પેદા કરેલી સમસ્યાઓના વમળમાં એવા ઘેરાઈ ચૂક્યા છીએ કે આપણને કોઈ અન્ય દેખાતો જ નથી.

અને આપણા સમાજમાં એવા વિવિધ પ્રશ્નો મૌજૂદ છે જે સામૂહિક રૂપમાં છે અને આપણા ધ્યાનના મોહતાજ છે. પરંતું એનો પણ નિરાળો ઢંગ છે. આ સમસ્યાઓ પર મોટા મોટા સેમીનાર તથા ચર્ચા વિચારણાઓ તો ગોઠવાય છે તેમ છતાં પ્યાલામાંથી ચાય ખત્મ થતાં અને રૂમાલોથી હાથોને સાફ કરીને હોલથી બહાર નીકળતાં જ જાણે સર્વ કાંઈનું બાષ્પીભવન થઈ જાય છે.

આ પ્રકારની સમસ્યાઓમાં મહત્વની સમસ્યા દહેજ પણ છે. દહેજ એવી સામાજિક સમસ્યા છે કે જેનાથી વાકેફ તો આપણે સૌ છીએ જ પણ ઢાંકપિછોડ તથા ભાગેડુવૃત્તિ આપણે જ અપનાવીએ છીએ. દહેજ એ આજકાલની વાત નથી બલ્કે એ સમાજનું એવું નાસૂર છે જે જડ પકડી ચૂકેલ છે અને એનાથી અધિક શાખો પણ ફૂટી રહી છે એટલે કે એના લીધે વિવિધ ગુનાહો જન્મ લઈ રહ્યા છે, જેમાંથી :

૧. ચોરી, ૨. તલાકની અધિક્તા ૩. અકુદરતી તથા હિંસાત્મક મૃત્યુઓ ૪. ધોકાબાજી અને અવિશ્વસનીયતા ૫. નશો વગેરે સામેલ છે.

**૧. ચોરી ડાકુગીરી** : દહેજની કમીના કારણે અથવા પુત્રીઓના રિશ્તા આવતા નથી અથવા પછી ઉંબરેથી પાછા જતા રહે છે. પોતાની બહેન કે પુત્રીઓને પરણવાના માટે આવનારાઓની માગણીઓના પ્રમાણે દહેજ આપવાના માટે અમુક બાપ તથા ભાઈઓ ચોરીઓ કરવા તથા ધાડ પાડવા મજબૂર થઈ જાય છે.

**તલાક** : આજકાલ તલાકની ઘટનાઓમાં પણ રોજ બરોજ વધારો થતો જઈ રહ્યો છે એના કારણોમાંથી એક મોટુ કારણ દહેજની વ્યવસ્થા ન થઈ શક્વું પણ છે. છોકરાવાળાં દહેજની જે માગણી કરે છે જો તે સંપૂર્ણપણે પૂર્ણ ન થાય તો તે કૌટુંબિક કે સામાજીક દબાણ હેઠળ શાદી તો કરી લે છે પણ બાદમાં એવા સબબો પેદા કરી આપે છે કે તે તલાક

સુધી લઈ જાય છે.

**અકુદરતી તથા હિંસાત્મક મૃત્યુઓ** : આ બનાવો પણ આપણા સમાજમાં એક સામાન્ય હૈસિયત ધરાવે છે. દહેજ ઓછુ લાવવાની સ્થિતિમાં છોકરીનો પતિ અને તેના સાસરીવાળાં છોકરીને રાત દિવસ ટોણા મારે છે અને તેણીના ઉપર હાથ ઉઠાવવાથી પણ પાછાં નથી હઠતાં. આ પ્રકારના બનાવો પહેલાં અધિક્તર ગામડાંઓમાં કે અભણ લોકોમાં જોવા મળતા હતા પણ હવે ઘણા ભણેલા ગણેલા અને જાહેરમાં સુસંસ્કારી દેખાતા ઘરાના પણ આ દુ:ખદ બનાવોના શિકાર થઈ ચૂક્યાં છે.

**આત્મહત્યા** : આત્મહત્યા એ ન કેવળ જુર્મ છે બલ્કે એક કબીરા ગુનોહ પણ છે. જે છોકરી ઓછુ દહેજ લઈને જાય છે તો રાત દિવસ ઓછુ દહેજ લાવવાનાં મહેણા મારી મારીને છોકરીનો પતિ અને તેનાં સાસરીવાળાં તેણીનું જીવવું મુશ્કેલ કરી નાખે છે અને છેવટે તે બદનસીબ છોકરી આત્મહત્યા કરવા મજબૂર બની જાય છે.

**ધોકાબાજી અને અવિશ્વસનીયતા** : દહેજ જેવા નાસૂરે જે બુરાઈઓને જન્મ આપ્યો છે એમાંથી એક મહત્વની બુરાઈ ધોકાબાજી તથા અવિશ્વસનીયતાનું વાતાવરણ પણ ઉદ્ભવ પામે છે. અધિક દહેજ લેવા માટે છોકરાવાળાં પોતાને ઘણા જ માલદાર અને ઈજ્જતવાન જાહેર કરે છે અને મહોબ્બતનો દેખાડો કાંઈક એ પ્રમાણે કરે છે કે પુત્રીવાળાં પોતાની છોકરીની કિસ્મત પર નાઝ કરવા લાગે છે, પરંતું થોડાક જ દિવસોમાં (શાદી પછી) છોકરી તો તલાક઼ (ખુદા ન ખ્વાસતા) લઈને મા બાપના ઉંબરે આવી ચઢે છે અને માબાપ, ભાઈ બહેન અને ઘરનાં અન્ય સભ્યો માટે માથાનો દુ:ખાવો બની જાય છે.

**નશો** : નશાબાજીનો સંબંધ પણ સામાજીક સમસ્યાઓથી થાય છે બલ્કે એવું કહેવું યોગ્ય ગણાશે કે એ સમસ્યાઓથી છૂટકારો પામવાનો એક માર્ગ નશો છે. જ્યારે માણસ પોતે પોતાને સંપૂર્ણપણે લાચાર પામે છે તો તે પોતાને નશામાં ડૂબાડી આપે છે. દહેજના કારણે કેટલાય લોકો પોતાની પુત્રીઓની શાદીઓ નથી કરવા પામતા તે બીચારા ક્યાં તો આત્મહત્યા કરી લે છે અથવા તો પછી નશાનો શિકાર બનીને રોજ બરોજ મૌતના તરફ પોતાને ધકેલે છે.





## ★ દહેજની ખરાબીઓ ★

- દહેજની માગ પૂર્ણ કરવા માટે :
- કરજ લેવામાં આવે છે.
- બાપ, ભાઈ પરદેશ ચાલ્યા જાય છે અને સ્ત્રીઓ ઘરે એકલી રહી જાય છે.
- પુરૂષ લાંચ, ચોરી કે ગોટાળા કરવા મજબૂર થઈ જાય છે.

## ★ દહેજ ઓછુ લાવવા પર.....★

- છોકરીને મેહણા મારવામાં આવે છે.
- પિયર મોકલી દેવામાં આવે છે.
- તલાક઼ આપી દેવામાં આવે છે.
- નવવધુને મૌતને ઘાટ ઉતારી દેવામાં આવે છે.
- ક્યાંક આત્મહત્યાની નોબત આવે છે.
- ફુઝૂલખર્ચી તથા દેખાડો કરવામાં આવે છે.

## ★ દહેજની તલાશ ★

મુબલ્લિગે ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ સઆદત અલી ક઼ાદરી લખે છે :

હિંદુઓના જે રીત રિવાજો આપણી શાદી વિવાહના અંગ બની ચૂક્યા છે એમાંથી સૌથી મોટી લઅનત દહેજની છે જેણે છોકરીઓ અને તેમનાં માબાપની જિંદગીને અજીર્ણ બનાવી દીધી છે. એવી છોકરીઓને કોઈ સ્વીકારવા તૈયાર નથી થતું જેમની પાસેથી મોટા પ્રમાણમાં દહેજ મળવાની સંભાવના નથી હોતી. છોકરીવાળાં પોતે પણ પોતાની છોકરીને દહેજ વિના વિદાય કરવા તૈયાર નથી થતાં એ ડરનાં માર્યાં કે આખુ જીવન છોકરીને દહેજ ન લાવવાના કારણે મહેણા મળતાં રહેશે અને તે પોતાના સાસરીવાળાં ખાસ કરીને સાસુ, નણંદો તથા અન્ય સ્ત્રીઓની નજરમાં હમેશાં હલકી રહેશે. હક઼ીક઼ત એ છે કે આ લઅનત એટલા પ્રમાણમાં આગળ વધી ચૂકી છે કે લોકો પોતાના પુત્ર માટે પુત્રી શોધવા નહીં બલ્કે દહેજ શોધવા નીકળે છે. તેઓ પહેલેથી જ આશા બાંધીને બેઠાં હોય છે કે વહુ એટલુ

દહેજ લાવશે કે અમારું ઘર ભરાઈ જશે ! અને હવે તો કાયદેસર દહેજની માગણી થવા માંડી છે, ફર્માઈશો થાય છે, દા.ત. એ રીતે કે તમારી પુત્રીને તમે ગાડી જરૂર આપો જેથી તેણીને આપના ઘરે આવજા કરવામાં મુશ્કેલી ન પડે. એ ઉપરાંત એરકંડિશન્ડ અને અન્ય જરૂરી સામાન તો તમે આપશો જ ! **કેટલો સભ્ય તરીકો છે ભીખ માંગવાનો ! શરમ પણ નથી આવતી !**

અમારા એક ઓળખીતાએ ખૂબ જ ખૂબસૂરત બંગલો બનાવ્યો તેમાં ઈફતેતાહ તથા ફાતિહા વગેરે માટે મને લઈ ગયા. મેં ઘરમાં વરસો જૂનુ ફર્નિચર જાયું તો કહી આપ્યું કે હવે તો તમો ફર્નિચર પણ સારું ખરીદી લેશો જે આ ઘર જેવું ખૂબસૂરત હોય ! કહેવા લાગ્યા, અસલમાં ફર્નિચર અને બીજો કેટલોક સામાન મેં એટલા માટે નથી ખરીદયો કે મારા બે પુત્રો છે જેમની હવે નજીકમાં જ હું શાદી કરવાનો છું, તો દહેજ એટલુ આવશે કે આ ઘર ભરાય જશે ! અને હું છોકરીવાળાઓને જણાવી દઈશ કે મારા ઘરની હૈસિયતના પ્રમાણે સામાન આપે. વિચાર્યું ?! આ છે તે લાલચુ લોકો જેમના કારણે આપણી પુત્રીઓના માટે રિશ્તા મળવા મુશ્કેલ થઈ ગયા છે. આવા જ લોકોના કારણે છોકરીવાળા આખા જીવન માટે કરજના બોજા હેઠળ દબાય જાય છે અને કોઈ ન કોઈ રીતે પોતાની પુત્રીની જિમ્મેદારીથી મુક્ત થઈ જાય છે પરંતું તેમની પોતાની જિંદગી તબાહ થઈ જાય છે, અને આખુ જીવન કરજ અદા કરવામાં પસાર થઈ જાય છે. (یاایھاالذین آمنوا)

## ★ દહેજની માલિક પત્ની છે ★

અહીં ફક઼ીહે મિલ્લત હઝરત મુફતી જલાલુદ્દીન અમજદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો તસ્દીક઼ કરેલો ફત્વો વાંચતા ચાલો જેથી કરીને દહેજની હક઼ીક઼ત અધિક જાહેર થઈ જાય.

**સવાલ** : દહેજની માગણી જ્યારે પતિ કરે છે તો તે એનો માલિક શાથી નથી થતો ?

**જવાબ** : દહેજ સઘળુ પત્નીનું હોય છે, બીજાનો એમાં કોઈ હક્ક઼ નથી, એટલા માટે કે સ્ત્રી તેની ક઼ાયમની માલિક હોય છે. જેવું કે રદુલ મુહતાર, ૧/૩૧૯ માં છે :–





**كل احد يعلم ان الجهاز للمرأة وانه اذا طلقها تأخذه كله واذا ماتت يورث عنها**

અને સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ આ પ્રકારના સવાલના જવાબમાં લખે છે :–

''ઘરેણા વગેરે દહેજ કે જે ઝયદે પોતાની પુત્રીને આપ્યું તે ખાસ પુત્રીની મિલ્કત છે, પતિને એમાં માલિકીપણાનો કોઈ હક્ક઼ નથી, અને ન તેમાં ફેરફાર પત્નીની રજા વિના થઈ શકે છે.

**فی الدر المختار ”جهز ابنته بجهاز وسلمها ذلك ليس له الاسترداد منها**

**ولا لورثته بعده ان سلمها ذلك فی صحته بل تختص به وبه يفتی**

અલ્લામા શામી ફર્માવે છે :–

**كل احد يعلم ان الجهاز ملك المرأة لاحق لاحد فيه اھ** *(ફતાવા રઝવિય્યહ, ૫/૫૨૯)* અને ફર્માવે છે, ''બેશક ! અરબ તથા અજમના શહેરોનો આમ રિવાજ ગાલિબ તથા જાહેર એ જ છે કે દહેજ જે દુલ્હનને આપવામાં આવે છે દુલ્હનની મિલ્કત સમજવામાં આવે છે. બલ્કે દહેજ કહે જ છે એને જે તે સમયે તમ્લીક (માલિકી) રૂપે દુલ્હનની સાથે મોકલવામાં આવે છે.'' *(ફતાવા રઝવિય્યહ, ૫/૫૪૫)*

જેથી દહેજની માલિક પત્ની જ હોય છે પતિ નથી હોતો, ભલે તે દહેજની માગણી કરે છે. જેવી રીતે કે મસ્જિદનો મુતવલ્લી ચંદાની માગણી કરે છે પણ એનો માલિક નથી હોતો. અલ્બત્ત કપડુ, રૂપિયા વગેરે કે જે દુલ્હનની તરફથી દુલ્હનના મકાન પર લગાન (સુખડા) રૂપે આવે છે તેનો કબજો લીધા બાદ દુલ્હો તેનો માલિક ગણાય છે કે એમાં એ જ આમ રિવાજ (ઉર્ફ) છે ભલે કહેવામાં રિવાજ અલગ અલગ છે. એવું જ ફતાવા રઝવિય્યહ, ૫/૫૬૧ પર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

અલ્જવાબ સહીહ : જલાલુદ્દીન અહમદ અમજદી

લખનાર : સમીરુદ્દીન જયબી મિસ્બાહી

## ★ તિલક લાંચ તથા હરામ છે ★

તિલક (તે રૂપિયા જે શાદી પહેલાં દુલ્હનનો બાપ દુલ્હાના ઘરે મોકલે છે તે) **લાંચ તથા હરામ** છે એને **પાછા આપી દેવું જરૂરી** છે.

છોકરીવાળાંએ કાંઈ લીધુ હોય તો પત્નીએ પાછુ લઈ લેવું જોઈએ કેમ કે એ રિશ્વત–લાંચ છે અને રદ્દુલ મુહતારમાં عند التسليم હેઠળ લખ્યું છે કે :

**أى بان ابى ان اخوها او نحوه حتى ياخذ شيئا وكذا لو ابى ان يزوجها فللزوج الاسترداد قائما او هالكا لانه رشوة**

*(રદ્દુલ મુહતાર, ૨/૩૬૬)*

એટલે કે રુખસતી (વિદાય) વેળાએ ભાઈ અથવા કોઈ બીજાએ કાંઈ લીધા વિના રુખસતીથી ઈન્કાર કર્યો અથવા એ જ પ્રમાણે જો શાદીથી ઈન્કાર કર્યો તો પત્નીએ એ માલ (જો આપ્યો હોય તો) પરત લઈ લેવો જોઈએ, ભલે તે માલ મૌજૂદ હોય કે બર્બાદ થઈ ગયો હોય, કેમ કે એ લાંચ છે. એ જ કિતાબના પ્રકરણ બાબુલ હઝરમાં છે :–

**ومن السحت ما ياخذ الصهر من الختن يطيب نفسه**

*–(રદ્દુલ મુહતાર, ૫/૨૭૨)*

જે સસરો જમાઈ પાસેથી તેની ખુશીથી વસૂલ કરે છે તે હરામ કમાઈ છે, વળી જે પતિ છોકરીવાળાઓથી શાદી પહેલાં લે તેને તો અધિક અંશે પાછુ લેવું જોઈએ, કેમ કે આ લાંચ છે. જેમ કે રદ્દુલ મુહતાર, પ્રકરણ બાબુલ હિબામાં છે :–

**جعلت المال على نفسها عرضا عن النكاح وفى النكاح العوض لا يكون على المرأة** (રદ્દુલ મુહતાર, ૪/૫૧૬)

"જે માલ સ્ત્રી પોતાના નિકાહના બદલામાં આપે તે માલ બર્બાદ છે, કેમ કે નિકાહમાં બદલો પત્નીના માથે નથી હોતો." આપણા દેશના લોકો પોતાની બોલીમાં એ રૂપિયાને "કંકૂર" કહે છે જેનો અરબી તર્જુમો લાંચ છે. જેથી એને પરત લઈ લેવું જરૂરી છે, ચાહે મૌજૂદ હોય કે બર્બાદ થઈ ગયું હોય. કેમ કે લાંચ પર કબજો જમાવવાથી માલિકીપણુ સાબિત નથી થતું. જેમ કે દુર્રે મુખ્તારમાં છે : **فالرشوة يحرم اعطائها واخذها** "લાંચને લેવી અને આપવી બંને હરામ છે."

સારાંશ કે તિલક (દુલ્હનવાળા પાસેથી શાદી પહેલાં લેવાતો માલ) લાંચ છે, લાંચ લેનાર તથા આપનાર અને વાસ્તો બનનારાઓ પર અલ્લાહે લઅનત ફર્માવી છે. ઈર્શાદ નબવી છે : **لعن الله الراشى والمرتشى**





## ★ લાંચની વ્યાખ્યા અને તેનો હુકમ ★

લાંચની વ્યાખ્યા જ આ છે :–

**اخذ المال على ترك ما يجب على آخذ فعله او فعل ما يجب عليه تركه**

*(અલ બહરુલ મુહીત લિ મુહમ્મદ બિન યૂસુફ અશ્શહીર બાબી હય્યાનુલ ઉન્દલૂસી, ૫/૫૩૩, દારુલ ફિક્ર–બૈરૂત ઈ.સ. ૧૯૮૩)* એટલે કે જે કામને ન કરવું જરૂરી હોય તેને કરવા માટે અથવા જેને કરવું જરૂરી હોય તેને કરવા માટે માલ લેવો.

અલ્લામા શામીએ લાંચની હક઼ીક઼ત આ પ્રમાણે જાહેર કરી છે કે :–

**الرشوة بالكسر ما يعطيه الشخص الحاكم وغيره ليحكم له او يحمله على ما يريد**

"લાંચ તે છે જેને માણસ હાકિમ અથવા એ સિવાયનાને આપે છે જેથી તે તેના (લાંચ આપનાર)ના ફેવરમાં ફૈંસલો કરે અથવા તે (લાંચ આપનાર) તેને પોતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે તૈયાર કરે."

લાંચને પાછી આપવી જરૂરી છે. કોઈ શખ્સ લાંચનો માલિક નથી હોતો. જેમ કે અલ્લામા ઈબ્ને આબિદીન શામીએ પોતાની પ્રખ્યાત કિતાબ રદ્દુલ મુહતારમાં "ક઼નિય્યા"ના હવાલાથી આ વાતની સ્પષ્ટતા કરી છે : **وفى القنية الرشوة يجب ردها ولا تملك** "એને પરત કરવું જરૂરી છે કોઈ તેનો માલિક નથી થઈ શકતો." *(રદ્દુલ મુહતાર, ૪/૩૦૪)*

અલ્લામા શામીએ આ લખાણ અગાઉ લાંચની વ્યાખ્યા અને એના પ્રકારો પર વિગતવાર ચર્ચા કરી છે. એ પ્રકારની રોશનીમાં એ વાત કહી શકાય છે કે લાંચને લેવી કોઈ પણ સંજોગોમાં જાઈઝ નથી. છોકરીના વાલીઓએ શક્ય ત્યાં સુધી કોશિશ કરી કે "તિલક઼" (રોકડ રકમ) વિના નિકાહનો ફરીઝો પૂર્ણ થઈ જાય, પરંતું સર્વ કોશિશ નિષ્ફળ થઈ જાય તો ઈઝતેરારી (મજબૂરીની) હાલતમાં એ રોકડ રકમ આપવું જાઈઝ થશે.

## ★ છોકરી અથવા તેણીના વાલીઓથી દહેજની માગણી નાજાઈઝ છે ★

છોકરો અથવા તેનાં મા બાપ તરફથી છોકરી કે તેના વાલીઓથી દહેજના

સામાનની માગણી કરવી નાજાઈઝ છે. છોકરી અથવા તેણીના વાલીઓ તરફથી જે કાંઈ આપવામાં આવે તે લાંચ ગણાશે જેને પરત કરવું જરૂરી થશે. ઈબ્ને હઝમ ઉન્દલૂસી પોતાની કિતાબ ''અલમુહલ્લી''માં લખે છે :

**ولا يجوز ان تجبر المرأة على ان يتجهز اليه بشئى اصلا ، لا من صداقها الذى اصدقها ، ولا من غيره من سائر مالها والصداق كله لها تفعل فيه كله ماشاءت ، لا اذن للزوج فى ذٰلك ولا اعتراض وهو اعتراض وهو قول ابى حنيفة والشافعى وابى سليمان وغيرهم**

''સ્ત્રીને એ વાત માટે મજબૂર કરવી જાઈઝ નથી કે તે પતિ પાસે દહેજ લાવે, ન તો એ મહેરની રકમથી જે પતિએ એને આપી છે, ન તેણીના અન્ય માલો વડે. પૂરી મહેર તેણીની મિલ્કત છે તેમાં તેણી જેવું ચાહે કરે, પતિને એમાં કોઈ પ્રકારની દખલ દેવાનો હક્ક નથી. આ કૌલ ઈમામે આ'ઝમ, ઈમામ શાફઈ તથા અબૂ સલૈમાન વગેરેનો છે.'' *(અલ મુહલ્લી, લિ ઈબ્ને હઝમ ઉન્દલૂસી, ૯/૧૦૮, દારુલ કુતુબિલ ઈલ્મિયા–બૈરૂત)*

''રદુલ મુહતારના નીચે વર્ણવેલ લખાણથી પણ એ વાતની સ્પષ્ટતા થાય છે કે શરીઅતે નિકાહ માટે સ્ત્રી પર કોઈ માલી બદલો લાગુ નથી કર્યો. જો સ્ત્રી પોતાના માથે કોઈ માલી જિમ્મેદારી કબૂલ કરે તો પણ તેને પૂર્ણ કરવું જરૂરી નથી. સર્વ માલી ખર્ચાઓનો જિમ્મેદાર પુરૂષ છે. તેની મર્દાનગી તથા ગૈરતની વિરૂધ્ધ છે કે તે નાઝુક જાતથી (સ્ત્રીથી) કોઈ ચીજની માગણી કરે.''

**الْمَرْأَةُ إذَا أَرَادَتْ أَنْ يَتَزَوَّجَهَا الَّذِى طَلَّقَهَا ، فَقَالَ الْمُطَلِّقُ :لَا أَتَزَوَّجُك حَتَّى تَهَبِينِى مَالك عَلَىَّ فَوَهَبَتْ مَهْرَهَا الَّذِى عَلَيْهِ عَلَى أَنْ يَتَزَوَّجَهَا ثُمَّ أَبَى أَنْ يَتَزَوَّجَهَا قَالُوا :مَهْرُهَا الَّذِى عَلَيْهِ عَلَى حَالِهِ تَزَوَّجَهَا ، أَوْ لَمْ يَتَزَوَّجْهَا ، لِأَنَّهَا جَعَلَتْ الْمَالَ عَلَى نَفْسِهَا عِوَضًا عَنْ النِّكَاحِ ، وَفِى النِّكَاحِ الْعِوَضُ لَا يَكُونُ عَلَى الْمَرْأَةِ خَانِيَّةٌ وَأَفْتَى فِى الْخَيْرِيَّةِ بِذَلِكَ**





''સ્ત્રી એ શખ્સ સાથે શાદી કરવા ચાહે છે જેણે એને તલાક આપી દીધી. તલાક આપનારાએ કહ્યું કે તારાથી ત્યાં સુધી શાદી નથી કરી શકતો જ્યાં સુધી કે તું મારા પર લાગુ થનારા હક્કને માફ કરી આપે. સ્ત્રીએ પોતાનું મહેર જે એના માથે હતું એ શરતની સાથે માફ કરી આપ્યું કે તે તેણી સાથે શાદી કરી લે, તો પછી પુરૂષે તેણી સાથે શાદી કરવાથી ઈન્કાર કરી આપ્યો. એના બારામાં ફકીહોની રાય એ છે કે દસ્તૂર મુજબ એ પુરૂષ પર લાઝિમ છે ચાહે શાદી કરે કે ન કરે, એટલા માટે કે તેણે માલને પોતાના નફસ પર નિકાહનો બદલો બનાવ્યો અને નિકાહમાં બદલો સ્ત્રીના માથે નથી હોતો.

ઉપરોક્ત દલીલોથી એ વાત સારી રીતે સાબિત થઈ ગઈ કે છોકરી કે તેના વાલીઓથી દહેજની માગણી કરવી નાજાઈઝ છે, ફકીહોએ તિલક (રોકડ) તથા **દહેજને લાંચ ઠરાવેલ** છે અને **એને પરત કરવાનો હુકમ કર્યો** છે.

### ★ હરામ માલ બંને જહાન માટે નુકસાન કર્તા ★

તિલક તથા દહેજથી મળનાર માલ એ જ પ્રમાણે હરામ છે જેવી રીતે વ્યાજને લેવું આપવું હરામ છે. એમાં કોઈ રીતની મદદ કરવી પણ હરામ છે. કુર્આન મજીદમાં વિવિધ ઠેકાણે વ્યાજના કારણે યહૂદીની સખત અંદાઝમાં બુરાઈ વર્ણવવામાં આવી છે અને તેમને અઝાબના હક્કદાર ઠરાવ્યા છે. હરામ માલ વાપરનારા પર જન્નત હરામ છે. જેમ કે નબી કરીમ ﷺનો ઈર્શાદે ગિરામી છે :

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હરામ માલથી ઉછેર પામેલ શરીર જન્નતમાં દાખલ થશે નહીં. અને દરેક હરામ માલથી પોષણ પામેલ શરીરના માટે જહન્નમની આગ અધિક મુનાસિબ છે.'' *(મિર્કાત શરહે મિશ્કાત, ૬/૪૩)*

અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ રાવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''હરામ માલથી ઉછરેલ શરીર જન્નતમાં જશે નહીં.''

આજે આપણી નમાઝો અને દુઆઓમાં એ અસર નથી જે સહાબાએ કિરામ તથા આપણા પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની નમાઝો તથા દુઆઓમાં હતી. ક્યાંક એનું કારણ એ તો નથી ?!

**عن ابن عمر رضی الله تعالیٰ عنه قال :من اشتریٰ ثوبابعشرة دراهم وفیه درهم حرام لم یقبل الله صلاة مادام علیه ،ثم ادخل اصبعیه فی اذنه وقال صمتا ان لم یکن النبی صلی الله تعالیٰ علیه وسلم سمعته یقوله ،رواه احمد والبیهقی فی شعب الایمان**

"ઈબ્ને ઉમરે ફ઼ર્માવ્યું, જો કોઈએ કોઈ કપડુ દસ દિરહમમાં ખરીદયું એમાં એક દિરહમ પણ હરામ માલનો છે તો એની નમાઝ ત્યાં સુધી ક઼બૂલ થશે નહીં જ્યાં સુધી તે કપડુ શરીર પર છે. પછી તેમણે પોતાની આંગળીઓને કાનમાં રાખીને ફ઼ર્માવ્યું, હું બહેરો થઈ જઈશ જો મેં નબી કરીમ ﷺને આવું કહેતાં ન સાંભળ્યા હોય !" *(મિર્ક઼ાત, ૬/૫૦–૫૧)*

### ★ ચિંતનની પળ ! ★

તિલક તથા દહેજના રૂપમાં મળનારો માલ હરામ છે જેને પરત કરવો જરૂરી છે, નહીં તો બંને જહાનની નાકામી તથા પરેશાનીના માટે આપણે તૈયાર રહેવું જોઈએ. ઉપરોક્ત હદીષોથી એ વાત જાહેર થઈ ચૂકી કે એવા શરીરનું ઠેકાણુ જહન્નમ છે. શું આપણે આ નાશવંત દુનિયાની થોડા દિવસની લિજ્જતોની સરખામણીમાં જહન્નમના અઝાબને પ્રાધાન્ય આપીશું ?! આ તિલક તથા દહેજના કારણે આપણો સમાજ જે મુસીબતો તથા દુ:ખો, અખ્લાક઼ી બેરાહરવી, તલાક઼બાજી, આત્મહત્યા, ક઼ત્લ તથા ખૂનરેજી, આત્મઘાત તથા બેચેની તથા વિખવાદનો સામનો કરી રહેલ છે એનાથી આપણે સારી રીતે વાકેફ઼ નથી ?! અને એના કારણે નાફ઼ર્માન ઔલાદની પેદાઈશ અને એવા હરામ માલનું કોઈ ન કોઈ બહાને ખત્મ થઈ જવાનો અનુભવ દરેક બુધ્ધિવાન સમજદારની આંખો કરતી રહે છે.

### ★ દહેજની વિરૂધ્ધ વચન તથા વાયદો ★

આપણે જાણીએ છીએ કે :–

- ✭ દહેજની માગણી કરવી એક જુર્મ છે.
- ✭ દહેજ ન કેવળ સ્ત્રી બલ્કે પુરૂષ પર અત્યાચાર છે.
- ✭ દહેજ એક શરાફ઼તપૂર્ણ ડાકૂગીરી છે.
- ✭ દહેજને જાહિલાના રસમ સમજવામાં આવે.





- ✭ તે લોકો જેઓ દહેજની માગણી કરે છે તેઓ નાસમજ છે, ભાન વિનાના તથા લાલચી છે.
- ✭ દહેજ સ્ત્રી પર અત્યાચારનો એક મહત્વનો સબબ છે.
- ✭ એટલા માટે આપણે દુ:ખી છીએ. દહેજની શિકાર સ્ત્રીઓના મજબૂર મા બાપોની લાચારી પર આપણે સાચા દિલથી એ વાયદો કરીએ છીએ કે :–
  - ✪ જ્યારે અમારી શાદીનો સમય આવશે તો અમે દહેજની માગણી કરીશું નહીં અને ન તો આપણા વડીલોને આ ફ઼ુઝૂલ રસમને ચાલુ રાખવા મદદ કરીશું.
  - ✪ કેમ કે અમે દહેજની માગણીને મર્દાનગીની તૌહીન સમજીએ છીએ અને અમારી ગૈરત, અમારી ખુદ્દારી અમારાથી દહેજ ન લેવાની માગણી કરે છે.

**અમો ઈન્કાર કરીએ છીએ દહેજથી !**

**અમો ઈન્કાર કરીએ છીએ દહેજથી !**

**અમો ઈન્કાર કરીએ છીએ દહેજથી !**

- ✪ દહેજની લઅનતનો ખાત્મો કેવળ અને કેવળ આપણે ખૂદ કરી શકીએ છીએ. આ મસ્અલાને વ્યક્તિગત રીતે હલ કરી શકાય છે. જરૂરત એ વાતની છે કે આપણે સૌ પ્રથમ આપણા ઘરેથી શરૂ કરીએ.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ

# પતિ પત્નીના હક્કો


લેખક....

અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ, હઝરત મૌલાના

**મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)


-::: અનુક્રમણિકા :::-


| | |
|---|---|
| સદ્‌વર્તાવનો હુકમ | 085 |
| સદ્‌વર્તાવનાં અમુક દષ્ટાંતો | 086 |
| બંનેના સમાન હક્કો | 088 |
| સૌથી સારો કોણ ? | 089 |
| સ્ત્રીઓને મારવાની મનાઈ | 090 |
| ત્રણ મહત્વની વાતો | 091 |
| તકલીફ પર સબ્ર | 092 |
| સ્ત્રીઓ પર પતિના હક્કો | 092 |
| નેક સ્ત્રી કોણ ? | 093 |
| પતિની નાશુક્રીની સજા | 093 |
| ફરિશ્તાઓની લઅનત ! | 094 |
| પતિનું આજ્ઞાપાલન જરૂરી | 095 |
| અલ્લાહનો હક્ક અદા થશે | 096 |
| પતિના આજ્ઞાપાલનનો બદલો જન્નત ! | 097 |
| નમાઝ કબૂલ નથી થતી ! | 098 |
| પતિના હક્કોની વિગત | 099 |
| ડો. લોરેન્સનો ખટકો | 100 |
| આ ચીજોનો લેહાઝ કરો | 101 |
| પતિની સેવાનો મહાન બદલો ! | 102 |
| ઈમામ ગઝાલીની નસીહતો | 104 |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡكَ وَسَلَّمَ

મોહસિને ઈન્સાનિયત હુઝૂર ﷺના દુનિયામાં આગમન પહેલાં દુનિયામાં દરેક શખ્સ પોતાના હક્કો તથા ફર્ઝોથી ગાફેલ હતો. પુરૂષ સ્ત્રીઓ પાસે પોતાના સર્વ હક્કો અદા કરાવતા હતા પણ સ્ત્રીઓને એક દાસીની હેસિયતથી રાખતા હતા. ન એમના હક્કોની અદાયગી કરતા હતા ન તો તેણીઓને કોઈ માન મર્તબો આપતા હતા. ઈસ્લામ ધર્મ જાહેર થતાં જ આખી માનવ જાતને તેના હક્કોથી માહિતગાર કરી દેવામાં આવી. પુરૂષોને તેમના હક્કો બતાવવામાં આવ્યા, સ્ત્રીઓને તેમના હક્કો અપાવવામાં આવ્યા અને સૌના હક્કોની રક્ષાના માટે અલ્લાહનો કાનૂન આસ્માનથી નાઝિલ થયો.

પુરૂષ પર નિકાહ પછી પત્નીના હક્કોને અદા કરવું લાઝિમ થઈ જાય છે કે જો તે એમાં ઉણપ વર્તે છે અથવા તેને ભૂલી જાય છે તો ઈસ્લામી દષ્ટિએ અલ્લાહના અઝાબને પાત્ર થશે. પતિ પર પત્નીના શું શું હક્કો છે ? કુર્આન તથા હદીષમાં એની સંપૂર્ણ સ્પષ્ટતા વર્ણન થયેલી છે, તેને વાંચો અને અમલ કરવાની કોશિશ કરો.

### ★ સદ્‌વર્તાવનો હુકમ ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ عَاشِرُوۡهُنَّ بِالۡمَعۡرُوۡفِ فَاِنۡ كَرِهۡتُمُوۡهُنَّ فَعَسٰى اَنۡ تَكۡرَهُوۡا شَيۡـًٔا

وَّ يَجۡعَلَ اللّٰهُ فِيۡهِ خَيۡرًا كَثِيۡرًا





"પોતાની પત્નીઓની સાથે નેકી તથા ભલાઈની સાથે જિંદગી પસાર કરો, શક્ય છે કે તમે કોઈ વાતને ના પસંદ કરો અને અલ્લાહ તઆલાએ એમાં પુષ્કળ ભલાઈ રાખી હોય." *(સૂ. નિસાઅ–૧૯)*

અલ્લાહ ﷻએ પત્નીઓ સાથે નેકી તથા ભલાઈની સાથે જિંદગી ગુજારવાનો હુકમ આપ્યો જેથી પતિ માટે અનિવાર્ય ઠરે છે કે પોતાની પત્નીની સાથે સારો વર્તાવ કરે, પતિ પર પતિની હેસિયતથી પોતાની પત્ની તથા બાળકોને ખાવા, કપડાં તથા રહેઠાણની જિમ્મેદારી છે.

### ★ સદ્‌વર્તાવનાં અમુક દષ્ટાંતો ★

હુઝૂર રહમતે આલમ ﷺ પોતાની પવિત્ર પત્નીઓની સાથે ખૂબ જ સારી રીતે ખુશમિઝાજી તથા ખુશ અખ્લાકી સાથે પોતાના જીવનના દિવસ રાત પસાર કરતા હતા. આપની પત્નીઓની કાળજી તથા તેના દિલ રાખવા વિશેના અમુક બનાવો જોઈ લો.

**૧.** હઝરત આઈશા સિદ્દીકા رضي الله عنها વર્ણન કરે છે કે : **كَانَ يَكُوۡنُ فِىۡ مِهۡنَةِ اَهۡلِهٖ** "હુઝૂર ﷺ ઘરનાં કામોમાં પત્નીઓને સાથ આપતા હતા." *(બુખારી શરીફ–૬૭૬)*

દા.ત. કદીક ઝાડુ મારી આપ્યુ તો કદીક પથારી વાળી આપતા, આટો ગુંદી આપતા કે સીવવા પરોવવાના કામમાં મશ્ગૂલ થઈ ગયા. પરંતુ અફસોસ કે આજના પતિઓ સર્વ કામો પત્નીઓથી લેવા ચાહે છે, તેમની નાઝ બરદારી તથા તેમની રાહત તથા આરામનો ખયાલ નથી કરતા, તો એવું ન થવું જોઈએ.

**૨.** હઝરત આઈશા સિદ્દીકા رضي الله عنها ફર્માવે : અરબની ૧૧ સ્ત્રીઓ ભેગી થઈ અને દરેકે પોત પોતાના પતિઓની સ્થિતિ તથા વર્તાવને વર્ણન કર્યો. અગ્યારમી સ્ત્રી જેનું નામ ઉમ્મે ઝરઅ હતું તેણીએ પોતાના પતિ ઉમ્મે ઝરઅની ખૂબ જ પ્રશંસા કરી કે હું એક ગરીબ ઘરની દીકરી હતી, ખૂબ જ તંગી તથા તકલીફમાં દિવસો જતા હતા. પણ અબૂ ઝરએ મને ઊંટોવાળી, ઘોડાઓવાળી, બાગોવાળી, પશુઓવાળી, ખેતરોવાળી, મહેલોવાળી બનાવી દીધી, અને હવે હાલ એ છે કે દૂધના મોટાં મોટાં માટલાં ઘરમાં ભરેલાં રહે છે. ઝવેરાત એટલાં છે કે મારા કાન તૂટી ગયા, સોના

ચાંદીનાં ઘરેણાંઓથી મને લાદી દીધી અને તે ઉમદા ખાણા અને સારા સારા ખોરાકો કે ચરબીથી મારા બાવડાં ભરાઈ ગયાં. મને ખૂબ જ ખુશ કરી અને હુ પણ તેનાથી ખૂબ જ ખુશ છુ, કદીક બકી નાખુ છુ તો નારાજ નથી થતા અને ન કદી બુરુ કહે છે. હું મારા ઘરમાં માલિક તથા મુખ્ત્યાર છુ, જ્યાં ચાહુ જેવી રીતે ચાહુ રહુ અને ખર્ચ કરુ, એમાં જરા પણ રોકટોક નથી કરતા. કેટકેટલી ખિદમતગુઝાર લોંડીઓ મારી સેવામાં રહે છે અને અબૂ ઝરઅ મને કહેતા રહે છે કે, ઉમ્મે ઝરઅ ! ખૂબ ખાવ, પીઓ અને પોતાનાં બાળ બચ્ચાંને પણ ખવડાવો. હુઝૂર રહમતે દો આલમ ﷺ એ આ કિસ્સો સાંભળીને ફર્માવ્યું, ''હું મારી પત્નીઓના માટે એવો જ છું જેવા કે ઉમ્મે ઝરઅના હક્કમાં અબૂ ઝરઅ છે.'' *(બુખારી શરીફ–૫૧૮૯)*

**3.** હુઝૂર ﷺ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને ખુશ કરવાના માટે તેમની સહેલીઓને રમવા માટે ઢીંગલીઓ મોકલી આપતા હતા. એકવાર હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે ઘોડાની ઢીંગલી જોઈ જેની બંને બાજુએ પાંખો લાગેલી હતી. ફર્માવ્યું, આ ઘોડો કેવો છે ? એની બંને પાંખો કેવી છે ? હઝરત આઈશાએ જવાબ આપ્યો કે હઝરત સુલેમાનના ઘોડાને પાંખો ન હતી ?! એને સાંભળીને હુઝૂર ખૂબ જ હસ્યા. *(અબૂ દાઊદ)*

**૪.** ખૈબરથી પરત થતી વખતે એક સ્થળે હુઝૂર ﷺ ની ઊંટણી સરકી પડી અને હુઝૂર ગબડી ગયા અને ઉમ્મુલ મોમિનીન હઝરત સફિય્યહ પણ ગબડી પડયાં. હઝરત અબૂ તલ્હા આપને સંભાળવાના માટે આપની તરફ દોડયા તો આપે ફર્માવ્યું : **عليك بالمراة** પ્રથમ સ્ત્રીની ખબર લો ! જેથી અબૂ તલ્હા પોતાના ચહેરા પર કપડુ નાખીને તેમના તરફ ચાલ્યા. જ્યારે તેમની પાસે પહોંચી ગયા તો તે જ કપડુ તેણીના ઉપર રાખી દીધું અને કાઠલો ઠીક કરીને તેમને સવાર કરી આપ્યાં. *(મુસ્નદે અહમદ–૧૩૩૧૦)*

આ અમુક બનાવો પરથી હુઝૂર ﷺ ની ખુશમિઝાજી તથા સદ્વર્તાવ તેમજ પાક બીવીઓ સાથે ખૂબ સૂરત જિંદગી ગુજારવાની અમુક કૈફિયતો માલૂમ પડે છે. આપણે પણ આપ ﷺ ના તૌર તરીકા પર અમલ કરવો જોઈઓ.





## ★ બંનેના સમાન હક્કો ★

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **وَلَهُنَّ مِثْلُ الَّذِىْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ** ''અને પત્નીઓનો હક્ક પતિઓ પર એવો જ છે જેવો કે પત્નીઓ પર છે દસ્તૂર પ્રમાણે.'' *(સૂ. બકરહ–૨૨૮)*

ઈસ્લામ ન્યાય તથા સમાનતાનો મઝહબ છે. ઈસ્લામે જે રીતે સ્ત્રીઓ પર તેમના પતિઓના હક્કો રાખ્યા છે એ જ પ્રમાણે પતિઓ ઉપર પણ પત્નીઓના હક્કો રાખ્યા છે. આજે ઈસ્લામ પર લોકો આક્ષેપબાજી કરે છે અને એ વાતનો કુપ્રચાર કરે છે કે ઈસ્લામે સ્ત્રીઓથી તેમના હક્કો છીનવી લીધા છે, તેમના પર પાબંદીઓ લગાડી દીધી છે. હું કહેવા માગું છું કે કુર્આન મુકદ્દસની કેવળ વર્ણવેલી આયતને ન્યાય તથા ઈન્સાફની દૃષ્ટિએ વાંચો તો ઈસ્લામના દુશ્મનની આંખ ખુલી જાય કે ઈસ્લામે જેવી રીતે પત્નીઓ પર પતિઓના હક્કો રાખ્યા છે એ જ પ્રમાણે પતિઓને પણ પત્નીઓના હક્કોની અદાયગીનો હુકમ ફર્માવ્યો છે. ઈસ્લામે તો સ્ત્રીને એ ઈજ્જત તથા મર્તબો આપ્યો છે કે અન્ય કોઈપણ મઝહબમાં તેણીને એ મર્તબો ઉપલબ્ધ જ નથી.

ઉપરોક્ત આયતની તફસીરમાં તફસીરે નઈમીના કર્તા લખે છે : ઈસ્લામથી પહેલાં અરબ બલ્કે હિંદુસ્તાનમાં પણ સ્ત્રીને ઢોરોના જેમ સમજવામાં આવતી હતી કે પતિ કેવળ પોતાની સેવાના માટે ખાણુ કપડાં આપીને તેણીઓ સાથે ગુલામો જેવો વર્તાવ કરતા હતા બલ્કે તેમનો માલ મિલ્કતની જેમ ઉપયોગ કરતા હતા. ઈસ્લામે સ્ત્રીને નીચેથી ઉપર ઉઠાવી, તેણીના હક્કો પણ સ્થાપિત કર્યા, પણ બિલકુલ બરાબરી કરવામાં ઘર વ્યવસ્થા સ્થાપિત નથી રહી શક્તી. દેશની તથા ઘરેલુ વ્યવસ્થા માટે કોઈ અધિકારી જરૂર હોવો જોઈએ. જો દેશમાં કોઈ રાજા ન હોય, સૌ સમાન હોય તો તેની બર્બાદી નિશ્ચિત છે, એટલા માટે પુરૂષોને સ્ત્રીઓના હાકિમ બનાવ્યા, કેમ કે પુરૂષમાં શક્તિ, બહાદુરી, બુધ્ધિ વગેરે અધિક પ્રમાણમાં છે તેમજ એના માથે પત્નીનો સઘળો ખર્ચ છે. અમુક હક્કો તો સંયુક્ત છે અને અમુક ખાસ હક્કો છે. સંયુક્ત હક્કો બે પ્રકારના છે : એક **શરઈ હક્કો** જેનો દાવો કરી શકાય છે અને જેને અદા કરવા હાકિમ મજબૂર કરી

શકે છે. બીજા **અખ્લાકી હક્કો** કે જેને અદા કરવા જરૂરી પણ તેનો અદાલતમાં દાવો નથી થઈ શક્તો. સ્ત્રીના **શરઈ હક્કો** પતિ પર ચાર પ્રકારના છે : **૧.** ખાણુ કે જેવું પોતે ખાય તે તેણીને પણ ખવડાવે. **૨.** કપડાં કે જેવાં પોતે પહેરે તેમ તેણીને પણ પહેરાવે અને શક્તિ અનુસાર તેણીને આરામમાં રાખે. **૩.** મકાન કે શક્તિ અનુસાર તેણીને રહેઠાણની વ્યવસ્થા કરે. **૪.** સંભોગ કરે.

પતિના માટે જરૂરી છે કે બીમારીમાં તેણીનો ઈલાજ કરાવે, ક્યારેક ક્યારેક તેણીને પિયરવાળાઓ સાથે મિલાવતો રહે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હું મારી પત્નીને રાજી કરવાના માટે સારો લિબાસ પહેરું છું કે જ્યારે મેલાં કપડાંમાં તે મને સારી નથી લાગતી તો પછી હું તેને કેવી રીતે સારો લાગીશ.

હદીષ શરીફમાં છે કે, "જો તમે કયામતમાં મારી નિકટતા ચાહો છો તો તમારી પત્નીઓને રાજી રાખો. બલ્કે તેણીને રાજી કરવા માટે તેમનાં પિયરવાળાંઓ બલ્કે તેણીની સહેલીઓ સાથે પણ સારો વર્તાવ કરો." હુઝૂર ﷺ હઝરત ખદીજાની વફાતના પછી તેમના તરફથી કુર્બાની કરતા જેનો ગોશ્ત હઝરત ખદીજાની સહેલીઓમાં વહેંચતા. જેથી પુરૂષે જોઈએ કે પત્નીના મૃત્યુ પછી તીજીયા, દસમા, ચાલીસમા, વરસી તથા સદકાઓ વગેરે તેણીના ઈસાલે સવાબ માટે કરે. એ પણ બેહતર છે કે જિંદગીમાં પોતાની પત્નીને જે સ્ત્રીઓ સાથે મેલ મહોબ્બત હોય તેમને તે ફાતિહાનું ખાણુ મોકલે, તેમને મૃત્યુ બાદ ભલાઈની સાથે યાદ કરે, તેણીના માટે મગફેરતની દુઆ કરે, તેણીનાં મા બાપ તથા સગાંઓનું હમેશાં માન સાચવે. જ્યારે કે હુઝૂરે હઝરત ખદીજાની સહેલીઓ સાથે આવો વર્તાવ કર્યો તો પછી પત્નીનાં મા બાપ તથા સગાંઓ તો અધિક સદ્વર્તાવનાં હક્કદાર છે. સારાંશ કે બંનેમાંથી દરેક એકબીજાને ખુશ રાખવાની અતિશય જાઈઝ કોશિશ કરે. *(તફસીરે નઈમી, ૨/૪૯૩)*

## ★ સૌથી સારો કોણ ? ★

રસૂલે મકબૂલ ﷺ એ ફર્માવ્યું છે :–

**خَیۡرُکُمۡ خَیۡرُکُمۡ لِاَهۡلِهٖ وَ اَنَا خَیۡرُکُمۡ لِاَهۡلِیۡ** "તમારામાં સૌથી બેહતર તે છે જે પોતાની પત્નીના માટે બેહતર હોય, અને હું મારી પત્નીઓના





માટે તમારામાં સૌથી બેહતર છું." *(ઈબ્ને માજહ–૨૦૫૩)*

આ હદીષનો ભાવાર્થ તદ્દન સ્પષ્ટ છે કે જે શખ્સ પોતાની પત્નીના માટે બેહતર હોય તે સૌથી બેહતર માણસ છે. કેમ કે પત્ની પતિના હેઠળ હોય છે, તેણીના પર તેને હાકિમ બનાવી દેવામાં આવ્યો છે, જેથી મોટાભાગે એવું બને છે કે લોકો પોતાની સત્તાનો દુરુપયોગ કરવાનું શરૂ કરી આપે છે. એટલા માટે ફર્માવવામાં આવ્યું કે જે પોતાની પત્નીની નજરમાં બેહતર હોય, એટલે કે તેણીની સાથે સારો વર્તાવ કરે, તેણીના દિલમાં પોતાના માટે જગા બનાવી લે તે શ્રેષ્ઠ માનવ છે. અને પછી રહમતે આલમ ﷺ એ પોતાનું દષ્ટાંત પણ રજૂ કર્યું કે હું તમારામાં મારી પત્નીઓ માટે સૌથી શ્રેષ્ઠ છું. કેમ કે હુઝૂર રહમતે આલમ ﷺએ પોતાની સર્વ પત્નીઓ સાથે હમેશાં મૈત્રીપૂર્ણ તથા નમ્ર વર્તાવ કર્યો છે, કદી કોઈનો હક્ક નથી માર્યો અને સર્વ પત્નીઓની વચ્ચે ન્યાય તથા સમાનતાનો ખાસ ખયાલ રાખ્યો છે. આપ એમના દિલને ખુશ પણ કરતા હતા. આપની જાત જિંદગીના દરેક મોડ પર આપણા માટે રહનુમા તથા રહબર છે, જેથી આપણી પત્નીઓના હક્કોની અદાયગીમાં પણ આપણે રહમતે આલમ ﷺની જાતને જોવી જોઈએ અને આપના બતાવેલા માર્ગ પર અમલ કરવો જોઈએ.

## ★ સ્ત્રીઓને મારવાની મનાઈ ★

હઝરત મુઆવિયહ કુશૈરીથી રિવાયત છે, તેમણે કહ્યું કે મેં નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી કે આપ અમારી સ્ત્રીઓના બારામાં શું ફર્માવો છો ? હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તેણીઓને તે ખવડાવો જે તમે ખાવ છો અને તેણીઓને તે પહેરાવો જે તમે પહેરો છો, ન તેણીઓને મારો અને ન તેમને ભલુબુરુ કહો. *(અબૂ દાઊદ–૨૧૪૬)*

એકવાર વલીદ બિન ઉકબાની પત્ની હુઝૂર ﷺને ફરિયાદ કરવા આવી કે વલીદ મને ખૂબ જ મારે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે વલીદને જઈને જણાવી આપજો કે હુઝૂર ﷺએ મને પોતાની પનાહમાં લઈ લીધેલ છે. થોડીવાર પછી તેણી ફરી આવી અને કહેવા લાગી કે હવે તો વલીદે મને અધિક મારી છે. એ સાંભળીને હુઝૂર ﷺએ કપડાનો એક ટુકડો કાપીને નિશાની રૂપે અતા ફર્માવ્યો. સ્ત્રીએ જઈને દેખાડયું તો તેણે પત્નીને અધિક

મારી. ફરી તે શિકાયત લઈને હાજર થઈ. હવે આપે વલીદ પર બદદુઆ ફર્માવી. *(મુન્તખબે કન્ઝુલ ઉમ્મા)*

હઝરત ફાતિમા બિન્તે કૈસ હુઝૂર રહમતે આલમ ﷺની પાસે મશ્વરો કરવા આવ્યાં કે મારી સાથે બે શખ્સો નિકાહના ઈચ્છુક છે, એક અબૂ જહમ બીજા મુઆવિયહ. હુઝૂર રહમતે આલમ ﷺ એ ફર્માવ્યું, કે એ બંનેવ યોગ્ય નથી. અબૂ જહમ તો એટલા માટે યોગ્ય નથી કે ખૂબ જ મારનારો છે, કદી એની લાઠી ગરદનથી અલગ નથી થતી. પરંતુ મુઆવિયહ ફકીર તથા તંગદસ્ત છે તમારું ગુજરાન ત્યાં સારી રીતે નહીં થાય.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**اَلْمَرْأَۃُ کَالضِّلَعِ اِنْ اَقَمْتَهَا کَسَرْتَهَا وَ هِیَ یُسْتَمْتَعُ بِهَا عَلٰی عِوَجٍ**

"સ્ત્રી પાંસળીની જેમ છે જો તેને સીધી કરશો તો તોડી નાખશો. તેણી સાથે તેના ટેઢાપણુ સાથે જ ફાયદો ઉઠાવી શકાય છે. *(ઈબ્ને માજહ–૧૩૩)*

આ રિવાયતોથી જાણવા મળ્યું કે સ્ત્રીઓના મામલામાં સબ્ર તથા સંયમથી કામ લેવું જોઈએ અને અમલી હિકમત તથા શાણપણ સાથે કામ લેવું જાઈએ.

### ★ ત્રણ મહત્વની વાતો ★

લોકોએ સાંભળ્યું કે જનાબ રહમતુલ લિલ્ આલમીન ﷺ વફાત શરીફના વખતે ધીમે ધીમેથી આ ત્રણ વાતો ફર્માવતા હતા : **નમાઝ પઢો, લોંડી ગુલામોની સાથે ભલાઈ કર્યા કરો** અને સ્ત્રીઓના બારામાં અલ્લાહ જ અલ્લાહ છે ! એ તમારી કૈદી છે, **તેણીઓ સાથે સારો વર્તાવ કરો.** *(કીમીયાએ સઆદત–૨૬૨)*

ઉપરોક્ત ત્રણેવ વાતો હુઝૂર રહમતે આલમ ﷺની અંતિમ નસીહત તથા વસિયત છે. જાણો કે હુઝૂર રહમતે આલમ ﷺને ઉમ્મતના સંબંધે આ ત્રણ વાતોથી અધિક ખટકો હતો, એટલા માટે આપ વિસાલ શરીફના સમયે પણ આ ત્રણ ચીજોની તાકીદ ફર્માવી રહ્યા હતા. **આજે આપણી વચ્ચે આ ત્રણ વાતો આમ થઈ ચૂકી છે. આપણે નમાઝોથી દિન**





**પ્રતિ દિન ગાફેલ થતા જઈ રહ્યા છીએ. આપણા હાથ નીચેનાઓ અને આપણા નોકરો પર જોર તથા જુલ્મ કરવાની આપણી નિશાની બની ચૂકી છે અને પત્નીના હક્કોની પાયમાલી આપણી આદત બની ચૂકી છે.** જાણે રહમતે આલમ ﷺ આજથી ૧૪૦૦ વરસ પહેલાંથી જ એ જોઈ રહ્યા હતા કે એક દૌર એવો આવનાર છે જેમાં આ ત્રણ વાતો આમ (સામાન્ય) થઈ જશે, જેથી આપે આપની વફાતના સમયે પણ આ ત્રણેવ વાતોની વસિયત ફર્માવી. જો આપણે મહબ્બતે રસૂલના દાવેદાર છીએ તો આપણી ફરજ બને છે કે આપની મુબારક ઝબાનથી નીકળેલ દરેક દરેક શબ્દને અમલી સ્વરૂપ આપીએ.

### ★ તકલીફ પર સબ્ર ★

રસૂલે મક્બૂલ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ પોતાની પત્નીના કટુ સ્વભાવ (દુર્વ્યવહાર) પર સબ્ર કરે તેને એટલો સવાબ મળશે જેટલો હઝરત ઐયૂબ علیہ السلامને તેમની મુસીબત પર મળ્યો. *(કીમીયાએ સઆદત–૨૬૨)*

### ★ સ્ત્રીઓ પર પતિના હક્કો ★

હે ઈસ્લામની મુકદ્દસ શહઝાદીઓ ! અલ્લાહ તઆલાએ પતિઓને પત્નીઓ પર હાકિમ બનાવ્યા છે અને ઘણી મહાન બુઝુર્ગી આપી છે. જેમ કે કુર્આને મુકદ્દસમાં અલ્લાહ રબ્બુલ ઈઝઝતે ઈર્શાદ ફર્માવ્યો : **اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَی النِّسَآءِ** "પુરૂષ સ્ત્રીઓ પર હાકિમ છે." *(સૂ. નિસાઅ, આ. ૩૪)*

ઈસ્લામની મુકદ્દસ શહઝાદીઓ ! એક હાકિમનો હોદ્દો કેટલો બુલંદ હોય છે કે જો તે શરીઅત પાકની રોશનીમાં પોતાની હુકૂમત ચલાવી રહ્યો છે અને તેની પ્રજામાંથી કોઈ તેની સાથે બગાવત કરે તો તેની સજા મૌત છે. અલ્લાહ عزوجلએ આ આયતમાં સ્ત્રીઓ પર પુરૂષોને હાકિમ ઠરાવ્યા, એનો મતલબ એ છે કે પુરૂષ જો સ્ત્રીના હક્કોની અદાયગી કરે છે અને પત્ની જો તેના હુકમોની વિરૂધ્ધ વર્તન કરે છે તો કાલે કયામતના દિવસે એવી સ્ત્રી જરૂર અને જરૂર અલ્લાહના અઝાબને પાત્ર ઠરશે. એટલા માટે દરેક સ્ત્રી પર ફર્ઝ છે કે તેણી પોતાના પતિનો હુકમ માને અને ખુશીપૂર્વક પોતાના પતિના દરેક જાઈઝ હુકમનું પાલન કરે, કેમ કે અલ્લાહ તઆલાએ

પતિનો ઘણો જ મોટો હક્ક઼ બનાવ્યો છે. યાદ રાખો કે પતિને રાજી તથા ખુશ રાખવો ઘણી જ મહાન ઈબાદત છે અને પતિને નારાજ તથા નાખુશ રાખવો ઘણો જ મહાન ગુનોહ છે.

## ★ નેક સ્ત્રી કોણ ? ★

અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

**فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ**

''નેક સ્ત્રી (ખુદાવંદની) ફર્માબરદારી કરે છે અને પતિની ગેરહાજરીમાં (તેના માલ તથા ઈજ્જતની) હિફાઝત કરે છે જે રીતે અલ્લાહ عزوجلએ હિફાઝતનો હુકમ આપ્યો છે. *(સૂ. નિસાઅ–૩૪)*

પત્ની પર ફર્ઝ છે કે તે પોતાના પતિની ફર્માબરદારી તથા આજ્ઞાપાલન કરે અને પતિની ગૈરહાજરીમાં તેની માલો દૌલત અને ઈજ્જત તથા આબરૂની પણ હિફાઝત કરે. તેની ઈજ્જત તથા આબરૂથી મુરાદ એ પણ છે કે પોતાની પાકદામની (શિયળ)ની પણ રક્ષા કરે.

## ★ પતિની નાશુક્રીની સજા ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**اُرِيْتُ النَّارَ فَاِذَا اَكْثَرُ اَهْلِهَا النِّسَآءُ يَكْفُرْنَ قِيْلَ اَيَكْفُرْنَ بِاللّٰهِ قَالَ يَكْفُرْنَ الْعَشِيْرَ وَ يَكْفُرْنَ الْاِحْسَانَ لَوْ اَحْسَنْتَ اِلٰى اِحْدَاهُنَّ الدَّهْرَ ثُمَّ رَأَتْ مِنْكَ شَيْئًا قَالَتْ مَا رَأَيْتُ مِنْكَ خَيْرًا قَطُّ**

''મને જહન્નમની આગ દેખાડવામાં આવી. જહન્નમમાં એ સ્ત્રીઓની સંખ્યા વધુ હતી જેઓ નાશુક્રી કરે છે. પૂછવામાં આવ્યું કે શું અલ્લાહ તઆલાની નાશુક્રી કરે છે ? ફર્માવ્યું, પતિની નાફર્માની કરે છે અને એના એહસાનોનો શુક્ર અદા નથી કરતી. જો તમો આખી જિંદગી તેણીઓ સાથે એહસાન કરતા રહો અને કેવળ એક દિવસે તે તમારાથી કોઈ નાપસંદીદા ચીજ જુએ તો કહે છે કે મને તમારાથી કદી ભલાઈ નથી પહોંચી. *(બુખારી, ૧/૯)*





હુઝૂર નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

**لَا يَنْظُرُ اللّٰهُ اِلٰى امْرَأَةٍ لَا تَشْكُرُ لِزَوْجِهَا** ''ખુદાએ વહદહૂ લાશરીક એ સ્ત્રીને રહેમની નજરે ન જોશે જે પતિની નાફર્માની તથા નાશુક્રી કરે. *(બયહકી શરીફ–૧૫૧૧૭)*

સ્ત્રીઓમાં મોટાભાગે નાશુક્રી તથા પતિઓની નાફર્માનીની આદત જોવા મળે છે. સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જહન્નમમાં સૌથી અધિક તે સ્ત્રીઓ હશે જેઓ પોતાના પતિઓની નાફર્માની તથા નાશુક્રી કરે છે, જેથી આપણી ઈસ્લામી બહેનોએ હમેશાં પોતાના પતિઓની આજ્ઞાપાલન તથા ફર્માબરદારી અને શુક્ર ગુઝારી કરતા રહેવું જોઈએ જેથી જહન્નમના ભડકતા શોલાઓથી મેહફૂઝ રહી શકે.

## ★ ફરિશ્તાઓની લઅનત ! ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**اِنَّ حَقَّ الزَّوْجِ عَلٰى زَوْجَتِهٖ اِنْ سَأَلَهَا نَفْسَهَا وَ هِيَ عَلٰى ظَهْرِ بَعِيْرٍ اَنْ لَّا تَمْنَعَهٗ نَفْسَهَا وَمِنْ حَقِّ الزَّوْجِ عَلَى الزَّوْجَةِ اَنْ لَّا تَصُوْمَ تَطَوُّعًا اِلَّا بِاِذْنِهٖ فَاِنْ فَعَلَتْ جَاعَتْ وَعَطِشَتْ وَ لَا يُقْبَلُ مِنْهَا وَ لَا تَخْرُجَ مِنْ بَيْتِهَا اِلَّا بِاِذْنِهٖ فَاِنْ فَعَلَتْ لَعَنَتْهَا مَلٰٓئِكَةُ السَّمَاءِ وَمَلٰٓئِكَةُ الرَّحْمَةِ وَ مَلٰٓئِكَةُ الْعَذَابِ حَتّٰى تَرْجِعَ**

''પત્ની પર પતિનો હક્ક઼ એ છે કે જ્યારે પતિ (નિટકતા માટે) બોલાવે તો તે તુરત જ આવી જાય ભલે તે એ વખતે સફરના માટે ઊંટની ઉપર હોય. અને પત્ની પર પતિનો હક્ક઼ એ છે કે તેની ઈજાઝત વિના નફલી રોઝા ન રાખે, અને જો રાખશે તો તે ક઼બૂલ નહીં થાય, તે કેવળ ભૂખ અને તરસ છે. અને ઘરેથી તેની ઈજાઝત વિના ન નીકળે, જો ગઈ તો આસ્માનના ફરિશ્તા, રહમતના ફરિશ્તા તથા અઝાબના ફરિશ્તા સૌ એના પર લઅનત કરશે જ્યાં સુધી પરત થઈને નથી આવતી. *(મજમઉઝ્ઝવાઈદ, ૪/૩૦૭)*

આ હદીષમાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ કેટલા સ્પષ્ટ અંદાઝમાં પતિનુ મહત્વ તથા પત્ની પર તેના હક્કોને વર્ણાવ્યા છે કે એક પત્ની પતિની

ઈજાઝત વિના નફલી ઈબાદત પણ નથી કરી શકતી, અને જો નફલ રોઝા રાખે પણ છે તો સવાબથી વંચિત રહેશે. અને જો કોઈ સ્ત્રી પતિની રજા વિના ઘરથી બહાર નીકળે છે તો જ્યાં સુધી તે ઘરે પરત ન પહોંચી જાય ત્યાં સુધી અલ્લાહના માસૂમ ફરિશ્તા તેણીના ઉપર લઅનત વરસાવતા રહે છે. અને ફરિશ્તાઓની લઅનત ! (અલ્લાહુ અકબર !) તે ફરિશ્તાઓ જેઓ ગુનાહોથી બિલકુલ પાક તથા સાફ હોય છે જેઓ હમેશાં અલ્લાહના આજ્ઞાપાલન તથા ફર્માબરદારીમાં મશગૂલ રહે છે તેઓ જેના લઅનત કરી આપે તો શું તેના પર અલ્લાહ રહમની નજર ફર્માવશે ? નહીં ! હરગિઝ નહીં ! જેથી ઈસ્લામી બહેનો આ હદીષથી સબક઼ શીખે અને પોતાના પતિઓની ક઼દર કરે. તેમની ઈજાઝત વગર ઘરેથી ક઼દમ બહાર ન કાઢે અને હમેશાં તેમના હક્કોની અદાયગી કરતી રહે જેથી ફરિશ્તાઓની લઅનત અને અલ્લાહ عزوجلના અઝાબથી મેહફૂઝ રહી શકે છે.

### ★ પતિનું આજ્ઞાપાલન જરૂરી ★

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

**لَو اَمَرْتُ اَحَدًا اَنْ يَّسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا وَلَوْ اَنَّ رَجُلًا اَمَرَ اِمْرَأَةً اَنْ تُنْقِلَ مِنْ جَبَلٍ اَحْمَرَ اِلٰى جَبَلٍ اَسْوَدَ وَمِنْ جَبَلٍ اَسْوَدَ اِلٰى جَبَلٍ اَحْمَرَ لَكَانَ نَوْلُهَا اَنْ تَفْعَلَ**

''જો હું કોઈને કોઈના સજદાનો હુકમ આપત તો જરૂર સ્ત્રીઓને હુકમ આપત કે તેણીઓ પોતાના પતિઓને સિજદો કરે, અને જો કોઈ શખ્સ પોતાની પત્નીઓને હુકમ આપે કે લાલ પહાડને કાળો કરી આપ અને કાળા પહાડને લાલ કરી આપ, તો એના પર એ હક્ક઼ બને છે કે તેણી એવું કરે. *(ઈબ્ને માજહ–૧૩૩)*

નિસાઈએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, જો હું કોઈ શખ્સને કોઈ મખ્લૂક઼ના માટે સિજદાનો હુકમ આપત તો સ્ત્રીને હુકમ આપતો કે તે પોતાના પતિને સિજદો કરે. *(ઈબ્ને માજહ–૧૯૨૫)*

ઈસ્લામની મુક઼દ્દસ શહઝાદીઓ ! સિજદો બંદગીની એવી કૈફિયતનું





નામ છે કે એનાથી બેહતર ઈબાદતની કોઈ કૈફિયત થઈ જ નથી શકતી. સિજદાથી મસ્જૂદ (જેને કરવામાં આવે)ની શાનની મહાનતાનું એલાન થાય છે. સિજદાની હાલતમાં બંદો પોતાની મુક઼દ્દસ પેશાનીને અલ્લાહની બારગાહમાં ઝુકાવી આપે છે. હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمનું ફર્માન કે જો મખ્લૂક઼માં કોઈને સિજદાનો હુકમ હોત તો તે સ્ત્રીઓને હોત કે પોતાના પતિઓને સિજદો કરે. અને એક હદીષમાં રહમતે આલમ صلی اللہ علیہ وسلمએ તેનું કારણ પણ વર્ણવ્યું કે એનું કારણ એ છે કે અલ્લાહ عزوجلએ પુરૂષોનો હક્ક઼ સ્ત્રીઓના જિમ્મે કરી આપ્યો છે. અને હુઝૂર صلی اللہ علیہ وسلمનું એ ફર્માન કે જો કોઈ પતિ પત્નીને હુકમ આપે કે તેણી લાલ પહાડને કાળો અને કાળા પહાડને લાલ કરી આપે, તો સ્ત્રી પર અનિવાર્ય છે કે તેણી તેવું કરે. આ પરથી એ અંદાઝો લગાડી શકાય છે કે સ્ત્રીઓ પર પતિઓનું આજ્ઞાપાલન કેટલા અંશે લાઝમી છે કેમ કે પહાડને રંગવાનુ કામ કેટલુ મુશ્કેલ છે ! આ હદીષથી એ સ્ત્રીઓએ નસીહત હાંસલ કરવી જોઈએ જેઓ પોતાના પતિઓની ક઼દર નથી કરતી અને તેમના હુકમની વિરૂધ્ધ વર્તે છે.

### ★ અલ્લાહનો હક્ક઼ અદા થશે ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

**وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ لَا تُؤَدِّى الْمَرْأَةُ حَقَّ رَبِّهَا حَتّٰى تُؤَدِّىَ حَقَّ زَوْجِهَا**

''ક઼સમ છે તે ઝાતની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! સ્ત્રી ખુદાનો હક્ક઼ ત્યાં સુધી નથી અદા કરી શક્તી જ્યાં સુધી કે પોતાના પતિનો હક્ક઼ અદા ન કરી આપે. *(ઈબ્ને માજહ–૧૩૩)*

ઈસ્લામની મુક઼દ્દસ શહઝાદીઓ ! આ હદીષમાં પતિના હક્કોના મહત્વને કેટલા સારા અંદાઝમાં વર્ણન કરવામાં આવેલ છે કે જો કોઈ સ્ત્રી પોતાના પતિના હક્કોની અદાયગીમાં ઉણપ વર્તે છે તો જાણે તેણે અલ્લાહના હક્કોને પાયમાલ કરી નાખ્યા. એનાથી જાણવા મળે છે કે સ્ત્રી માટે નફલ નમાઝથી બેહતર પતિની ખિદમત છે, કેમ કે જો કોઈ સ્ત્રી પતિની ખિદમતને ત્યજીને નફલ નમાઝમાં વ્યસ્ત રહે છે તો તેનું એ નમાઝ પઢવું કાંઈ ફાયદામંદ ન થશે. ત્યાં સુધી કે એક રિવાયતમાં એ પણ મળે છે કે પત્ની પતિની ઈજાઝત વિના કોઈ નફલ ઈબાદત કરે તો ગુનેહગાર થશે.

જેમ કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, પતિનો હક્ક પત્ની પર એ છે કે પોતાના નફસ (જાન)ને એનાથી ન રોકે અને ફર્ઝ સિવાય કોઈ દિવસ એની ઈજાઝત વિના રોઝો ન રાખે. જો એવું કર્યું એટલે વિના ઈજાઝતે રોઝો રાખી લીધો તો ગુનેહગાર થઈ અને વિના ઈજાઝતે તેણીનો કોઈ અમલ કબૂલ થવાને પાત્ર નથી. જો સ્ત્રીએ કરી લીધો તો પતિને સવાબ છે અને સ્ત્રી પર ગુનોહ ! અને વિના ઈજાઝતે તેના ઘરેથી ન જાય, જો એવું કર્યું તો જ્યાં સુધી તૌબા ન કરે ત્યાં સુધી અલ્લાહ અને ફરિશ્તા તેણીના ઉપર લઅનત કરે છે. અર્ઝ કરવામાં આવી, ભલે પતિ જાલિમ હોય ?! ફર્માવ્યું, ભલે પતિ જાલિમ હોય ! *(મુસ્નફે ઈબ્ને અબી શયબા–૫)*

### ★ પતિના આજ્ઞાપાલનનો બદલો જન્નત ! ★

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

اِذَا صَلَّتِ الْمَرْأَةُ خَمْسَهَا وَ صَامَتْ شَهْرَهَا وَ حَفِظَتْ فَرْجَهَا وَ اَطَاعَتْ زَوْجَهَا قِيْلَ لَهَا ادْخُلِىْ مِنْ اَىِّ اَبْوَابِ الْجَنَّةِ شِئْتِ

"સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન મહિનાના રોઝા રાખે, અને પોતાની ઈજ્જતની હિફાઝત કરે અને પતિનું આજ્ઞાપાલન કરે તો તેણીને કહેવામાં આવશે કે જન્નતના જે દરવાજેથી ચાહે દાખલ થઈ જા !" *(મજમઉઝ્ ઝવાઈદ, ૪/૩૦૬)*

ઈસ્લામની મુકૃદસ શહઝાદીઓ ! દુનિયામાં માનવ કોઈ પણ નેકી કરે છે તો તેના દિલમાં જન્નત પામવાની તમન્ના રહે છે અને આ હદીષમાં સ્ત્રીના માટે એવી નેકીઓનું વર્ણન છે કે જો કોઈ સ્ત્રી તે નેકીઓની પાબંદ થઈ જાય તો તેણીના માટે જન્નતના સર્વ દરવાજાઓ ખોલી આપવામાં આવે છે કે જે દરવાજેથી ચાહે જન્નતમાં દાખલ થઈ શકે છે.

૧. નમાઝ પંજવક્તાની પાબંદી : નમાઝ દરેક મુસલમાન આકિલ બાલિગ પર ફર્ઝ છે, એને અદા કર્યા વિના છૂટકારો નથી. જો કોઈ શખ્સ એમાં ઉણપ વર્તે છે તો અલ્લાહના ગઝબનો શિકાર થશે, ત્યાં સુધી કે જે લોકો નમાઝને સુસ્તીથી પઢે છે તેમના બારામાં કુર્આને મુકૃદસમાં ઈર્શાદ





ફર્માવવામાં આવ્યો કે, "એ નમાઝીઓના માટે વૈલ (જહન્નમની એક વાદી) છે જેઓ પોતાની નમાઝ સુસ્તીથી અદા કરે છે." તો **જ્યારે સુસ્તીથી અદા કરનારા જહન્નમની સજાને પાત્ર થઈ શકે છે તો જે લોકો મુદ્દલે નમાઝ જ નથી પઢતા તેમનો શો હાલ થશે ?**

૨. રમઝાનના રોઝા : માહે રમઝાનુલ મુબારકના રોઝા પણ દરેક આકિલ બાલિગ પુરૂષ સ્ત્રી પર ફર્ઝ છે વિના ઉઝરે જો કોઈ એને છોડી આપે તો સખ્ત અઝાબમાં સપડાશે.

૩. પોતાની ઈજ્જત (ચારિત્ર)ની હિફાઝત : એટલે કે ગૈર મેહરમો સામે બેપર્દગી ન કરે, શરીઅતનાં વર્તુળમાં રહીને જીવન પસાર કરે અને બદકારી તથા તેના સર્વ દ્વારોથી દૂર રહે.

૪. પોતાના પતિનું આજ્ઞાપાલન કરે. એટલે કે પતિના સર્વ હક્કોને અદા કરતી રહે, તેના હુકમ પર અમલ કરતી રહે અને કદી તેના દિલને તકલીફ ન પહોંચાડે તો એવી સ્ત્રી જન્નતની હક્કદાર છે.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એક બનાવ નકલ કરે છે કે નબવી દૌરમાં એક શખ્સ સફરમાં ગયો હતો અને પત્નીને હુકમ આપીને ગયો હતો કે મારી ગેરહાજરીમાં ઉપલા માળેથી નીચે ન ઉતરતી. એ અરસામાં તે સ્ત્રીનો બાપ સખ્ત બીમાર પડયો તો સ્ત્રીએ નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં કોઈને મોકલીને ઉપલા માળેથી ઉતરીને બાપના ઘરે જવાની ઈજાઝત મંગાવી. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, પોતાના પતિની આજ્ઞાનું પાલન કર ! પછી ખબર મળી કે તેણીના બાપનો ઈન્તેકાલ થઈ ગયો છે, તો તેણીએ જવાની રજા માગી. ફર્માવ્યું, પતિની આજ્ઞાનું પાલન કર ! સારાંશ કે બાપની કફન દફનક્રિયા થઈ ગઈ પણ તેણી પતિની આજ્ઞા વિરૂધ્ધ મકાનની બહાર ન થઈ. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કહેવડાવ્યું કે તેં જે તારા પતિની આજ્ઞાનું પાલન કર્યું તેના કારણે તારા બાપને રબ તઆલાએ બખ્શી આપ્યો. *(અહ્યાઉલ ઉલૂમ)*

### ★ નમાઝ કબૂલ નથી થતી ! ★

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ

ફર્માવ્યો, ત્રણ શખ્સો છે જેમની નમાઝ કબૂલ નથી એને એમની નેકી ઊંચે નથી જતી : ભાગી છૂટેલો ગુલામ જ્યાં સુધી પોતાના માલિકો પાસે પરત ન થાય અને પોતાને તેમના કબજામાં ન સોંપી દે. તે સ્ત્રી જેનો પતિ તેણીના પર નારાજ છે, અને તે ઈમામ જેની ઈક્તેદા કરવાનું લોકો નાપસંદ કરે. *(તિર્મિઝી શરીફ–૩૬૧)*

આ પરથી અંદાઝો લગાડી શકાય છે કે જે સ્ત્રીઓ પોતાના પતિઓની નાફર્માની કરે છે અને એમનાં દિલોને તકલીફ પહોંચાડે છે અને તેમને નારાજ રાખે છે તે તેણીઓનો શો અંજામ થશે ? કેમ કે તેમની થયેલી સર્વ નેકીઓ બર્બાદ તથા ગૈરમકબૂલ થાય છે. જેથી સ્ત્રીઓની જિમ્મેદારી છે કે તેણીઓ હમેશાં પોતાના પતિઓને રાજી રાખવાની કોશિશ કરે જેથી તેમના અમલો મકબૂલ થઈ શકે અને કાલે કયામતના દિવસે શર્મિંદગીથી બચી શકે. દુનિયાવી એતબારથી પણ પતિની નારાજગી નુકસાન કર્તા છે. આપે અનુભવ કર્યો હશે કે જે સ્ત્રીઓ પોતાના પતિઓના હક્કોની અદાયગી નથી કરતી અને તેમને નારાજ રાખે છે તેમની જિંદગી ચૈન તથા સુકૂનથી વંચિત થઈ જાય છે, અને રોજબરોજ ઘરમાં ઝઘડા, લડાઈ થતી રહે છે અને જિંદગી જહન્નમનો નમૂનો બની જાય છે, જેથી સ્ત્રીઓ જો પોતાની જિમ્મેદારીનો એહસાસ કરે અને પોતાના પતિઓને રાજી રાખવાની દરેક શક્ય તે કોશિશ કરે તો તેમની દુનિયાવી જિંદગી પણ સંવરી જશે અને આખેરતમાં પણ અજરો સવાબની હક્કદાર થઈ શકે છે.

## ★ પતિના હક્કોની વિગત ★

તફસીરે નઈમીના લેખક હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : પતિના પણ પત્ની પર કેટલાક શરઈ હક્કો છે જેને અદા ન કરવા પર પતિ પત્નીનો ખર્ચો બંધ કરી શકે છે.

૧. સ્ત્રીએ જરૂરી છે કે પતિને પોતાના પર કાબૂ આપે, શર્ત એ કે કોઈ શરઈ ખરાબી માસિક, હૈઝ વગેરે ન હોય.

૨. પત્નીને માટે લાઝિમ છે કે પતિની ઈજાઝત વિના તેના ઘરેથી ન જાય.

૩. પત્નીને લાઝિમ છે કે પતિના ઘરમાં એને આવવા ન દે જેના આવવાથી પતિ નારાજ થાય છે. આ શરઈ હક્કો હતા, રહ્યા અખ્લાકી હક્કો તો એ અગણિત છે.





સ્ત્રી પતિના માટે ખાણુ તૈયાર કરે, જરૂરતના સમયે તેનાં કપડાં સીવે તથા ધૂએ, બલ્કે દરેક રીતે તેને રાજી રાખવાની કોશિશ કરે. હદીષ શરીફમાં છે, જો ગૈરે ખુદાને સિજદો કરવો જાઈઝ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપત કે પોતાના પતિઓને સિજદો કરે, તેના ઘરને ઠીકઠાક રાખે, તેને રાજી કરવા શણગાર સજે, તેની ઈજાઝત વિના નફલી રોઝા તથા નફલી નમાઝમાં મશગૂલ ન થાય, સારાંશ કે તેની બનીને રહે.

## ★ ડો. લોરેન્સનો ખટકો ★

સિડનીના એક મશહૂર માનસ શાસ્ત્રી (સાયકોલોજીસ્ટ) અને ખગોળ શાસ્ત્રી ડો. લોરેન્સે કહ્યું કે દુનિયામાં પાગલપનનું સૌથી મોટુ કારણ ઝઘડાળુ પત્નીઓ છે. કોઈકે આ હકીકતની વિગત માગી તો ડો. સાહબે બતાવ્યું ૪૮% પાગલ પુરૂષો પોતાની ઝઘડાળુ પત્નીઓના કારણો પાગલ બન્યા છે. કેમ કે એ પુરૂષો લાગણીશીલ હોય છે એટલા માટે ન તો તેઓ પોતાની પત્નીઓને મારપીટ કરે છે અને ન તો ધમકાવે છે, જેની અનિવાર્યપણે અસર તેમના દિમાગ પર પરેશાનીઓના રૂપે પડે છે. પછી તેમણે ખટકો જાહેર કર્યો કે ભવિષ્યના વર્ષોની અંદર ૪૦% પતિઓ પોતાની પત્નીઓના હાથે પાગલ થઈ જશે. *(માહે તયબહ, જુલાઈ–૧૯૯૩)*

હે ઈસ્લામની મુકદ્દસ શહઝાદીઓ ! સ્ત્રીનું સર્જન પતિના સાંત્વન માટે થયું છે. હઝરત આદમ علیہ السلام ને જન્નતમાં ગભરામણ મેહસૂસ થતી હતી તો અલ્લાહ عزوجل એ તેમની ડાબી પાંસળીમાંથી હઝરત હવ્વાને પેદા ફર્માવ્યાં જેથી તેમની ગભરામણ દૂર થઈ જાય. એ જ પ્રમાણે નિકાહનો હુકમ પણ એટલા માટે છે કે પુરૂષ સુકૂનની જિંદગી પસાર કરી શકે. જેમ કે ખૂદ રબ્બુલ ઈઝ્ઝત નિકાહના મકસદને જાહેર કરતાં ઈર્શાદ ફર્માવે છે : لِتَسْكُنُوْٓا اِلَيْهَا "જેથી કરીને તમે તે (સ્ત્રીઓથી) સુકૂન હાંસલ કરી શકો." પણ આજના દૌરમાં સ્ત્રી જાત જાતની અયોગ્ય ફર્માઈશો કરીને અને પુરૂષોથી નાની નાની વાતોમાં ઉલઝવાના કારણે તેમના સુકૂનને બર્બાદ કરવાનો ઝરીયો બની ચૂકી છે. એનું સર્જન તો એટલા માટે થયું હતું કે પુરૂષ દિવસભરનો થાક્યો પાક્યો જ્યારે સાંજે ઘરે પાછો આવે તો પત્નીની મુસ્કુરાહટ તેના દિવસભરના થાકને દૂર કરી આપે. પણ આજે હાલ એ થઈ ગયો છે કે પુરૂષ જ્યારે દિવસભરનો થાકેલો પાકેલો ઘરે આવે છે

અને પત્નીની ફર્માઈશોને પૂરી કરવામાં જરા પર ઉણપ રહી જાય છે તો તેણી પોતાના પતિ પર વરસી પડે છે ! યાદ રાખો પતિની નારાજગી અલ્લાહની નારાજગીનો સબબ બની જાય છે અને પતિની ખુશ્નૂદી જન્નતના એઝાઝનો સબબ છે, જેથી હમેશાં પોતાના પતિઓને રાજી રાખવાની કોશિશ કરો, અને એમનાથી તમારા હક્કોની અદાયગીમાં કોઈ કમી પણ રહી જાય તો ખુદાના વાસ્તે લડાઈ ઝઘડાથી બચીને મહોબ્બત તથા નરમીની સાથે તેમનાથી પોતાના હક્કો માગ્યા કરો કે એનાથી પતિના દિલમાં તમારા માટે મહોબ્બતનો ખૂણો પણ બાકી રહેશે અને તમારા હક્કો પણ તમને મળી જશે અને ખુદાની રઝા પણ તમને હાંસલ થશે. અને જો તમે ઝઘડા લડાઈ માટે તૈયાર થઈ જશો તો પતિનું દિમાગી સુકૂન પણ ખત્મ થઈ જશે અને ખુદાની નારાજી પણ હાથ લાગશે, જે દુનિયા તથા આખેરતમાં નુકસાનનો સબબ છે.

## ★ આ ચીજોનો લેહાઝ કરો ★

ઈસ્લામની મુકદ્દસ શહઝાદીઓ ! જ્યાં સુધી શાદી નથી થતી ત્યાં સુધી સ્ત્રી પોતાનાં મા બાપની દીકરી કહેવાય છે, પણ શાદી થઈ ગયા બાદ સ્ત્રી પોતાના પતિની પત્ની બની જાય છે, અને હવે એના ફર્ઝો, એની જિમ્મેદારીઓ પહેલાં કરતાં અધિક વધી જાય છે. તે તમામ હક્કો તથા ફર્ઝો જે બાલિગ થયા બાદ સ્ત્રી પર લાગુ થઈ ગયા હતા, હવે તેના ઉપરાંત પતિના હક્કોનો પણ ઘણો જ મહાન બોજ સ્ત્રીના માથા પર આવી જાય છે જેને અદા કરવું દરેક સ્ત્રીના માટે ખૂબ જ જરૂરી છે.

પત્નીઓ પર પતિઓના હક્કો ઘણા છે પણ એનામાંથી નીચે વર્ણવેલ અમુક ચીજો ખૂબ જ લેહાઝ રાખવા પાત્ર છે :

- ★ સ્ત્રી પોતાના પતિની રજા વિના ઘરેથી બહાર ક્યાંય ન જાય, ન પોતાનાં સગાઓના ઘરે ન કોઈ અન્યના ઘરે.
- ★ પતિની ગેરહાજરીમાં સ્ત્રી પર ફર્ઝ છે કે પતિના મકાન તથા માલ સામાનની હિફાઝત કરે અને પતિની ઈજાઝત વિના કોઈને પણ મકાનમાં આવવા ન દે, ન પતિની કોઈ નાની મોટી ચીજ કોઈને આપે.
- ★ પતિનું મકાન અને માલ સામાન આ સર્વ પતિની અમાનતો છે અને પત્નીએ એ સર્વ ચીજોની અમીન છે. જો પત્નીએ પોતાના પતિની





કોઈ ચીજને જાણી જોઈને બર્બાદ કરી નાખી તો પત્ની પર અમાનતમાં ખયાનત કરવાનો ગુનોહ લાગુ થશે અને એના માટે ખુદાનો ઘણો જ મોટો અઝાબ થશે.

- ★ પત્ની હરગિઝ કોઈ એવું કામ ન કરે જે પતિને નાપસંદ હોય.
- ★ બાળકોની દેખરેખ, તેમની કેળવણી અને ઉછેર ખાસ કરીને પતિની ગેરહાજરીમાં પત્નીના માટે ઘણો જ મહાન ફરીઝો છે.
- ★ સ્ત્રી માટે જરૂરી છે કે મકાન, સામાન અને પોતાના શરીર તથા કપડાંની સફાઈ સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખે, અણઘડ જેમ મેલી ઘેલી બનીને ન રહે, સાઝ શણગાર સાથે રહ્યા કરે જેથી પતિ તેણીને જોઈને ખુશ થઈ જાય.
- ★ સ્ત્રી હરગિઝ હરગિઝ કોઈ એવું કામ ન કરે જે પતિને નાપસંદ હોય. સ્ત્રી પર પતિના હક્કોમાંથી એ પણ છે કે પતિનાં માબાપની તાઝીમ તથા ઈજ્જત કરે, તેમને કોઈ રીતે પણ કોઈ તકલીફ ન આપે, તેમની સેવા ચાકરીમાં કોઈ ઉણપ ન છોડે, જો પતિનાં માબાપ તરફથી તેણીને કોઈ તકલીફ પહોંચે તો સબ્રથી કામ લે. આજકાલ સાસુ વહુનો ઝઘડો સામાન્ય થઈ ચૂક્યો છે જેના સબબે રોજબરોજ ઘરમાં ઝઘડા થતા રહે છે, ઘણીવાર આ ઝઘડા તલાક પર ખત્મ થાય છે.

હદીષ શરીફમાં છે કે શ્રેષ્ઠ પત્ની તે છે કે જ્યારે તેનો પતિ કોઈ વાતનો હુકમ આપી દે તો તેણી તેની આજ્ઞાનું પાલન કરે. અને જો પતિ તેણીની તરફ જુએ તો તેણી તેને પોતાના સાઝ શણગાર અને પોતાની અદાઓ વડે પતિનું દિલ ખુશ કરી આપે. અને જો પતિ કોઈ વાતની કસમ ખાય છે તો તેણી તેની કસમને પૂર્ણ કરી આપે. અને જો પતિ ગેરહાજર રહે તો તેણી પોતાની જાત અને પતિના માલમાં હિફાઝત અને ખૈરખ્વાહીનો રોલ અદા કરતી રહે. *(મિશ્કાત શરીફ, પેજ–૨૬૮)*

## ★ પતિની સેવાનો મહાન બદલો ! ★

હઝરત ઐયૂબ عليه السلام નાં પત્નીનું નામ રહમત હતું. એ આપનાં ઘણા જ અજ્ઞાંકિત હતાં. હઝરત ઐયૂબ عليه السلام જ્યારે બીમાર પડયા અને આખા

શરીર મુબારક પર ફોલ્લા થઈ ગયા, શરીર મુબારક પૂરેપૂરું ઝખ્મોથી ભરાઈ ગયું. સર્વ લોકોએ આપને છોડી આપ્યા પણ આપનાં પત્નીએ આપને ન છોડયા. તેણી આપની સેવા ચાકરી કરતાં રહ્યાં અને આ સ્થિતિ કેટલાયે વરસો સુધી રહી. એક દિવસે આપ બજાર ગયાં તો શૈતાન તબીબ (ડોકટર) બનીને લોકોનો ઈલાજ કરી રહ્યો હતો અને એલાન કરી રહ્યો હતો કે મારી પાસે સર્વ બીમારીઓનો ઈલાજ છે. બીબી રહમત ન જાણી શક્યાં કે આ શૈતાન છે, પોતાના મુક઼દ્દસ પતિના ગમમાં તેમનો ઈલાજ પૂછવા માટે તેની પાસે જતાં રહ્યાં અને કહ્યું કે મારા પતિ બીમાર છે અને આવી આવી એમને શિકાયત છે. શૈતાને એ જ હેતુથી તો તબીબનો વેશ ભજવ્યો હતો જેથી બીબી રહમતને કહેવા લાગ્યો, હું એમનો ઈલાજ કરી શકુ છું, તે તદ્દન સાજા થઈ જશે પણ શર્ત એ છે કે જ્યારે તે સારા થઈ જાય તો મને એટલુ કહી આપે કે તેં મને શિફ઼ા આપી છે. બસ ! મારી ફ઼ી આટલી જ છે, અન્ય કાંઈ નથી. બીબી રહમત ખુશી ખુશી ઘરે આવ્યાં અને હઝરત ઐયૂબ عليه السلامને પૂરો બનાવ કહીં સંભળાવ્યો. હઝરત ઐયૂબ عليه السلام જાણી ગયા કે એ તબીબના વેશમાં શૈતાન છે. આપ ગુસ્સામાં આવી ગયા અને જલાલમાં આવીને ફ઼ર્માવ્યું, તું એની પાસે શા માટે ગઈ ?! જો હું સારો થઈ ગયો તો ખુદાની ક઼સમ ! તને સો કોરડા મારીશ ! પછી જ્યારે આપ સારા થઈ ગયા તો જિબ્રઈલ عليه السلام હાજર થયા અને કહ્યું કે આપનાં પત્નીએ આપની ઘણી સેવા કરી છે અને આપે તેમને સો કોરડા મારવાની ક઼સમ ફ઼ર્માવેલી છે. હવે એ ક઼સમ એ રીતે પૂર્ણ કરો કે તમારા હાથમાં એક ઝાડુ લો જેની સો શાખો હોય તેને એકવાર મારી આપો તો આપની ક઼સમ પૂરી થઈ જશે. આ બનાવને અલ્લાહ عزوجلએ કુર્આન મુક઼દ્દસમાં આ રીતે વર્ણવ્યો છે : خُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِهِ وَلَا تَحْنَثْ "પોતાના હાથમાં એક સાવરણી લઈને એના વડે મારી દે અને ક઼સમ ન તોડ." *(સૂરએ સાદ, પા. ૨૩, આ. ૪૪)* જેથી આપે એ જ પ્રમાણે કર્યું.

હે ઈસ્લામની મુક઼દ્દસ શહઝાદીઓ ! પતિની ખિદમત તથા આજ્ઞાપાલનથી ખુદા ખુશ થાય છે. સ્ત્રીઓએ હઝરત બીબી રહમતના કિરદારથી સબક઼ હાંસલ કરવો જોઈએ અને પોતાના પતિની ખિદમત તથા આજ્ઞાપાલનમાં લાગેલા રહેવું જોઈએ. જુઓ એ પતિની જ ખિદમતનો





એઝાઝ હતો કે હઝરત ઐયૂબ عليه السلامએ સો કોરડા મારવાની ક઼સમ ખાધી હતી પણ પતિની ખિદમતની બરકતથી અલ્લાહ عزوجلએ કેટલા પ્રમાણમાં આસાન અંદાઝમાં હઝરત ઐયૂબ عليه السلامની ક઼સમને પૂરી પણ કરી આપી અને તેમનાં પત્નીને સો કોરડા ખાવાથી પણ બચાવી લીધાં.

## ★ ઈમામ ગઝ્ઝાલીની નસીહતો ★

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગઝ્ઝાલી رحمة الله عليه નિકાહના આદાબ વર્ણવતાં ઈર્શાદ ફ઼ર્માવે છે : પોતાની પત્નીઓ સાથે હંસી મજાક તથા ગમ્મત કરે, તેણીઓથી રોકાયેલો ન રહે અને તેણીઓની સાથે તેમની બુધ્ધિના પ્રમાણે વર્તે, એટલા માટે કે કોઈ શખ્સ પોતાની પત્નીઓની સાથે ગમ્મત હંસી નથી કરતો જેટલી રસૂલે મક઼બૂલ ﷺ કરતા હતા, ત્યાં સુધી કે બીબી આઈશા સિદ્દીક઼ા رضي الله عنهاની સાથે દોડયા કે જોઈએ કે કોણ આગળ નીકળી જાય છે તો હુઝૂર ﷺ આગળ નીકળી ગયા. બીજીવાર દોડવાનો પ્રસંગ બન્યો તો હઝરત બીબી આઈશા رضي الله عنها આગળ નીકળી ગયાં. હુઝૂર ﷺએ ફ઼ર્માવ્યું કે આ આગલાનો બદલો થઈ ગયો ! એટલે કે હવે હું અને તમે બરાબર થઈ ગયાં.

એક દિવસે હબ્શીઓનો અવાજ સાંભળ્યો કે ખેલે કૂદે છે. હઝરત બીબી આઈશા رضي الله عنهاને ફ઼ર્માવ્યું, તમે ચાહો છો કે જુઓ ?! તે બોલ્યાં, હા ! આપ નજીક તશરીફ લાવ્યા અને હાથ ફેલાવ્યા. હઝરત સિદ્દીક઼ા આપના બાવડા પર હડપચી રાખીને ઘણીવાર સુધી જોતાં રહ્યાં. આપે ફ઼ર્માવ્યું, આઈશા ! હજી બસ નહીં કરો ?! ત્યારે તે ચૂપ રહ્યાં ત્રણવાર આપે ફ઼ર્માવ્યું ત્યારે તેમણે બસ કહ્યું.

બુઝુર્ગોએ ફ઼ર્માવ્યું છે કે પુરૂષે જોઈએ કે જ્યારે ઘરમાં આવે તો હસતા ચેહરે આવે, જ્યારે બહાર જાય તો ચૂપચાપ જાય અને જે કાંઈ મેળવે ખાય અને જે ન પામે તેના વિશે ન પૂછે.

ઠઠ્ઠા અને ખેલ એટલા પ્રમાણમાં ન વધારે કે તેની બીક જતી રહે. ખરાબ કામોમાં પત્નીઓ સાથે ન થાય બલ્કે જ્યારે કોઈ કામ માણસાઈ તથા શરીઅત વિરૂધ્ધ જુએ તો વોર્નિંગ આપે. *(કીમીયાએ સઆદત–૨૬૩)*

ઈમામ ગઝ્ઝાલી رحمة الله عليه ફ઼ર્માવે છે : –

જે લોકોએ દુનિયામાં કોઈ પ્રકારનો જુલ્મ કર્યો હશે તો કયામતના દિવસે તે સર્વ લોકો મઝલૂમ ફરિયાદી બનશે. અલ્લાહ عَزَّوَجَلَّ તેમને બદલો અપાવશે. કયામતમાં કોઈ શખ્સ કોઈની ગરદન પકડશે, કોઈ ખુદાવંદે કરીમને કહેશે કે એણે મારા પર જુલ્મ કર્યો છે, કોઈ કહેશે કે એણે મારી ગીબત કરી છે અને બુરા શબ્દો વડે મને યાદ કર્યો છે, કોઈ કહેશે કે એણે મને ગાળ આપી છે, કોઈ કહેશે કે એણે મારી સાથે ઠઠ્ઠા મશ્કરી કરી છે, કોઈ કહેશે કે આ મારો બુરો પડોશી હતો એણે મારી સાથે બુરાઈ કરી છે, કોઈ કહેશે કે એણે મારી સાથે એક મામલો કર્યો હતો અને તેમાં ધોકો આપ્યો, કોઈ કહેશે કે એણે મારી સાથે ખરીદ વેચાણ કર્યું હતું તો એમાં ધોકો કર્યો હતો અને મને નુકસાનમાં નાખ્યો હતો, કોઈ કહેશે કે તેણે સામાનની ખામી છુપાવીને મને વેચ્યો, કોઈ કહેશે કે એણે પોતાના સામાનનો ભાવ બતાવવામાં મારી સાથે ધોકો કર્યો હતો, કોઈ કહેશે કે આ શખ્સ માલદાર હતો અને હું ભૂખ્યો હતો પરંતુ એણે મને ખાવા ન ખવડાવ્યું, કોઈ કહેશે કે મારા પર જુલ્મ થઈ રહ્યો હતો અને આ તેને દૂર કરવા શક્તિમાન હતો પરંતુ તેણે જાલિમનો સાથ આપ્યો અને પોતાના પ્રભાવ તથા સત્તા થકી મને જાલિમના ચુંગાલથી નથી બચાવ્યો.

સારાંશ કે પોતાના જીવનમાં જે જે મજલિસમાં જેની જેની ગીબત કરી હશે, જેની જેની સાથે ખયાનત કરી હશે, જેને જેને બુરી નજરથી અથવા તુચ્છકાર ભરી નજરથી જોયું હશે તે સર્વ લોકો જાલિમને ચોતરફથી ઘેરીને હઝરત જબ્બાર عَزَّوَجَلَّ થી ફરિયાદ કરી આપશે.

કેટલા અફસોસનો દિવસ તે હશે જ્યારે કોઈ આપની પાસે હશે નહીં અને ન્યાયનું ત્રાજવું બિછાએલુ હશે. ખુદાવંદે તઆલા પૂરી આઝાદ હુકૂમતની સાથે જાલિમને સંબોધશે, તે વખતે તમે મુફલિસ તથા લાચાર તથા ફક઼ીર હશો અને કાંઈ રૂપિયા પૈસા આપીને પણ કોઈનો હક્ક઼ માફ નહીં કરાવી શકો. તે વખતે તમારી સર્વ નેકીઓ જેની પ્રાપ્તિમાં તમે આખી જિંદગીને લગાડી હતી તે એક એક કરીને ખત્મ થઈ જશે અને મઝલૂમોના હક્ક઼ોના બદલામાં એ સર્વ નેકીઓ તેમની પાસે ચાલી જશે અને તમે એક દેવાળીયા મુફલિસની જેમ રહી જશો. *(અહ્યાઉલ ઉલૂમ)*





ઈમામ ગઝાલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ની વર્ણવેલ આ નસીહતો આપણા માટે અમલ કરવાને પાત્ર છે અને જો દરેક પતિ આ નસીહતો પર અમલ કરવા મંડી પડે તો દાંમ્પત્ય જીવન ખૂબ સારી રીતે પસાર થઈ જશે. ઈમામ ગઝાલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان એ પોતાની નસીહતો પર સરવરે આલમ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ની મુબારક જિંદગીને નમૂના રૂપે રજૂ કરી છે જેથી સરવરે આલમ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ના દાંમ્પત્ય જીવનને જોઈને આપની ઉમ્મત એના પર અમલ કરતાં પોતાનુ દાંમ્પત્ય જીવન ખુશીભેર ગુજારી શકે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના હબીબ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ના જીવનના ઉત્તમ નમૂના પર આપણને સૌને અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે.

**સંદર્ભ કિતાબો :** *★ કુર્આને કરીમ ★ બુખારી શરીફ ★ સુનને ઈબ્ને માજહ ★ અહયાઉલ ઉલૂમ ★કન્ઝુલ ઈમાન ★ સુનને અબૂ દાઊદ ★ મિશ્કાત શરીફ ★બહારે શરીઅત ★તફસીરે નઈમી તથા અન્ય કિતાબો*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ**

# તલાક઼ તથા ઈદ્દતના હુકમો


*લેખક....*

**અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ, હઝરત મૌલાના**

**મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**:: અનુવાદક ::**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફ઼ા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


**–::: અનુક્રમણિકા :::–**


| | |
|---|---|
| તલાક઼નો શાબ્દિક અર્થ | 109 |
| તલાક઼ના પ્રકારો | 109 |
| તલાક઼ શા માટે શરીઅતમાં રાખવામાં આવી ? | 111 |
| કેવળ અનિવાર્ય સંજોગોમાં જ તલાક઼ આપવામાં આવે | 111 |
| સંબંધને બાકી રાખવાનો કુર્આની ક઼ાનૂન | 112 |
| તલાક઼ની હદ | 114 |
| તલાક઼ તથા ખુલઅ નાપસંદીદા છે | 115 |
| શૈતાનની ખુશી | 116 |
| ગુસ્સામાં તલાક઼ | 117 |
| તલાક઼ આપવી વાજિબ છે ! | 118 |
| ઈદ્દતના હુકમો | 120 |
| ઈદ્દતના પ્રકાર | 121 |
| ઈદ્દત દરમ્યાન પતિની જવાબદારીઓ | 123 |
| ઈદ્દતના દિવસોમાં સોગ કરવો વાજિબ છે | 127 |
| જાહિલિયતના જમાનામાં ઈદ્દતનો તરીક઼ો | 129 |
| સ્ત્રી વિધવા થઈ જાય તો બીજો નિકાહ કરી લે | 131 |
| પતિ સિવાય અન્યના મૃત્યુ પર સોગ વિશે હુકમ | 131 |
| ઈલા અને તેના હુકમો | 132 |
| ઈલાના પ્રકારો | 133 |
| ઈલાની શરતો | 135 |
| ઈલાના શબ્દો | 135 |
| ખુલઅનું વર્ણન | 138 |
| ખુલઅની ઓળખ અને તેના હુકમો | 139 |
| ઝેહારનું વર્ણન | 141 |
| ઝેહારનો અર્થ | 145 |
| ઝેહારનો હુકમ | 145 |
| ઝેહારનો કફ્ફારો | 146 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

નિકાહ એક પાકીઝા સંબંધ છે જેનો પાયો જન્નતમાં નંખાયો. પરંતુ ક્યારેક ક્યારેક એવું પણ બને છે કે આ પવિત્ર સંબંધને ક઼ાયમી થવામાં રુકાવટો ઉભી થઈ જાય છે અને પતિ પત્નીના સ્વભાવની એકરૂપતાના અભાવને કારણે આ સંબંધ આગળ ચાલવો મુશ્કેલ થઈ જાય છે એટલા માટે શરીઅતે આ સંબંધને કટ કરવાનો એક માર્ગ તલાક઼ને રાખ્યો છે. તલાક઼ આપતા અગાઉ સુધારણાની શું સ્થિતિઓ હોવી જોઈએ અને તલાક઼ કયા સંજોગોમાં આપવી જોઈએ તેમજ તલાક઼નો તરીક઼ો શું હોવો જોઈએ ? એના સંબંધે નિયમો હોવા જરૂરી છે, જેથી આવો ! હવે તલાક઼ના સંબંધે ક઼ુર્આન તથા સુન્નતની રોશનીમાં નિયમો હાંસલ કરીએ અને જરૂરતના સમયે એ જ તરીક઼ા પર અમલ કરવો જોઈએ.

**તલાક઼નો શાબ્દિક અર્થ** : નિકાહની ગાંઠને છોડી આપવી, ત્યજી દેવું, છોડી દેવું.

**તલાક઼નો ઈસ્તેલાહી (શરીઅતની બોલીમાં) અર્થ** : નિકાહ વડે સ્ત્રી પતિની પાબંદ થઈ જાય છે, એ પાબંદીને ઉઠાવી દેવાને તલાક઼ કહે છે. *(બહારે શરીઅત)*

**તલાક઼ના પ્રકારો** : તલાક઼ના ત્રણ પ્રકારો છે : અહસન, હસન, બદઈ.





**અહસન તલાક઼** : જે દિવસોમાં સ્ત્રી માસિકથી પાક હોય અને તે દિવસોમાં પત્ની સાથે મેળાપ પણ ન કર્યો હોય, એ દિવસોમાં કેવળ એક તલાક઼ આપવામાં આવે. એમાં ઈદ્દત દરમ્યાન પતિને રજૂઅ (તલાક઼ પાછી લેવા)નો હક્ક઼ રહે છે, અને **ઈદ્દત પસાર થયા પછી** સ્ત્રી **'બાઈના'** થઈ જાય છે, અને બંને પક્ષોની આપસમાં સમજૂતીથી **બીજીવાર નિકાહ થઈ શકે છે.**

**હસન તલાક઼** : જે દિવસોમાં સ્ત્રી પાક હોય અને મેળાપ પણ ન કર્યો હોય એ દિવસોમાં એક તલાક઼ આપવામાં આવે અને જ્યારે એક માસિક પસાર થઈ જાય તો મેળાપ કર્યા વિના બીજી તલાક઼ આપવામાં આવે, અને જ્યારે બીજા માસિકનો સમય વહી જાય તો મેળાપ કર્યા વિના ત્રીજી તલાક઼ આપવામાં આવે. એના બાદ જ્યારે ત્રીજીવાર માસિકનો સમય નીકળી જાય તો સ્ત્રી "મુગલ્લઝા" થઈ જશે અને **હવે શરીઅત મુજબ હલાલા વિના** તેણી સાથે ફરી **નિકાહ નથી થઈ શક્તા.**

**બદઈ તલાક઼** : એના ત્રણ પ્રકારો છે :–

(૧) એક મજલિસમાં ત્રણ તલાક઼ો એક સાથે આપવામાં આવે ચાહે શબ્દો વડે કે "તને ત્રણ તલાક઼ો આપી" અથવા અલગ અલગ શબ્દો વડે દા.ત. કહે "તને તલાક઼ આપી, તલાક઼ આપી, તલાક઼ આપી."

(૨) સ્ત્રીના માસિકના દિવસો દરમ્યાનમાં તેણીને એક તલાક઼ આપવામાં આવે, એ તલાક઼ રુજૂઅ કરવું વાજિબ છે, અને એ તલાક઼ ગણાશે.

(૩) જે દિવસોમાં સ્ત્રીથી મેળાપ કર્યો હોય એ દિવસોમાં સ્ત્રીને એક તલાક઼ આપવામાં આવે. બદઈ તલાક઼ કોઈ પણ સ્થિતિમાં હોય એને આપનાર ગુનેહગાર થાય છે. *(દુર્રે મુખ્તાર)*

તલાક઼ના સ્પષ્ટ શબ્દો સાથે એક અથવા બે તલાક઼ો આપવામાં આવે તો એ "રજઈ તલાક઼" (પરત લઈ શકાય તેવી) છે, અને જો સ્પષ્ટ તલાક઼ના શબ્દો સાથે તલાક઼ ન હોય પણ કિનાયાથી તલાક઼ આપવામાં આવે તો એ તલાક઼ "બાઈન" છે. દા.ત. તલાક઼ની નિય્યતથી પત્નીને કહ્યું, "તું મારી મા સમાન છે." તલાક઼ે રજઈમાં ફરીવાર રુજૂઅ (પરત કરવું) કરી શકાય છે, પરંતુ પાછલી તલાક઼ો ગણત્રીમાં રહેશે, જો પહેલાં બે તલાક઼ો આપી હતી તો રુજૂઅ કર્યા બાદ કેવળ એક તલાક઼નો માલિક રહી જશે." તલાક઼ે

બાઈન''થી તુરત જ નિકાહ કટ થઈ જાય છે, પરંતું જો ત્રણથી ઓછી તલાક઼ે બાઈન હોય તો આપસમાં રાજીખુશીથી ફરીથી નિકાહ થઈ શકે છે, પણ પાછલી તલાક઼ોની ગણત્રી થશે.

## ★ તલાક઼ શા માટે શરીઅતમાં રાખવામાં આવી ? ★

ઈસ્લામનો આશય એ છે કે જે લોકો નિકાહના બંધનમાં જોડાય જાય તેમના નિકાહને ક઼ાયમ તથા સલામત રાખવાની શક્ય તે કોશિશ કરવામાં આવે અને જો કદી તેમના વચ્ચે મતભેદ અથવા ખટરાગ પેદા થાય તો સગાં સંબંધીઓ તથા મુસ્લિમ સમાજના વડીલો એ મતભેદને દૂર કરીને તેમનામાં સુલેહ કરાવે. અને જો તેમની સંપૂર્ણ કોશિશ છતાં પતિ પત્નીમાં સુલેહ ન થઈ શકે અને એવો ખતરો હોય કે એઓ જો આ જ પ્રમાણે બંધનમાં બંધાયેલાં રહ્યાં તો તેઓ અલ્લાહની હદો (ક઼ાનૂનો)ને સાચવી શક્શે નહીં અને નિકાહના હેતુઓ નષ્ટ થઈ જશે, તો તેઓના મેળાપીપણા વિના અને આપસમાં નફરત હોવા છતાં તેમને નિકાહમાં બંધાય રહેવા મજબૂર કરવામાં ન આવે. આ સંજોગોમાં તેમની તથા તેમનાં સગાં સંબંધીઓની તથા સમાજના અન્ય લોકોની ભલાઈ તથા મસ્લેહત એમાં છે કે નિકાહના બંધનને તોડવાના માટે પતિને તલાક઼ આપવાથી રોકવામાં ન આવે. તલાક઼ના સિવાય નિકાહના બંધનને છૂટુ પાડવા માટે બીજી સ્થિતિ એ છે કે સ્ત્રી પતિને કાંઈક આપી અપાવીને ''ખુલઅ'' કરાવી લે. અને ત્રીજી સ્થિતિ ક઼ાઝીની તફરીક (છૂટુ પાડવું) છે અને ચોથી સ્થિતિ એ છે કે જે બે મુસલમાન હકમોને અનબનની હાલતમાં આ મામલો સુપરત કરવામાં આવ્યો હોય તેઓ નિકાહ તોડી નાખવાનો ફેંસલો કરી આપે.

## ★ કેવળ અનિવાર્ય સંજોગોમાં જ તલાક઼ આપવામાં આવે ★

કુર્આન મજીદની તાલીમ એ છે કે પતિને પત્ની નાપસંદ હોય છતાં પણ તે તેણી સાથે નિભાવવાની કોશિશ કરે કેમ કે, અલ્લાહનો ઈર્શાદ છે :–

وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا
وَّيَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا

''અને તમારી પત્નીઓ સાથે ભલાઈ તથા સદ્વર્તાવની સાથે રહો, અને જો તમને તેણી નાપસંદ હોય તો શક્ય છે કે તમે કોઈ ચીજને નાપસંદ





કરો અને અલ્લાહ તઆલા એમાં ઘણી બધી ભલાઈ પેદા કરી આપે.'' *(સૂ. નિસાઅ, આ. ૧૯)*

અને રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદે ગિરામી છે : હઝરત મહારિબ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ તઆલાએ જે ચીજોને હલાલ કરી છે એનામાં અલ્લાહ તઆલાની નજીક તલાક઼ સૌથી અધિક નાપસંદીદા છે.'' *(સુનને અબૂ દાઊદ, ભાગ–૧, પેજ–૨૯૬)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''હલાલ ચીજોમાં અલ્લાહ તઆલાની નજીક સૌથી નાપસંદીદા ચીજ તલાક઼ છે.'' *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૬)*

કુર્આન તથા સુન્નત (હદીષ)ની આ હિદાયતોની રોશનીમાં પતિ પર એ લાઝિમ છે કે મતભેદ તથા ખટરાગની સ્થિતિમાં શક્ય ત્યાં સુધી તલાક઼ આપવાથી દૂર રહે અને તલાક઼ આપવી અનિવાર્ય બને તો કેવળ એક **તલાક઼ે રજઈ** આપે, કેમ કે એના પછી ઈદ્દતના ત્રણ મહિના સુધી આ મામલા પર ફેર વિચારણાનો મોક઼ો રહેશે, નહીં તો પછી ઈદ્દત બાદ પત્ની અલગ થઈ જશે. **આજકાલ લોકોએ એવું સમજી લીધું છે કે ત્રણવાર કહ્યા વિના તલાક઼ નથી થતી એટલા માટે ક્યાં તો ખૂદ ત્રણ તલાક઼ો આપી દે છે અથવા વકીલ તથા કરારનામુ લખનાર તેમને ત્રણ તલાક઼ો લખી આપે છે. અને જ્યારે તલાક઼ લાગુ થઈ જાય છે તો એ લોકો પરેશાન થઈ જાય છે અને મુફ્તીઓની પાસે જાય છે! કે ફરીવાર નિકાહનો કે તલાક઼ પાછી લેવાનો કોઈ હીલો બતાવો ! ત્યાં સુધી કે તેઓ હલાલાની નાપસંદ સ્થિતિને સ્વીકારવા તૈયાર થઈ જાય છે,** જ્યારે કે આવા પ્રકારના હલાલા પર રસૂલુલ્લાહ ﷺએ લઅનત કરી છે. પરંતું બાદમાં બાળકોની નિરાધાર હાલત અને અન્ય બુરાં પરિણામોથી બચવાના માટે એ વખતે બંને પક્ષો કોઈપણ ભોગે સુલેહ માટે તૈયાર થઈ જાય છે. (જેથી પહેલેથી જ તલાક઼ આપવાનો અહસન તરીક઼ો અપનાવવો જોઈએ.)

## ★ સંબંધને બાકી રાખવાનો કુર્આની ક઼ાનૂન ★

રબ તઆલાનું ફર્માન છે :–

وَالّٰتِیۡ تَخَافُوۡنَ نُشُوۡزَهُنَّ فَعِظُوۡهُنَّ وَاهۡجُرُوۡهُنَّ فِی الۡمَضَاجِعِ
وَاضۡرِبُوۡهُنَّ ۚ فَاِنۡ اَطَعۡنَكُمۡ فَلَا تَبۡغُوۡا عَلَيۡهِنَّ سَبِيۡلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا
كَبِيۡرًا ۝ وَاِنۡ خِفۡتُمۡ شِقَاقَ بَيۡنِهِمَا فَابۡعَثُوۡا حَكَمًا مِّنۡ اَهۡلِهٖ وَحَكَمًا مِّنۡ
اَهۡلِهَا ۚ اِنۡ يُّرِيۡدَاۤ اِصۡلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيۡنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا خَبِيۡرًا

''અને જે સ્ત્રીઓની નાફર્માનીનો તમને અંદેશો હોય તો તેણીઓને સમજાવો અને તેણીઓથી અલગ સૂઓ, અને તેમને મારો. પછી જો તેણીઓ તમારા કહ્યામાં આવી જાય તો તેમના પર બળ વાપરવાનો કોઈ માર્ગ ન ચાહો. બેશક ! અલ્લાહ ઉચ્ચ મહાન છે. અને જો તમને પતિ પત્નીના ઝઘડાનો ડર હોય તો એક પંચ પુરૂષવાળાં તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાં તરફથી, એઓ બંનેવ જો સુલહ કરાવવા ચાહશે તો અલ્લાહ તેમનામાં મેળાપ કરાવી આપશે. બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે. *(સૂ. નિસાઅ, આ. ૩૪, ૩૫)*

આ આયતોની તફસીરમાં હઝરત અલ્લામા પીર મુહમ્મદ કરમશાહ અઝહરી લખે છે :

સારી સ્ત્રીઓની સાથોસાથ એવી સ્ત્રીઓ પણ હોય છે જેઓ તુંડમિજાઝ અને ટેઢાપણાવાળી હોય છે. તેમની સુધારણાનો તરીકો સૂચવાઈ રહ્યો છે. સ્ત્રીના ઘમંડીપણાને કારણે પતિની આજ્ઞાની અવજ્ઞા કરવાને نشوز કહે છે. **خوف**થી મુરાદ વહેમ કે ગુમાન નથી બલ્કે ઈલ્મ તથા યક઼ીન છે. *(કુર્તબી)* એટલે કે જો તમને તેણીઓની નાફર્માનીનો પૂરેપૂરો ઈલ્મ થઈ જાય તો પહેલેથી જ ગુસ્સામાં બેક઼ાબૂ થઈને અંતિમ પગલુ ન ભરો, બલ્કે **પ્રથમ તેણીઓને નમ્રતાપૂર્વક સમજાવો,** અને જો સમજાવટ અસરકારક સાબિત ન થાય તો **એમનાથી અલગ રાત પસાર કરો** અને **પ્રેમાળ વાતો કરવાનું ત્યજી દો.** તે સ્ત્રી જેનામાં શરાફતનો એહસાસ હજી ઝિંદા છે તો આ ચેતવણીથી જરૂર પોતાની સુધારણા કરી લેશે, પરંતુ **જો આ પદ્ધતિ પણ અસરકારક પુરવાર ન થાય તો** પછી તમે તેણીને **મારી પણ શકો છો,** પણ માર એવો સખત ન હોય કે જેનાથી શરીર પર શોળ પડે. **والضرب فی هذه الاية ضرب الادب غير المبرح** *(કુર્તબી)* અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી તો સ્પષ્ટ રિવાયત થયેલ છે કે જો મારવાના





સંજોગો ઉપસ્થિત થાય તો મિસ્વાક અથવા એના જેવી કોઈ હલકી ફુલકી ચીજ વડે મારે. આજકાલ જાહિલો પોતાની પત્નીઓને ભેંસની જેમ પીટે છે એની ઈજાઝત તદ્દન ઈસ્લામે નથી આપી.

જો પોતાની નાફર્માનીથી રોકાઈ જાય અને પતિની આજ્ઞાંકિત થઈ જાય તો પછી પતિ પર પણ લાઝિમ છે કે તે પણ પોતાના પહેલા વર્તાવને એકદમ બદલી નાખે અને તેણી પર હાથ ઉઠાવવાથી એકદમ દૂર રહે. આ હુકમ તે ખુદાનો છે જે સૌથી ઉચ્ચ તથા સૌથી મહાન છે અને તેના હુકમની અવજ્ઞાના પરિણામો ઘણા જ દુ:ખદાયક છે.

પરંતુ જો આપસની કોશિશો સંજોગોની સુધારણાના માટે લાભદાયી પુરવાર ન થાય અને એવા એંધાણ જાહેર થવા લાગે કે સ્થિતિ પર ક઼ાબૂ મેળવવામાં ન આવ્યો તો મામલો તલાક઼ પર જઈને ખત્મ થશે, તો એ વખતે ક્યાં તો પતિ પત્ની પોત પોતાના તરફથી એક પંચ નક્કી કરે જે એમની ફરિયાદો સાંભળીને તેમના આપસમાં સમાધાન કરાવી આપે અથવા બંનેવ ખાનદાન પંચ મુક઼ર્રર કરે. અને જો મામલો અદાલત સુધી પહોંચી ગયો તો પછી હાકિમે જોઈએ કે ઉતાવળમાં તેમને છૂટાં ન પાડી દે બલ્કે હકમ (પંચ)ના થકી તેમની સુધારણાની ભરપુર કોશિશ કરે, અને જો તે હકમો (પંચો)એ ખુલૂસ નિય્યતથી સુધારણાની કોશિશ કરી તો અલ્લાહની તૌફીક઼ જરૂર તેમના હાલમાં સામેલ થશે.

અમુક મુફસ્સિરોની નજીક **ان يريد اصلاحا**નાં કર્તા પતિ પત્ની છે એટલે જો તેમના દિલોમાં સમાધાનની ખ્વાહિશ જાગી તો અલ્લાહ તઆલા કોઈ ન કોઈ સંજોગ જરૂર પેદા ફર્માવી આપશે. *(તફસીરે ઝિયાઉલ કુર્આન, ૧/૩૪૨, ૩૪૩)*

## ★ તલાક઼ની હદ ★

ઈર્શાદે બારી તઆલા છે :–

**اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ** ''આ તલાક઼ બે વાર સુધી છે પછી ભલાઈની સાથે રોકી લેવું છે.'' *(સૂ. બક઼રહ, આ. ૨૨૯)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે કે એક સ્ત્રીએ સૈયદે આલમ ﷺની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે તેના પતિએ કહ્યું કે તે તેને તલાક઼ આપતો રહેશે અને રજઅત કરતો (પરત લેતો) રહેશે. દરેક વખતે જ્યારે

તલાક઼ની ઈદ્દત પસાર થવા નજીક હશે ત્યારે રજઅત કરી લેશે ફરી તલાક઼ આપી દેશે. એ રીતે જીવનભર તેણીને કેદ રાખશે. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ અને ઈર્શાદ ફર્માવ્યો કે રજઈ તલાક઼ બે વાર સુધી છે ત્યાર પછી તલાક઼ આપવા પર રજઅતનો હક્ક઼ નથી. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

### ★ તલાક઼ તથા ખુલઅ નાપસંદીદા છે ★

હઝરત ષૌબાન રિવાયત કરે છે કે હુઝૂર ﷺ ફર્માવે છે :–

**اَیُّمَا اِمْرَأَۃ سَأَلَتْ زَوْجھا طَلَاقًا فِیْ غَیْرِ مَابَأْس فَحَرَ امٌ عَلَیْھَا رَائِحَۃُ الْجَنَّۃِ**

"જે સ્ત્રી સખત જરૂરત વિના પતિ પાસે તલાક઼ માગે તેના પર જન્નતની ખુશ્બુ હરામ છે." *(ઈબ્ને માજહ)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : **اَبْغَضُ الْحَلَالِ اِلٰی اللّٰہِ الطَّلَاقُ** "હલાલ ચીજોમાં સૌથી નાપંસદીદા અલ્લાહની નજીક તલાક઼ છે."

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : **اَلْمُنْتَزِعَاتُ وَالْمُخْتَلِعَاتُ ھُنَّ الْمُنَافِقَاتُ** "નિકાહથી આઝાદ થનારીઓ અને ખુલઅ કરવાવાળીઓ મુનાફિક઼ા છે." *(નિસાઈ)*

એટલે કે જે સ્ત્રીઓ પોતાના પતિઓને કેવળ એટલા માટે હેરાન કરે છે કે તે મજબૂર થઈને તેણીઓને આઝાદ કરી આપે, અથવા જે સ્ત્રી ખુલઅ કરે છે તે હકી઼ક઼તમાં મુનાફિક઼ા છે કે જાહેરમાં પતિથી મહોબ્બત કરે છે પરંતું દિલમાં તેમનાથી નફરત કરે છે અને કોઈ ન કોઈ રીતે મુક્ત થવા ચાહે છે.

આ મુબારક હદીષોથી સ્પષ્ટ છે કે નબીએ મુકર્રમ ﷺની નજીક ખુલઅ તથા તલાક઼ કેટલા અંશે ધૃણાજનક છે અને આપ એનાથી પોતાની નફરતનો ઈઝહાર એટલા માટે દર્શાવી રહ્યા છે કે ગુલામ શક્ય ત્યાં સુધી તેનાથી બચવાની કોશિશ કરે.

સારાંશ કે તલાક઼ આપવી જાઈઝ છે પરંતું અલ્લાહના રસૂલ ﷺની નજરોમાં ખૂબ જ નાપસંદીદા તથા ધૃણાજનક છે જેથી પુરૂષ તથા સ્ત્રી





બંનેવ એકબીજાનો લિબાસ બનીને જિંદગીને મજેદાર બનાવવાની કોશિશ કરતાં રહે. ખાસ કરીને એ સંજોગોમાં જ્યારે કે અલ્લાહે તેમને ઔલાદની ભેટ પણ અર્પણ કરી હોય કે ઔલાદ થઈ ગયા બાદ માબાપની જિંદગી પોતાના માટે નહીં બલ્કે ઔલાદના ભવિષ્યને સુધારવા અને સંવારવાના માટે રહી જાય છે. જેથી જ્યારે પણ પુરૂષ કે સ્ત્રીમાંથી કોઈને જ્યારે અલગ થવાનો ખયાલ આવે તો પોતાનાં પ્યારાં પ્યારાં બાળકો પર નજર નાખે અને વિચારે કે જો અમે એકબીજાથી અલગ થઈ ગયાં તો આ બાળ કોને અમારો સંયુક્ત પ્રેમ કેવી રીતે નસીબ થશે ?! જ્યારે કે બાળકોની રાહત અને તેમની બેહતરીન કેળવણીનો આધાર માબાપના સંયુક્ત પ્રેમ પર છે, જો બાળકો એનાથી મેહરૂમ થઈ ગયાં તો એ કમીને પુષ્કળ સુખ સગવડ છતાં ન તો એકલો બાપ પૂર્ણ કરી શકે છે અને ન તો એકલી મા પૂર્ણ કરી શકે છે, આ પ્રમાણે વિચારવામાં આવે તો તલાક઼નો ખયાલ આપોઆપ ખત્મ થઈ શકે છે, ઘર બગડવાથી અને બાળકો તબાહ થવાથી બચી શકે છે. જુઓ ! મુખ્બિરે સાદિક઼ ﷺ શું જણાવી રહ્યા છે ?

### ★ શૈતાનની ખુશી ★

હઝરત જાબિર رضی اللہ عنہની રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, શૈતાન પાણી પર પોતાનો તખ્ત બિછાવે છે (દરરોજ સવારે પાણી પર તખ્ત બિછાવીને પોતાનુ દફતર ખોલે છે અને આખા દિવસના માટે ફિત્ના તથા ફસાદનાં કામો પોતાના ચેલાઓને સુપ્રત કરે છે) પછી પોતાની ટોળીઓને લોકોમાં ફિત્ના નાખવા માટે મોકલે છે. (સાંજે એઓ સૌ પાછા આવીને પોત પોતાનાં કારસ્તાનો વર્ણવે છે જેને એ મલ્ઊન સાંભળતો રહે છે) ત્યાં સુધી કે એમનામાંથી એક આવે છે અને પોતાનું કારનામુ વર્ણવતાં કહે છે : **ماترکتہ حتی فرقت بینہ وبین امراتہ** "મેં ફલાણા શખ્સને ત્યાં સુધી ન છોડયો જ્યાં સુધી તેના તથા તેની પત્નીના વચ્ચે ભંગાણ ન કરાવી આપ્યું." બસ ! હવે શૈતાન ઉછળી પડે છે અને ખબીષ ચેલાને બાજતો જાય છે અને કહેતો જાય છે કે **نعم انت** "હા ! તેં કાંઈક કર્યું !" *(મુસ્લિમ શરીફ)*

આ ભંગાણ જો તલાક઼ના રૂપમાં થયું તો બુરુ છે પરંતું જો વિના તલાક઼ે પતિ પત્ની એકબીજાથી અલગ થઈ ગયાં તો એથીયે અધિક બુરુ છે કે આ સંજોગોમાં ફિત્ના ફસાદ તથા ગુનાહમાં સપડાવાની અધિક શક્યતા છે.

સારાંશ કે શૈતાન પોતાના આ ચેલાથી ખુશ થાય છે જે પતિ પત્ની વચ્ચે જુદાઈ કરાવી દે છે વિચારો ! છેવટે એવું શાથી ? એટલા માટે કે આ રીતે તેણે એક તીર વડે સેંકડો શિકાર કરી લીધા. શરીઅતના ક઼ાનૂન હેઠળ જે સંબંધ જોડાયો હતો એને તોડી નાખ્યો, પતિ તથા પત્નીને હવે ગુનાહમાં સપડાવી દેવું અધિક સરળ થઈ ગયું, પતિ તથા પત્નીના કુટુંબીજનોમાં સગાઈ હતી તે ખત્મ થઈ ગઈ અને હવે તેઓ બંનેવ દુશ્મન દુશ્મન બની ગયાં, બાળકોનું ન કેવળ ભાવિ બર્બાદ થઈ ગયું બલ્કે તેમના આવારા તથા જાહિલ થવાની શક્યતાઓ અધિકપણે વધી ગઈ. એ જ પ્રમાણે વિચારો તો તમે જેટલો વિચાર કરશો એટલા અધિક શૈતાનની ખુશીના સબબો માલૂમ થતા જશે.

પતિ તથા પત્નીની વચ્ચે જો કોઈ વખતે ઝઘડો થાય, ભલે દરરોજ થાય, તો એ કાંઈ ખાસ વાત નથી, એ એક ફ઼િતરી અમલ છે, એવું સ્વભાવિકપણે થાય જ છે, પરંતું જેવો કે આ ઝઘડા દરમ્યાન તલાક઼નો ખયાલ આવે, તો બસ ! તરત જ સમજી લો કે હવે શૈતાનની દખલ થઈ રહી છે. એ પહેલાં કે તે પોતાના મકસદમાં કામયાબ થાય "લા હૌલ" પઢીને ઝઘડો તરત જ પતાવી દો અને પોતાના તથા પોતાની ઔલાદના ભવિષ્યને બર્બાદ થવાથી બચાવી લો.

## ★ ગુસ્સામાં તલાક઼ ★

યાદ રાખશો કે શૈતાન જુદાઈ કરાવવાના માટે ગુસ્સાનો સહારો લે છે, ગુસ્સાની આગને સળગાવે છે, પછી ઝઘડો શરૂ થાય છે. જેમ જેમ આગની તીવ્રતા વધતી જાય છે તેમ તેમ ઝઘડો વધતો જાય છે ત્યાં સુધી કે સ્ત્રીની જીભ પર તલાક઼ની માગણી આવે છે અને નથી આવતી તો પતિ ખૂદ જ તલાક઼ના શબ્દો બોલી નાખે છે. અને જેવો ગુસ્સો ઠંડો પડે છે તેવાં જ પતિ તથા પત્ની માથુ પકડીને રહી જાય છે ! અને હવે મસ્અલો માલૂમ કરવા માટે મુફ્તી સાહબની પાસે દોડે છે અને વિચારે છે કે તલાક઼ના શબ્દો ગુસ્સાની હાલતમાં જ બોલવામાં આવ્યા છે જેથી તલાક઼ નથી થતી, જ્યારે કે થોડી પણ અક્કલથી કામ લેવામાં આવે તો વાત સાફ છે કે કોઈ કોઈના ઉપર તલ્વારનો વાર મહોબ્બતમાં નથી કરતો અથવા કોઈ ગોળી મહોબ્બતમાં નથી મારતો, જ્યારે ગુસ્સો આવે અને નફરત તેની ચરમ





સીમાએ પહોંચે છે ત્યારે જ તો તલ્વાર કે ગોળી ચલાવે છે. અને તલ્વાર કે ગોળી મહોબ્બતમાં ચાલે, મઝાક઼માં ચાલે કે ગુસ્સામાં ચાલે પણ કામ તો એક જ કરે છે. તલાક઼ એ પતિ પત્નીના સંબંધના માટે ગોળી છે જે મહોબ્બતમાં ચાલે કે મઝાક઼માં અથવા ગુસ્સાની હાલતમાં પણ સરવાળે એ સંબંધની જાન લઈ લે છે. વળી ગુસ્સો આવ્યો, ગોળી ચાલી, તલાક઼ થઈ ગઈ અને જો એક કે બે ગોળીઓ ચાલી તો કાંઈક શક્યતા રહેતી કે મલમ પટ્ટીથી પતિ પત્ની સાજાં થઈ જાત, પરંતુ એ શૈતાન તો ઘણો જ જાલિમ દુશ્મન છે, આવી હાલતમાં હમેશાં ત્રણેવ ગોળીઓ એક સાથે ચલાવી દેવડાવે છે અને પતિ પત્ની બંનેવની જાન લઈ લે છે. હવે મુફ્તી સાહબ પાસે કોઈ દવા નથી હોતી જે જાન પૂરી શકે, અને જો દવા છે પણ તો તે એટલી કડવી કે તેનો ઉપયોગ કરવો કોઈ બાગૈરતના માટે શક્ય જ નથી. એટલા માટે શરીઅતે મુતહ્હરાએ ગુસ્સાને હરામ ઠરાવ્યો અને આક઼ાએ રહમત ﷺએ આપણને એના નુકસાનોથી બચાવવા માટે એની મનાઈ તથા બુરાઈ વર્ણવી છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે એક મોક઼ા પર હુઝૂર ﷺએ વારંવાર ફર્માવ્યું, لاتغضب، لاتغضب "ગુસ્સો ન કરો ! ગુસ્સો ન કરો !" તેમજ આપ ﷺએ ફર્માવ્યું, "પહેલવાન તે નથી જે કોઈને પછાડી નાખે પણ પહેલવાન તો તે છે يملك نفسه عند الغضب જે ગુસ્સાના સમયે પોતાની જાતને કાબૂમાં રાખે. તે શખ્સ કેટલો કમજોર છે જેના ગુસ્સાની આગે એના ઘરને જ ભસ્મ કરી નાખ્યું અને તે ઓલવી ન શક્યો. સારાંશ કે ગુસ્સાની હાલતમાં આપેલી તલાક઼ લાગુ થઈ જાય છે.

નિકાહે પુરૂષને અસંખ્ય તોહફાઓની સાથે જીવલેણ હથિયાર પણ આપેલ છે, બુધ્ધિશાળી છે તે જે એ તોહફાઓની લિજ્જત વડે પોતાની જિંદગીને આનંદમય, પુર બહાર તથા પુર સુકૂન બનાવે અને એ જીવલેણ હથિયારને કોઈ ખૂણામાં નાખીને હમેશાંના માટે ભૂલી જાય.

## ★ તલાક઼ આપવી વાજિબ છે ! ★

હા ! ક્યારેક એવું પણ થાય છે જ્યારે હથિયારનો ઉપયોગ એટલે કે તલાક઼ આપી દેવી વાજિબ તથા લાઝિમ થઈ થાય છે, દા.ત. પતિ જન્મ જાત નામર્દ છે અથવા જાદૂ અથવા કોઈ અન્ય બીમારીના કારણે તે પત્નીના

હક્કો અદા કરવા પાત્ર નથી અને તેના સાજા થવાની જાહેરી રીતે કોઈ શક્યતા પણ નથી તો આવા સંજોગોમાં પુરૂષે જોઈએ કે તે પોતે જાતે જ પોતાની પત્નીને તલાક઼ આપીને આઝાદ કરી આપે, કેમ કે આ સંજોગોમાં સ્ત્રી થકી ગુનોહ થઈ જવાની મજબૂત શક્યતા મૌજૂદ છે, અને જો કોઈ ઘણી જ મુત્તક઼િયા સ્ત્રી છે તો પણ તેની જિંદગી સંતોષજનક નથી હોઈ શક્તી અને એક ઘરનો માહોલ જેવો હોવો જોઈએ તેવો હરગિઝ નથી થઈ શક્તો. જો આવી સ્થિતિ છતાં પતિ, પત્નીને આઝાદ નથી કરતો તો તે મુજરિમ છે એક સ્ત્રીની જિંદગી ભારરૂપ કરી દેવાનો અથવા તે મુજરિમ છે તેણીને ગુનાહના ખાડામાં ધકેલી મૂકવાનો કે જે અતિશય ખરાબ ગુનોહ છે. જેથી એ ગુનાહથી બચવાના માટે પત્નીને તલાક઼ આપી દેવી **વાજિબ** છે.

અને કેટલાક સંજોગો એવા પણ છે જેમાં તલાક઼ આપવી **અફઝલ** તથા **બેહતર** અને **મુસ્તહબ** ઠરાવવામાં આવી છે, દા.ત. એ સ્ત્રી બેનમાઝી છે, પોતાની સાસુ, સસરા તથા અન્ય ઘરવાળાને સતાવે છે તથા પરેશાન કરે છે અથવા તેમની સાથે નફરત કરે છે અને મળવા જુલવાનુ પણ પસંદ નથી કરતી અથવા મજબૂરન તે પુરૂષના પત્નીપણામાં છે જ્યારે કે તેણીનું દિલ કોઈ અન્ય પુરૂષની પ્રતિ આકર્ષિત છે અથવા તેણી તેના માલ અસબાબમાં ખયાનત કરે છે. આ સર્વ સંજોગોમાં અથવા એના જેવી સ્થિતિઓમાં **મુસ્તહબ** છે કે એવી સ્ત્રીને તલાક઼ આપીને તેની તકલીફો વેઠવાથી મુક્તિ મેળવી લેવામાં આવે, **પરંતું એ ત્યારે કે જ્યારે તેણીની સુધારણા તથા સમજાવટના સર્વ શરઈ તથા સામાજિક તરીક઼ા નિષ્ફળ થઈ ચૂક્યા હોય.**

હુઝૂર ﷺના દરબારમાં પણ એકવાર આ જ પ્રકારનો એક બનાવ ઉપસ્થિત થયો કે ષાબિત બિન કૈસ رضی اللہ عنہનાં પત્ની હબીબા બિન્તે સહલે સરકાર ﷺના દરબારમાં હાજર થઈને પતિથી અલગ થવાની દરખાસ્ત મૂકી, એટલે ખુલઅ ચાહી કેમ કે હઝરત ષાબિત દેખાવે સારા ન હતા, નીચુ કદ હતું, રંગ કાળો હતો અને હઝરત હબીબા જે અબ્દુલ્લાહ બિન ઉબયનાં બહેન હતાં તે ઊંચા કદનાં અને ખૂબ જ હસીનો જમીલ હતાં જેથી તે હઝરત ષાબિતને પસંદ કરતાં ન હતાં. તો હુઝૂર ﷺના દરબારમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! **مااعتب علیه فی خلق ولادین** કે ષાબિતના





સારા અખ્લાક઼ તથા દીનદાર હોવામાં મને કોઈ વાંધો નથી, તે આદતો તથા તૌર તરીક઼ાના ઘણા જ ઉમદા છે, ખૂબ જ દીનદાર છે **ولکن اکرہ الکفر فی الاسلام** પરંતું હું ઈસ્લામમાં કુફ્રને પસંદ નથી કરતી એટલે કે હું હરગિઝ એ સહન નથી કરી શક્તી કે હું જીભ વડે તો તેમને સારા કહું અને દિલથી પસંદ ન કરું ! આ તો તક઼િયો થશે જે શરીઅતની રૂએ મના છે. જેથી આપ ﷺ મને તેમનાથી તલાક઼ અપાવી દો ! હુઝૂર ﷺએ તેમની આ દરખાસ્ત પર ગુસ્સો કે નારાજી ન દર્શાવી બલ્કે પૂછયું, શું તમે ષાબિતને તે બાગ પરત કરી આપશો જે તેમણે તમને મહેર રૂપે આપ્યો હતો ? તે રાજી થઈ ગયાં. પછી આપ ﷺએ હઝરત ષાબિત رضی اللہ عنہને ફર્માવ્યું, **اقبل الحدیقة** ષાબિત ! આ તમારો બાગ ક઼બૂલ કરી લો. **وطلقها تطلیقة** અને તેમને તલાક઼ આપી દો. હઝરત ષાબિત رضی اللہ عنہએ હુકમનુ પાલન કર્યું અને તલાક઼ આપી દીધી.

આ બનાવથી જાહેર થઈ ગયું કે **જો પતિ પત્ની વચ્ચે કોઈ પણ કારણે મહોબ્બત તથા ઉલ્ફત પેદા ન થઈ શકે અને તેઓ એકબીજાને દિલથી ન ચાહતાં હોય તો જબરદસ્તીથી અકળામણની સાથે જિંદગી પસાર કરવા કરતાં અલગ થઈ જવું બેહતર છે,** અને આ સંજોગોમાં **મુસ્તહબ** એ જ છે કે તલાક઼નો અમલ અપનાવવામાં આવે.

## ★ ઈદ્દતના હુકમો ★

ઈદ્દતનો અર્થ ગણત્રી કરવી તથા ગણવું છે. શરીઅતે પાકમાં ઈદ્દત તે ઈન્તેઝારના દિવસોને ગણવાને કહે છે જે એક નિકાહ ખત્મ થઈ ગયા પછી બીજા નિકાહના માટે કરવામાં આવે છે. ઈદ્દતના જમાનામાં નિકાહ કરવા મના છે, બલ્કે નિકાહની તૈયારી અથવા વાત કરવી પણ મુનાસિબ નથી. ઈદ્દત કેવળ સ્ત્રીના માટે છે પુરૂષના માટે નથી, કારણ કે એનો મક઼સદ ઈસ્તબરાએ રહમ એટલે કે ગર્ભાશયની સફાઈ અને એ વાતનુ સંપૂર્ણપણે યક઼ીન હાંસલ કરી લેવું છે કે ગર્ભ નથી. જ્યારે કે સગર્ભા સ્ત્રીની ઈદ્દત ગર્ભનુ બહાર પડવું છે, એટલે કે બાળકને જન્મ આપવું. જાહેર છે કે એનો સંબંધ પુરૂષ સાથે નથી સ્ત્રી સાથે જ છે. હા ! પુરૂષ જો કોઈ એવી સ્ત્રી સાથે નિકાહ કરવા ચાહે છે જેને પત્ની સાથે ભેગી કરવી (તે બેને એકસાથે

પત્ની બનાવવી) હરામ હોય તો તેણે પણ પોતાની આગલી પત્નીની ઈદ્દત પૂરી થવાની રાહ જોવી પડશે. દા.ત. પત્નીની બહેન, ભાણકી કે માસી સાથે નિકાહ કરવો છે તો ઈદ્દતના દિવસોમાં પણ તેમની સાથે નિકાહ કરવા હકીકતમાં તેમને સાથે જ રાખવું થશે, જેથી જાઈઝ નથી. કેમ કે જ્યાં સુધી સ્ત્રીની ઈદ્દતના દિવસો પૂર્ણ ન થઈ જાય ત્યાં સુધી પુરૂષ તેણીથી રુજૂઅ કરી શકે છે અને ફરીવાર તેણીને પત્નીત્વમાં લાવી શકે છે.

## ★ ઈદ્દતના પ્રકાર ★

ઈદ્દતના ત્રણ પ્રકારો છે : **(૧) મૃત્યુની ઈદ્દત** : એટલે તે સ્ત્રીની ઈદ્દત જેનો પતિ મૃત્યુ પામ્યો અને તેણી વિધવા થઈ ગઈ, એની મુદ્દત ચાર મહિના દસ દિવસ છે.

**(૨) તલાકની ઈદ્દત** : એની મુદ્દત ત્રણ હૈઝ (માસિક) છે, ચાહે તે તલાક઼ પામેલી બાલિગા હોય કે નાબાલિગા હોય અથવા અયાસ પર પહોંચી ચૂકી હોય, એટલે કે એટલી ઘરડી થઈ ચૂકી હોય કે ગર્ભ ધારણ કરવાની ઉમ્મીદ બાકી ન રહી હોય, જેના માટે લગભગ પંચાવન વરસની ઉમર હોય છે.

**(૩) સગર્ભા સ્ત્રીની ઈદ્દત** : ગર્ભનુ બહાર પડવું એટલે કે બાળકને જન્મ આપવું છે ચાહે નિકાહ ખત્મ થયા પછી તરત જ બાળક જન્મે અથવા અમુક દિવસો કે અમુક મહિનાઓ પછી થાય. અને જે સ્ત્રીને ''ખલ્વતે સહીહા''થી પહેલાં તલાક઼ આપી દેવામાં આવી હોય તેની કોઈ ઈદ્દત નથી. ખલ્વતે સહીહા સ્ત્રી પુરૂષના તે એકાંતને કહેવામાં આવે છે જેનામાં બંનેનું એકબીજાથી ફાયદો હાંસલ કરી લેવું યક઼ીની થઈ જાય.

નબી કરીમ ﷺના વાસ્તાથી આપણને હુકમ આપવામાં આવ્યો કે તલાક઼થી પહેલાં જ સ્ત્રીની ઈદ્દતની મુદ્દતનો ખયાલ રાખવામાં આવે, એટલે કે હૈઝ (માસિક) પછી પાકીના એવા દિવસોમાં તલાક઼ આપવામાં આવે જેનામાં હજી સુધી સોહબત ન કરવામાં આવી હોય જેથી તેણીની ઈદ્દતના દિવસો ન લંબાય, અને તેણીએ બીજા નિકાહ કરવા માટે લાંબી રાહ ન





જોવી પડે. ફર્માવવામાં આવ્યું :–

**يَآيُّهَا النَّبِىُّ اِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَطَلِّقُوْهُنَّ لِعِدَّتِهِنَّ وَاَحْصُوا الْعِدَّةَ**

''હે નબી ! જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક઼ આપો તો તેમની ઈદ્દતના સમય પર તેમને તલાક઼ અને ઈદ્દતની ગણત્રી રાખો.'' *(અત્તલાક઼–૧)*

શરીઅતે મુતહ્હરાનો સ્ત્રીઓ પર આ કેવો કરમ થઈ રહ્યો છે કે તેણીઓને મુશ્કેલીઓથી બચાવવાના માટે પુરૂષોને ખાસ હુકમ આપવામાં આવી રહ્યો છે કે તલાક઼ના ઈરાદાની સાથે જ ઈદ્દતના દિવસોનો હિસાબ લગાડી લો અને એવા સમયે તલાક઼ આપો કે સ્ત્રીને વિના કારણે લાંબી રાહ ન જોવી પડે. જેમ કે અમે વર્ણવી ચૂક્યા કે આ સમય માસિક બાદ પાકીના દિવસોમાં છે જેમાં હજી સુધી સ્ત્રી સાથે સંભોગ નથી કરવામાં આવ્યો. આ દિવસોમાં જો સ્ત્રીને તલાક઼ આપવામાં આવી તો તેને કેવળ ત્રણ માસિકની મુદ્દત સુધીની ઈદ્દત પૂરી કરવી પડશે. શરીઅતે મુતહ્હરામાં ઈદ્દત ખૂબ જ મહત્વ ધરાવે છે જેથી ખાસ હુકમ આપવામાં આવ્યો **احصوالعدة** ''ઈદ્દતના દિવસોનો ખયાલ રાખો.'' એને ગણતા રહો કે કોઈ ગલતી ન થવા પામે અને તે સ્ત્રીઓ જેઓ અયાસની વયે પહોંચી ચૂકી હોય કે હવે માસિક આવવાની તદ્દન ઉમ્મીદ ન રહી હોય જેના માટે સામાન્યતઃ પંચાવન વરસની ઉમર હોય છે, અને તે સ્ત્રીઓ જેઓ નાબાલિગા હોય અથવા ઉમરના એતબારથી તો બાલિગા થઈ ચૂકી હોય પરંતું હજી સુધી તેમને માસિક ન આવ્યું હોય, તેમની ઈદ્દતની મુદ્દત વર્ણવતાં ફર્માવવામાં આવ્યું :–

**وَالِّٓىْ يَئِسْنَ مِنَ الْمَحِيْضِ مِنْ نِّسَآئِكُمْ اِنِ ارْتَبْتُمْ فَعِدَّتُهُنَّ ثَلٰثَةُ اَشْهُرٍ وَّالِّٓىْ لَمْ يَحِضْنَ**

''અને તમારી સ્ત્રીઓમાં જેમને હૈઝ (માસિક)ની ઉમ્મીદ ન રહી હોય, જો તમને કાંઈ શક હોય તો તેણીઓની ઈદ્દત ત્રણ મહિના છે અને તેમની જેમને હજી હૈઝ નથી આવ્યું.'' *(અત્તલાક઼–૪)*

અને જે સ્ત્રીઓ સગર્ભા હોય ચાહે બેવા હોય કે તલાક઼વાળી તેમની ઈદ્દતના બારામાં ફર્માવ્યું : **وَاُولَاتُ الْاَحْمَالِ اَجَلُهُنَّ اَنْ يَّضَعْنَ حَمْلَهُنَّ** ''અને હમલ (ગર્ભ) વાળીઓની માત્રા એ છે કે તેણીઓ પોતાનો હમલ

જણી લે.'' *(અત્તલાક઼–૪)*

અને સૂરએ બક઼રહમાં એ સ્ત્રીની ઈદ્દતની મુદ્દત વર્ણન કરવામાં આવી જે વિધવા (બેવા) થઈ ગઈ હોય :–

**وَالَّذِيۡنَ يُتَوَفَّوۡنَ مِنۡكُمۡ وَيَذَرُوۡنَ اَزۡوَاجًا يَّتَرَبَّصۡنَ بِاَنۡفُسِهِنَّ اَرۡبَعَةَ اَشۡهُرٍ وَّعَشۡرًا**

''અને તમારામાં જે મૃત્યુ પામે અને પત્નીઓ છોડી જાય તેઓ ચાર મહિના દસ દિવસ પોતે પોતાને રોકી રાખે.'' *(સૂ. બક઼રહ–૨૩૪)*

## ★ ઈદ્દત દરમ્યાન પતિની જવાબદારીઓ ★

ઈદ્દતની મુદ્દત પૂર્ણ થતા પહેલાં પુરૂષને અધિકાર નથી કે તલાક઼વાળીને ઘરથી બહાર કાઢી નાખે. તેણી એ જ ઘરમાં પોતાની ઈદ્દતના દિવસો પૂરા કરશે જેથી જો રુજૂઅ કરવાનો ફૈંસલો થાય તો કોઈ તકલીફ ન પડે. તેમજ એક ઘરમાં રહેવાથી રુજૂઅની તરફ વળવાની પણ મજબૂત શક્યતા રહે છે કે એ રીતે બંનેને એકબીજાને જોવા કે વાતચીત કરવાનો વગેરેનો મોક઼ો મળતો રહેશે, અને તે સબબો આપોઆપ ખત્મ થઈ જશે જે તલાક઼નો સબબ બન્યા હતા અને પછી તેઓ મલીને સારી જિંદગી વીતાવવાનો ફૈંસલો કરી શકે છે, એ જ હિકમત છે સ્ત્રીને એ જ ઘરમાં રહેવાનો હુકમ આપવામાં, કેમ કે ઈસ્લામ દરેક રીતે ચાહે છે કે પતિ પત્નીનો સંબંધ કોઈ ન કોઈ રીતે ક઼ાયમ તથા બાક઼ી રહે. પછી ફર્માવવામાં આવ્યું :–

**لَا تُخۡرِجُوۡهُنَّ مِنۡ بُيُوۡتِهِنَّ وَلَا يَخۡرُجۡنَ اِلَّآ اَنۡ يَّاۡتِيۡنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ**

''ઈદ્દતમાં તેણીઓને તેમનાં ઘરોએથી ન કાઢો અને ન તેણીઓ પોતે નીકળે પણ એ કે કોઈ સ્પષ્ટ બેહયાઈની વાત લાવે.'' *(અત્તલાક઼–૧)*

હા ! જો તલાક઼વાળી તલાક઼ના ઉશ્કેરાટમાં ઘરવાળાઓને સતાવતી હોય, પતિનાં મા બાપ, બહેન, ભાઈ વગેરેને બુરુ ભલુ કહેતી રહેતી હોય, પતિને બેઈજ્જત કરતી હોય, ગાળ ગલોચ કરતી હોય, ત્યાં સુધી કે એ ઘરનું સુકૂન તબાહ કરી નાખ્યું હોય, ઘરની વ્યવસ્થા તેણીના કારણે વેરવિખેર થઈ ગઈ હોય તો આ સર્વ સંજોગોમાં તેણીને ઘરેથી કાઢી મૂકવાની ઈજાઝત છે અને એ જ બેહતર છે. વળી ઈર્શાદે બારી તઆલા થાય છે :–





**اَسۡكِنُوۡهُنَّ مِنۡ حَيۡثُ سَكَنۡتُمۡ مِّنۡ وُّجۡدِكُمۡ وَلَا تُضَآرُّوۡهُنَّ لِتُضَيِّقُوۡا عَلَيۡهِنَّ وَاِنۡ كُنَّ اُولَاتِ حَمۡلٍ فَاَنۡفِقُوۡا عَلَيۡهِنَّ حَتّٰى يَضَعۡنَ حَمۡلَهُنَّ فَاِنۡ اَرۡضَعۡنَ لَكُمۡ فَاٰتُوۡهُنَّ اُجُوۡرَهُنَّ وَاۡتَمِرُوۡا بَيۡنَكُمۡ بِمَعۡرُوۡفٍ وَاِنۡ تَعَاسَرۡتُمۡ فَسَتُرۡضِعُ لَهٗۤ اُخۡرٰى ؕ لِيُنۡفِقۡ ذُوۡسَعَةٍ مِّنۡ سَعَتِهٖ وَمَنۡ قُدِرَ عَلَيۡهِ رِزۡقُهٗ فَلۡيُنۡفِقۡ مِمَّاۤ اٰتٰٮهُ اللّٰهُ لَا يُكَلِّفُ اللّٰهُ نَفۡسًا اِلَّا مَاۤ اٰتٰٮهَا سَيَجۡعَلُ اللّٰهُ بَعۡدَ عُسۡرٍ يُّسۡرًا ؕ**

''સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં પોતે રહો છો પોતાની શક્તિ અનુસાર અને તેમને નુકસાન ન આપો કે તેમના પર તંગી ન કરો. અને જો સગર્ભા હોય તો તેણીઓને ભરણ પોષણ આપો ત્યાં સુધી કે તેમને બાળક પેદા થાય. પછી જો તે તમારા માટે બાળકને દૂધ પીવડાવે તો તેમને તેની ઉજરત આપો અને આપસમાં યોગ્ય પ્રમાણે મશ્વરો કરો. અને જો આપસમાં વાંધો કરો તો નજીક છે કે તેને અન્ય દૂધ પીવડાવનારી મળી જશે. શક્તિવાળો પોતાની શક્તિ અનુસાર ભરણ પોષણ આપે. અને જેના પર એનુ રિઝક઼ તંગ કરવામાં આવ્યું તે એમાંથી ભરણ પોષણ આપે જે એને અલ્લાહે આપ્યું. અલ્લાહ કોઈ જાન ઉપર બોજ નથી રાખતો પણ એના લાયક જેટલો એને આપ્યો છે, નજીક છે કે અલ્લાહ મુશ્કેલી પછી આસાની ફર્માવી આપશે.'' *(અત્તલાક઼–૬, ૭)*

આ મુબારક આયતોમાં ઈદ્દતના હુકમો વિગતવાર વર્ણન કરી દેવામાં આવ્યા જેથી ઈદ્દત જેવા મહત્વના અમલ દરમ્યાન તે પુરૂષ સ્ત્રીમાંથી કોઈનાથી કોઈ ગલતી ન થાય અથવા કોઈની હક઼તલફી ન થાય કે ભલે તલાક઼ે નિકાહનો સંબંધ કટ કરી આપ્યો છે પરંતુ ઈદ્દત પૂર્ણ થતા સુધી હજી એકબીજાના હક્ક઼ો બાકી છે જેને અદા કરવા જરૂરી છે. અહીં જે અહકામ આપવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે :

**(૧)** સ્ત્રીને તલાક઼ પછી તરત જ ઘરેથી કાઢી મૂકવાની ઈજાઝત નથી બલ્કે, તેણીના માટે તેનો પતિ શક્તિ અનુસાર રહેઠાણની વ્યવસ્થા કરે, એ સ્થિતિમાં કે જો રજઈ તલાક઼ આપવામાં આવી છે તો તેને એ જ ઓરડામાં રાખે જેમાં તેણી અત્યાર સુધી રહેતી હતી કે આ સ્થિતિમાં સ્ત્રી પુરૂષથી

પર્દો પણ નહીં કરે. અને તલાક઼ે બાઈના આપી છે તો સ્ત્રી પુરૂષથી પર્દો કરે અને પુરૂષ તેણીના માટે એવા રહેઠાણની વ્યવસ્થા કરે જ્યાં તેણી પર્દો હોવા છતાં આઝાદ ન રહી શકે.

**(૨)** પુરૂષને ઈજાઝત નથી કે તે મજબૂર બેસહારા તલાક઼વાળીને રહેવાના મામલામાં સતાવે અને એટલો પરેશાન કરે કે તે તેણી ઘર છોડીને નીકળી જવા મજબૂર થઈ જાય, ખાસ કરીને **ولاتضاروهن** ની મનાઈનો ખયાલ રાખવામાં આવે કે સ્ત્રીને ઉઠતાં બેસતાં મહેણા ન આપો કે એ તેના ઘા પર મીઠુ ભભરાવવા સમાન થશે જેનાથી તેણીને તલાક઼ની તકલીફ પછી અધિક તકલીફ થશે, આ તકલીફ પહોંચાડવું તમારા માટે જાઈઝ નથી.

**(૩)** જે તલાક઼વાળી સગર્ભા હોય તેના રહેઠાણની તથા તેણીની અન્ય જરૂરતોની જિમ્મેદારી પુરૂષ પર ત્યાં સુધી છે જ્યાં સુધી તેણી બાળકને જન્મ ન આપી દે. અહીં ખાસ રીતે સગર્ભા સ્ત્રીના ખર્ચાઓનું વર્ણન છે કે તેણીની મજબૂરી અધિક છે જ્યારે કે દરેક પ્રકારની તલાક઼વાળી સ્ત્રીના ખર્ચાઓની જિમ્મેદારી પુરૂષ પર જ લાગુ કરવામાં આવેલી છે. જેમ કે સૂરએ બક઼રહની આયત નં. ૨૪૧ માં ફર્માવવામાં આવ્યું : **وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌ بِالْمَعْرُوْفِ حَقًّا عَلَى الْمُتَّقِيْنَ** ''અને તલાક઼વાળીઓના માટે પણ યોગ્યપણે ભરણ પોષણ છે એ વાજિબ છે દરેક પરહેઝગારો પર.''

એટલે કે જે પણ અલ્લાહથી ડરે છે તે પોતાની તલાક઼વાળીના ખર્ચાઓ ઈદ્દત પૂર્ણ થતા સુધી પૂર્ણ કરે છે. **بِالمعروف** ''યોગ્ય તરીક઼ાથી'' એટલે જેવી રીતે તલાક઼થી પહેલાં સર્વ જરૂરતો પૂર્ણ કરતો હતો એ જ પ્રમાણે તલાક઼ પછી કરતો રહે.

**(૪)** સગર્ભા તલાક઼વાળીની ઈદ્દત બાળ જન્મ થતાં જ ખત્મ થઈ ચૂકી જેથી હવે તેણી પર બાળકને દૂધ પીવડાવવાની જિમ્મેદારી પણ ન રહી જેથી હવે જો પોતાના બાળકને તેણી પાસે દૂધ પીવડાવવા ચાહે છે તો તેણીને મજદૂરી અદા કરે અને મજદૂરી એ હશે જેના પર પુરૂષ તથા સ્ત્રી આપસમાં મશ્વરાથી રાજી થઈ જાય. અને જો પુરૂષ સ્ત્રીની માગેલી મજદૂરી અદા નથી કરી શક્તો અથવા સ્ત્રી દૂધ પીવડાવવા માટે પોતાની કોઈ





અંગત મજબૂરીના કારણે રાજી જ નથી, દા.ત. તે જલ્દી બીજા નિકાહ કરવા ચાહે છે અને તે જાણે છે કે એને થનારો પતિ આ જિમ્મેદારીને પસંદ નહીં કરે તો આ બંનેવ સંજોગોમાં તેણીને મજબૂર કરવામાં નહીં આવે. પુરૂષે જોઈએ કે તે કોઈ અન્ય દૂધ પીવડાવનારી સ્ત્રીની વ્યવસ્થા કરી લે.

**(૫)** તલાક઼વાળીના ખર્ચાઓમાં પુરૂષની હેસિયતનો એતબાર કરવામાં આવશે. જો પુરૂષ માલદાર છે તો તે સ્ત્રીને ખર્ચો પણ માલદાર જેવો જ આપશે અને ગરીબ છે તો તે ગરીબો જેવો જ ખર્ચો કરશે. એટલે કે જેવી રીતે તે પહેલાં પોતાની પત્નીને રાખતો હતો એ જ પ્રમાણે અત્યારે પણ રાખશે, એમાં જેટલી બેહતરી કરી શકે છે કરે, કમી ન થવા પામે, એટલા માટે આ હુકમની સાથે બિલ્મઅ઼રૂફ ફર્માવવામાં આવ્યું.

આ હુકમો વિધવા સ્ત્રી માટે પણ છે કે તેણીની સર્વ જિમ્મેદારી ક્યાં તો પતિના છોડેલા માલ વડે પૂર્ણ કરવામાં આવે, અને જો પતિએ કાંઈ ન છોડયું તો એ જિમ્મેદારી તેના વારસો પૂર્ણ કરશે.

સારાંશ કે તલાક઼વાળી હોય કે વિધવા હોય શરીઅત પાક હરગિઝ ઈજાઝત નથી આપતી કે તેને બેસહારા છોડી દેવામાં આવે. નિકાહે જે પુરૂષને સ્ત્રીનો આધાર, જિમ્મેદાર અને સહારો બનાવ્યો તે જ પતિ ઈદ્દતની મુદ્દત પૂર્ણ થતા સુધી પોતાની જિમ્મેદારીઓ પૂર્ણ કરવાનો પાબંદ છે જ્યારે કે આ મુદ્દત એ બેસહારા સ્ત્રીના માટે કોઈ અન્ય વ્યવસ્થા કરવાના માટે પૂરતી છે કે આ અરસામાં તેણીના બીજા નિકાહની વ્યવસ્થા થઈ શકે છે અથવા તેણીનાં સગાં સંબંધીઓ એ જિમ્મેદારી ઉઠાવવા તૈયાર થઈ શકે છે.

સારાંશ કે **કુર્આન હદીષની રોશનીમાં આ હુકમ સ્પષ્ટ છે કે તલાક઼વાળી પોતાની કોઈપણ જરૂરતના માટે ઘરથી બહાર નથી નીકળી શક્તી કે એ તદ્દન હરામ છે, તેણીએ જોઈએ તે પોતાના દરેક કામના માટે પુરૂષને કહે જે તેની જરૂરતો પૂર્ણ કરવાનો જિમ્મેદાર ઠરાવવામાં આવ્યો છે અને જો તે પોતાની જિમ્મેદારી પૂર્ણ નથી કરતો તો સખત ગુનેહગાર થશે. હા, વિધવા સ્ત્રી સખત જરૂરતના માટે ઘરથી બહાર જઈ શકે છે કેમ કે એનો પતિ મરી ચૂક્યો અને હવે તેણી મજબૂર છે પોતાનાં જરૂરી કામો તેણીએ પોતે જ કરવાં પડશે, પરંતુ વિના જરૂરતે બજારોમાં ઘૂમવું, હરવું ફરવું, વિવિધ ફંકશનોમાં હાજર થવું એમાં સામેલ**

**નથી, હા, ડોકટર પાસે જવું, ખાવા પીવાનો સામાન વગેરે ખરીદવું જરૂરતમાં સામેલ છે જ્યારે કે કોઈ લાવનાર મૌજૂદ ન હોય.**

## ★ ઈદ્દતના દિવસોમાં સોગ કરવો વાજિબ છે ★

હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, જે સ્ત્રીનો પતિ વફાત પામી ગયો તે ઈદ્દત ગુજરતા સુધી ઈસ્ફરથી રંગેલુ અને ખુશ્બુવાળી માટીથી રંગેલુ કપડુ ન પહેરે, ઘરેણા ન પહેરે, ખિઝાબ ન લાગડે અને સુરમો પણ ન લગાડે. *(મિશ્કાતુલ મસાબીહ)*

**જ્યારે સ્ત્રીને તલાક઼ થઈ જાય અથવા તેનો પતિ વફાત પામી જાય તો ઈદ્દત ખત્મ થતા સુધી તેણીએ તે ઘરમાં રહેવું જરૂરી છે જે ઘરમાં પતિના નિકાહમાં હોવામાં છેલ્લા સમય સુધી રહ્યા કરતી હતી. એ ઘરને છોડીને બીજા ઘરે જવું જાઈઝ નથી.**

ઘણી સ્ત્રીઓ પતિનું મૃત્યુ થતાં જ અથવા તલાક઼ થતાં જ પિયર ચાલી જાય છે એ શરીઅત વિરૂધ્ધ તથા ગુનોહ છે, ન તેણીનું જવુ જાઈઝ છે ન સસુરાલવાળાએ એને કાઢવુ દુરુસ્ત છે. કુર્આને પાકમાં છે : لاتخرجوهن من بيوتهن الاان ياتين بفاحشة مبينة **અલ્બત્ત જે સ્ત્રી વિધવા થઈ ગઈ હોય અને તેના ભરણ પોષણની કોઈ વ્યવસ્થા ન હોય તો કોઈ જગાએ કામ કરીને રોજી હાંસલ કરવાના માટે ઘરથી બહાર જઈ શકે છે પરંતું સૂર્ય આથમતા અગાઉ તે ઘરમાં આવી જાય જે ઘરમાં પતિની સાથે રહેતી હતી.** ઈદ્દત દરમ્યાન ઘરમાં રહીને કોઈ એક જ ઓરડી કે રૂમમાં બેસી રહેવું જરૂરી નથી, ન એવો કોઈ મસ્અલો છે જેમ કે સ્ત્રીઓ સમજે છે. (બલ્કે ઘરમાં રહીને પૂરા ઘરમાં હરે ફરે કોઈ વાંધો નથી)

જે સ્ત્રીને રજઈ તલાક઼ મળી હોય તેણે પણ ઈદ્દતના દિવસોમાં ઘરથી બહાર નીકળવું દુરુસ્ત નથી, તે પણ પતિના ઘરમાં ઈદ્દત પસાર કરે. **જે સ્ત્રી ઈદ્દતમાં હોય તેના પર ઘરથી નીકળવાની પાબંદીની સાથે તેના પર સોગ કરવાની પણ પાબંદી લાગુ પાડવામાં આવી છે. સાઝ શણગાર અને મેકઅપ શિંગાર ત્યજવાને સોગ કહે છે. ઉપરોક્ત હદીષમાં સોગના અમુક મસાઈલ દર્શાવવામાં આવ્યા છે. સોગના હુકમો જેવી રીતે એવી સ્ત્રી પર લાગુ થાય છે જેનો પતિ**





**મૃત્યુ પામ્યો હોય તે જ પ્રમાણે તે સ્ત્રીને પણ એની હિદાયત કરવામાં આવી છે જેને "તલાક઼ બાઈન" આપવામાં આવી હોય અથવા "તલાક઼ે મુગલ્લઝા" મળી હોય.** સારાંશ કે સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય અને **જેને એવી તલાક઼ મળી હોય જેના પછી રુજૂઅ નથી થઈ શક્તુ તેના પર ઈદ્દત દરમ્યાન સોગ કરવો પણ લાઝિમ છે, જ્યારે ઈદ્દત ખત્મ થઈ જાય સોગ ખત્મ કરી આપે.** કેમ કે ઈદ્દતના સમયમાં કોઈ પુરૂષ સાથે નિકાહ કરવા દુરુસ્ત નથી અને સાઝ શણગારની જરૂરત પતિના માટે હોય છે, એટલા માટે ઈદ્દતના સમયમાં સોગ કરવાનો હુકમ આપવામાં આવ્યો. સોગ કરવાનો મતલબ એ છે કે સ્ત્રી એવો લિબાસ અથવા એવો રંગ ઢંગ ન અપનાવે જેનાથી એના તરફ પુરૂષોની તબીઅત લલચાય, જેથી ઈદ્દત ગુજારનારી માટે (જેના પર સોગ વાજિબ હોય) એ જરૂરી ઠરાવવામાં આવ્યું છે કે ભપકાદાર કપડાં ન પહેરે, ખુશ્બુ ન લગાડે, ખુશ્બુમાં રંગેલાં કપડાં ન પહેરે, ઘરેણા ન પહેરે, બારીક દાંતાવાળી કાંસકી વડે વાળો ન ઓઢે અને માથામાં તેલ ન નાખે તથા સુરમો ન લગાડે. હા ! જો આંખો દુઃખવા લાગે તો ઈલાજ માટે સુરમો લગાડવો દુરુસ્ત છે, પરંતુ રાતમાં લગાડે અને દિવસે લુછી નાખે. માથુ ધોવું તથા ગુસ્લ કરવું દુરુસ્ત છે પરંતું ખુશ્બોદાર સાબુ વગેરે ન વાપરે. જો માથામાં દર્દ થવાને કારણે તેલ લગાડવાની જરૂરત હોય તો ખુશ્બુ વિનાનુ તેલ લગાડે પરંતું માંગ પટ્ટી (વાળોની સજાવટ) ન કાઢે.

જે સ્ત્રી પર સોગ વાજિબ છે તે તેણીએ પાન ખાઈને મોં લાલ કરવું અને દાંતો પર (ખુશ્બોદાર મંજન) લગાડવું, ફૂલ પહેરવું, મેંદી લાગડવી, હોઠ તથા નખો પર લાલી લગાડવી દુરુસ્ત નથી.

**મસ્અલા** : સોગ કરવો શરીઅતનો હુકમ છે, પતિના મૃત્યુથી કે **તલાક઼ અથવા ખુલઅ થકી તેનાથી છૂટકારો હાંસલ થવાથી સ્ત્રીને સ્વભાવિકપણે ખુશી પણ થઈ હોય તો પણ સોગ કરવો વાજિબ છે.**

**મસ્અલા** : જો કોર્ટ થકી નિકાહ રદ કરી દેવામાં આવ્યા હોય (અને તે શરીઅતના નિયમો પ્રમાણે પણ તૂટી ગયા હોય) તો એવી સ્ત્રી પર પણ ઈદ્દત તથા સોગ વાજિબ છે.

**મસ્અલા** : જો નાબાલિગ છોકરીને તલાક઼ મળી ગઈ અથવા તેનો પતિ મૃત્યુ પામ્યો તો એના પર સોગ વાજિબ નથી.

**મસ્અલા** : જે સ્ત્રીને તલાકે઼ બાઈન અથવા તલાકે઼ મુગલ્લઝા મળી હોય તેના પર એ પણ વાજિબ છે કે ઈદ્દતના જમાનામાં તલાક઼ આપનાર પતિના ઘરે રહીને તેનાથી પર્દો કરે, અને જેને રજઈ તલાક઼ મળી હોય તે શણગારથી રહે, સોગ ન કરે.

**મસ્અલા** : જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામે અને હજી વતી (મેળાપ) થયો ન હતો તો પણ તેણી ઈદ્દત ગુજારશે.

### ★ જાહિલિયતના જમાનામાં ઈદ્દતનો તરીક઼ો ★

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا નું બયાન છે કે એક સહાબી ખાતૂન હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારી છોકરીનો પતિ મૃત્યુ પામ્યો છે અને તેણીની આંખોમાં તકલીફ છે તો શું અમે તેણીની આંખોમાં સુરમો લગાડી શકીએ છીએ ? આપે ફર્માવ્યું, નહીં ! બે કે ત્રણવાર આ જ સવાલ થયો અને દરેકવાર આ જ જવાબ મળ્યો કે નથી લગાડી શક્તા. ત્યારબાદ રહમતે આલમ ﷺએ ફર્માવ્યું કે (ઈસ્લામી શરીઅતમાં) આ ઈદ્દત તથા સોગના ચાર મહિના દસ દિવસ છે. (એની પાબંદી મુશ્કેલ જણાઈ રહી છે) જ્યારે કે **જાહિલિયતના જમાનામાં જ્યારે કોઈ સ્ત્રીનો પતિ મૃત્યુ પામતો તો પૂરા એક વરસ સુધી ઈદ્દત પસાર કરતી હતી અને એક વરસ પૂર્ણ થઈને જ્યારે બીજુ વરસ બેસતુ તો ઊંટ વગેરેની લીંડઓ ફેંકતી હતી.** *(બુખારી વ મુસ્લિમ)*

ઈસ્લામથી પહેલાં **જાહિલિયતના જમાનામાં** વિવિધ ઈલાકાઓમાં અને વિવિધ ક઼ૌમમાં પતિના મરી જવા પર **તેની વિધવા પર જાત જાતના હુકમો લાગુ પાડવામાં આવતા હતા,** આ અહકામ મઝહબી પણ હોતા અને ક઼ૌમી તથા મિલ્લી પણ.

હિંદુસ્તાનના હિંદુઓમાં તો એ ક઼ાનૂન હતો કે **વિધવાએ પોતાના મૃત પતિની સાથે જીવતાં જ સળગી જવુ પડતુ હતું તેને સતિ થવાનુ કહેતા હતા.** અને અરબોમાં એ તરીક઼ો હતો કે **જ્યારે સ્ત્રીનો પતિ મૃત્યુ**





**પામતો તો એક વરસ તેણીના માટે ઘણુ જ કઠણ રહેતુ હતું** જેની વિગત સુનને અબૂ દાઊદમાં આ પ્રમાણે છે કે :

"જ્યારે કોઈ સ્ત્રીનો પતિ મૃત્યુ પામતો હતો તો વરસભરના માટે એક ઓરડીમાં દાખલ થઈ જતી હતી અને બદતરીન કપડાં પહેરી લેતી હતી અને વરસ ગુજરતાં સુધી ન ખુશ્બુ લગાડતી ન અન્ય કોઈ ચીજ (સફાઈ સ્વચ્છતાની) પોતાને શરીરને લગાડતી હતી. જ્યારે વરસ ખત્મ થઈ જતુ તો કોઈ ચોપગુ ગધેડુ, બકરી કે પક્ષી એની પાસે લાવવામાં આવતુ હતું જેની સાથે તે પોતાની શર્મગાહને રગળતી હતી. કેમ કે વરસભર સુધી બદહાલીમાં રહીને તેના શરીરમાં ઝેરીલી અસરો પેદા થઈ જતી હતી એટલા માટે જે જાનવર સાથે તેણી પોતાના શરીરનો ખાસ હિસ્સો રગળતી હતી તે મોટાભાગે મરી જતુ હતું. ત્યારબાદ ઓરડીમાંથી નીકળતી અને તેણીને ઊંટ વગેરેની લીંડીઓ આપવામાં આવતી હતી, તેણી તે લીંડીઓને આગળ પાછળ ફેંકતી હતી એનાથી લોકોને ખબર થઈ જતી હતી કે તેણીની ઈદ્દત પસાર થઈ ગઈ છે, અને એનાથી એ ફાલ લેવાનો પણ હેતુ હતો કે મુસીબત ફેંકી દીધી જેવી રીતે આ લીંડીઓ ફેંકવામાં આવી રહી છે. ત્યારબાદ પોતાની મરજીના પ્રમાણે ખુશ્બુ વગેરે વાપરતી હતી. (આ કામ ટુચકાના તૌર પર કરતી હતી અને એને મુસીબત દૂર થવાનો ઝરીયો સમજતી હતી)

હુઝૂરે અક઼દસ ﷺએ જાહિલિયતની આ પાબંદી યાદ અપાવી અને ફર્માવ્યું કે **ઈસ્લામે કેવળ ચાર મહિના દસ દિવસની ઈદ્દત અને સોગ રાખ્યો છે અને જાહિલિયતની કેવી કેવી મુસીબતોથી તમારી જાન છોડાવી** છે છતાં પણ તમે ઈસ્લામના ક઼ાનૂનની હિફાઝતથી બચવાનો માર્ગ કાઢવા ચાહો છો ?!

આ હદીષથી જાણવા મળ્યું કે આંખમાં તકલીફ હોવા છતાં હુઝૂરે અક઼દસ ﷺએ ઈદ્દતવાળીને સોગમાં સુરમો લગાડવાની ઈજાઝત ન આપી. હદીષની શરહ લખનારા આલિમોએ બતાવ્યું છે કે એ સ્ત્રીનો ઈલાજ સુરમા વિના પણ થઈ શક્તો હતો અને સુરમો શણગાર રૂપે લગાડવા ચાહતી હતી એટલા માટે મના ફર્માવ્યું કેમ કે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاનો ફત્વો છે (જે સોગવાળી હદીષોનાં રાવી છે)કે સોગવાળી સ્ત્રી ઈલાજની મજબૂરીથી રાતે સુરમો લગાડી શકે છે.

## ★ સ્ત્રી વિધવા થઈ જાય તો બીજો નિકાહ કરી લે ★

હિંદુઓમાં એ અયબ સમજવામાં આવે છે કે પતિના મૃત્યુ બાદ સ્ત્રી કોઈ બીજા પુરૂષ સાથે શાદી કરે, દરેક વખતનો જલાપો અને સાસુ નણંદનાં મહેણા તેણીને બાઈજ્જત જિંદગી ગુજારવા દેતાં ન હતાં. ધાર્મિક ક઼ાનૂન અને કોમી રિવાજના પ્રમાણે પતિ વિનાની પૂરી જિંદગી પસાર કરવી લાઝિમ હતી. જો તેર વરસની છોકરી વિધવા થઈ જાય એને પતિની અર્થીની સાથે બળી મરવું ધાર્મિક મસ્અલો હતો અને સૌ નફરત તથા તુચ્છકારનો વર્તાવ કરતા હતા એટલા માટે અનાયાસે તે પતિની અર્થીમાં કૂદી પડતી હતી અને જીવંત બળી મરવાને નફરતવાળી જિંદગી પર અગ્રતા આપતી હતી. તેનાથી તદ્દન ઉલ્ટુ ઈસ્લામે ન કેવળ ઈજાઝત આપી બલ્કે આકર્ષિત કરી અને મુસ્તહબ તથા મુસ્તહસન બલ્કે અમુક સંજોગોમાં વાજિબ ઠરાવ્યું કે ઈદ્દત ગુજાર્યા બાદ સ્ત્રી બીજા પતિ સાથે નિકાહ કરી લે, તે મૃત્યુ પામે તો ત્રીજા પતિ સાથે કરી લે, તે પણ મૃત્યુ પામે તો ચોથા પુરૂષ સાથે નિકાહ કરે. હુઝૂરે અક઼દસ ﷺએ એના પર અમલ કરીને દેખાડયું. આપની મોટાભાગની પત્નીઓ વિધવાઓ હતી જેમના આગલા પતિ મૃત્યુ પામી ચૂક્યા હતા, એમનામાં અમુક તે હતી જે આપથી પહેલાં બે પતિઓના નિકાહમાં રહી ચૂકી હતી.

આજકાલ પણ અમુક ક઼ૌમોમાં (જે મુસલમાન કહેવાય છે !) વિધવાની બીજી શાદીને અયબ સમજવામાં આવે છે અને જે વિધવા થઈ જાય તે જીવનભર આમ જ વિના પતિએ બેસી રહે છે. ખુદાની પનાહ ! અલ્લાહના રસૂલ ﷺએ જે કામ કર્યું હોય તેને અયબ સમજવું એ ઘણી જ મહાન જેહાલત છે, એનાથી ઈમાન છીનવાઈ થઈ જવાનો ખતરો છે જેથી જે લોકોના એવા ખયાલાત હોય તેઓ તૌબા કરી લે.

ઈસ્લામે સ્ત્રીઓને મહાન મર્તબો આપ્યો અને તેમને એઝાઝ તથા ઈકરામ (ઈજ્જત તથા સન્માન)થી નવાઝી છે, નીચતામાંથી કાઢીને તેણીને ઉચ્ચતા અર્પણ કરી છે, પરંતું અફસોસ છે કે સ્ત્રીઓ હજી પણ ઈસ્લામી અહકામને છોડીને (કે જે સરાસર રહમત છે) જાહિલિયત તરફ દોડી રહી છે.

## ★ પતિ સિવાય અન્યના મૃત્યુ પર સોગ વિશે હુકમ ★

હઝરત અબૂ સલમા رضی اللہ عنہની સાહબઝાદી હઝરત ઝયનબ رضی اللہ عنہાએ





વર્ણન કર્યું છે કે જ્યારે ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاને (તેમના પિતા) હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہના મૃત્યુની ખબર પહોંચી તો તેમણે ત્રીજા દિવસે ખુશ્બુ મંગાવી જે પીળા રંગની હતી તેને પોતાના બાવડાં અને ગાલો પર ઘસી અને ફર્માવ્યું કે મને એની જરૂરત ન હતી. (પરંતું એ ડરથી કે ક્યાંક ત્રણ દિવસથી વધુ સોગ કરનારીઓમાં મારી ગણત્રી ન થઈ જાય જેથી મેં ખુશ્બુ લગાડી) મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે એવી સ્ત્રીના માટે જે અલ્લાહ પર અને આખેરતના દિવસ પર ઈમાન ધરાવે છે એમને એ હલાલ નથી કે (કોઈના મૃત્યુ પર) ત્રણ દિવસ ત્રણ રાતથી વધુ સોગ મનાવે સિવાય તેના પતિના, કે તેનું મૃત્યુ થઈ જતાં ચાર મહિના દસ દિવસ સોગ કરે. *(મુસ્લિમ શરીફ)*

રબ તબારક વ તઆલા આપણને સૌને ઈસ્લામી તાલીમાત પર અમલની તૌફીક અતા ફર્માવે. આમીન

## ★ ઈલા અને તેના હુકમો ★

ફર્માને બારી તઆલા છે :–

لِلَّذِيْنَ يُؤْلُوْنَ مِنْ نِّسَآئِهِمْ تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍ ۚ فَاِنْ فَآءُوْ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ○

"અને તેઓ જેઓ ક઼સમ ખાય બેસે છે પોતાની સ્ત્રીઓની પાસે જવાની, તેમને ચાર મહિનાની મોહલત છે પછી જો એ મુદ્દતમાં ફરી આવે તો અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. *(સૂ. બક઼રહ–૨૨૬, કન્ઝુલ ઈમાન)*

મુફસ્સિરે શહીર હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ આ આયતે કરીમાનો શાને નુઝૂલ વર્ણવતાં લખે છે : જાહિલિયતના જમાનામાં લોકોનો એ નિયમ હતો કે પોતાની સ્ત્રીઓથી માલ માગતા, જો તેણીઓ આપવાથી ઈન્કાર કરતી તો એક વરસ, બે વરસ, ત્રણ વરસ અથવા એથી વધુ સમય માટે તેણીઓ પાસે ન જવા અને સંભોગ ત્યજી દેવાની ક઼સમ ખાય લેતા હતા અને તેણીઓને પરેશાનીમાં સપડાવી દેતા હતા, ન તે વિધવા હતી કે ક્યાંક પોતાનું ઠેકાણુ કરી લેતી ન પતિવાળી કે પતિથી આરામ પામતી. ઈસ્લામે આ જુલ્મને મિટાવ્યો અને એવી ક઼સમ ખાનારાઓના માટે ચાર મહિનાની મુદ્દત નિશ્ચિત કરી આપી કે જો સ્ત્રીથી ચાર મહિના અથવા એથી વધુ અરસાના માટે અથવા અચોક્કસ મુદ્દતના

માટે સંભોગ ત્યજવાની ક઼સમ ખાય લે તો તેના માટે ચાર મહિનાની મોહલત છે, એ અરસામાં ખૂબ જ સમજી વિચારી લે કે સ્ત્રીને છોડવી તેના માટે બેહતર છે કે રાખવી, જો રાખવી બેહતર સમજે અને એ મુદ્દતની અંદર રુજૂઅ કરે તો નિકાહ બાક઼ી રહેશે અને ક઼સમનો કફ્ફારો લાઝિમ થશે, અને જો એ મુદ્દતમાં રુજૂઅ ન કર્યું અને ક઼સમ ન તોડી તો સ્ત્રી નિકાહથી બહાર થઈ ગઈ અને તેણીના પર ''તલાકે઼ બાઈન'' લાગુ થઈ ગઈ. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

'ઈલા'નો અર્થ એ છે કે પતિએ એવી ક઼સમ ખાધી કે પત્ની સાથે સંભોગ નહીં કરે, અથવા એવી ક઼સમ ખાધી કે ચાર મહિના સંભોગ નહીં કરે તો આ 'ઈલા' થઈ ગયો. જો સ્ત્રી બાંદી હોય તો તેણીના ઈલાની મુદ્દત બે મહિના છે.

'ઈલા'માં ક઼સમની બે સ્થિતિઓ છે, એક એ કે અલ્લાહ તઆલા અથવા તેની તે સિફ઼તોની ક઼સમ ખાય જેની ક઼સમ ખાવામાં આવે છે (જેમ કે કહે, તેની અઝમત તથા જલાલની ક઼સમ ! તેની કિબ્રિયાઈની ક઼સમ ! કુર્આનની ક઼સમ ! કલામુલ્લાહની ક઼સમ). બીજી સ્થિતિ તઅલીક઼ છે (જેમ કે એવું કહે કે જો એનાથી વતી (સંભોગ) કરું તો મારો ગુલામ આઝાદ છે અથવા મારી પત્નીને તલાક઼ છે અથવા મારા પર આટલા રોઝા છે અથવા હજ છે. *(હિદાયહ વગેરે)*

## ★ ઈલાના પ્રકારો ★

**મસ્અલા** : ઈલા બે પ્રકારના છે : **એક** ઈલાએ મુવક્ક઼ત એટલે કે ચાર મહિનાનો. **બીજો** ઈલાએ મુઅબ્બદ એટલે ચાર મહિનાની હદ ન હોય. જો કે ઈલા પછી ચાર મહિનાની અંદર જો પત્ની સાથે સંભોગ કર્યો તો ક઼સમ તૂટી ગઈ (ચાહે પાગલ પણ હોય) અને કફ્ફારો લાઝિમ થશે જ્યારે કે અલ્લાહ તઆલા અથવા તેની તે સિફ઼તોની ક઼સમ ખાધી હોય, અને જો ક઼સમ તઅલીક઼ના રૂપે હતી તો જે વાત પર અવલંબિત કરી હતી તે વાત થઈ જશે (જેમ કે કહ્યું હતુ કે જો તેણી સાથે સંભોગ કરીશ તો ગુલામ આઝાદ છે અને ચાર મહિનાની અંદર સંભોગ કરી લીધો તો ગુલામ આઝાદ થઈ ગયો) અને જો ઈલા કર્યા બાદ ચાર મહિનાની અંદર સોહબત ન કરી તો ''તલાકે઼ બાઈન'' પડી જશે. વળી જો આ ઈલા મુવક્ક઼ત હતો એટલે





ચાર મહિનાનો હતો તો યમીન સાક઼િત થઈ ગઈ એટલે કે તે સ્ત્રી સાથે ફરી નિકાહ કર્યો તો હવે ઈલાની કોઈ અસર નથી. અને જો ઈલા મુઅબ્બદ હતો એટલે કે હમેશાંની કે઼દ હતી (જેમ કે આ પ્રમાણે કહ્યું હતું કે ખુદાની ક઼સમ ! તારી સાથે કદી સંભોગ કરીશ નહીં) અથવા કાંઈ શર્ત ન હતી (જેમ કે કહ્યું હતું, ખુદાની ક઼સમ ! તારાથી સંભોગ કરીશ નહીં) તો આ સ્થિતિઓમાં એક બાઈન તલાક઼ પડી ગઈ અને ક઼સમ બાક઼ી છે. (એટલે તે સ્ત્રી સાથે જો ફરી નિકાહ કર્યો તો પછી ઈલાનો હુકમ લાગુ થશે કે જો નિકાહના સમયથી ચાર મહિનાની અંદર સંભોગ કરી લીધો તો ક઼સમનો કફ્ફારો આપવો પડશે અને તઅલીક઼માં બદલો લાગુ થશે. અને જો ચાર મહિના પસાર કરી લીધા અને સંભોગ ન કર્યો તો એક બાઈન તલાક઼ પડી જશે પણ યમીન હજી પણ બાકી છે. એ જ પ્રમાણે જો ત્રીજી વાર એ જ સ્ત્રી સાથે નિકાહ કર્યો તો પછી ઈલા આવી ગયો, હજી પણ સંભોગ ન કરે તો ચાર મહિના પસાર થઈ જતાં ત્રીજી તલાક઼ પડી જશે, અને હવે હલાલા વિના નિકાહ નથી કરી શક્તો. જો હલાલા બાદ ફરી નિકાહ કર્યો તો હવે ઈલા નથી, એટલે ચાર મહિના સંભોગ વિના ગુજરી જવા પર તલાક઼ થશે નહીં પણ ક઼સમ બાકી છે, જો સંભોગ કરશે તો કફ્ફારો વાજિબ થશે. અને જો પહેલી કે બીજી તલાક઼ના પછી સ્ત્રીએ કોઈ બીજાની સાથે નિકાહ કર્યા ત્યારબાદ ફરી એની સાથે નિકાહ કર્યા તો કાયમી તૌર પર હવેથી ત્રણ તલાક઼નો માલિક થઈ ગયો પણ ઈલા તો પણ રહેશે એટલે કે સંભોગ ન કરવા પર તલાક઼ થઈ જશે, ફરી નિકાહ, ફરી તે જ હુકમ, પછી એક કે બે તલાક઼ બાદ કોઈની સાથે નિકાહ કર્યા, ફરી તેની સાથે નિકાહ કર્યા ફરી એ જ હુકમ. એટલે કે જ્યાં સુધી ત્રણ તલાક઼ પછી બીજા પતિ સાથે નિકાહ ન કરી લે ઈલા દસ્તૂર મુજબ બાકી રહેશે. *(હિંદિયા વ બહાર)*

**મસ્અલા** : ઈલા કેવળ પોતાના નિકાહવાળી સાથે થાય છે અથવા રજઈ તલાક઼વાળી સાથે. અજનબી સ્ત્રી સાથે અથવા જેને બાઈન તલાક઼ આપી તેની સાથે ઈલા નથી થઈ શક્તો. એ જ પ્રમાણે પોતાની બાંદી સાથે પણ નહીં. હા ! બીજાની કનીઝ તેના નિકાહમાં છે તો એ કનીઝ સાથે ઈલા થઈ શકે છે. એ જ પ્રમાણે અજનબી સ્ત્રીનો ઈલા જો નિકાહ પર અવલંબિત કર્યો તો થઈ જશે (જેમ કે કહ્યું કે જો હું તારી સાથે નિકાહ કરું તો ખુદાની ક઼સમ ! તારી સાથે સંભોગ નહીં કરું).

## ★ ઈલાની શરતો ★

**મસ્અલા** : ઈલાના માટે એ પણ શર્ત છે કે પતિ તલાક઼વાળો હોય એટલે કે તે તલાક઼ આપી શક્તો હોય, જેથી પાગલ તથા નાબાલિગનો ઈલા સહીહ નથી કે એ તલાક઼વાળા નથી. (દુર્રે મુખ્તાર વ બહાર) અને એ પણ શર્ત છે કે ચાર મહિનાથી ઓછી મુદ્દત ન હોય, અને એ પણ શર્ત છે કે જગા નિશ્ચિત ન કરે, જો જગા નિશ્ચિત કરી (જેમ કે આ પ્રમાણે કહ્યું કે ખુદાની ક઼સમ ! તારી સાથે ફલાણી જગાએ સંભોગ કરીશ નહીં) તો ઈલા નથી. અને એ પણ શર્ત છે કે પત્નીની સાથે કોઈ બાંદી કે અજનબી સ્ત્રીને ન મિલાવે. (જેમ કે કહ્યું કે તારી સાથે અને ફલાણી સ્ત્રી સાથે સંભોગ કરીશ નહીં, અને એ ફલાણી તેની બાંદી અથવા અજનબી સ્ત્રી છે તો ઈલા થશે નહીં). અને એ પણ શર્ત છે કે કેવળની મુદ્દતનો અપવાદ ન હોય (જેમ કે આ પ્રમાણે કહ્યું, ચાર મહિના સુધી સંભોગ કરીશ નહીં, પણ એક દિવસ. તો આ ઈલા નથી, અને એ પણ શર્ત છે કે સંભોગની સાથે કોઈ અન્ય ચીજને ન મિલાવે (જેમ કે જો આ પ્રમાણે કહે કે જો હું તારી સાથે સંભોગ કરું અથવા તને મારા બિલોના પર બોલાવું તો તને તલાક઼ છે) તો આ રીતે કહેવાથી ઈલા થશે નહીં. *(ખાનિયહ, દુર્રે મુખ્તાર વ રદ્દુલ મુહતાર વગેરે)*

## ★ ઈલાના શબ્દો ★

ઈલાના શબ્દો અમુક સ્પષ્ટ (સહીહ) છે અમુક કનાયહ (નિર્દેશકર્તા). સ્પષ્ટ તે શબ્દો છે જે દિમાગને સંભોગના અર્થ પ્રતિ દોરતા હોય. એ અર્થમાં અધિક્તર વાપરવામાં આવતા હોય. સરીહમાં નિય્યત જરૂરી નથી, વિના નિય્યતે પણ ઈલા થઈ જશે અને સરીહ (સ્પષ્ટ) શબ્દમાં એવું કહે કે મેં સંભોગના અર્થનો ઈરાદો ન કર્યો હતો તો ક઼ઝાઅન એનુ કથન વિશ્વસનીય નથી અને દયાનતન વિશ્વસનીય છે. કિનાયહ એવો શબ્દ છે જેનાથી સંભોગનો અર્થ ન જાહેર થાય બલ્કે અન્ય અર્થની પણ સંભાવના હોય. કિનાયહમાં નિય્યત વિના ઈલા થશે નહીં. અને જો બીજો અર્થ મુરાદ હોવું બતાવે છે તો ક઼ઝાઅન પણ તેનુ કથન માની લેવામાં આવશે. *(રદ્દુલ મુહતાર વ બહાર)*

**મસ્અલા** : પોતાની પત્નીને કહ્યું, જો હું તારી સાથે કુર્બત (સંભોગ) કરું તો તું મારા પર હરામ છે, અને નિય્યત ઈલાની છે તો ઈલા થઈ ગયો. *(હિંદિયહ વ બહાર)*





**મસ્અલા** : સંભોગ કરવાને કોઈ એવી ચીજ પર અવલંબિત કર્યું જેના સંબંધે એ ઉમ્મીદ નથી કે તે ચાર મહિનામાં થઈ જાય તો ઈલા થઈ ગયો. (જેમ કે રજબના મહિનામાં કહ્યું, ખુદાની ક઼સમ ! હું તારાથી સંભોગ કરીશ નહીં જ્યાં સુધી મુહર્રમનો રોઝો ન રાખી લઉં. અથવા કહ્યું, ખુદાની ક઼સમ ! હું તારાથી સંભોગ કરીશ નહીં પણ ફલાણી જગાએ, અને એ જગાએ ચાર મહિનાથી ઓછામાં નથી પહોંચી શક્તો. અથવા કહ્યું ખુદાની ક઼સમ ! તારાથી સંભોગ કરીશ નહીં જ્યાં સુધી બાળકને દૂધ છોડાવવાનો સમય ન આવી જાય. અને હજી બે વરસ પૂરાં થવામાં ચાર મહિના અથવા અધિક બાકી છે, તો આ સર્વ સંજોગોમાં ઈલા છે) એ જ પ્રમાણે એ કામ મુદ્દતની અંદર તો થઈ શકે છે પણ એ કે નિકાહ ન રહેશે તો પણ ઈલા છે. જેમ કે એવું કહ્યું, તારી સાથે સંભોગ કરીશ નહીં ત્યાં સુધી કે તું મૃત્યુ પામે અથવા કહ્યું કે હું મરી જાઉં અથવા ક઼ત્લ કરવામાં આવે અથવા હું માર્યો જાઉં અથવા તું મને મારી નાખે અથવા હું તને મારી નાખુ અથવા હું તને ત્રણ તલાક઼ો આપી દઉં. *(જૌહરા વ બહાર વગેરે)*

**મસ્અલા** : ઈલા કર્યો અને મુદ્દતની અંદર ક઼સમ તોડવા ચાહે છે પણ વતી કરવાથી લાચાર છે (કે તે પોતે બીમાર છે અથવા પત્ની બીમાર છે અથવા ઓછી ઉમર છે અથવા સ્ત્રીનુ મક઼ામ બંધ છે કે જેથી સંભોગ થઈ નથી શક્તો અથવા પોતે જ નામર્દ છે અથવા તેનું અંગ કાપી નાખવામાં આવ્યું અથવા સ્ત્રી એટલી દૂર છે કે ચાર મહિનાની અંદર ત્યાં નથી પહોંચી શક્તો અથવા ખૂદ કૈદ છે અને કૈદખાનામાં સંભોગ નથી કરી શક્તો અને કૈદ પણ જુલ્મની રીતે હોય અથવા સ્ત્રી સંભોગ નથી કરવા દેતી અથવા ક્યાંક એવા સ્થળે છે કે એને તેણીનો પતો નથી) તો આ મજબૂરીઓમાં જીભ વડે રુજૂઅના શબ્દો કહી છે, જેમ કે કહે, મેં તારાથી રુજૂઅ કરી લીધું અથવા કહે, ઈલાને બાતિલ કરી આપ્યો અથવા કહે, મેં મારા કથનથી રુજૂઅ કર્યું (પાછુ લીધું) અથવા કહે, મેં મારું કથન પરત લીધું. તો આ રીતે કહેવાથી ઈલા જતો રહેશે, એટલે કે મુદ્દત પૂર્ણ થઈ જતાં તલાક઼ થશે નહીં. અને સાવચેતી એમાં છે કે ગવાહોની સમક્ષ રુજૂઅના શબ્દો કહે. પરંતું જો ક઼સમ મુત્લક઼ (શર્ત વિનાની) છે અથવા મુઅબ્બદ તો બહાલા બાકી છે, જ્યારે વતી કરશે ત્યારે કફ્ફારો લાઝિમ થશે, અને જો ક઼સમ ચાર મહિનાની હતી અને ચાર મહિના પછી વતી કરી તો કફ્ફારો નથી.

પણ જીભ વડે રુજૂઅ કરવા માટે એ શર્ત છે કે મુદ્દતની અંદર એ મજબૂરી કાયમ રહે. અને જો મુદ્દતની અંદર મૌખિક રુજૂઅ પછી વતી પર શક્તિમાન થઈ ગયો તો મૌખિક રુજૂઅ પૂરતુ નથી, વતી (સંભોગ) કરવી પડશે. *(દુર્રે મુખ્તાર, જૌહરા વ બહાર)*

**મસ્અલા** : વતીથી લાચારે દિલથી રુજૂઅ કરી લીધું પણ જીભ વડે કાંઈ ન કહ્યું તો રુજૂઅ નથી. *(રદ્દુલ મુહતાર વ બહાર)*

**મસ્અલા** : જે વખતે ઈલા કર્યો તે વખતે લાચાર ન હતો પછી લાચાર થઈ ગયો તો મૌખિક રુજૂઅ પૂરતુ નથી, જેમ કે તંદુરસ્તે ઈલા કર્યો પછી બીમાર થઈ ગયો, તો હવે રુજૂઅ માટે વતી જરૂરી છે પણ એ કે ઈલા કરતાં જ બીમાર થઈ ગયો અને એટલો સમય ન મળ્યો કે વતી કરે તો જીભ વડે કહી લેવું પૂરતુ છે અને જો બીમારે ઈલા કર્યો હતો અને હજી સારુ ન થયુ હતું એવામાં સ્ત્રી બીમાર થઈ ગઈ, હવે એ સારો થઈ ગયો તો મૌખિક રુજૂઅ અપૂરતો છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર તથા બહાર)*

**મસ્અલા** : વાસના સાથે બોસો લેવો અથવા તેણીની શર્મગાહ તરફ જોવું અથવા આગળના મક઼ામ સિવાય કોઈ અન્ય જગાએ વતી કરવી એ રુજૂઅ નથી. *(હિંદિયા વ બહાર)*

**મસ્અલા** : જો હૈઝમાં સંભોગ કરી લીધો તો જો કે એ ઘણુ જ સખત હરામ છે પણ ઈલા જતો રહ્યો. *(હિંદિયા વ બહાર)*

**મસ્અલા** : ઈલાની મુદ્દતમાં પતિ તથા પત્નીમાં મતભેદ થાય તો પતિનો ક઼ૌલ વિશ્વસનીય છે પણ સ્ત્રીને જ્યારે પતિનુ જૂઠા હોવુ માલૂમ હોય તો સ્ત્રીને ઈજાઝત નથી કે તેની સાથે ન રહે, જે રીતે થઈ શકે માલ વગેરે આપીને તેનાથી અલગ થઈ જાય, અને મુદ્દતની અંદર સંભોગ કર્યાનું બતાવે છે તો પતિનું કથન વિશ્વસનીય છે, અને મુદ્દત પૂર્ણ થઈ ગયા પછી કહે છે કે મુદ્દતની અંદર સંભોગ કર્યો હતો તો જ્યાં સુધી પત્ની સમર્થન ન કરે ત્યાં સુધી પતિનુ કથન માનવામાં આવશે નહીં. *(હિંદિયા, જૌહરા વ બહાર)*

**મસ્અલા** : સ્ત્રીને કહ્યું, તું મારા પર હરામ છે. આ શબ્દ વડે ઈલાની નિય્યત કરી તો ઈલા છે અને ઝેહારની નિય્યત કરી તો ઝેહાર છે, નહીં તો તલાકે઼ બાઈન અને ત્રણની નિય્યત કરી તો ત્રણ. અને જો સ્ત્રીએ કહ્યું કે હું તારા પર હરામ છું તો એ યમીન છે, પતિએ જબરદસ્તી અથવા સ્ત્રીની





ખુશીથી સંભોગ કર્યો તો સ્ત્રી પર કફ્ફારો લાઝિમ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વ બહાર)*

**મસ્અલા** : પત્નીને કહ્યું, તું મારી મા છે અને નિય્યત તહરીમ (હરામ કરવા)ની કરી છે તો હરામ ન થશે બલ્કે એ જૂઠુ છે. *(જૌહરા, બહાર)*

## ★ ખુલઅનું વર્ણન ★

કુર્આન પાકમાં છે :–

**فَاِنْ خِفْتُمْ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا افْتَدَتْ بِهٖ ط**

''પછી જો તમને ડર હોય કે તે બંનેવ બરાબર એ હદો પર નહીં રહે તો એમના પર કોઈ ગુનોહ નથી એમાં જે બદલો આપીને સ્ત્રી મુક્તિ મેળવે.'' *(સૂ. બક઼રહ–૨૨૯)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : આ આયત જમીલા બિન્તે અબ્દુલ્લાહના બારામાં નાઝિલ થઈ. આ જમીલા ષાબિત બિન કૈસ ઈબ્ને શમાસના નિકાહમાં હતાં અને પતિથી અતિશય કક્ષાની નફરત ધરાવતાં હતાં. રસૂલુલ્લાહ ﷺની સમક્ષ પોતાના પતિની ફરિયાદ લાવ્યાં અને કોઈ રીતે તેની પાસે રહેવા રાજી ન થયાં, ત્યારે હઝરત ષાબિતે કહ્યું કે મેં તેણીને એક બાગ આપ્યો છે, જો તેણી મારી પાસે રહેવાનુ માન્ય નથી રાખતી અને મારાથી અલગ થવા ચાહે છે તો તે બાગ મને પરત કરી આપે, હું તેણીને આઝાદ કરી દઉં. જમીલાએ એને મંજૂર કર્યું. હઝરત ષાબિતે બાગ લઈ લીધો અને તલાક઼ આપી દીધી.

બુખારી શરીફની રિવાયતમાં છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે ષાબિત બિન ક઼ૈસ رضی اللہ عنہનાં પત્ની (જમીલા) હુઝૂરે અક઼દસ ﷺની પાસે આવ્યાં અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ષાબિત બિન ક઼ૈસ رضی اللہ عنہ જે મારા પતિ છે તેમની આદત તથા ખાસિયત અને દીનદારીના બારામાં કોઈ નારાજગી નથી, પરંતું હું નાશુક્રીને નાપસંદ કરું છું (જેથી મારા તથા તેમની જુદાઈ થઈ જાય તો બેહતર છે) આ સાંભળીને હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું કે (તલાક઼ના બદલે) તમો એમનો બગીચો પરત કરી આપશો ? (જે તેમણે મહેરમાં આપ્યો છે) એના જવાબમાં તેમણે કહ્યું કે, હા ! હું પરત કરી દઈશ. આપે આ સાંભળીને હઝરત ષાબિત

બિન કૈસ رضی اللہ عنہ ને ફર્માવ્યું : اقبل الحديقة وطلقها تطليقة કે તમે બગીચો સ્વીકારી લો (અને તેના બદલામાં) તેણીને એક તલાક઼ આપી દો. *(રવાહુલ બુખારી)*

### ★ ખુલઅની ઓળખ અને તેના હુકમો ★

માલના બદલામાં નિકાહ ખત્મ કરવાને ખુલઅ કહે છે, સ્ત્રીનું ક઼બૂલ કરવું શર્ત છે. સ્ત્રીના સ્વીકાર્યા વિના ખુલઅ નથી થઈ શક્તો. ખુલઅના શબ્દો નિશ્ચિત છે, એના સિવાયના અન્ય શબ્દોમાં થશે નહીં.

**મસ્અલા** : જો પતિ પત્નીમાં મતભેદ ચાલ્યા કરતો હોય અને એ ભય હોય કે શરીઅતના હુકમોની પાબંદી નહીં કરી શકે તો ખુલઅ કરાવવામાં વાંધો નથી, અને જ્યારે ખુલઅ કરી લે તો તલાક઼ે બાઈન લાગુ થઈ જશે અને જે માલ ઠરાવ્યો છે તેને આપવું સ્ત્રી પર લાઝિમ છે. *(હિંદાયહ વ બહાર)*

**મસ્અલા** : જે ચીજ મહેર થઈ શકે છે તે ખુલઅમાં બદલો થઈ શકે છે અને જે ચીજ મહેર નથી થઈ શક્તી તે પણ ખુલઅમાં બદલો થઈ શકે છે. જેમ કે દસ દિરહમથી ઓછી મહેર તો નથી થઈ શક્તી પણ ખુલઅનો બદલો થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ખુલઅ પતિના હક્ક઼માં તલાક઼ને સ્ત્રીના ક઼બૂલ કરવા પર અવલંબિત કરે છે કે સ્ત્રીએ જો માલ આપવાનું ક઼બૂલ કરી લીધું તો તલાક઼ બાઈન થઈ જશે, જેથી જો પતિએ ખુલઅના શબ્દો કહ્યા અને પત્નીએ હજી ક઼બૂલ નથી કર્યો તો પતિને રુજૂઅ કરવાનો (પરત કરવાનો) અધિકાર નથી ન પતિને શર્તે ખેયાર હાંસલ છે. અને ન તો પતિના મજલિસ બદલવાથી ખુલઅ બાતિલ થશે. *(ખાનિયા વ બહાર)*

**મસ્અલા** : ખુલઅ કેમ કે બદલો છે જેથી એ શર્ત છે કે સ્ત્રીની ક઼બૂલાત એ શબ્દનો અર્થ સમજીને હોય, અર્થ સમજ્યા વિના કેવળ શબ્દો બોલી નાખે તો ખુલઅ થશે નહીં. *(દુર્રે મુખ્તાર વ બહાર)*

**મસ્અલા** : કેમ કે પતિના તરફથી ખુલઅ તલાક઼ છે જેથી પતિનું આક઼િલ બાલિગ હોવું શર્ત છે. નાબાલિગ અથવા પાગલ ખુલઅ નથી કરી શક્તો. અને એ પણ શર્ત છે કે સ્ત્રી તલાક઼ને પાત્ર હોય, જેથી જો સ્ત્રીને





તલાક઼ે બાઈન આપવામાં આવી ચૂકી છે તો ભલે ઈદ્દતમાં હોય છતાં તેણી સાથે ખુલઅ નથી થઈ શક્તો. એ જ પ્રમાણે જો નિકાહ ફાસિદ થયો છે અથવા સ્ત્રી મુર્તદ થઈ ગઈ તો પણ ખુલઅ નથી થઈ શક્તો, કેમ કે નિકાહ જ (બાકી) નથી તો ખુલઅ કઈ ચીજનો થશે ? અને જો રજઈ તલાક઼ની ઈદ્દતમાં છે તો ખુલઅ થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલા** : પતિએ કહ્યું, મેં તારાથી ખુલઅ કર્યો અને માલનો ઉલ્લેખ ન કર્યો તો ખુલઅ નથી બલ્કે તલાક઼ છે અને તે સ્ત્રીના ક઼બૂલ કરવા પર આધારિત નથી. *(બદાએઅ વ બહાર)*

**મસ્અલા** : પતિએ કહ્યું, મેં તારાથી આટલા પર ખુલઅ કર્યો, સ્ત્રીએ જવાબમાં કહ્યું કે હા ! તો એનાથી કાંઈ ન થશે જ્યાં સુધી એવું ન કહે કે હું રાજી થઈ અથવા જાઈઝ કર્યો, એવું કહ્યું તો સહીહ થશે. એ જ પ્રમાણે જો સ્ત્રીએ કહ્યું, મને હજાર રૂપિયાના બદલામાં તલાક઼ છે, એના પર પતિએ કહ્યું, હા ! તો તલાક઼ થઈ ગઈ. *(હિંદિયા વ બહાર)*

**મસ્અલા** : નિકાહના કારણે જેટલા હક્ક઼ો એકબીજા પર હતા તે ખુલઅથી સાક઼િત થશે નહીં. ઈદ્દતનુ ભરણ પોષણ જો કે નિકાહના હક્ક઼ોમાંથી છે પણ તે સાક઼િત થશે નહીં. હા ! જો તેને સાક઼િત થવાની શર્ત કરી આપી તો એ પણ સાક઼િત થઈ જશે, એ જ પ્રમાણે સ્ત્રીને બાળક હોય તો બાળકનુ ભરણ પોષણ તથા દૂધ પીવાડાવવાનો ખર્ચ સાક઼િત થઈ જશે, નહીં તો નહીં. અને સમય નિશ્ચિત કરવાના સંજોગોમાં જો એ સમયથી પહેલાં બાળક મૃત્યુ પામ્યુ તો બાકી મુદ્દતમાં જે ખર્ચ થાત તે સ્ત્રી પાસેથી પતિ લઈ શકે છે. અને જો એવું નિશ્ચિત થયું કે સ્ત્રી પોતાના માલ વડે દસ વરસ સુધી બાળકનો ઉછેર કરશે તો બાળકનાં કપડાંની સ્ત્રી માગણી કરી શકે છે અને જો બાળકનાં ખાવા કપડાં બંનેવનું નિશ્ચિત ઠર્યું છે તો કપડાંની માગણી નથી કરી શક્તી, અને જો બાળકને ત્યજીને સ્ત્રી ભાગી ગઈ તો બાક઼ી ભરણ પોષણની કિંમત પતિ વસૂલ કરી શકે છે. અને જો એવું નિશ્ચિત થયું છે કે બાલિગ થતા સુધી બાળકને પોતાની પાસે રાખશે તો છોકરીમાં એવી શર્ત થઈ શકે છે છોકરામાં નહીં. *(હિંદિયા તથા બહાર)*

**મસ્અલા** : સ્ત્રીને બાઈન તલાક઼ આપીને પછી તેણી સાથે નિકાહ કર્યો પછી મહેર પર ખુલઅ થયો તો બીજી મહેર સાક઼િત થઈ ગઈ, પહેલી નહીં. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : ખુલઅ એના પર થયો કે કોઈ સ્ત્રી સાથે પત્ની પોતાના તરફથી નિકાહ કરી આપે અને તેની મહેર પત્ની આપે તો પત્નીએ કેવળ તે જ મહેર પરત કરવાની થશે જે પતિ પાસેથી લઈ ચૂકી છે અન્ય કાંઈ નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : શરાબ, સુવ્વર, મુરદાર વગેરે એવી ચીજ પર ખુલઅ થયો જે માલ નથી તો તલાક઼ે બાઈન પડી ગઈ અને સ્ત્રી પર કાંઈ વાજિબ નથી, અને જો એ ચીજોના બદલામાં તલાક઼ આપી તો રજઈ લાગુ થઈ ગઈ. એ જ પ્રમાણે જો સ્ત્રીએ એવું કહ્યું કે મારા હાથમાં જે કાંઈ છે એના બદલામાં ખુલઅ કર, અને હાથમાં કાંઈ ન હતું તો કાંઈ વાજિબ નથી. *(દર્રે મુખ્તાર, જૌહરા)*

**મસ્અલા** : સ્ત્રીને કહ્યું, મેં તારાથી ખુલઅ કર્યો અને સ્ત્રીએ કહ્યું, મેં ક઼બૂલ કર્યો. તો જો એ શબ્દ પતિએ તલાક઼ની નિય્યતથી કહયો હતો તો બાઈન તલાક઼ લાગુ પડી ગઈ અને મહેર સાક઼િત ન થશે. બલ્કે સ્ત્રીએ જો ક઼બૂલ ન કર્યું હોય તો પણ એ જ હુકમ છે. અને જો પતિ એવું કહે છે કે મેં એ શબ્દ તલાક઼ની નિય્યતથી કહ્યો ન હતો તો તલાક઼ લાગુ થશે નહીં, જ્યાં સુધી સ્ત્રી ક઼બૂલ ન કરી લે. અને જો એવું કહ્યું હતું કે ફલાણી ચીજના બદલે મેં તારાથી ખુલઅ કર્યો તો જ્યાં સુધી સ્ત્રી ક઼બૂલ નહીં કરે ત્યાં સુધી તલાક઼ લાગુ ન થશે. અને સ્ત્રીના ક઼બૂલ કર્યા પછી જો પતિ કહે કે મારી મુરાદ તલાક઼ ન હતી તો એની વાત માનવામાં નહીં આવે. *(ખાનિયા વગેરે)*

## ★ ઝેહારનું વર્ણન ★

રબ તઆલાનું ફર્માન છે :–

قَدۡ سَمِعَ اللّٰهُ قَوۡلَ الَّتِیۡ تُجَادِلُكَ فِیۡ زَوۡجِهَا وَ تَشۡتَكِیۡۤ اِلَی اللّٰهِ ق وَ
اللّٰهُ یَسۡمَعُ تَحَاوُرَكُمَا ط اِنَّ اللّٰهَ سَمِیۡعٌ بَصِیۡرٌ ٥ اَلَّذِیۡنَ یُظٰهِرُوۡنَ مِنۡكُمۡ
مِّنۡ نِّسَآئِهِمۡ مَّا هُنَّ اُمَّهٰتِهِمۡ ط اِنۡ اُمَّهٰتُهُمۡ اِلَّا الّٰٓـِٔیۡ وَلَدۡنَهُمۡ ط وَاِنَّهُمۡ
لَیَقُوۡلُوۡنَ مُنۡكَرًا مِّنَ الۡقَوۡلِ وَزُوۡرًا ط وَاِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوۡرٌ ٥ وَالَّذِیۡنَ
یُظٰهِرُوۡنَ مِنۡ نِّسَآئِهِمۡ ثُمَّ یَعُوۡدُوۡنَ لِمَا قَالُوۡا فَتَحۡرِیۡرُ رَقَبَةٍ مِّنۡ قَبۡلِ اَنۡ





یَّتَمَآسَّا ط ذٰلِكُمۡ تُوۡعَظُوۡنَ بِهٖ ط وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ خَبِیۡرٌ ٥ فَمَنۡ لَّمۡ یَجِدۡ
فَصِیَامُ شَهۡرَیۡنِ مُتَتَابِعَیۡنِ مِنۡ قَبۡلِ اَنۡ یَّتَمَآسَّا ط فَمَنۡ لَّمۡ یَسۡتَطِعۡ فَاِطۡعَامُ
سِتِّیۡنَ مِسۡكِیۡنًا ط ذٰلِكَ لِتُؤۡمِنُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ ط وَ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ
وَلِلۡكٰفِرِیۡنَ عَذَابٌ اَلِیۡمٌ ٥

''બેશક ! અલ્લાહે સાંભળી તેણીની વાત જે તમારી સાથે પોતાના પતિના મામલામાં બહષ કરે છે અને અલ્લાહથી ફરિયાદ કરે છે અને અલ્લાહ તમારા બંનેવની વાતચીત સાંભળી રહ્યો છે, બેશક ! અલ્લાહ સાંભળનાર જોનાર છે. તેઓ જે તમારામાં પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહી બેસે છે, તેણીઓ તેમની માઓ નથી, તેમની માઓ તો તે જ છે જેમનાથી તેઓ પેદા થયા અને બેશક ! બુરી તથા નર્યી જૂઠી વાત કહે છે, અને બેશક ! અલ્લાહ જરૂર માફ કરનાર તથા બખ્શનાર છે. અને જેઓ પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહે પછી તે જ કરવા ચાહે જેના પર આટલી મોટી વાત કહી ચૂક્યા તો તેમના પર લાઝિમ છે કે એક બુર્દા આઝાદ કરવો એ પહેલાં કે એકબીજાને હાથ લગાડે. આ છે જે નસીહત તમને કરવામાં આવે છે અને તમારાં કામોથી ખબરદાર છે. પછી જેને બુર્દા ન મળે તો સતત બે મહિનાના રોઝા એ પહેલાં કે એકબીજાને હાથ લગાડે. પછી જેનાથી રોઝા પણ ન રાખી શકાય તો સાઈઠ મિસ્કીનોનું પેટ ભરવું. આ એટલા માટે કે તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખો. અને આ અલ્લાહની હદો (પાબંદીઓ) છે અને કાફિરોના માટે દર્દનાક અઝાબ છે. *(સૂ. મજાદિલા, આ. ૧ થ ૪, કન્ઝુલ ઈમાન)*

અલ્લામા પીર કરમશાહ અઝહરી લખે છે : ''ઈસ્લામથી પહેલાં અરબમાં એ રિવાજ હતો કે જો કોઈ શખ્સ પોતાની પત્નીને એવું કહેતો : **اَنۡتِ عَلَیَّ كَظَهۡرِ اُمِّیۡ** ''તું મારા પર એવી રીતે છે જેવી રીતે મારી માની પીઠ.'' તો આ કથનથી તે નિકાહ તૂટી જતો અને પત્ની તેના માટે હમેશાના માટે હરામ થઈ જતી, રુજૂઅનો દરવાજો પણ બંધ થઈ જતો. એને પોતાની બોલીમાં 'ઝેહાર' કહેતા હતા.

ઈસ્લામમાં સૌ પ્રથમ ઝેહારનો જે બનાવ ઉદ્ભવ પામ્યો એના બારામાં

આ સૂરતની પ્રારંભિક આયતો નાઝિલ થઈ જેમાં ઝેહારના વિશે કુર્આની હુકમો સ્પષ્ટપણે વર્ણવી દેવામાં આવ્યા.

એવું બન્યું કે એકવાર હઝરત ઓબાદા رضی اللہ عنہના ભાઈ અવસ ઈબ્ને સામત પોતાનાં પત્ની હઝરત ખૌલા બિન્તે ષઅલ્બા પર કોઈ કારણે નારાજ થઈ ગયા. વૃધ્ધાવસ્થાના કારણે તેમનો સ્વભાવ ચીડીયો થઈ ગયો હતો. ગુસ્સામાં કહી આપ્યું : **اَنْتِ عَلَیَّ کَظَھْرِ اُمِّی** જીભ વડે તો એવું કહી નાખ્યું પણ પસ્તાવા માંડયા. ખૌલાને પાસે બોલાવવાની કોશિશ કરી તો એ નેક બંદીએ જવાબ આપ્યો, એ ખુદાની ક઼સમ ! જેના કબજામાં ખૌલાની જાન છે, જ્યાં સુધી અલ્લાહ અને તેનો રસૂલ આપણા બારામાં ફેંસલો ન ફર્માવી આપે ત્યાં સુધી તમે મારી નજીક નથી આવી શક્તા. ખૌલા ઉઠયાં અને હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, હે અલ્લાહના પ્યારા રસૂલ ! صلی اللہ علیہ وسلم અવસે જ્યારે મારી સાથે શાદી કરી હતી તે વખતે હું યુવાન હતી, માલદાર હતી, મારાં ઘરવાળાં પણ મૌજૂદ હતાં. હવે મારી યુવાની વિદાય થઈ ચૂકી, હું વૃધ્ધા થઈ ગઈ, મારાં ઘરવાળાં પણ ન રહ્યાં, માલ પણ વપરાય ગયો. હવે અવસે મને આ શબ્દો કહ્યા છે, હુઝૂર ! શું અમારા માટે કોઈ ગુંજાઈશ છે કે અમે એકસાથે રહી શકીએ ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તારા બારામાં હજી સુધી મને કોઈ હુકમ મળ્યો નથી. તેણીએ ફરી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એમણે તલાક઼ના શબ્દો તો નથી કહ્યા ને ?! તેણી વારંવાર એવું કહેતાં રહ્યાં અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ જ જવાબ આપતા રહ્યા. સાથોસાથ તેણી અલ્લાહની જનાબમાં પણ ફરિયાદ કરતાં રહ્યાં કે ઈલાહી ! હું મારા એકલા પણા અને મારા પતિથી જુદાઈની ફરિયાદ તારાથી કરું છું. એક રિવાયતમાં એમના આ શબ્દો નોંધ થયેલા છે, "મારા ફાક઼ા તથા તંગદસ્તીવાળા હાલની ફરિયાદ હું અલ્લાહ તઆલાથી કરું છું, મારાં નાનાં નાનાં બાળકો છે, જો હું તેમને તેમના બાપને સોંપુ છું તો તેઓ બર્બાદ થઈ જશે અને તેમને મારી પાસે રાખુ છું તો ભૂખ્યાં મરશે." વારંવાર તેણી આસ્માનની તરફ મુખ ઉઠાવતાં અને ફરિયાદ કરતાં. બહષ તથા વારંવારના આ ઉલ્લેખનો ક્રમ હજી ચાલુ હતો એવામાં અલ્લાહ તઆલાએ પોતાની ગમગીન પરેશાન હાલ બંદીની ફરિયાદ સાંભળી લીધી અને જિબ્રઈલે અમીન આ આયત લઈને નાઝિલ થયા. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : **یا خولة ابشری** હે ખૌલા ! મુબારક થજો ! અલ્લાહ તઆલાએ તારા બારામાં





હુકમ નાઝિલ ફર્માવી આપ્યો. જાવ ! તમારા પતિને બોલાવી લાવો ! અવસ رضی اللہ عنہ હાજર થયા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ગુલામ આઝાદ કરો ! અર્ઝ કરી, મારી પાસે કોઈ ગુલામ નથી. પછી ફર્માવ્યું કે તો સતત બે મહિના રોઝા રાખો ! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું દિવસમાં ત્રણવાર ન ખાઉં તો મારી બીનાઈ જવાબ દેવા માંડે છે. હું આટલી મુદ્દત કેવી રીતે રોઝા રાખી શકું ?! આદેશ થયો, તો પછી સાઈઠ મિસ્કીનોને ખાણુ ખવડાવો ! અર્ઝ કરવા લાગ્યા, આક઼ા ! હું ઘણો જ ગરીબ તથા નાદાર છું, હુઝૂર ! મારી મદદ ફર્માવો તો હું ખાવા ખવડાવી શકુ છું. એ ગરીબ પરવર આક઼ાએ તેમને પંદર સાઅ પોતાની પાસેથી અર્પણ કર્યા, તો તેમણે સાઈઠ ફકીરોને ખાવા ખવડાવ્યું. આ રીતે ખૌલા ફરી પોતાના ઘરે આબાદ થઈ ગયાં. **قد سمع الله**ની આયત એમના જ બારામાં નાઝિલ થઈ.

આ વિશિષ્ટતાના કારણે સહાબાએ કિરામ તેમનો ખૂબ જ એહતેરામ કર્યા કરતા હતા. એકવાર હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ પોતાના ખિલાફતકાળમાં હઝરત ખૌલાની પાસેથી પસાર થયા. આપ દરાઝગોશ (ખચ્ચર) પર સવાર હતા. લોકોની એક ભીડ સાથે હતી. હઝરત ખૌલાએ તેમને રોકી લીધા અને નસીહત કરવા લાગ્યાં. કહ્યું, હે ઉમર ! એ દિવસ તમને યાદ છે જે તમને ઉમૈર કહેવામાં આવતા હતા, પછી તમે ઉમર કહેવાવા લાગ્યા અને હવે તમને લોકો અમીરુલ મોમિનીન કહેવા લાગ્યા છે. તો હે ઉમર ! અલ્લાહ તઆલાથી ડર્યા કરો. જે શખ્સ મૌત પર યક઼ીન રાખે છે તેને અંદેશો રહે છે કે કોઈ જરૂરી ચીજ રહી ન જાય. જેને હિસાબનું યક઼ીન હોય છે તે અઝાબથી ડરતો રહે છે. આપ ઘણા જ સબ્ર તથા સંયમ સાથે તેમની નસીહત સાંભળતા રહ્યા. જ્યારે ઘણો સમય વહી ગયો તો લોકોએ અર્ઝ કરી, હે અમીરુલ મોમિનીન ! આ વૃધ્ધા માટે તમો આટલીવાર ઉભા રહેશો ? આપે ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! જો મને સવારથી લઈને સાંજ સુધી રોકી રાખે તો હું ઉભો રહીશ, કેવળ નમાઝના સમયોમાં વિદાય થઈશ. શું તમે નથી જાણતા કે આ વૃધ્ધા કોણ છે ? આ ખૌલા બિન્તે ષઅલ્બા છે જેની ફરિયાદ અલ્લાહ તઆલાએ સાત આસ્માનો ઉપર સાંભળી ! શું એવું થઈ શકે છે કે રબ્બુલ આલમીન તો તેણીની વાત સાંભળે અને ઉપર ન સાંભળે ? *(ઝિયાઉલ કુર્આન, ૫/૧૩૫, ૧૩૬)*

### ★ ઝેહારનો અર્થ ★

ઝેહારનો અર્થ એ છે કે પોતાની પત્ની અથવા એના કોઈ જાહેરી ભાગને અથવા એવા ભાગને જે કુલથી તાબીર કરવામાં આવતો હોય તેને એવી સ્ત્રી સાથે સરખાવવો જે એ પુરૂષ માટે હમેશાંના માટે હરામ હોય અથવા એવી સ્ત્રીને કોઈ એવા અંગ સાથે સરખામણી આપવી જે અંગની તરફ જોવું તે પુરૂષ માટે હરામ છે, જેમ કે કહ્યું, તું મારા માટે મારી મા સમાન છે અથવા તારી ગરદન અને તારો વચ્ચેનો ભાગ મારી માની પીઠ બરાબર છે.

**મસ્અલા** : સ્ત્રીએ પુરૂષને ઝેહારના શબ્દો કહ્યા તો કાંઈ નથી. *(જૌહરાવ બહાર)*

**મસ્અલા** : મહારિમની પીઠ કે પેટ અથવા તેની સમાન કહ્યું અથવા કહ્યું મેં તારાથી જાહેર કર્યું, તો આ શબ્દો ઝહારના માટે સ્પષ્ટ છે, એમાં નિય્યતની કાંઈ હાજત નથી. કોઈ પણ નિય્યત હોય અથવા તલાક઼ની નિય્યત હોય અથવા ઈકરામની નિય્યત હોય દરેક હાલતમાં ઝેહાર જ છે. અને જો એવું કહે છે કે હેતુ જૂઠી ખબર આપવાનો હતો અથવા ભૂતકાળની ખબર આપવાનો હતો તો ક઼ઝા તસ્દીક઼ નહીં કરવામાં આવે અને સ્ત્રી પણ તસ્દીક઼ નથી કરી શક્તી. *(દર્રેમુખ્તાર, હિંદિયા વ બહાર)*

**મસ્અલા** : સ્ત્રીને મા, પુત્રી કે બહેન કહી તો ઝેહાર ન થયો પણ એવું કહેવું મકરૂહ છે. *(હિંદિયા વ બહાર)*

**મસ્અલા** : ઝેહારની તઅલીક઼ પણ થઈ શકે છે જેમ કે કહ્યું, જો ફલાણાના ઘરે ગઈ તો આવી છે, તો ઝેહાર થઈ જશે. *(હિંદિયા વ બહાર)*

### ★ ઝેહારનો હુકમ ★

ઝેહારનો હુકમ આ પ્રમાણે છે કે જ્યાં સુધી કફ્ફારો ન આપી દે ત્યાં સુધી તે સ્ત્રી સાથે સંભોગ કરવો કે વાસના સાથે બોસો લેવો અથવા તેણીને સ્પર્શવું અથવા તેણીની શર્મગાહ તરફ જોવું હરામ છે. અને વાસના વિના સ્પર્શવા તથા ચૂમવામાં વાંધો નથી, પણ હોઠનો બોસો વાસના વિના પણ જાઈઝ નથી. જો કફ્ફારાથી પહેલાં સંભોગ કરી લીધો તો તૌબા કરી લે, તેના માટે કોઈ બીજો કફ્ફારો વાજિબ ન થયો, પણ ખબરદાર ! ફરી એવું





ન કરે અને સ્ત્રીને માટે પણ એ જાઈઝ નથી કે પતિને નજીક આવવા દે. *(જૌહરા, દર્રે મુખ્તાર, બહાર)*

### ★ ઝેહારનો કફ્ફારો ★

ઝેહાર કરનાર સંભોગનો ઈરાદો કરે તો કફ્ફારો વાજિબ છે અને જો એવું ચાહે કે સંભોગ ન કરે અને સ્ત્રી તેના પર હરામ જ રહે તો કફ્ફારો વાજિબ નથી. અને સંભોગનો ઈરાદો હતો પણ પત્ની મૃત્યુ પામી તો કફ્ફારો વાજિબ ન રહ્યો. *(હિંદિયા વ બહાર)*

ઝેહારનો કફ્ફારો ગુલામ અથવા કનીઝ આઝાદ કરવું છે અને જો એ ન થઈ શકે તો સતત બે મહિનાના રોઝા સંભોગ પહેલાં રાખે અને રોઝા પણ રાખવાની શક્તિ ન હોય તો સાઈઠ ફકીરોને ખાવા ખવડાવે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : રોઝા વડે કફ્ફારો અદા કરવામાં એ શર્ત છે કે ન એટલી મુદ્દતની અંદર રમઝાન હોય ન ઈદુલ ફિત્ર ન ઈદુદુહા ન ઐયામે તશરીક઼. હા ! મુસાફર છે તો માહે રમઝાનમાં કફ્ફારાની નિય્યતથી રોઝા રાખી શકે છે, પણ ઐયામ મનહિય્યહમાં મુસાફરને પણ ઈજાઝત નથી. *(દર્રે મુખ્તાર વ જૌહરા)*

**મસ્અલા** : કફ્ફારાનો રોઝો તોડી નાખ્યો, ચાહે કોઈ મજબૂરીથી તોડયો અથવા વિના મજબૂરીએ, અથવા ઝેહાર કરનારે જે સ્ત્રીથી ઝેહાર કર્યો તે સ્ત્રી સાથે એ બે મહિનાની અંદર દિવસ કે રાતમાં સોહબત કરી લીધી, જાણી બુઝીને કરી હોય કે ભૂલથી, તો ફરીથી બે મહિનાના પૂરા રોઝા રાખે અને આગલા રોઝા બેકાર ગયા, એટલા માટે કે સોહબતથી પહેલાં સતત બે મહિના રોઝા રાખવાના શર્ત છે. *(દુર્રે મુખ્તાર વ રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : રોઝા રાખવા પર પણ જો શક્તિ ન હોય કે બીમાર છે અને સારા થવાની આશા નથી અથવા ઘણો જ વૃધ્ધ છે તો **સાઈઠ ફક઼ીરોને બંને ટાઈમ ભરપેટ ખાવા ખવડાવે.** અને એ અધિકાર છે કે **એક સાથે સાઈઠ જણાને ખવડાવી આપે** અથવા અલગ અલગ રીતે. પણ શર્ત એ છે કે એ દરમ્યાન રોઝા રાખવા શક્તિમાન ન થાય, નહીં તો ખવડાવવું નફ્લી સદક઼ો થઈ જશે અને કફ્ફારામાં રોઝા રાખવા પડશે. અને જો એક

જ વખતમાં સાઈઠને ખવડાવ્યું અને બીજા ટાઈમે એના સિવાયના બીજા સાઈઠને ખવડાવ્યું તો કફ્ફારો અદા ન થયો, બલ્કે જરૂરત છે કે પહેલા અથવા પાછલાઓને ફરી એકવાર ખવડાવી આપે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, હિંદિયા)*

**મસ્અલા** : શર્ત એ છે કે જે ફક઼ીરો (મિસ્કીનો)ને ખાવા ખવડાવ્યું એમનામાં કોઈ નાબાલિગ ન હોય. હા ! એક યુવાનના પૂરા ખોરાકનો તેને માલિક કરી આપ્યો તો પૂરતુ છે. *(દર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : એ પણ થઈ શકે છે કે દરેક મિસ્કીનને સદક઼ાએ ફિત્રના બરાબર એટલે અડધો સાઅ (૨.૪૫ કિ.ગ્રામ લગભગ) ઘઉં અથવા એક સાઅ જવ અથવા તેની કિંમતનો માલિક કરી આપવામાં આવે, પણ એબાહત પૂરતી નથી. અને તે જ લોકોને આપી શકાય છે જેમને સદક઼ાએ ફિત્ર આપી શકાય છે. અને એવું પણ થઈ શકે છે કે સવારે ખવડાવી આપે અને સાંજે કિંમત આપી દે અથવા સાંજે ખવડાવી આપે અને સવારે ખાણાની કિંમત આપી દે અથવા બે દિવસ સવારે અથવા બે દિવસ સાંજે ખવડાવી આપે અથવા ત્રીસને ખવડાવે ત્રીસને (રોકડા) આપી દે, સારાંશ કે સાઈઠની ગણત્રી જે રીતે ચાહે પૂરી કરે. અથવા થોડાકને ઘઉં થોડાકને જવ આપે બાકીનાને કિંમત આપી દે, દરેક રીતે થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : ખાવામાં પેટ ભરીને ખવડાવવું શર્ત છે ચાહે થોડુક જ ખવડાવવાથી પેટ ભરાય જાય. અને જો પહેલેથી જ કોઈ ધરાયેલો હતો તો તેનું ખાવુ પૂરતુ નથી. અને બેહતર એ છે કે ઘઉંની રોટલી તથા સાલન ખવડાવે અને એનાથી સારું ખાવા હોય તો ઔર બેહતર છે. અને જવની રોટી હોય તો સાલન જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલા** : એક ફક઼ીરને સાઈઠ દિવસ સુધી બંને ટાઈમ ખવડાવ્યું અથવા દરરોજ સદક઼ાએ ફિત્રના બરાબર આપી દીધું તો પણ કફ્ફારો અદા થઈ ગયો. અને જો એક જ દિવસમાં એક જ ફકીરને સર્વ આપી દીધું (એક જ વાર કે સાઈઠવાર કરીને) અથવા એના માટે સર્વ અબાહતના રૂપે આપ્યું **તો કેવળ તે એક દિવસનું અદા થયું.** એ જ પ્રમાણે ત્રીસ





ફક઼ીરોને એક એક સાઅ ઘઉં આપી દીધા અથવા બે બે સાઅ આપ્યા, તો એ કેવળ ત્રીસને આપેલુ ઠરશે. એટલે ત્રીસ ફક઼ીરોને ફરીથી આપવું પડશે. આ તે સ્થિતિમાં છે કે એક જ દિવસમાં આપ્યું હોય અને બે દિવસમાં આપ્યું તો જાઈઝ છે. *(હિંદિયા વ બહાર વગેરે)*

**મસ્અલા** : ઝેહારમાં એ જરૂરી છે કે સંભોગથી પહેલાં સાઈઠ ફક઼ીરોને ખવડાવી આપે અને હજી સાઈઠને પૂરા ખવડાવી નથી ચૂક્યો અને એ દરમ્યાન સંભોગ કર્યો તો ભલે એ હરામ છે પણ જેટલાને ખવડાવી ચૂક્યો તે બેકાર ન થયું, (હવે) બાકીનાઓને ખવડાવી આપે. ફરીથી સાઈઠને ખવડાવવું જરૂરી નથી. *(જૌહરા, બહારા)*

**મસ્અલા** : જેના માથે કફ્ફારો હતો તે મૃત્યુ પામ્યો, તેના વારસોએ તેના તરફથી ખાવા ખવડાવી આપ્યું અથવા ક઼સમના કફ્ફારામાં કપડાં પહેરાવી આપ્યાં તો કફ્ફારો અદા થઈ જશે અને ગુલામ આઝાદ કર્યો તો અદા ન થયો. *(રદ્દુલ મુહતાર)*

**નોંધ** : ઈલા, ઝેહાર તથા ખુલઅના વિશે વિગતવાર મસાઈલ ફતાવા રઝવિય્યહ, બહારે શરીઅત તથા અન્ય ફિક઼્હની કિતાબોમાં વાંચો.

**સંદર્ભ કિતાબો** : ★ *અલ કુર્આનિલ કરીમ* ★ *કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન* ★ *ઝિયાઉલ કુર્આન* ★ *તિબ્યાનુલ કુર્આન* ★ *બહારે શરીઅત* ★ *ક઼ાનૂને શરીઅત* ★ **ياايهاالذين آمنوا**

# એક નઝર ઈધર ભી !

*(રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

વર્તમાન સમયમાં નિત નવા ગુમરાહ ફિર્કા દિન પ્રતિ દિન માથુ ઊંચકી રહ્યા છે અને અહલે સુન્નત વ જમાઅતમાં ભેળસેળ થવા માટે અવનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. સુન્નીઓ સાથે શાદી વહેવાર કરીને અહલે સુન્નતમાં સડો લગાડી રહ્યા છે જ્યારે તેમની સાથે દોસ્તી, ઉઠક, બેઠક, નિકાહ સૌ નાજાઈઝ તથા હરામ છે. સુન્નીઓ ! આ એક અતિગંભીર બાબત છે જેના બાબતે ઈસ્લામી શરીઅતમાં શું હુકમો છે તેનો અભ્યાસ કરો અને તમારા તથા ઔલાદના ઈમાનને બચાવવા એઓથી શાદી વહેવાર કરવાથી દૂર રહો.

અત્રે ફકીહે મિલ્લત હઝરત અલ્લામા મુફતી જલાલુદ્દીન અહમદ અજમદી رحمۃ اللہ علیہની કિતાબ ફતાવા ફયઝુર્રસૂલ (ભાગ : ૧)માંથી અમુક ફત્વા રજૂ કરીએ છીએ તેને વાંચીને હકીકત સમજી સાવધાન થઈ જશો.

### ★ બાતિલ ફિર્કાવાળાથી નિકાહ નાજાઈઝ ★

**મસ્અલા** : વહાબીઓ, દેવબંદીઓ, તબ્લીગી જમાઅતવાળાઓ, મૌદૂદી જમાઅતવાળાઓ, (ગૈર મુકલ્લિદો) અને રાફઝીઓ સાથે નિકાહ–શાદી કરવી, તેમની સાથે મેલજોલ રાખવી અને તેમની પાછળ નમાઝ જાઈઝ છે કે નહીં ?

**અલ્જવાબ** : ઉપરોકત જમાઅતો પોતાના બાતિલ અકીદાઓના કારણે શરીઅતના હુકમ મુજબ બદમઝહબ, ગુમરાહ છે અને બદમઝહબોના વિશે ખૂદ નબીએ અકરમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, (અર્થ) : **બદમઝહબ જો બિમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહ્એ જાબિરથી તથા ઓકૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رضی اللہ عنہ થી. મુહક્કિકે અલલ ઈત્લાક ફત્હુલ કદીરમાં ફર્માવે છે (અર્થ) : ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ



એ શૈખેન હઝરત સૈયદના ઈમામે આઝમ અબૂ હનીફા તથા સૈયદના કાઝી ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ થી રિવાયત કરી કે **બદમઝહબોની પાછળ નમાઝ જાઈઝ નથી.** જેથી હદીષ શરીફ અને ફિકહના ઈર્શાદથી સ્પષ્ટ થયું કે, વહાબીઓ (ગૈર મુકલ્લિદો), દેવબંદીઓ, મૌદૂદી જમાઅત (કહેવાતી જમાઅતે ઈસ્લામી) વાળાઓ અને રાફઝીઓ સાથે શાદી વિવાહ કરવો, તેનાથી મેલજોલ રાખવી જાઈઝ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ. લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૨૩ મોહર્રમ, હિ. ૧૩૮૯)

### ★ વહાબી સાથે નિકાહ પઢાવનાર મોલ્વી વિશે હુકમ ★

**મસ્અલા** : શું ફર્માવે છે મુફતિયાને એઝામ આ મસ્અલામાં કે 'ઝયદ' જે હાજી છે તેણે પોતાની પૌત્રીની શાદી વહાબી છોકરા સાથે નક્કી કરી અને **નિકાહ પઢાવવા માટે એક સુન્ની મોલ્વીને છોકરાને ત્યાં લઈ ગયા.** મોલ્વી સાહબને અગાઉથી જાણ ન હતી કે છોકરો વહાબી છે પણ પાછળ થી ખબર પડી, તો આ સ્થિતિમાં મોલ્વી સાહબના માટે શો હુકમ છે ?

**અલ્જવાબ** : જ્યારે કે વહાબિયત સામાન્ય ફેલાઈ રહી છે તો મોલ્વી સાહબે તહકીક કરવી અનિવાર્ય હતી, તહકીક વિના નિકાહ પઢી આપવાને કારણે જ્યારે કે પાછળથી છોકરો વહાબી હોવાની જાણ થઈ તો મોલ્વી સાહબ તૌબા તથા ઈસ્તિગફાર કરે અને બાલિગ છોકરો વહાબી મુર્તદ હોય અથવા નાબાલિગ હોય પણ તેના વલી (વાલી) વહાબી હોય તો આ સંજોગોમાં નિકાહના બાતિલ હોવાનું જાહેર એલાન કરે અને નિકાહખ્વાનીના પૈસા પણ પાછા આપી દે. વહુવ તઆલા અઅ્લમ. (લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી)

### ★ જેમને સુન્ની વહાબી શું છે ખબર નથી જ તેવા સાથે નિકાહનો હુકમ ★

**મસ્અલા** : એક શહેરમાં અમુક લોકો વહાબી, તબ્લીગી ખયાલના છે અને અધિકતર લોકો સુન્ની છે. લોકોની સુન્નીઓ સાથે છોકરીઓની લેણદેણ થાય છે પણ તે છોકરા, છોકરીઓના ખયાલ નામાલૂમ જેવા હોય છે બલ્કે મોટે ભાગે સુન્નિયતના માનવાવાળાં હોય છે. તો આ સંજોગોમાં કોઈ ઈમામનું તેમના નિકાહમાં શરીક થવું અને પઢાવવું શરીઅતની રૂએ કેવું છે ? તેમજ આવા ઈમામની ઈકતેદા સહી છે કે નહીં ? તહકીક વગર

કોઈને વહાબી, દેવબંદી બનાવી દેનારના બારામાં શું હુકમ છે ?

**અલ્જવાબ** : અમુક લોકો જેઓ વહાબી, તબ્લીગી ખયાલોના છે, જો તે લોકોને મોલ્વી અશરફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી અને ખલીલ અહમદ અંબેઠીના કુફ્રી લખાણો હિફઝુલ ઈમાન, પેજ–૮, ૧૪, ૨૮ અને બરાહીને કાતિઅહ, પેજ–૫૧ ઉપર યકીની માહિતગારી હોવા છતાં વર્ણવેલ મોલ્વીઓને કાફિર મુર્તદ નથી કહેતા, તો તેઓ ફતાવા હુસ્સામુલ હરમૈન પ્રમાણે કાફિર તથા મુર્તદ છે, તેમની સાથે રિશ્તો જોડવો હરામ તથા નાજાઈઝ છે, કેમ કે મુર્તદના નિકાહ કોઈની સાથે થઈ શકતા જ નથી. જેમ કે ફતાવાએ આલમગીરી, ભાગ–૧, મિસ્રી પેજ–૨૬૩ માં છે : (અર્થ) મુર્તદના નિકાહ મુર્તદ સ્ત્રી, મુસલમાન સ્ત્રી અને અસલી કાફિર સ્ત્રી કોઈની સાથે જાઈઝ નથી અને એ જ પ્રમાણે **મુર્તદ સ્ત્રીના નિકાહ કોઈની સાથે પણ જાઈઝ નથી** એવું જ મબસૂતમાં છે.

અને મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?

**ખુલાસો** : એ કે જેનાં મા બાપ મુર્તદ કે ગુમરાહ હોય અને તેઓના (છોકરાઓનો) તેમની સાથે સંબંધ કટ થયેલો ન હોય તો **તેમના નિકાહમાં શરીક થવું અને તેમનો નિકાહ પઢાવવો જાઈઝ નથી.** અને જે ઈમામ પૈસાની લાલચે જાઈઝ નાજાઈઝ ન જુએ તેની પાછળ નમાઝ ન પઢો કેમ કે એવો ઈમામ વિના ગુસ્લ, વુઝૂ એ પણ નમાઝ પઢાવી શકે છે. કોઈને તહકીક વિના વહાબી, દેવબંદી બનાવનાર સખ્ત ગુનેહગાર છે. વહુવ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૧૯, સફર, હી. ૧૪૦૧)

## ★ ક્રિશ્ચ્યન સ્ત્રી સાથે નિકાહ થઈ શકે ? ★

**મસ્અલા** : ઈસાઈઓની સ્ત્રીઓ સાથે મુસલમાન તેમને કલ્મો પઢાવ્યા



વિના નિકાહ કરી શકે છે કે નહીં ?

**અલ્જવાબ** : ઈસાઈ સ્ત્રીને મુસલમાન કર્યા વિના તેણી સાથે નિકાહ કરવા જાઈઝ છે. ફતાવા આલમગીરી, ભાગ–૧, મિસ્રી, પેજ–૨૬૩ માં છે :– કિતાબિયહ્ હર્બીયહ્ અને ઝિમ્મિયહથી મુસલમાને નિકાહ કરવું જાઈઝ છે. આઝાદ હોય કે બાંદી. એ જ પ્રમાણે મુહીતુસરખસીમાં છે. પરંતુ **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે** કેમ કે તેમાં ઘણી જ ગરબડોનો દરવાજો ખુલે છે. **ફતાવાએ આલમગીરી**ના તે જ પેજ ઉપર છે : (અર્થ) : અને બેહતર એ છે કે નિકાહ ન કરવામાં આવે (ઈસાઈ સ્ત્રીથી) અને ન તેમના ઝબહ કરેલને ખાવામાં આવે, પરંતુ જરૂરતના સમયે. એવું જ ફત્હુલ કદીરમાં છે. અને **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ તે વખતે જાઈઝ છે જ્યારે કે તેણી પોતાના તે જ (અસલ) મઝહબ ઈસાઈયત પર હોય અને જો કેવળ નામ માત્રની ઈસાઈ હોય અને હકીકતમાં 'નેચરી' અને 'નાસ્તિક' હોય** જેમ કે વર્તમાનકાળના આમ ઈસાઈઓનો હાલ છે તો **તેનાથી નિકાહ નથી થઈ શકતો.** હાઝા મા ઈન્દી વહુવ સુબ્હાનુહુ વ તઆલા અઅ્લમ. લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૨૩, જ. આખર, હિ. ૧૩૯૦)

**જરૂરી વાત** : નિકાહ થવા માટે **છોકરો** તથા **છોકરી** અને **બેગવાહો**નું સુન્ની સહીહુલ અકીદા હોવું અનિવાર્ય છે, એમાંથી એક પણ બદમઝહબ હશે તો નિકાહ થશે જ નહીં. નિકાહ પઢાવનાર કે વકીલ ગમે તે હોય તેનાથી નિકાહમાં ફરક પડશે નહીં. **વહાબી સાથે નિકાહ કરનાર ભલે સુન્ની નિકાહખ્વાંને લઈ જાય પણ નિકાહ થશે નહીં** અને સુન્ની છોકરો, છોકરી અને સુન્ની ગવાહો હશે તો નિકાહ પઢાવનાર વહાબી કે ગમે તે હશે નિકાહ તો થઈ જશે પણ વહાબીને નિકાહ પઢાવવા બોલાવી તેની તા'ઝીમ કરવાનો ગુનોહ થશે કે જે હરામ છે.

આજે જે બાબતને સામાન્ય સમજીને દુનિયામાં ગુલછડીઓ ઉડાવી લેવામાં, મનમાની રીતે જીવી લેવામાં, શરીઅતની અવગણના કરી નફસની પેરવી કરનારા ભલે મગન મગન વટથી ફરતા રહે પણ નજીકમાં કબરમાં જવાનું છે, કિયામત બહુ દૂર નથી અને ખુદાની પકડથી કોણ બચી શકે છે ? જરૂર તેવા લોકો સખત પકડમાં ફસાશે અને ત્યારે હાય ! હાય ! અફસોસ ! અફસોસ ! કરીને હાથ ઘસવા સિવાય કાંઈ જ વળશે નહીં ! (અલ્લાહની પનાહ!)